
# ભાગવત વાહિની




## ભગવાન શ્રી સત્ય સાઈ બાબા

# નિવેદન

પ્રિયવાચક,

ભાગવત કથા છે. પુરાણ છે. શ્રાપ પામેલ એક ચક્રવર્તી રાજા છે. એ અને બાળયોગી શુકદેવ એ બન્ને વચ્ચેનો સંવાદ છે. મૃત્યુની બીક તો બધા ને જ છે. આપણાં હૃદયો પણ નગારાંના અવાજ જેવાં જ છે, જે અંધકાર તરફ લઈ જતા સંદેશાનાં વાજા વગાડે છે; કોઈ જલ્દી તો કોઈ વિલંબે. આપણે બધાને પણ એક વિચક્ષણ ઋષિની જરૂર છે. જે આપણને મૃત્યુ સાથે ભેટવા તૈયાર કરી શકે અને પર બ્રહ્મ પરમાત્મા– તત્વને જોઈ શકીએ.

ભાગવત તો ગંગા છે, જે ભગવાનથી ઉદય પામે છે અને અંતમાં અત્યંત વિસ્તૃત ભૌગોલિક વર્ણન, ઐતિહાસિક વર્ણન, દાર્શનિક સિધ્ધાન્તો, નિવૃતમાર્ગ, માનવ ધર્મ નિરૂપણ, સત્ય મીમાંસા આદિ વિભાગોમાં આચરણ કરીને માનવ મસ્તિકના ક્ષેત્રને પવિત્રજળથી પાવન કરી એમાં સમાઈ જાય છે.

ભગવાન પુનઃ સત્ય સાઈ સ્વરૂપે ધર્મનું પુનરુત્થાન કરવા પધાર્યા છે. મુખ્ય વાતતો એ છે કે પ્રાચીન ગ્રંથો જેવાં કે બાઈબલ, કુરાન, ઝેન્ડ અવસ્તા, ત્રિપિટક, વેદપુરાણ, ભગવાન આદિ તરફ શ્રધ્ધા જાગ્રત કરવાની છે. આજના વર્તમાન યુગમાં એ સર્વ પ્રત્યે શ્રધ્ધા ત્યારે જ ઉત્પન્ન થાય જો આ કથાઓ અને વર્તાઓના અંતર્ગત ગૂઢ રહસ્યાત્મક અર્થોને રોચક રીતે સમજાવી શકાય. એ પોતે પણ મૂળગ્રંથના ઉદ્ભવ કારણ તો છે જ.

આ પુસ્તકમાં આપણે એ ગ્રંથની ચર્ચા જોઈ જે ભક્તિનું પાઠ્યપુસ્તક છે અને જેને વ્યાસમુનિએ નારદના ઉપદેશ અનુસાર શાંતિ અને ભક્તિની પ્રાપ્તિ માટે તૈયાર કર્યુ હતું.

આ એક સાધરણ પુસ્તક નથી આ તો ઔષધ, દવા, ચાવી કે જે મંત્ર છે જે બંધનમાંથી મુક્ત કરી શકે અને ઉદ્વેગમાંથી શાંતિ આપી શકે.

વિનમ્ર બનીને આને ખોલો એકાગ્રતાથી વાંચો, ભક્તિ અને શ્રધ્ધાપૂર્વક એક નિષ્ઠા અનુયાયોનું અધ્યયન કરો અને એ સર્વોચ્ચ ધ્યેય જે વ્યાસજીએ, નારદજીએ અને શુકદેવજીએ પરીક્ષિતને જ્ઞાન આપ્યું એ પ્રાપ્ત થાય. આથી અધિક લાભ માનવને બીજો કયો મળવાનો હોય?

| | |
|---|---|
| પ્રશાંતિ નિલયમ | એન. કસ્તુરી |
| ગુરુ પૂર્ણિમા | ભગવાનના તેલુગુ ભાષ્યમાંથી |
| તા. 18.8.70 | અંગ્રેજીઅનુવાદક |

# અનુક્રમણિકા


| | |
|---|---|
| અધ્યાય ૧ | ૫ |
| અધ્યાય ૨ | ૧૦ |
| અધ્યાય ૩ | ૧૩ |
| અધ્યાય ૪ | ૧૭ |
| અધ્યાય ૫ | ૨૨ |
| અધ્યાય ૬ | ૨૬ |
| અધ્યાય ૭ | ૩૦ |
| અધ્યાય ૮ | ૩૪ |
| અધ્યાય ૯ | ૩૭ |
| અધ્યાય ૧૦ | ૪૧ |
| અધ્યાય ૧૧ | ૪૮ |
| અધ્યાય ૧૨ | ૫૧ |
| અધ્યાય ૧૩ | ૫૫ |
| અધ્યાય ૧૪ | ૫૯ |
| અધ્યાય ૧૫ | ૬૩ |
| અધ્યાય ૧૬ | ૬૭ |
| અધ્યાય ૧૭ | ૭૦ |
| અધ્યાય ૧૮ | ૭૪ |
| અધ્યાય ૧૯ | ૭૭ |
| અધ્યાય ૨૦ | ૮૧ |
| અધ્યાય ૨૧ | ૮૩ |
| અધ્યાય ૨૨ | ૮૭ |
| અધ્યાય ૨૩ | ૯૦ |
| અધ્યાય ૨૪ | ૯૪ |
| અધ્યાય ૨૫ | ૯૭ |
| અધ્યાય ૨૬ | ૯૯ |
| અધ્યાય ૨૭ | ૧૦૨ |
| અધ્યાય ૨૮ | ૧૦૬ |
| અધ્યાય ૨૯ | ૧૦૯ |
| અધ્યાય ૩૦ | ૧૧૨ |
| અધ્યાય ૩૧ | ૧૧૫ |
| અધ્યાય ૩૨ | ૧૧૯ |
| અધ્યાય ૩૩ | ૧૨૪ |
| અધ્યાય ૩૪ | ૧૨૮ |
| અધ્યાય ૩૫ | ૧૩૨ |
| અધ્યાય ૩૬ | ૧૩૭ |
| અધ્યાય ૩૭ | ૧૪૨ |

| | |
|---|---|
| અધ્યાય ૩૮ | ૧૪૫ |
| અધ્યાય ૩૯ | ૧૪૮ |
| અધ્યાય ૪૦ | ૧૫૨ |
| અધ્યાય ૪૧ | ૧૫૫ |
| અધ્યાય ૪૨ | ૧૬૦ |
| અધ્યાય ૪૩ | ૧૬૫ |
| અધ્યાય ૪૪ | ૧૬૯ |

# અધ્યાય ૧

## ભાગવત વાહિની

ભાગવત:

ભગવાન અને ભગવાનના ભકતોના સંપર્કથી પ્રાપ્ત થતા અનુભવોનું વિવરણ એટલે જ ભાગવત. ઈશ્વર અનેક રૂપ ગ્રહણ કરે અને કાર્યોના પ્રકાર પણ અનેક હોઈ શકે છે. ભાગવતમાં આવા અનેક અવતારો રૂપો દ્વારા જે લોકોને અનુગ્રહ પ્રાપ્ત થયા છે એવા અનુભવોનું વર્ણન છે. ઈશ્વર દ્વારા અનુગ્રહીત અને કાર્યસાધક જીવોના અનુભવો દ્વારા પ્રાપ્ત થતું અનુભવ જ્ઞાન છે.

વેદજ્ઞ પુરુષો પણ ભાગવતને ખૂબ આદરણીય દ્રષ્ટિથી જુએ છે. ભાગવત શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એ ત્રિવિધ તાપમાંથી મુકત કરનાર છે. ભાગવત મધુરતા સાથેનું અમૃત છે અને સર્વવ્યાપી ઈશ્વરતત્ત્વથી વિભૂષિત છે.

અવતારવાદ, નિરાકારમાંથી આકાર રૂપે ઈશ્વરનું આવવું અને જીવોના પરમ શ્રેય માટે વાસ્તવિક દર્શન કરાવવા ભાગવત શ્રેષ્ઠ સાધન છે. ભાગવત એટલે ભગવાનનું અને ભગવાનનાજનોનું અમૂલ્ય વાંડમય છે. માટે જ ભાગવત ખૂબ અમૂલ્ય ગ્રંથ છે અને જીવન ના સાર રૂપ છે.ભગવદીય સમૂહ વચ્ચે રહેનાર માટે ભક્તિ સાધનનો આશ્રય અધિક આવશ્યક છે. જ્યાં સુધી માનવને પ્રભુ પ્રત્યે આસક્તિ કે પ્રેમ ન ઉદ્દભવે ત્યાં સુધી પરમાનંદની પ્રાપ્તિ થતી નથી. આ આસકિત કે પ્રેમ એ પ્રભુનાં અવતાર ચરિત્રો દ્વારા જિજ્ઞાસુ ભકતોને પ્રાપ્ત થાય છે. એ પ્રેમ (ઉત્કટ) દ્વારા જ ઈશ્વર સાંનિધ્યની આકાંક્ષા ઉત્પન્ન થાય છે . આવી તીવ્ર આકાંક્ષા (આસકિત) જેને છે એ જ સાચે ભાગવત છે.

કેટલાક એમ માને છે કે ઈશ્વર અવતારગ્રહીને આવે તે બે કાર્યો માટે છે, દુષ્ટોનો વિનાશ અને સજ્જનોની રક્ષા. એ તે હેતુનો અંશ માત્ર છે. અનેક યુગોથી પ્રેમપૂર્વક ઈશ્વરને ભજતા ભકતજનોને મનોરથની પૂર્તિ અને શાંતિ તેમ જ આનંદને દાન કરવા માટે ઈશ્વરનો અવતાર છે.

ભકતો દ્વારા ધ્યાનયોગ દર્શન થયેલો તેજ અવતારનું મૂર્તસ્વરૂપ હોય છે. ભકિતને માર્ગ એરૂપને પામવાનો મધુરમાર્ગ છે. નિરાકાર બ્રહ્મએ ભકતોને માટે અવતાર દ્વારા સાકાર બને છે.

અવતારનું મૂળ કારણ તેઓ જ છે. ગાય દૂધ આપે છે, પોતાના વાછરડાના પોષણ માટે, મૂળ હકકદાર એ જ છે. બીજાને લાભ મળે છે. તે વધારામાં. એવી જ રીતે મૂળ કારણુરૂપ ભકતો છે, તેઓનું પોષણ એ જ મુખ્ય હેતુ છે. બાકી પાપીઓનો નાશ અને ધર્મની સ્થાપનાનું કાર્ય પણ થાય છે; પણ એ ગૌણ છે.

એ કોઇ નિયમ નથી કે અવતાર પૃથ્વી પર અને માત્ર મનુષ્ય રૂપે જ થઇ શકે. જે પૂર્ણ મુક્ત છે તે ગમે ત્યાં ગમે તે સ્વરૂપે અવતરે. ભકતોના ભાવને પોષવા જે સ્થળ, કાળ અને સ્વરૂપ યોગ્ય લાગે તે, તે ધારણ કરે છે. ઈશ્વર તો સ્થળ અને કાળથી પર છે. ગુણાતીત છે, અવર્ણનીય છે. તેને મન સહુ સમાન છે. તેમની પાસે મનુષ્ય, પશુપક્ષી, જીવ, જંતુ કે દેવ વચ્ચે ભેદ કેવળ ઉપાંધિ ભેદ જ છે.

આ વિધુત પ્રવાહ અનેક સાધનોમાં વહીને ભિન્ન ભિન્ન કાર્યો કરે છે, તેવું આ છે. વિધુત પ્રવાહમાં તો કાંઇ ભેદ નથી. તે તો એક જ છે. એમાં ભેદની વાત કરવી તે કેવળ અજ્ઞાન છે. એવી જ રીતે એક પરમાત્મા ભિન્ન ભિન્ન ઉપાધિને આશ્રય કરી અનેક પરિણામો આપે છે. પ્રાજ્ઞ પુરૂષ સહુની પાછળનાં એક પ્રવાહને ઓળખે છે જ્યારે અન્ય તેમાં ભેદ જુએ છે. સર્વે કર્મો પાછળ પરમાત્મ ચૈતન્યની એક્તા રહેલી છે. કર્મમાં એક્તા જ છે. ભિન્ન જરૂરિયાતે ભિન્નતા ભાસે છે .. કર્મફળની વાત તો જેમાં દેહાધ્યાસ છે તેને માટે છે, અમર આત્માના જ્ઞાતા માટે તેનું કોઈ મહત્વ નથી.

વળી ખ્યાલ રાખો કે અવતારોના વૈવિધ્યને કોઇ અંત નથી. અનંત વાર પ્રભુ અવતર્યા છે. કોઈવાર એક અંશ રૂપે, તો કોઈવાર પૂર્ણકળાએ ખીલી ઊઠયા છે. કોઈવાર કોઈ એક નાનું કામ કરવા તો કોઈવાર કઇ ખંડ કે યુગના પ્રવર્તક રૂપે.

આ વાતનો વિસ્તાર એ જ ભાગવત. અવતાર રૂપે ભગવાને કરેલી લીલા અને ભકતોનું તેમની તરફનું આકર્ષણ એ જ ભાગવતનું કથા વસ્તુ, અને તેનું શ્રવણ આખરે સાક્ષાત્કાર સુધી લઈ જાય છે. અનેક સંતોએ ભાગવત દ્વારા આ સિધ્ધિ પ્રાપ્ત કરી એનો મહિમા વધાર્યો છે.

સામાન્ય રીતે વૃત્તિ પ્રાબલ્યથી માણસ ઇંદ્રિય ગોચર વિષય તરફ આકર્ષાય છે. વૃત્તિઓ ઇંદ્રિય વિષયોને ગ્રહણ કરે છે તે દેહ સાથે સંકળાયેલ છે. એ માટે કોઇ તાલીમની જરૂર નથી. સહજ રીતે તુરંત જન્મેલ વાછરડું ગાયનાં આંચળને અને બાળક માના સ્તનનો આશ્રય લે છે. આમાં તાલીમ બિનજરૂરી છે, પણ ચાલવા-અને બોલવામાં થોડી તાલીમની જરૂર છે; કારણકે તે તેટલાં સ્વાભાવિક નથી. તે અવલોકન અને અનુકરણથી પ્રાપ્ત થાય છે.

ઇન્દ્રિય સુખોની શોધમાં પણ તાલીમ જરૂરી છે. તેની પાછળની અંધ દોટમાંથી ક્રોધ, ધિક્કાર, ઈર્ષાદંભ, દુષ્ટતા વગેરે જન્મે છે. આથી આ બધાને કાબૂમાં રાખી સન્માર્ગે વાળવા જપ, ધ્યાન, ઉપવાસ, સંધ્યા, વંદન વગેરે જરૂરી છે. પણ એ બધાની જરૂરિયાતનાં ગમે તેટલાં વખાણ કરી એ અને ભલામણ કરી એ તો પણ લોકોને તેમાં રસ જાગૃત થતો નથી; કારણકે ઇન્દ્રિય સુખનાં મૂળ માનવ હૃદયમાં ઘણાં ઊંડાં ગયેલાં છે. જ્યારે કોઇને આધ્યાત્મના સત પથ પર વળવા કહેવામાં આવે છે, ત્યારે કોઇને તેની અંદરથી હોંશ જાગતી નથી. છતાં નિરાશ થઈ પથ છોડવા જરૂરી નથી. શિસ્ત બધ્ધ રીતે

પથ પર પડયા રહેવાથી આખરે પ્રેમાંકુર ફૂટે છે. આ પ્રેમરસ તાલીમનું પરિણામ છે. કોઈને પણ તે પહેલેથી પ્રાપ્ત નથી હોતું. સતત સાધનાથી જ ઝંખના વધે છે.

બાળકને દૂધના સ્વાદની ખબર નથી. પણ સતત  દરરોજ લેવાથી તેનામાં તેની એવી આસકિત જન્મે છે કે જ્યારે તે છોડવી તેને અન્ન પર ચડાવવા જઈએ છીએ ત્યારે તે ભારે વિરોધ કરે છે. પણ માતા નિરાશ થતી નથી અને રોજ તેને થોડો થોડો ભાત ચટાડે છે અને આ રીતે તે દૂધ છોડી અન્ન પર ચઢી જાય છે. દૂધ, એકકાળે એનો તે નૈસર્ગિક આહાર હતો પણ સતત્ અભ્યાસથી, અન્ન  તેનો કુદરતી આહાર બની ગયો. તે એટલે સુધી કે જો એક દિવસ તેને ન મળે તો તે સાવ લાચાર બની જાય.

એવી જ રીતે, ભલે શરૂઆતમાં ઈન્દ્રિય સુખો નૈસર્ગિક લાગતા હોય, પણ અભ્યાસ, તાલીમ અને જ્ઞાનીઓના ઉપદેશથી, ધીમે ધીમે, ઈશ્વરનાં કથાકીર્તન ભજનોનો રસ વધે છે અને આખરે એવી પરિસ્થિતિ આવે છે કે જ્યારે માણસને ઈશ્વરનાં કથા કીર્તન વિના પળ પણ પસાર કરવી આકરી લાગે છે અને ઈશ્વરનાં ગુણાનુવાદમાં કોઈ અદ્ભુત આનંદનો અનુભવ થાય છે અને સંસારી લોકો કે જે કેવળ ઈન્દ્રિયભોગોની જ વાર્તા કરે છે તેઓના સાથમાં તેને મજા આવતી નથી પણ ઈશ્વરના ગુણગાન કરનાર સત્સંગ પ્રત્યે તે આકર્ષાય છે અને તેને વળગી રહે છે.

આ જ ખરૂં શુભચિહ્ન છે. સાધકો કે ભગવદ્ ભકતોની આ જ ખરી કસોટી છે, નહિ કે બાહ્ય દેખાવ કે પોષાક. જો તે કામનાઓમાં રચ્યા પચ્યા રહેતા લોકોના સમાગમમાં પડ્યો રહેતો તેનું કોઈ સ્થાન નથી. માટે તમારો સમય ભગવદીય સાથે ભગવાનની ભકિતમાં ગાળો. અભકતોનો સંગ છોડો. તેઓનાં કૃત્ય જુઓ નહીં તેમ જ તેઓની વાતો પણ કાને ન ધરો. એ બધું છોડીને જ તમે ખરા ભગવદીય – ખરા ભગવાનના ભકત થઈ શકશો.

કોઈ સાધુસંતની સાથે, કોઈ મંદિર કે પ્રાર્થના ખંડમાં, કે કોઈ પવિત્ર તીર્થ સ્થળમાં, ભગવાન શ્રીકૃષ્ણના ગુણાનુરાગની કથા વાંચવા કે સાંભળવાથી મનમાં આનંદ અને પ્રેરણાનાં બીજ રોપાય છે. એમાં જ માણસ બીજું બધું ભૂલી જાય છે, અથવા કોઈ સંતની સેવા કરતાં કરતાં તેમની પાસેથી ભગવાનનાં ગુણાનુરાગ સાંભળે છે. આવા ઉત્તમ સાહિત્યમાં અનુરાગ સદ્ગુણો  અને સાધનાના સંચયથી થાય છે. સદ્ગુણો ખીલતાં સત્સંગ થાય છે. શરૂમાં શ્રવણ જ પૂરતું છે. પણ પછી ભગવદભાવ, સ્વરૂપ અને કથામાં રસ વધતાં આખરે તે આત્મ સાક્ષાત્કારના પંથે પહોંચી જાય છે.

એકલા વાંચવા કરતાં જ્ઞાની પાસેથી ભાગવદ શ્રવણ ઉત્તમ છે અથવા શ્રવણ સાથે વાચન કરવું, એકલા વાંચવા કરતાં સમૂહમાં વાચવું સારૂં છે અને થોડા શ્રેષ્ઠ મુમુક્ષુઓ સાથેનું શ્રવણ તો વળી ઉત્તમ છે. વળી જો વકતા ઈશ્વર ભાવાનુભૂતિ ધરાવતા હોય તો જો અહોભાગ્ય એનું ફળ તો ઉત્તમ છે કારણ કે પ્રભુનાં ગુણગાન કરતાં એનું મુખ ભાવ વિભોર થઈ ઉઠશે અને આંખમાંથી પ્રેમાશ્રુઓની ધારો વહેશે અને જે સાંભળશે તેને પણ તેની પ્રેરણાનો ચેપ લાગશે, તેઓ પણ આનંદ અનુભવશે. રડતાં ટોળાંની વચ્ચે જઈ ચડેલ રડી

પડે છે અને જો બાળક હસે છે તે આજુબાજુનાં પણ તેની સાથે મલકી ઉઠે છે. એવી જ રીતે ભગવદ્ભાવથી ઊભરાતા વક્તા સાંભળનારનાં હૃદયને ભગવદ્ભાવથી ભરી દે છે. જો કે સંત સમાગમનો લાભ મળી શકવો અશકય છે.

શ્રવણથી મલિન હ્રદય, નિર્મળ, ઉજજવળ અને પ્રકાશિત બને છે. વિષય દુર્ગંધને માટે શ્રવણ એ જાણે શ્રેષ્ઠ જંતુનાશક છે, પણ તેમાં વિશેષતા છે. ભક્તિની શ્રેષ્ઠ સુગંધની શ્રવણથી હૃદયને સારાં કર્મો કરવાની પ્રેરણા મળે છે અને એનાથી જ હૃદય શુધ્ધ થાયછે.

આવું શુધ્ધ હૃદય જ પ્રભુ માટે યોગ્ય વેદી કે સિંહાસન છે. એવા સુગંધીત કુંજમાં પ્રભુ પધારે છે અને એ જપળેવિદાય લેવાની રાહ પણ જોયા વગર ષડરિપુઓ નાસી જાય છે.

જ્યારે ષડરિપુઓ જાય છે ત્યારે એને આધારે રહેલ હલકી વૃત્તિઓને ગંદા કૃત્યો, પોતાના ઠામઠેકાણાં દર્શાવ્યા વિના જ અદ્રશ્ય  થઈ જાય છે. ત્યારે મનુષ્ય પોતાના મૂળ સ્વરૂપે, પ્રેમ અને સત્ય રૂપે પ્રકાશી ઊઠે છે. હવે કોઈ હરક્ત વિના તે પિતાને ઓળખી શકે છે અને છેવટે સફળ રીતે શાશ્વત અને સર્વ વ્યાપકમાં મળી જાય છે. અજ્ઞાન અને માયાના બંધનમાંથી પોતાને મુક્ત કરે છે. એના મનનો નાશ થાય છે અને ગૂઢતત્વ તેની પાસે ખુલ્લું થાય  તે માધવત્વ (દિવ્યતા) પ્રાપ્ત કરે છે.

પ્રેમ મનુષ્યનો સ્વભાવ છે. પ્રેમ વિના તે ક્ષણ પણ જીવી શકતો નથી. એ એના જીવનનો શ્વાસ અને પ્રાણ છે. જ્યારે જેમાં ગાઢ આસક્તિ હતી એવા ષડરિપુઓ ચાલ્યા જાય છે. ત્યારે પ્રેમ એક જ તેના હૃદયમાં ટકી રહેલ હોય છે; પણ પ્રેમને કાઈ ચાહવા લાયક પાત્રની જરૂર પડે છે, ત્યાં એકથી કામ ચાલતું નથી અને તેથી આ પ્રેમ વળે છે, પેલા ઘનશ્યામ સુંદર બાળક તરફ, પેલો મનોહર ગોપાલ, જે મૂર્તિમાન પવિત્રતા, જે નિસ્વાર્થ સેવા અને ત્યાગની મૂર્તિ છે. તે તેના શુધ્ધ હૃદય સિંહાસનમાં આસન ગ્રહણ કરે છે. હવે બીજી આસકિતઓ જાગવાનો સંભવ નથી. તેથી પગલે પગલે, આ માધવ માટેનો પ્રેમ, વધુ ઊંડો વધુ પવિત્ર, નિસ્વાર્થ થતો જાય છે અને અંતે બીજા કોઈ વિચાર પણ નથી રહેતા અને વ્યક્તિ સમષ્ટિમાં મળી જાય છે.

જ્યારે વાસુદેવ મનુષ્યના હૃદયમાં પ્રવેશે છે ત્યારે ત્યાં વાસુદેવ માટે જગ્યા નથી રહેતી. બીજા શબ્દોમાં કહીએ તો વાસુ ના સમૃધ્ધિના દેવ હૃદયમાં હોય છે ત્યાં સુધી વાસુદેવ એટલે કે કૃષ્ણ ત્યાં રહી શકતા નથી.

બન્નેને સાથે હૃદયમાં સમાવવાનો પ્રયત્ન અવશ્ય નિષ્ફળ જાય છે,અંધકાર અને પ્રકાશ, એક જ સમયે અને સ્થળે, એક સાથે નથી રહી શકતાં. ધન અને દિવ્યતા બન્ને આદર્શો એક સાથે નથી સંભવતા. ધન મેળવવા જતાં દિવ્યતા ગુમાવવી પડે છે – ધન અને દિવ્યતા એક સાથે મેળવવા જતાં ન દિવ્યતા કે ન ધન, કશું મેળવાતું નથી કદાચ દાનવતા મળે.

માણસ માણસ બની રહેતો ઘણું છે, ખરેખર તો તે માધવ છે અને એ માધવ થાય તો તે ઉત્તમ, પણ દુઃખની વાત તો એ છે કે મોટે ભાગે રાક્ષસ કે પશુની જેમ વર્તતો હોય છે; કારણ કે તેના કેટલાયે જન્મારાઓ જડ પથ્થરની અવસ્થામાં ગયા હશે. પછી વૃક્ષની યોનિમાં એનો વિકાસ થયો હશે અને ત્યાં ઘણાં જન્મારા ગાળ્યા પછી તેને પશુ યોનિનો લાભ મળ્યો હશે, પણ હજુ એને માનવ શરીર નહીં મળ્યું હોય. આવી ઉત્ક્રાંતિનો સ્વીકાર, વિજ્ઞાનીઓ અને આધ્યાત્મવાદીઓ, બન્ને કરે છે અને આમ છેવટે મનુષ્ય યોનિના ફેરામાં તે પ્રવેશે છે. હવે પાછું પશુ યોનિમાં જવું એ ખરેખર શરમ ભરેલું ગણાય. હવે તો એણે દૈવિ પદ પ્રાપ્ત કરવું જોઈએ ત્યારે તે પ્રશંસાને પાત્ર ઠરે. ત્યારે જ એનું ભાગ્ય પૂરું ફળ્યું ગણાય.

માટે દુર્ગુણોના સંપર્કથી દૂર રહો. સદ્‌ગુણોનો સંગ કરો. હૃદયને પ્રભુને પધરાવવાની વેદીસમ બનાવો. વાસનાઓનાં જાળાં ઝાંખરાં બાળી નાંખો તો તમારું મનરૂપી માનસ સરોવર, શેષશાયી ભગવાનના આશ્રય સ્થાનરૂપ ક્ષીર સાગર જેવું થશે. હવે તમારૂં મૂળ સ્વરૂપ-સ્વર્ગીય હંસની જેમ તે નિર્મળ જળમાં મહાલશે. એના આનંદનો કોઈપાર નહી રહે.

સતત ચંચલ સમુદ્ર તરંગની શરૂઆત કોણ શોધી શકે? એ અશક્ય છે અને કોઈ એમ કરવાનો વિચાર કરે તો, જયારથી એ ગુણવાન શરૂઆત કરે તેને જ શરૂઆત ગણવી પડે અને જયારે તે ગણતરી કરવાનું બંધ કરે તેને તેનો અંત કહી શકે. એ અંત પણ ખરેખર તો એ એની ગણતરીનાં શરૂઆત અને અંત છે. પેલી પ્રક્રિયાના તે આદિ કે અંત છે જ નહીં. અરે, એ અનંત મહેરામણનાં આદિ કે અંતની કોઈ કલ્પના પણ ન કરી શકે. એમ પ્રભુની કીર્તિ તો અનંત નિર્બંધ સાગર જેવી છે. જ્યારે કોઈ એને વર્ણવવાનું શરૂ કરે છે, ત્યારે તેને પોતાને માટેની તે શરૂઆત છે અને જ્યારે એ તેનું વર્ણન પૂરું કરે છે ત્યારે તે અંત પણ તેના પોતાના પૂરતો જ હોય છે. પણ પ્રભુની કીર્તિ તો સ્થળ, કાળ થી પર છે. પામર જીવો સિવાય પ્રભુની કીર્તિના આદિ અંતની કોઈ વાત ન કરે. પ્રભુની લીલાઓને કોઈ મર્યાદા જ નથી.

એમની લીલા કથાઓમાં અન્ય કોઈ તત્વ, રસ, રૂપ, સ્વાદ હોતા નથી. એનો નિતાંત અમૃત. એ અમૃત સાગરમાં કોઈપણ સ્થળેથી સૌને પોતાનો પ્યાલો ભરી લેવાની છૂટ છે, હરેક સ્થળે હરેક અણુમાં સરખી જ મધુરતા ભરેલી છે. મધુરતામાં કયાંયે જરાય ઊણપ નથી.

પ્રેમ સ્વરૂપ પ્રભુ અને પ્રભુ તરફને પ્રેમ-ભક્તિ, ગમે તે રસ્તે કે માર્ગે તમે મેળવો છતાં અનંતકાળથી, એ સરખાંજ, નિર્મળ અને મધુર છે. એ પ્રેમ પવિત્ર અને પ્રેરક છે. સાકર દિવસે કે રાતે સરખી જ મીઠી લાગે છે. રાત દિવસ તે ખાનારને હોય છે; સાકર ને નહિ. સાકર તે હંમેશા સાકર જ છે.

# અધ્યાય ૨

ભાગવતની ઉત્પત્તિ:

મહારાજ પરીક્ષિતનું સ્વરૂપ પણ વીરગતિ પામેલા અભિમન્યુજેવું જ હતું. પરીક્ષિતને ઉત્તરામાતાના ઉદરમાં ગર્ભાવસ્થામાં જ અશ્વત્થામાએ છોડેલું બાણ એના નાશ માટે આવી રહ્યું છે એવું જોયું.

પરંતુ બીજી ક્ષણે એક સુંદર આકૃતિ ચંદ્ર દ્વારા એ બાણના હજારો ટુકડા કરે છે એનો પ્રભાવ નષ્ટ થાય છે એ પણ જોયું. એ ઉદરસ્થ રાજા પરીક્ષિતના ગર્ભ સંસ્કાર હતા અને આ દર્શને બાળકને(શિશુને) કૃતજ્ઞતા અને આશ્ચર્ય બન્નેનાં દર્શન થયાં.

બાળકે, પોતાના રક્ષક કોણ હશે તે વિષે વિચાર કર્યો. એ પણ કદાચ પિતાની જેમ માતાના ઉદરમાં ગર્ભસ્થ હશે. તીર એ તરફ પણ ગયું તો હશે જ પણ ત્યાં જતાં પહેલાં જ એણે તીરનો નાશ કરી દીધો. શું એ એનો ગર્ભમાં રહેલો ભાઈ હશે? આ ચક્ર એની પાસે કયાંથી? એને ચક્ર મળ્યું તે મને કેમ નહિ? ઉત્તરમાં સમક્ષ આવી. ના, એ માનવ પ્રાણી નથી. આમ ધણા સમય સુધી એ પોતે મનમાં સમાધાન શોધતા રહ્યો.

પરીક્ષિતે એ રૂપ અને એનું મુખ બન્ને વસ્તુ જોઈ એવી યાદ રાખી, અનેક સૂર્યનાં કિરણો જેટલો પ્રકાશિત તે બાળક હતો. દયાળુ,પરમ સુખી અને મેધ શ્યામ હતો. અદ્દભુત રૂપ ધારણ કરી પોતાની રક્ષા કરતાં કરતાં એ અંતર્ધાન થઈ ગયો. એ રૂપનાં ફરી ક્યારે દર્શન થશે એ ઉત્કટ ઈચ્છામાં જ ( પરીક્ષિત) બાળક મનમાં સ્મરણ કરતો જ રહ્યો. કોઈને જુએ તો એ પહેલો એ જ વિચારતો હતો કે મેં જે સ્વર્ગીય રૂપ જોયું છે એને મળતું તો આ નથી?

આ રીતે એ રૂપના  ચિંતનમાં જ ઉત્તરોત્તર ગર્ભવિકાસ થવા લાગ્યો. એ ચિંતન દ્વારા બાળક ખૂબ જ તેજસ્વી બન્યો. જન્મ સમયે તો ગર્ભગૃહ પ્રકાશિત બની ગયું. ઉત્તરાની દાસીઓ એ પ્રકાશમાં અંજાઈ ગઈ અને આશ્ચર્યચકિત બની, આ શું થઈ રહ્યું છે તે જોઈ રહી.

અભિમન્યુ ની માતા સુભદ્રાએ જ્યેષ્ઠ પાંડવ યુધિષ્ઠિરને બાળકના જન્મની વધાઇ આપી. જેની રાહ જોઈ રહ્યા હતા એ આનંદના સમાચાર મળતાં જ પાંડવો ખૂબ પ્રસન્ન બની ગયા. પાંડવોએ પુત્ર જન્મ પ્રસંગે મંગળ વાદ્ય ધ્વનિ કરવાની આજ્ઞા આપી. પાંડવ કુળના ઉત્તરાધિકારીનો જન્મ થયો હતો.

વાજિંત્રો અને ઢોલના ધ્વનિથી લોકોએ આનંદનું કારણ જાણી લીધું, ટોળેટોળાં ઈન્દ્રપ્રસ્થ તરફ જવા લાગ્યાં. થોડાક સમયમાં તો નગર સ્વર્ગીય સ્થાન જેવું બન્યું અને ચારે તરફ હર્ષોલ્લાસ અને દૈવી આનંદની પ્રાપ્તિ થઈ. યુધિષ્ઠિરે આવેલાં નગરજનોને પકવાનનાં ભોજન કરાવ્યાં. બ્રાહ્મણોને ગૌ દાન દીધાં. રાજમહેલમાં રાણીઓને, સૌભાગ્યવતી સ્ત્રીઓને સુવર્ણ પત્રોમાં કુમકુમ આદિ સૌભાગ્યનાં ચિહ્નોને  દાન દેવાની સૂચના આપી. બ્રાહ્મણોને રેશમી વસ્ત્ર અલંકાર પણ દાન દેવામાં આવ્યાં, જનસમુદાયને રાજ્ય રક્ષક ઉત્તરાધિકારીનો જન્મનો આનંદ હતો. દિવસ-રાત આનંદનું વાતાવરણ ચાલી રહ્યું.

બીજે દિવસે મહારાજ યુધિષ્ઠિરે કુળ પુરોહિતને બોલાવી શિશુના જાત કર્મ સંસ્કાર કરાવ્યા. આ પ્રસંગે અનેક પ્રકારનાં દાન આપી બ્રાહ્મણોને સંતુષ્ટ કર્યા. મુનિજનો અને વિદ્વાન બ્રાહ્મણો બાળકને આશીર્વાદ આપી પોતપોતાના ઘેર ગયા.

ત્રીજે દિવસે મહારાજા યુધિષ્ઠિરે નવજાત શિશુનું ભવિષ્ય જાણવા મોટા મોટા જ્યોતિષીઓને બોલાવ્યા. રાજાને એ જિજ્ઞાસા હતી કે પરંપરાગત કીર્તિની પોતાના વંશજના હાથે રક્ષા થવાની છે કે નહિ? વિદ્વાનોને ઉચ્ચ આસન પર બેસાડી સન્માન સાથે મધુપર્ક અને વસ્ત્રથી સ્વાગત કર્યા.

સમ્રાટે સાષ્ટાંગ પ્રણામપૂર્વક પ્રશ્ન કર્યો! " હે મુનિઓ આપ તો સર્વજ્ઞ છો, નવજાત બાળકની જન્મ સમયની ગ્રહ, નક્ષત્ર ગણના અનુસાર એનું જીવન તથા ભવિષ્ય મને જણાવવા કૃપા કરો." આમ કહી બાળકનો જન્મ સમય લખીને સુવર્ણ પાત્રમાં મૂકીને આપ્યો.

પંડિતોએ એ સમયની ચીવટથી આકાશી ગ્રહો સાથે ગણના કરીને બાળકના ભાગ્ય વિષે વિચાર કર્યો. ગણત્રી કરતાં કરતાં બધાએ જ ખૂબ પ્રસન્નતા બતાવી. આનંદિત બનેલી એ વિસ્મિત સમાજે ક્યા શબ્દો દ્વારા ફળ બતાવવું એ માટે શબ્દ પણ મળ્યો નહિ.

પંડિત સમૂહમાંના એક ઊભા થઇને સમ્રાટ યુધિષ્ઠિરને કહ્યું."મહારાજ અમારા હાથે અનેક સંખ્યાબંધ હસ્તરેખા અને કુંડલીની ગણના થઈ છે પણ આવી શુભ લક્ષણયુકત એકાદ પણ કુંડળી જોઈ નથી. રાજકુમારના જન્મ મુહૂર્તમાં બધા જ શુભ લક્ષણ છે. સમય જોતાં તો સ્વયં ભગવાન વિષ્ણુ પોતે જ ઉપસ્થિત હતા. બધા સદ્‌ગુણોથી બાળક સમાવિષ્ટ થશે. એના ગુણો વિષે તે વધુ શું કહેવું '? સ્વયં મનુ મહારાજ આપના વેશમાં આવ્યા છે?"

યુધિષ્ઠિર ખૂબ પ્રસન્ન થયા કે એમનો વંશ ખરેખર ખૂબ ભાગ્યશાળી છે. જે વિદ્વાનોએ આ શુભ ભાવિનાં સૂચન કર્યાં એમના સામે નમ્રતાથી નમીને યુધિષ્ઠિર બોલ્યા, "આપ જેવા ગુરૂજનો પંડિતો અને સ્વયં ભગવાન અમારા રક્ષક હોવાથી આ પરિવાર ખૂબ નસીબદાર છે. સર્વના આશીર્વાદથી જ આવા પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ છે. આપે કહ્યું કે બાળક સર્વ ગુણોનો ભંડાર અને અતુલિત કીર્તિ વાળો બનશે, પણ સાધુ, બ્રાહ્મણ, પંડિતો માટે આદર રહે તો જ આ ગુણોની કિંમત થાય કૃપા કરી ફરી એ જોઈ જુઓ કે એ બધા માટે આદરયુક્ત બનશે કે નહીં?"

પંડિતોના અગ્રેસરે ઉત્તર આપ્યો," એમાં શંકા કરવાની જરૂર નથી. તે દેવ, બ્રહ્મણની સેવા શ્રધ્ધાપૂર્વક કરશે જ. શાસ્ત્રો વિહિત અનેક યજ્ઞો કરશે. આપના વંશના શ્રેષ્ઠ પુરુષો જેવું ગૌરવ પ્રાપ્ત કરશે. અશ્વમેધ યજ્ઞ કરવાથી વિશ્વમાં એની કીર્તિ ફેલાશે, દેવો પણ જેની આકાંક્ષા રાખે એવી સમસ્ત કામનાઓ એની પૂરી થશે.પૂર્વજોના યશ કરતાં એની ખ્યાતિ વધી જશે. "

પંડિત વર્ગે હૃદયની પ્રસન્નતા પૂર્વક આ સર્વ કહ્યું. આટલું કહ્યા પછી ઉચ્ચ ગુણોની અલગ અલગ વિસ્તૃત વ્યાખ્યા કરવાની જરૂર ન લાગતા મૌન રાખ્યું, એ લોકોને, એવો ભય થયો કે બાળકની યથાર્થ ભાગ્યરેખા બતાવતાં કદાચ અતિશયોકિત ન ગણાઈ જાય.

યુધિષ્ઠિરને સંતોષ ન થયો. એમને પંડિતો પાસેથી બાળકના શ્રેષ્ઠ ગુણો સાંભળવાની ઈચ્છા હતી. એ લોકોએ કહ્યું, "સમ્રાટ બાળકના ભાગ્યોદય માટે આપ સાંભળવા ઈચ્છો છો અમે આપના બધા પ્રશ્નોના ઉત્તર આપીશું. "

એ બધાનો ઉત્સાહ જોઈ ને યુધિષ્ઠિરે પ્રશ્ન કર્યો, આ રાજકુમારના જીવનમાં કોઈ ભયાનક યુદ્ધ જેવી સ્થિતિ આવશે? જો યુદ્ધ થાય તો એનો વિજય થશે? પંડિતોએ ઉત્તર આપ્યો, "એને કોઈ શત્રુનો સામનો કરવો પડશે નહિ. કોઈ પણ પ્રસંગે એની હાર થશે નહિ આ તદ્દન સત્ય છે."

આમ સાંભળીને બધાં પાંડવો પ્રસન્ન થયા પણ યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછવાની ઈચ્છા થઈ અને નત મસ્તકે વિચારવા લાગ્યા. વિદ્વાનોએ પૂછ્યું, 'મહરાજ આપને કાંઈ પૂછવુ છે એમ લાગે છે. આપ પૂછો કે તરત જ અમે ઉત્તર દઈશુ '. યુધિષ્ઠિર બોલ્યા, " આપના આ નિર્ણયથી તો અમે ખૂબ પ્રસન્ન થયા. આ બાળક સદાચારી બનશે-યશસ્વી અને સમ્રાટ બનશે, બધાને પ્રેમ પૂર્વક સમદ્રષ્ટિથી જોશે, અનેક યજ્ઞો કરશે, એનો કોઈ શત્રુ નહિ રહે, વંશની મર્યાદા વધારશે અને કીર્તિ સાચવશે; પણ એનો અંતકાળ કઈ રીતે થશે એટલી જિજ્ઞાસા છે'. બધાને યુધિષ્ઠિર ગંભીર લાગ્યા.

સર્વ વિદ્વાનોએ ધીરજથી કહ્યું, "એ સમયની અત્યારે શી ચિંતા? અંતકાળ તો ગમે ત્યારે ગમે તે રીતે આવવાનો જ છે. એ એક એવી વસ્તુ છે જેનાથી બચી શકાય તેમ નથી. મૃત્યુ તો કોઈપણ માર્ગે થાય છે જ. જન્મ એ જ મૃત્યુનું કારણ છે. ઘટનાઓની આવી પ્રસન્નતામાં આપના વિચારો ગંભીર બની ગયા છે. અમે આટલું જ કહી શકીએ છીએ . બાકીનું ઈશ્વરાધીન છે તેનો વિચાર કરવો યોગ્ય નથી. "

પરંતુ યુધિષ્ઠિરે આ વાતનો આગ્રહ રાખ્યો કે આવો મહાન રાજકુમાર એનો અંત કેવો થશે? અને ફરી જ્યોતિષીઓને ભાગ્યરેખા જોવા કહ્યું.

થોડીક ગણના કરીને જરાક વાર લાગી તો યુધિષ્ઠરે ઉતાવળે પૂછ્યું ત્યારે એ લોકોએ કહ્યું," આ કુમાર કોઈ એક ઋષિના શ્રાપવશ રાજ્યગાદીનો ત્યાગ કરશે યુધિષ્ઠરને ખૂબ આશ્ચર્ય થયું કે આવો ગુણવાન એ શ્રાપને લાયક થશે?

પંડિતોએ કહ્યું, અમારી ગણના પ્રમાણે એમ લાગે છે કે એનું મૃત્યુ સર્પદંશથી થશે" આ સાંભળી તે ખૂબ ચિંતાતુર અને દુ: ખી બન્યા.

-------------

# અધ્યાય ૩

અરેરે અંતે આવું જ દુર્ભાગ્ય! શું આટલા બધાં સારાં કાર્યો કર્યા પછી પણ આવો ભયાનક અંત આવશે. મેં તો એવું સાંભળ્યું છે કે જેનું મૃત્યુ ડૂબવાથી, ઝાડ ઉપરથી પડી જવાથી, કે સર્પદંશથી થાય, તો તે બહુ ખરાબ છે અને એને તે અપમૃત્યુ કહેવાય છે. એવું પણ સાંભળ્યું છે કે આ રીતે મૃત્યુ પામે તે જીવને પ્રેત યોનિમાં ભટકવું પડે છે. શું તો પછી આ બાળકનું એવું થશે? આ તો બહુ વિકટ પરિસ્થિતિ થઈ યુધિષ્ઠિર આમ બોલતા બોલતા શોક સાગરમાં ડૂબી ગયા.

બ્રાહ્મણોએ એમને ધીરજ ધારણ કરવા કહ્યું, મહારાજ આ રીતે દુઃખી થવાની કંઈ જરૂર નથી ... આવા મહાપુરૂષનો અંતઃકાળ દુ:ખ દાયક હોતા નથી. અમને એમની કુંડલી જોતાં જણાય છે કે ગ્રહોની સ્થિતિ પ્રમાણે ખૂબ પ્રબળ (વજયોગ) જ્ઞાનયોગ અને ભક્તિયોગ છે. આ રીતે જે ક્ષણે તેને શ્રાપ મળશે તે જ સમયે, તે સ્ત્રી, સંતાન, અને રાજયનો ત્યાગ કરીને પવિત્ર ગંગાતટનો આશ્રય લઈને પોતાને ભગવાનમય બનાવશે. વ્યાસપુત્ર શુકદેવ ઋષિ તેની પાસે આવશે અને ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા શ્રવણ કરાવી તેને આત્મજ્ઞાન આપશે. આમ ગંગા કિનારે ઈશ્વરનું ગુણગાન કરતો પોતાના પાર્થિવ દેહને ત્યજશે. આવા મહાપુરૂષનો અંત કોઇ વિકૃત રીતે થાય ખરો ? અરે એને પુનઃજન્મ થવાનો જ નથી. એનો ભક્તિ માર્ગ દ્વારા પ્રભુમાં લીન થઇ જશે."

આ વાકય સાંભળીને યુધિષ્ઠિર પ્રસન્ન થયા તેમનું દુ:ખ ઓછું થયું અને બોલ્યા, "જો આમ હોય તો આ શ્રાપ નથી પણ વરદાન છે."

નામ-પરીક્ષિત પાડયા પછી રાજા યુધિષ્ઠિરે બ્રાહ્મણોની યોગ્યતા પ્રમાણે સન્માન કર્યા. એમનો સત્કાર-રેશમી વસ્ત્રો આભૂષણોથી કરવામાં આવ્યો અને પ્રત્યેકને પોતપોતાના નિવાસે વિદાય આપી. યુધિષ્ઠિરે ભાઈઓ સાથે ભય દૂર થવાથી ઘટનાની દિવસ ભર વાતો કરી અને એમનો આનંદ અપરંપાર બન્યો.

પૂર્ણિમાના ચંદ્રમાની પેઠે બાળ મોટો થવા લાગ્યો. પાંડવ વંશનો ઉત્તરાધિકારી બાળક અનેક પ્રકારની મુશ્કેલીમાંથી બહાર આવ્યો હતો. સ્વરૂપો માટે સર્વને તે વધારે પ્રિય હતો અને અનાયાસે જ બધાનો સ્નેહ તેને મળવા લાગ્યો.

બધાં બાળકને જોઈને ખૂબ આનંદિત થયા કારણકે દ્રૌપદીને પોતાનાં પાંચ પુત્રો ગુમાવ્યાનું દુઃખ હતું '. સુભદ્રાને અભિમન્યુનો શોક હતો અને પાંડવોને અશ્વત્થામાનો ક્રોધ કે જે ગર્ભાવસ્થામાં જ અભિમન્યુના પુત્રને સમાપ્ત કરવા અને સાથે સાથે પાંડવ વંશને પણ સમાપ્ત કરવાને માટે પૂરતો હતો. આ સર્વે પરિસ્થિતિનો અંત આવ્યો હતો માટે બધાજ બાળક ઉપર ખૂબ સ્નેહ કરવા લાગ્યા.

બાળક પણ ખૂબ બુદ્ધિશાળી હતો. જે કોઈ નજીક આવે તેને ધ્યાનપૂર્વક તાકી રહેતો હતો. આવનારના મુખને ખૂબ સમય સુધી તાકી તાકીને જોઈ રહેતો હતો. બધાને

તેની આવી ચેષ્ટા માટે ખૂબ આશ્ચર્ય થતું હતું. આવનાર વ્યક્તિનું મુખ, આ બાળક એ રીતે જોતો હતો કે જાણે કંઇક તે શોધી રહ્યો ન હોય અથવા તે કોઇક વ્યકિતને શોધવા પ્રયત્ન ન કરતો હોય!

દુઃખનો માર્યો કોઇ એમ કહેતો કે તે તેના પિતા અભિમન્યુને શોધે છે. તો બીજો કોઈ એમ કહેવા લાગ્યો કે તે ભગવાન કૃષ્ણને શોધે છે. તે કોઈ વળી એવું કહેતું કે તે આત્મ જ્ઞાનની શોધમાં છે. પણ ખરેખર તો તે તેના મનમાં જે રૂપ હતું તેની શોધમાં હતો, જોનારને એમ લાગ્યું કે આ બાળક જોવામાં તે જાણે કોઈની પરીક્ષા ન કરતો હોય અને ભવનની અંદર અને બહાર બધાએ એનું નામ પરીક્ષિત પાડયું. જો કે નામકરણ સંસ્કાર તે પાછળથી થયો. પરીક્ષિતનો અર્થ એટલો જ કે જે પરીક્ષાના કાર્યમાં લાગેલો હોય.

પરીક્ષિત નામ પડી જ ગયું. રાજા, પ્રજા, ધનવાન, ગરીબ સહુ કોઈ તેને પરીક્ષિત નામથી બોલાવવા લાગ્યા. બાળકની ખ્યાતિ દિવસે દિવસે વધવા લાગી. સહુને મોઢે એનાં વખાણ જ થતાં હતાં. એક દિવસ યુધિષ્ઠરે પોતાના મહેલે રાજ્ય પુરોહિતને બોલાવ્યા અને નામકરણ વિધિ માટેનો દિવસ નકકી કરવા કહ્યું.

પુરોહિતે પોતાના બધા પંડિતોને બોલાવ્યા અને ખૂબ વિચાર કરી સર્વને શુભ લાગતો દિવસ ઉત્સવ માટે નકકી કર્યો. વળી તેઓ એ નામકરણનો સમય પણ નકકી કર્યો અને ઉત્સવ માટે બધા રાજાઓ, વિદ્વાનો અને નાગરિકોને આમંત્રણ મોકલાવ્યાં. સમ્રાટે અધ્યાત્મિક ક્ષેત્રના મુખ્ય વિદ્વાનો, ઋષિ મુનિઓને પણ આમંત્રણ મોકલ્યાં. અર્જુન પોતે શ્રીકૃષ્ણ પાસે ગયો અને એમને આગ્રહ કર્યો કે એ પોતે બાળક ઉપર પોતાની કૃપા વરસાવવા પધારે. અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણને લઈ આવવામાં સફળતા મળી. ભગવાન કૃષ્ણના આગમન સમયે, ઋષિગણ, મુનિગણ, બ્રાહ્મણવર્ગ, રાજાઓનો સમૂહ નગરના નિવાસીઓ, તેમના સ્વાગતની તૈયારી કરવા લાગ્યા. પાંડવો પણ ખૂબ ભવ્યતાપૂર્વક એમના સ્વાગત માટે નગરના દ્વાર પર રાહ જોઈને ઊભા; જ્યારે ભગવાનનો રથ દૂરથી જણાયો ત્યારે વાજિંત્રોની સાથે જયજયકારનો અવાજ સંભળાવા લાગ્યો. રથમાંથી નીચે ઉતરતી વખતે યુધિષ્ઠર ભગવાનને ભેટયા અને તેમનો હાથ પકડી તેમને અંદર લઈ આવ્યા. ત્યાં તેમને માટે ખાસ સિંહાસન ગોઠવેલું હતું અને ભગવાન પોતાના આસન પર બેઠા.પછી ઊપસ્થિત જનસમુદાયે પોતપોતાની યોગ્યતા અને પદ અનુસાર આસન ગ્રહણ કર્યાં.

સોનાના થાળ પર અલંકારોથી શોભતા, સૂર્ય જેવા બાળકને સહદેવ અંદર જઈને લઈ આવ્યા. પંડિતોએ મંત્રોચ્ચાર દ્વારા બાળકના સ્વાસ્થ્ય અને સુખ માટે દેવો ને પ્રાર્થના કરી.

સહદેવે બાળકને બધાની વચ્ચે મુક્યો. દાસીઓ પોતપોતાના હાથમાં સુગંધિત પદાર્થો વસ્ત્રો વગેરે સોનાના થાળમાં રાખીને બાળકની પાસે આવવા લાગ્યાં. પડદા પાછળથી દ્રોપદી, રુક્મિણી, સુભદ્રા વગેરે રાણીઓ આ બધું જોઈ રહી હતી. સહદેવે બાળકને નામકરણ ઉત્સવ માટે બનાવેલા ફૂલોથી શોભા મંડપ પર મુક્યો પણ બાળક તો જાણે કોઈને મળવા જવા ઈચ્છતો હોય એ રીતે છાતીએ સરકવા લાગ્યો.

સહદેવે બાળકને રોકવા પ્રયત્ન કર્યો. યુધિષ્ઠિરે હસતાં હસતાં આ જોઈને કહ્યું, 'સહદેવ, એને રોકશો નહીં, એને એકલો છોડો,જોઈએ શું કરે છે? સહદેવે તેને છૂટો મૂક્યો. બાળક પડી ન જાય એ રીતે દૃષ્ટિ રાખીને સહદેવ પાછળ રહ્યો.

બાળકને છૂટો મૂકતાં એ તો ભગવાન શ્રીકૃષ્ણની તરફ પોતાના ખૂબ જૂના સાથી હોય એ રીતે જવા લાગ્યો. બાળકે ભગવાનના પગ પકડીને આંખો દ્વારા કહી દીધું કે મને ખોળામાં લ્યો અને રમાડો. ભગવાને આ જોયું અને હસીને બાળકને પોતાના ખોળામાં બેસાડ્યો.

ભગવાન પાસે બેઠા પછી બાળક તો એકીટસે ભગવાનનું મુખ જોવા લાગ્યો. બીજું જોવાની એને ઇચ્છા જ ન થઈ. ચુપચાપ બેઠોબેઠો ભગવાનને જ નીહાળી રહ્યો. બધાને આ જોઈને ખૂબ આશ્ચર્ય  થયું કારણકે આ ઉંમરે બાળક આવું કરે એ શક્ય ન હતું. ભગવાન કૃષ્ણ પણ બાળકના આવા વર્તાવ માટે બધાના જેવું જ સુખ અને આશ્ચર્ય અનુભવવા લાગ્યા.

યુધિષ્ઠિર તરફ ફરીને ભગવાન કૃષ્ણ બોલ્યા, “મેં આવું નહોતું કલ્પયું કે આ બાળક બધાને આ રીતે ધ્યાનપૂર્વક જોઈ રહે છે; સાથે સાથે બધાનાં મસ્તકનાં લક્ષણોની પણ પરીક્ષા કરે છે. મેં તો ધાર્યું હતું કે વિદ્વાનોની આગાહી સૂચવતા વિચારો તે સ્વાભાવિક વ્યવહારના જ હશે; પણ આ તો મને જ જોઈ રહ્યો છે. ચાલો હવે હું જ એના (વ્યવહારની) વર્તનની પરીક્ષા લઉં.”

એમ કહી ભગવાન બાળકને અનેક જાતનાં રમકડાં આપીને એની નજર બીજે હઠાવવા સંતાઈ ગયા. પ્રભુ ને એમ હતું કે કદાચ બાળક એમને જલ્દી ભૂલી જશે; પણ બાળકે તે બીજા કશા ઉપર ધ્યાન ન આપ્યું. એ તે પોતાની નજર ભગવાન તરફ રાખીને એમને જ શોધવા લાગ્યો. બીજી કોઈ વસ્તુને એણે જોઈજ નહિ. જે તરફ ભગવાન હશે એમ એને લાગ્યું, તે તરફ જ એ જવા લાગ્યો. ભગવાન કૃષ્ણ તરફથી એની દ્રષ્ટિ દૂર કરવાનો પ્રયત્ન વિફલ બન્યો હતો અને ભગવાને જ એને કહ્યું," આ કોઈ અસાધારણ બાળક છે મારી પરીક્ષામાં એ સફળ થયો છે, માટે પરીક્ષિત નામ એને બરાબર ઉચિત છે; એના ગુણ પ્રમાણે નું જ છે.

આ પ્રસંગે બ્રાહ્મણોએ બાળકને આશિષપ્રદ અનેક મંત્રોનો પાઠ કર્યો. વેદોચ્ચાર, મંગલવાદ્ય, સ્ત્રીઓનાં ગીત વગેરે મંગલ ઘોષ શરૂ થયા. પુરોહિતે રત્નશલાકાથી સોનાના પાત્રમાં રહેલા મધ વડે બાળકની જીભ પર એનું નામ લખ્યું. સુવર્ણ થાળમાં ધાન્ય ઉપર એનું નામ લખીને બાળકની પ્રતિષ્ઠા અને સુખની ભાવનાથી એનો અભિષેક કરવામાં આવ્યો, બાળકનો નામકરણ સંસ્કાર ખૂબ સુંદર રીતે યોજવામાં આવ્યો, ઉપસ્થિત બધા જ નર-નારી વૃંદે બાળકને ઉપહાર આપ્યો. બાળક ભગવાન કૃષ્ણના ઉચ્છંગ પર ચઢી ગયો; એ જ ઘટનાનું બધા રટણ કરતાં હતાં. બાળકના દ્રઢ ઉત્સાહની બધાએ પ્રશંસા કરી.

યુધિષ્ઠિર તો બાળકના આવા આશ્ચર્યકારક વ્યવહારથી મુગ્ધ બની ગયા હતા. વ્યાસજી પાસે જઈને આ અંગેની એમની શંકા કરી ત્યારે વ્યાસજી એ ક્યું, " આ બાળક જ્યારે માતાના ઉદરમાં હતો ત્યારે એનો વધ કરવા અશ્વત્થામાએ ભયાનક અસ્ત્ર છોડ્યું હતું, પણ એ અસ્ત્ર એને સ્પર્શ કરે એ પહેલાં જ પ્રભુએ માતાના ઉદરમાં પ્રવેશીને એની રક્ષા કરી હતી. આજે પણ બાળક એજ શોધે છે કે એની રક્ષા કોણે કરી હતી. બધાને એ બાળક એ મુખની શોધમાં જોતો રહે છે. કદાચ આ માણસ મને બચાવનાર તો નહીં હોય! એનું મુખ એના મુખ જેવું તો નહિ હોય! આજે બાળકને એ સ્વરૂપના દર્શન થયાં અને તે તરફ જવાનો પ્રયત્ન કરતો પોતે પ્રભુના ઉછંગમાં બેસવા ઈચ્છે છે એ ભાવ દ્વારા જણાવ્યું. યુધિષ્ઠિર તમને જે જિજ્ઞાસા છે એના આશ્ચર્યજનક વ્યવહારનું કારણ આ છે."

મુનિવ્યાસની વાત સાંભળી રાજાની આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. અશેષ કરુણા નિધાન પ્રભુનો એમને અંત: કરણથી અનુગ્રહ માન્યો.

# અધ્યાય ૪

નામકરણ સંસ્કારના કાર્યથી પરિવાર વર્ગ, પ્રાસાદના નિવાસી કર્મચારી લોક, નગર નિવાસી સર્વને અત્યંત પ્રસન્નતા થઈ. આથી સંતોષ ન થતાં જયેષ્ઠ પાંડવ યુધિષ્ઠિરને વિચાર આવ્યો કે આથી વિશેષ પણ કાંઇ કરવું જોઈએ. એ જ દિવસે બધા પંડિતો, વિદ્વાનો, રાજસમૂહ પ્રમુખ, નાગરિકોને એકત્ર કર્યા અને ભગવાન કૃષ્ણ પધારીને સભાનું મંગલ ઉદ્ઘાટન કરે, આથી બધાને આનંદ થાય, એમ વિનંતિ કરી, મહર્ષિ વ્યાસ અને કૃપાચાર્ય પણ પધાર્યા.

સભામાં આવીને થોડી વાર શાંત બેઠા પછી યુધિષ્ઠિર મહારાજે ભગવાન કૃષ્ણ અને વ્યાસને દંડવત પ્રણામ કરીને સર્વ સભાજનો જેમાં રાજસમૂહ, વિદ્વાનો, પંડિતો હતા એમને ઉદેશીને કહ્યું, " આપ સર્વના સહયોગથી અમે શત્રુઓ ઉપર વિજય મેળવી શક્યા છીએ. આપ સર્વના સહકારથી અને શુભેચ્છાઓનું જ આ પરિણામ છે. સાથે સાથે ભગવાન શ્રીકૃષ્ણની અસીમ કૃપાનુ બળ છે. અત્રે પધારેલાં સર્વ જનોના પ્રભુ હૃદયેશ્વર છે અને એમની કૃપાથી વિજય સાથે સાથે અમારૂં નષ્ટ રાજ્ય પણ પ્રાપ્ત થયું છે. આપ સર્વના આશીર્વાદથી અમારા વંશના ઉત્તરાધિકારીનો જન્મ થયો છે અને પ્રસન્નતાપૂર્વક સર્વને આશાદીપ પણ પ્રજવલ્લિત થતો લાગ્યો છે. આ સર્વ બાબતો સુખ જનક છે, પણ સાથે સાથે એક બીજું ચિત્ર પણ મને ઉપસી આવતું જણાતાં દુ: ખમાં મૂકે છે. મારા હાથે કુંટુંબના અનેક સગા સંબંધીઓનો વધ થયો છે. મને એક એવો સંકલ્પ થાય છે કે આને માટે કોઇક પ્રાયશ્ચિત મારે કરવું જોઈએ, જેથી મને, મારા વંશને અને પૂર્વજોને કોઈ પણ પ્રકારનું અસુખ ન થાય. આ સમયે આપ સર્વની સલાહ માગું છું. અત્રે ઉપસ્થિત સમાજમાં વ્યાસ જેવા અનેક આત્મજ્ઞાનીઓ (બ્રહ્મજ્ઞાની) છે. મારી આપ સર્વને પ્રાર્થના છે કે મને એવું કોઈ પ્રાયશ્ચિત કાર્ય બતાવો જેથી આ યુધ્દ કર્મજનિત અનેક પાપકર્મોનો નાશ થાય."

ખૂબ નમ્રતા અને શ્રધ્દ્ધાથી યુધિષ્ઠિરે જ્યારે આ પ્રશ્ન પૂછયો ત્યારે ભગવાને કહ્યું, "યુધિષ્ઠિર! તમે તો ધર્મરાજ છો, ધર્મ તો તમારે જાણવો જોઈએ. ધર્મ, નીતિ, ન્યાય, યોગ્ય, અયોગ્ય સર્વ તમે જાણો છો,આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે યુધ્દ માટે અને વિજય માટે તમને વિષાદ કેમ? શું તમને એટલી ખબર નથી કે ક્ષત્રિય યુધ્દ્મમાં પોતાના શત્રુને મારે તેમાં કોઈપણ પ્રકારનું પાપ નથી? કારણ એ પણ, મારનારને મારવાના ઉદ્દેશથી જ આવ્યો હોય છે. જેના હાથમાં હથિયાર છે અને શત્રુભાવે સામે આવીને જે શસ્ત્રનો પ્રયોગ કરવાનો જ છે, એને મારવામાં પાપ લાગતું નથી. ક્ષત્રિયનો તો ધર્મ છે કે પોતાના રાજયની રક્ષા કરવા માટે જરૂર પડે, વગર વિચારે લડી જ લેવું. ધર્મ માર્ગ પર જનારને એ જે કામ કરે એમાં પાપ ક્યાથી લાગે.? માટે આમાં કોઈ શંકા કરશો નહિ, કે પશ્ચાતાપની જરૂર નથી, પાપ તમને સ્પર્શી શકવાનું નથી, જે તમારે હાથે પાપ થયું જ નથી. એનું પ્રાયશ્ચિત, દુ:ખના

વિચારો, આ બધું આ નામકરણના ઉત્સવ પ્રસંગે કરવું જરૂરી નથી. શાન્તિ રાખો, આનંદી રહો."

ભગવાન વ્યાસ પણ પોતાના આસન પરથી ઊઠીને બોલ્યા, પાપ અને નિંદ્ય કર્મ તો યુદ્ધ ક્ષેત્રમાં થયા જ કરે. એને માટે દુઃખી થવાની જરૂર નથી. મુખ્ય હેતુ તો એ જ હોય છે કે શત્રુઓના વિનાશ દ્વારા ધર્મની રક્ષા કરવી. જો મનમાં આવો ભાવ રાખીએ તો પછી કોઈપણ રીતે પાપ થયું જ નથી. શરીરનો ગંધાતો ઘા ચપ્પુથી કાપીને સાફ કરવો પડે તો તે અયોગ્ય નથી, કારણ કે તેને રોગમુક્ત કરવા માટે છે. જો ડૉકટર ઘા રૂઝવવા માંગતો હોય અને ઉપચાર ન કરે તો જ પાપ થાય. એ રીતે જ શત્રુ જો અન્યાય, અનાચાર,અત્યાચાર વગેરેના કારણરૂપ હોય અને ક્ષત્રિયરૂપી વૈધ એને દૂર કરવાને માટે કશું ન કરતાં જો ચૂપ બેસી રહે તો એ અન્યાયનું કાર્ય કહેવાય. ધર્મરાજ, તમે જે વાતો કહી તે તમારો ભ્રમ છે. કોઈ બુદ્ધિહીન આવો સંદેહ મનમાં લાવે તો એના પર હું "વિશ્વાસ કરું. પણ તમારા જેવા આ પાપની બીકથી ભયભીત બન્યા છો એ સાંભળી મને પણ આશ્ચર્ય થાય છે."

"જો તમને અમારી વાતમાં વિશ્વાસ ન હોય તો હું તમને બીજી સલાહ આપું છું, જેથી તમારો બધો ભય જતો રહેશે. પહેલાનાં કેટલાંક રાજાઓએ યુદ્ધમાં કદાચ કોઈ પાપ થયું હોય તો એને દૂર કરવા માટે જે રસ્તો લીધો છે તે આ રહ્યો -અશ્વમેધ યજ્ઞ. જો તમારી ઈચ્છા હોય તો તમે પણ પ્રાયશ્ચિત સ્વરૂપે આ યજ્ઞ કરી શકો છો . આમાં કોઇપણ પ્રકારની આપત્તિ આવવાની નથી. હું તમને સ્પષ્ટ કહું છું કે તમે કોઈપણ પ્રકારના પાપના ભાગીદાર નથી. તમે મારા પર વિશ્વાસ રાખજો, પણ તમારા મનમાં આ શંકા પ્રગટ થઈ શકે છે માટે હું તમને આ યજ્ઞની સલાહ આપું છું." આટલું બોલીને વ્યાસે પોતાનું સ્થાન લીધું.

આ સાંભળી ઉપસ્થિત પંડિત વર્ગ, વિદ્વાનો અને નાગરિકોએ વ્યાસે આપેલી સલાહ સ્વીકાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી અને એ સ્વીકારની ભાવના સાથે જય જયકારનો ધ્વનિ કર્યો. સર્વ જનસમૂહે આ કાર્યને શુભ અને આવશ્યક બતાવ્યું. ધર્મરાજ હજી દુઃખી હતા, મનમાં ભય હતો અને આંખોમાં અશ્રુ હતાં. સર્વ સભાજનોને ઉદ્દેશીને એમણે આ વિનંતી કરી, "આપ સર્વ મને મારી નિર્દોષતા માટે જે કંઈ કહો છો તેના ઉપર હજુ મને વિશ્વાસ થતો નથી." આપના તર્કને મારૂ મન સમજી શકતું નથી. અનેક રાજાઓએ યુદ્ધ પછી અશ્વમેધ યજ્ઞો કરીને પોતાને પવિત્ર કર્યા હશે. એ બધાં યુદ્ધો સાધારણ યુધ્ધો હશે, પણ મારી બાબતમાં તો કંઈક જુદું જ છે. મારાં પાપ તો ખૂબ ગહન છે, કારણ કે (૧) મેં મારા સગાંસબંધીઓ અને એમનાં પરિવારોની હત્યા કરી છે. (૨) ભીષ્મ અને દ્રૌણાચાર્ય જેવા પવિત્ર આત્માઓ કે જે મારા વડીલ હતા એમની હત્યા કરી છે, (૩) અનેક રાજાઓની હત્યા કરી છે. મારા ભાગ્યને માટે મને અફસોસ થાય છે. આ મારાં કાર્યો કેટલાં બધાં નિંદ્ય (રાક્ષસી) કહી શકાય."

"બીજા કોઈ રાજાએ કદાચ આવું નિંદ્ય કાર્ય નહીં કર્યું હોય. આ પાપોને ધોવા માટે અમારે એક નહિ પણ ત્રણવાર અશ્વમેધ યજ્ઞો કરવો પડશે, તો જ મને શાંતિ મળશે, તો જ મારા વંશમાં સુખને શાંતિ આવશે, તો જ મારૂ રાજય શાસન સારૂ બનશે. તો હે વ્યાસજી, ઉપસ્થિત પંડિતગણ અને ઋષિસમૂહ આપ સર્વ આટલી મારી પ્રાર્થનાનો સ્વીકાર કરો. "

યુધિષ્ઠિરને આમ બોલતાં તો આંખોમાંથી આસુ સરી પડ્યાં, ગળે ડૂમો ભરાઈ આવ્યો અને દુ:ખનાં માર્યા મસ્તક નીચું નમાવવું પડ્યું. આ જોઈને બધાં મુનિઓનાં હૃદય દ્રવિત બન્યાં. વ્યાસ અને કૃષ્ણ પણ પ્રભાવિત થયા. અનેક મુનિઓના નેત્રોમાંથી તો અણધાર્યા આસું વહેવા લાગ્યાં જ હતાં. સભામાં ભેગા થયેલા અન્યજનો આશ્ચર્યચક્તિ બનીને મૌન બેઠા હતા, પણ બધાંને ખાત્રી થઈ કે ધર્મરાજાનો સ્વભાવ કેટલો કોમળ હશે? બધા ભાઈઓ અર્જુન, નકુળ, સહદેવ અને ભીમ નત મસ્તકે ઊભા હતા અને વિચારતા હતા કે હવે ભગવાન શું કહીને એમને ધૈર્ય આપશે.

તે વખતે ધર્મરાજનું દુ:ખ દૂર કરવાને માટે બધાંએ તેમને ત્રણ અશ્વમેધ યજ્ઞો કરવાની સલાહ આપી. બધાંના પ્રતિનિધિ તરીકે એક ઋષિએ તો એમ કહ્યું કે અમો તમારી ઇચ્છા વિરૂધ્ધ કશું કરવા માંગતા જ નથી. અમે આ વાતનો ખરા અંત:કરણથી સ્વીકાર કરીએ છીએ. શાસ્ત્રોને અનુસાર આ ત્રણે યજ્ઞો ખૂબ સુંદર રીતે પૂર્ણાહુતિ સુધી હાજર રહીને અમે કરાવીશું. અમારા બધાંની ઇચ્છા તો આ બધા કાર્યો સાથે સાથે તમારા મનને શાંતિ મળે એમ કરવાની છે અને જે દ્વારા તમને શાંતિ મળે, એ બધાં જ કાર્યો કરવા અમે તૈયાર છીએ. આ વાતનો બધાંએ સ્વીકાર કર્યો.

આ સાંભળીને ધર્મરાજ બોલ્યા, "હું ખૂબ જ ભાગ્યશાળી છું." ધર્મરાજાએ સર્વના આ સહકાર માટે આનંદ વ્યક્ત કર્યો અને ભગવાન કૃષ્ણ અને વ્યાસની પાસે જઈને એમના ચરણોમાં દંડવત  પ્રણામ કર્યા, ભગવાન કૃષ્ણના ચરણકમળ પકડીને તે બોલ્યા, "અરે ! મધુસૂદન, તમે મારી પ્રાર્થના ન સાંભળી?" શું તમને મારા દુ:ખ ન જણાયાં ? હું તમને પ્રાર્થના કરી રહ્યો છું કે આપ આ યજ્ઞમાં આવીને સંપૂર્ણ યજ્ઞ કાર્ય કરાવી મારાં પાતકોમાંથી મને છોડાવો.

ભગવાન કૃષ્ણ પ્રસન્ન મુખ મુદ્રા સાથે એમનો હાથ પોતાના કરકમળમાં લીધો અને બોલ્યા, "ધર્મરાજ, તમારી બધી જ પ્રાર્થનાઓ અનુસાર હું કાર્યો કરાવીશ, પણ તમે જાતે ગિરિશૃંગ જેવા મોટાં મોટાં કાર્યોનો બોજ પોતાના ખભા ઉપર ઉઠાવ્યો છે. આ યજ્ઞ કોઈ સાધારણ યજ્ઞ નથી અને યજ્ઞ કરનાર પણ શ્રેષ્ઠ ચક્રવર્તી રાજા યુધિષ્ઠિર છે. એનો અર્થ એટલો જ કે તમારે તમારી પરિસ્થિતિ પ્રમાણે યોગ્યતા સાથે આ યજ્ઞ કરવાનો છે. હું જાણું છું કે તમારી પાસે દ્રવ્યનો કંઈ પ્રશ્ન નથી . પૈસા તો રાજાઓને પ્રજા પાસેથી મળી રહે, પણ યજ્ઞ કાર્ય માટે પ્રજા પાસેથી દ્રવ્ય લેવું ઉચિત નથી. ફક્ત યોગ્ય માર્ગે આવેલા દ્રવ્યનો જ

સદુપયોગ શુભ કાર્યમાં થવો જોઈએ. એમ ન કરીએ તો એનું પરિણામ લાભને બદલે હાનિમાં આવે. તમારા ખંડિયા રાજાઓ તો આ યુદ્ધમાં નુકસાન થયેલું હોવાથી તમને વધારે મદદ નહિ કરી શકે અથવા તો એમની પાસે તમને વધારે મદદ કરવા જેવું કંઈ હશે. નહિ. આ બધી વાતો તમે જાણો છો છતાં એક સાથે ત્રણ ત્રણ અશ્વમેધ કરવા તૈયાર થઈ ગયા છો ! મને નવાઈ લાગે છે કે આ વિષમ પરિસ્થિતી હોવા છતાં પણ તમારામાં આવી હિમ્મત ક્યાંથી આવી? વળી પાછા તમે આ સભામાં એની જાહેરાત પણ કરી. તમે મને પહેલેથી આવા ખર્ચાળ યજ્ઞ કરવાના વિચારનો સંકેત પણ ન કર્યો ? જો કર્યો હોત તો પણ કંઈક ઉપાય કાઢત. ચાલો, હજી પણ થોડો સમય છે. થોડો વખત વિચાર કરીને પછી આપણે નિર્ણય કરીએ. જો કદાચ વધુ સમય લાગે તો એમાં કંઈ ખોટું થવાનું નથી."

ધર્મરાજા આ બધી વાતો સાંભળીને ખૂબ હસ્યા." હે ભગવાન, તમે તો મારી સાથે નાટકીય અભિનય કરી રહ્યા છો, એ હું સમજું છું. વગર વિચાર્યું હું કોઈ કાર્ય કરતો જ નથી. ધન અને સામગ્રી વિશે મે કોઈ દિવસ વિચાર્યું જ નથી. હવે જ્યારે આપ મારી સાથે છો અને આપની ખૂબ દયા અમારા ઉપર છે તો પછી આ બધી વાતોનો વિચાર મારે શા માટે કરવો પડે ? જો મારી પાસે કલ્પવૃક્ષ જ હોય તો હું શા માટે મામુલી વસ્તુઓ માટે એની પાસે જાઉ ? સર્વ શક્તિ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ અત્યાર સુધી અનેક પ્રકારની આફતોમાં પણ જ્યારે અમારી રક્ષા કરતાં રહ્યા જ છે અને તે રક્ષા પણ આંખના પડળ જેમ કીકીની રક્ષા કરે, એ રીતે કરે છે તો એ ભગવાન કૃષ્ણ, અમને આ સમયે છોડીને જઈ શકવાના નથી. પ્રભુ આપ જે ધારો તો મોટા મોટા પર્વતો પણ જમીનદોસ્ત કરી શકો છો. આ તો નાની ટેકરી જેવું કાર્ય કોઈ ચિંતાનો વિષય નથી. આપ અમારા જીવનના આધાર છો, આપ જે કહેશો તેમાં હું શંકા નહિ કરું. મારી બધી શક્તિ અને સંપત્તિ આપ છો, હું મારા જીવનનો બધો ભાર અને આ ત્રણ યજ્ઞનો ભાર પણ આપના ચરણમાં સમર્પણ કરું છું. આપને જે ઉચિત લાગે તે કરો. મારા કહેલા શબ્દોનો સ્વીકાર કે અસ્વીકાર કરીને આપ યજ્ઞ કરો કે ન કરો મને કોઈ ચિંતા નથી. આપ જે કંઈ કરશો એનાથી હું પ્રસન્ન છું. આ તો આપની જ ઈચ્છા છે, મારી નહિ."

અંતર્યામીને આથી વધુ કહેવાની શી જરૂર? પ્રસન્ન થયેલા ભગવાને ધર્મરાજાને ઉઠાવ્યા અને કહ્યું, "ના, મેં તો તમારી ભક્તિ અને વિશ્વાસની પરીક્ષા કરી હતી. મારે તો તમારો મારા પર કેટલો વિશ્વાસ છે એ તમારી પ્રજાને જણાવવું હતું. તમારે કોઈ જાતની ચિંતા કરવાની નથી. તમારી ઈચ્છા પૂર્ણ થશે. મારી સલાહ માનશો તો સરળતાથી આ યજ્ઞ માટે જરૂરી દ્રવ્ય મળી શકશે. આ દ્રવ્યને તમે રાજાઓ કે પ્રજાને કષ્ટ આપ્યા વિના જ પ્રાપ્ત કરી શકશો."

આ વાત સાંભળીને ધર્મરાજા પ્રસન્ન થયા અને બોલ્યા, "અમે આપના આદેશ અનુસાર વર્તીશું"

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, સાંભળો, "ખૂબ સમય પહેલાં મરુત્ત નામના રાજાએ એક એવો યજ્ઞ કર્યો હતો કે જેવો યજ્ઞ આજ સુધી કોઇએ કર્યો નથી. જે ભવનમાં આ યજ્ઞ વિધિ થયો હતો એ ભવન પણ સંપૂર્ણતઃ સોનાનું હતું અને બધી સુવર્ણની ઈંટો યજ્ઞના બ્રાહમણોને દાનમાં મળી હતી. ગાયોની જગ્યાએ સોનાની ગાયો અને ભૂમિદાનની જગ્યાએ સુવર્ણનાં પાત્રોનાં દાન આપ્યાં હતાં. બ્રાહમણોથી આ બધું લઈ જવું શક્ય ન હતું. જેટલું તેમનાથી લઈ જવાયું તેટલું જ લઈ ગયા, બાકીનું બધું ત્યાં છોડી દીધું. આ પડી રહેલું સોનું તમને યજ્ઞ માટે મળશે, તમે ત્યાંથી લઈ આવો."

ધર્મરાજાએ આ વાત સ્વીકારી નહિ, એમણે કહ્યું, "ભગવાન, આ તો જેને મળ્યું હોય એમની સંપત્તિ કહેવાય. એ બધાંની આજ્ઞા વિના મારાથી એનો ઉપયોગ કેવી રીતે થાય? ભગવાન કૃષ્ણે ઉત્તર આપ્યો, "એ બધા સારી રીતે સમજીને જ આ સર્વ ત્યાં મૂકી ગયા હતા. એ સર્વ તો અત્યારે હયાત નથી. એમનાં સંતાનોને આ સંપત્તિ વિશે કશો ખ્યાલ નથી. જમીનમાં દટાયેલી આ સંપત્તિને બીજો કોઈ સ્વીકારનાર નથી, એ જગ્યા પણ એ સ્થાનના રાજાની છે, જ્યારે એ સંપત્તિ લાવવાની ઈચ્છા થાય ત્યારે લેવામાં વિરોધ કરવાનો કોઇને અધિકાર નથી. સમ્રાટ, એ સંપત્તિ જલ્દી લઈ આવો અને યજ્ઞની તૈયારી કરો." ભગવાન કૃષ્ણે આવો આદેશ આપ્યો.

# અધ્યાય ૫

ધર્મ રાજાએ ભગવાન કૃષ્ણની સલાહ માની અને મહર્ષિ વ્યાસ જેવા મુનિઓનો મત જાણ્યો. એમને પોતાના ભાઈઓને બ્રાહ્મણોએ છોડી દીધેલું સોનું લઈ આવવા મોકલ્યા. બધા ભાઈઓ વિધિ પૂર્વક કાર્ય કરીને સુવર્ણની શોધમાં ચાલ્યા. જયાં પ્રાચીન કાળમાં મરુત રાજાએ યજ્ઞ કરીને સોનું દાનમાં આપ્યું હતું, તે સ્થાન તેઓએ શોધી કાઢયું. બ્રાહ્મણો દ્વારા છોડી દીધેલું એ સોનું એટલું અધિક માત્રમાં હતું કે આખી સેનાના વાહનો અને પશુઓ પર લાદીને રાજધાનીમાં લાવી શકાયું. આ જથ્થાને હસ્તિનાપુર લાવતાં તો સેનાને કેટલાય દિવસ લાગ્યા. નાગરિકોએ ઉત્સાહ પૂર્વક જયજયકાર કરીને આ સુવર્ણને વાહનોમાંથી નીચે ઉતાર્યું.

નગરજનોને પાંડવોની આ સફળતા જોઈ ખૂબ આશ્ચર્ય થયું. સુવર્ણ અને લઈ આવનારા રાજકુમારો એમના સ્વાગતમાં ગળું જ્યારે ઘંટાયું ત્યારે એમણે આનંદના ઉદ્ગારો બંધ કર્યા અને શાંત બન્યા, બાકી ત્યાં સુધી તો પ્રસન્ન બનીને નાચતા કૂદતા રહ્યા. પોતાની સામે પડેલાં સોનાની માત્રા જોતાં પ્રજાજનોએ  યજ્ઞોની કલ્પના કરી ખૂબ આનંદિત  બન્યા.

એ દિવસથી જ યજ્ઞવેદીના નિર્માણ વિધિનો આરંભ થયો. મહોત્સવનો કેટલોક ભાગ તો ગંગાજીના કિનારે જ હતો. સમગ્ર વિસ્તારને સપાટ કરીને સમતલ મેદાન બનાવવામાં આવ્યું. એ સ્થાન પર સુંદર યજ્ઞ મંડપો અને વેદી બનાવવામાં આવી. આસપાસ સૌંદર્યવર્ધક  ખૂબ ખૂબ સામગ્રી બનાવવામાં આવી. તોરણોથી આખી  ભૂમી સુશોભિત બનાવવામાં આવી. પ્રારંભનું મુહૂર્ત નજીક આવતાની સાથે પંડિતો બ્રાહ્મણોની સાથે  ઋત્વિજો મંડપ તરફ જવા નીકળી પડ્યા. એ બધાને પોતપોતાની યોગ્યતા પ્રમાણે રહેવાનાં સ્થાન મળ્યાં હતાં. બીજા દિવસનાં ખૂબ જ પૂણ્યપ્રદ યજ્ઞ જોવામાં રાત્રી વિતાવતાં વ્યગ્રતા અનુભવવી પડી.

પ્રાત:કાળ થયો અને સાથે સાથે યજ્ઞનું પ્રારંભનું મુહૂર્ત પણ આપ્યું. પુરોહિત વર્ગે પોતપોતાના સ્થાનગ્રહણ કર્યા અને યજ્ઞારંભ કરવા માટે સંકલ્પ જળ લીધા. ભગવાન શ્રી કૃષ્ણ યુધિષ્ઠિર તરફ જોઈ પૂછ્યું, "હે સમ્રાટ! આપે એક નહીં પણ ત્રણ અશ્વમેધ યજ્ઞ કરવાનું નક્કી કર્યું છે, તે સાચું છે? અને જો એમ હોય તો અમે એક પછી એક યજ્ઞ કરીએ એમ આપણી ઈચ્છા છે કે એ બધી વિધિ એકી સાથે ત્રણવાર કરીને એક જ કાર્યમાં સંગઠન કરીએ ? આટલું જરા સ્પષ્ટ કરો તો પછી અમે બ્રાહમણો અને હોતાઓની તેને અનુરૂપ વ્યવસ્થા કરીએ."

આના ઉત્તરમાં ધર્મરાજાએ કહ્યું, "શું કરવું યોગ્ય છે તે તો તમે જ જાણો છો, એમાં હું શું કહું? હું તો ફક્ત તમારો અભિપ્રાય સ્વીકારીશ. મને તો ભગવાન કૃષ્ણને જે સ્વીકાર્ય

હોય, એ વિશે અભિપ્રાય આપે, એમ ઈચ્છા છે." યુધિષ્ઠિરે ભગવાન તરફ ફરીને પ્રાર્થના કરી, પણ ભગવાન કૃષ્ણ તો આ નિર્ણય બ્રાહ્મણ પર છોડી દીધો. પછી તે બધા બ્રાહ્મણોએ ચર્ચા દ્વારા આ વાત નક્કી કરી કે" ત્રણ અશ્વમેઘ એ રીતે કરવામાં આવે કે પ્રત્યેક મંત્રનું ત્રણ વાર ઉચ્ચારણ થાય અને બ્રાહ્મણોને પણ ત્રણ ગણી દક્ષિણા મળે." ભગવાન કૃષ્ણે આ વાતનો સ્વીકાર કર્યો અને ધર્મરાજાને સ્વીકાર કરવા કહ્યું. ધર્મરાજાએ પણ અનુમોદન આપ્યું. યજ્ઞનો પ્રારંભ કરવાની ભગવાને આજ્ઞા આપી.

યજ્ઞના પ્રારંભ સમયે મંત્રોચ્ચારથી પૃથ્વી અને આકાશમાં ગુંજારવ થતો હોય એમ લાગ્યું. પ્રારંભના વેદોચ્ચાર મંત્રો પછી યજ્ઞના અશ્વોને વિધિ પ્રમાણે લાવવામાં આવ્યા. એ અશ્વોને સુંદર ઢંગથી સજજ બનાવવામાં આવ્યા હતાં અને મસ્તક પર આવું લખ્યું હતું, "જે કોઈ આ અશ્વને રોકશે એને યુદ્ધ માટે તૈયાર રહેવું પડશે." યજ્ઞના ભોકતા સ્વયં પરમાત્મા, એ જાતે જ જો અધિષ્ઠાતા બની અને યજ્ઞ કાર્ય કરાવી રહ્યા હોય પછી એ યજ્ઞમાં ભાગ લેનારા કે યજ્ઞના દર્શન કરનારા કેટલા ભાગ્યશાળી હોય! યજ્ઞ કાર્યોની પૂર્ણાહુતિ થઈ.

યજ્ઞમાં ભાગ લેનાર મુનિઓને અને બ્રાહમણોને અઢળક દક્ષિણા મળી. રાજાએ ગાયો, ભૂમિ અને સુવર્ણના દાનો આપ્યાં. બધા પ્રજાજનોને અપરંપાર સુખ અને આનંદ પ્રાપ્ત થયા. પ્રજાજનોએ ખૂબ વિધિ પૂર્વક થયેલા યજ્ઞની પ્રશંસા કરી. આવેલા અતિથિઓને મિષ્ટાન ભોજન કરાવવામાં આવ્યા હતાં જે ઋષિ મુનિઓએ આ યજ્ઞ જોયો તે તો એમ કહેતા હતા કે રાજા યુધિષ્ઠિરનો યજ્ઞ તો મરુતો દ્વારા કરેલા યજ્ઞ કરતાં શ્રેષ્ઠ છે, પોતાને આ યજ્ઞમાં ભાગ લેવાનું મળ્યું તે માટે ખૂબ પ્રસન્નતા અનુભવતા હતા. મરુતના યજ્ઞમાં ઇન્દ્ર પોતે સભાપતિ બન્યા હતા એ માટે એ યજ્ઞ શ્રેષ્ઠ બન્યો હતો, એ વાતની બધાને ખબર હતી, પણ અત્યારે તો બધા ઉપસ્થિત મહાનુભાવોએ ધર્મારાજાને અભિનંદન આપ્યા કે એમના યજ્ઞમાં તો યજ્ઞ સ્વરૂપ શ્રી ભગવાન જાતે જ સભાપતિ હતા. ભગવાન જેવા યજ્ઞશ સભાપતિ હોય એ તો ખૂબ પુણ્ય પુંજથી મળેલો લાભ છે એને મરુતને મળેલા લાભ કરતાં પણ અધિક એને અલભ્ય છે.

યજ્ઞ કાર્ય સંપૂર્ણ થતાં દૂર દૂરથી આવેલા યજ્ઞના ઋત્વિજો અને દર્શકો પોતપોતાને ઘેર ગયા. બીજા આશ્રિત રાજાઓ અને આગેવાન નગરજનો ધર્મરાજાની આજ્ઞા લઈ પોતપોતાને ઘેર ગયા. ધર્મરાજ પોતાના કુટુંબીજનો સાથે થોડો વધુ સમય ત્યાં રહી પાછા ફર્યા.

ભગવાન શ્રી કૃષ્ણ થોડો વધારે વખત રોકાયા અને પાંડવો સાથે હસ્તિનાપુર રહ્યા. પ્રભુની એમના ઉપર અપાર કરુણા દ્વારા પાંડવોને ઘણો આનંદ થયો. ભગવાનના નિવાસસ્થાન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી અને રોજ તેમની યોગ્ય સેવા થતી હતી. નિત્ય સૌંદર્ય નિધાનનું મુખ જોતા અને એમના વચનામૃત શ્રવણ કરતા કેટલો

પાંડવોને આનંદ પ્રાપ્ત થયો કે તે સમય ક્યાં પસાર થાય છે તેનો ખ્યાલ પણ રહ્યો નહીં. થોડો સમય પછી શ્રી કૃષ્ણ અર્જુન ને સાથે લઈ દ્વારિકા પાછા ફર્યા. દ્વારિકાધીશ પાછા ફર્યા તેથી નગરજનોને ખૂબ આનંદ થયો. પ્રભુના સ્વાગત કર્યા અને પ્રભુના દર્શનથી મુગ્ધ બન્યા.

હસ્તિનાપુરમાં એક સંદેશો આવ્યો તે યુધિષ્ઠિરના કોઈ સંબંધી, નામે ,વિદુર, નગરની આજુબાજુમાં સાધુ વેશમાં આવ્યા છે. કર્ણોપકર્ણો આ સંદેશો યુધિષ્ઠિરના કાને પહોંચ્યો. યુધિષ્ઠિરે આ સંદેશાને આનંદ સાથે વધાવી લીધો. કેટલાક સેવકોને મોકલીને આ સમાચાર સાચા છે કે ખોટા તે તપાસ કરાવી એ સેવકો સમાચાર લઈને આવ્યા કે વિદુરજી આવ્યા છે, એટલે ધર્મરાજને ખૂબ આનંદ અને ઉત્સાહ પ્રાપ્ત થયો.

ધર્મરાજાએ કહ્યું, " આજે મને ખૂબ આનંદ થાય છે! આ શુભ ઘડીએ તો મને એવી આશા બંધાઈ છે કે સૂકા ઝાડના ઠૂંઠામાં નવા પલ્લવો ફૂટ્યા, અને અનેક રીતે ઉપદેશક અને હિતેચ્છુ મુરબ્બીઓની હું સેવા કરી શકીશ. મને બીક હતી કે મને આ જન્મમાં એની સેવા કરવાનો અવસર નહીં મળે."

આ વાત સભાસદો પાસેથી રાણીઓ અને વનિતાઓ સુધી પહોંચી. ધર્મરાજાએ પણ વિદુરજી આવવાના સમાચાર ઘણા બધાને સંભળાવ્યા. એમના આનંદમાં બધાએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. યુધિષ્ઠિર મહારાજે રાજધાનીમાં વિદુરજીને યોગ્ય સન્માન કરવાની આજ્ઞા આપી. નાગરિકોને એમ પણ જણાવી દીધું કે વિદુરજી એમના કાકા, ભગવાનના ભક્ત અને ઋષિ હતા. એમના સ્વાગત માટે ઉત્તમ રીતે વ્યવસ્થા કરવામાં આવે.

રાજમાર્ગો અને આસપાસ આવેલા ભવનો શણગારવામાં આવ્યા. સુંદર તોરણ બંધાવ્યા. સ્ત્રીઓ અને બાળકોને વિદુરજીની સન્માન યાત્રામાં દર્શનનો લાભ મળે તે માટે અલગ સ્થાનની વ્યવસ્થા કરવામાં આવી. યમરાજના અવતાર ઋષિ વિદુર અને પાંડવો ના પિતા સ્થાને આવતા હોવાથી એમને જોવા માટે વૃદ્ધ વૃદ્ધાઓ પણ લાકડીના ટેકે ટેકે પણ આવી પહોંચ્યા. વિદુર હસ્તિનાપુર પાછા આવે છે, એ વાત સાચી હશે એવો વિશ્વાસ એમને ન હતો. બધા વ્યાકુળ બની ને વિદુરજી ક્યારે આવે છે એમના દર્શન ક્યારે કરીએ તેની ચિંતા કરવા લાગ્યા. ચારે તરફ દિશાઓમાં માનવ મહેરામણ ઉભરાતો નજરે પડ્યો હતો. રાજા યુધિષ્ઠિરે રાજકીય પરંપરા પ્રમાણે સુસજ્જ બનીને રથમાંથી નીચે ઉતરીને ભાઈઓની સાથે ઈશ્વર ભક્ત વિદુરજીને ભવનમાં પધારવવા માટે ઉચિત સ્વાગત કર્યું. વિદુરજી તો એમની સામે પૂરા સંન્યાસી વેશમાં હતા. રાજા અને પાંડવો પ્રણામ કરીને પાછળ ચાલવા લાગ્યા. નગરજનો પણ પ્રણામ કરવા માટે ખૂબ જ અધીરા બની ગયા હતા. પાંડવોની પ્રસન્નતા તો અવર્ણનીય હતી. તેમની પ્રસન્નતા ક્યા શબ્દોમાં વર્ણવી શકાય! નેત્રોમાંથી પ્રેમાશ્રુ છલકાયા. વિદુરજીને પ્રાર્થના કરી કે પોતે રથ પર બેસીને

નગરજનોને દર્શન આપવા માટે નગરયાત્રામાં નીકળે. વિદુરજીએ એ વાત સ્વીકારી લીધી. રથ પર બેસીને વિદુરજીએ પ્રજાજનોને દર્શન આપ્યાં અને પોતાના નિવાસસ્થાન પર આવી પહોંચ્યા. બધી દિશાઓમાંથી આનંદની મીઠી લહરો ગુંજારવ થતો હતો.

કેટલાક નગરજનો તો એટલા મુગ્ધ થઇ ગયા હતા કે વિદુરનાં દર્શન કરતા કરતા ત્યાંથી હલનચલન કરવા માટે અસમર્થ અને આનંદ જડ બન્યા. કઠોર તપશ્ચર્યા દ્વારા વિદુરજીનું વ્યક્તિત્વ દૈવીગુણોથી એટલું તેજસ્વી બન્યું હતું કે જાણે દેવોના સમૂહમાં ઇન્દ્ર શોભતા હતા. આ રીતે નગરજનો અંદર અંદર પોતાની ભાવના વ્યક્ત કરી રહ્યા હતા. કોઈ કહેતો હતો કે તપશ્ચર્યા દ્વારા એમણે પ્રાપ્ત કરેલી શાંતિ વિશે સદ્‌ભાવ પ્રગટ કર્યો. રાણી અને રાજકુમારીએ જ્યારે વિદુરજીએ ભવનમાં પ્રવેશ કર્યો અને એ પણ ભાવવિભોર બની.

# અધ્યાય ૬

ભવનમાં આવીને વિદુરજીએ બધા પરિવાર વિશે કુશલ પૂછ્યું. જ્યારે મહારાણી કુંતા આવ્યાં. એમનાથી આટલું બોલાયું, "અરે વિદુરજી ! અમારું સદ્ભાગ્ય કે અમે આપને જોઈ શક્યાં." થોડાક વખત પછી બોલ્યા, "આ મારા બાળકો પાંડવો. એને ખૂબ સ્નેહપૂર્વક આપે ઉછેર્યા છે, તેમને છોડીને શી રીતે રહી શક્યા? મારા પુત્રો આ પ્રદેશના રાજા બન્યા. મને અને મારા પુત્રને આટલા સન્માન, એ બધું આપના આશીર્વાદ નું ફળ છે. જો આપે રક્ષણ ન કર્યું હોત તો અમારી કોણ જાણે કેવી દશા હોત! અમે ક્યાં હોત! અનેક પ્રકારની વિપત્તિઓ અમને મળતી આપ અમારી સાથે ન હોત, એ તો સૌથી મોટું સંકટ છે. અમારા પર આપણા દર્શનથી મોટી કૃપા મળે છે. આપ ફરી મળશો એવી આશા જ ન હતી. પણ આપણે જોઈને સુખનો અનુભવ થયો છે. નિરાશાઓની વચ્ચે આશાનો સંચાર થયો છે. આજે અમે કેટલા સુખી છીએ. આજનો દિવસ ખૂબ શુભ છે. કુંતાજી આમ બોલીને અશ્રુ લૂછી રહ્યાં હતા.

વિદુરજી એમને હાથમાં હાથ રાખીને સાંત્વન આપવા પ્રયત્ન કરી રહ્યા પણ તે પોતાના આંસુ રોકી શક્યા નહીં. એ પોતે પાંડવ અને કૌરવ બંને વચ્ચેના અનેક પ્રસંગો, ઘટનાઓને વિચાર કરી રહ્યા હતા. એ બોલ્યા, " કુંતા માતા, પોતાના નસીબ આગળ કોનું ચાલે? થવા કાળે તો થવાનું જ છે. શુભાશુભ કાર્ય જે માણસ કરે તેનું શુભાશુભ ફળ તો મળે જ છે. માનવ પોતે કાર્ય અને પરિણામ બંનેના બંધનમાં છે. એ સ્વતંત્ર શી રીતે હોય? આ બધું તો દૈવાધીન છે. આ દૈવ એની લગામ જે રીતે ખેંચે તે રીતે માનવ પાછળ પાછળ ચાલ્યા કરે છે. આપણે જેને સુખ કે દુઃખ કહીએ છીએ તે તો દેવચ્છા કે કરુણા છે." આમ વિદુરજી જ્યારે કુંતાજી ને આ જીવનના પાયાના તત્વો સમજાવી રહ્યા હતા, ત્યારે બધા ભાઈઓ ધર્મરાજા, ભીમ, નકુલ, સહદેવ વ્યગ્રતા પૂર્વક આ બધું સાંભળી રહ્યા હતા.

સર્વ સાંભળ્યા પછી કુંતાજી બોલ્યા, " આપના આશીર્વાદથી જ અમને યુદ્ધમાં વિજય પ્રાપ્ત થયો છે પણ અમે એટલા સહાય હતાં કે દ્રૌપદીના સંતાનો કે સુભદ્રાના પુત્રની રક્ષા પણ ન કરી શક્યા. કમનસીબ અમારી સાથે હતું, જો કે આપે કહ્યું તે પ્રમાણે ભાગ્યમાં પરિવર્તન લાવી શકાતું નથી. ચાલો કાંઈ નહીં, ભૂતકાળ ભૂલવો જ રહ્યો, જે આપણે પ્રયત્નો કરવા છતાં ન સુધરે એ માટે ચિંતા કરવી નકામી છે. એટલું તો મને કહેવાનું મન થાય છે કે આપને જોઈને મારી ચિંતાઓ જતી રહી. આપ આટલો સમય ક્યાં હતા તે તો મને કહો."

વિદુરજી એ પોતે અનેક તીર્થસ્થાનોની યાત્રા કરી એ વાત કહી અનેક પ્રશ્નો પાંડવોએ પૂછ્યા અને વિદુરજીના ઉત્તરો સાંભળ્યા. છેવટે ધર્મરાજાએ કહ્યું કે તેમને આ વાતોથી એવો અનુભવ થાય છે કે જાતે જઈને આ તીર્થો જોતા હોય. ધર્મરાજા પણ યાત્રાની પ્રતીક્ષા કરવા લાગ્યા. વિદુરજીની વાતોમાં કોઈપણ તીર્થ વિશે ઉલ્લેખ થાય તો

ધ્યાન મગ્ન બનીને પ્રાર્થના કરતા અને એ તીર્થના મહિમાનું તાદ્રશ્ય ચિત્ર મનના ખેંચતા. ભીમે વચ્ચે પ્રશ્ન કર્યો, " શું આપ દ્વારકા સુધી પણ ગયા હતા? તો આપ ત્યાંનો અનુભવ પણ અમને ન બતાવો!" ધર્મરાજે પણ પૂછ્યું, "આપને ભગવાન કૃષ્ણના દર્શન તો થયા જ હશે! એ વાતની પણ ચર્ચા કરોને!" કુંતા પણ સાંભળવા માટે વ્યાકુલ હતાં, તે પણ બોલ્યા, " આ બધી ત્યાંની વાતો મને કહો, કારણ કે મારો પુત્ર અર્જુન પણ ત્યાં જ છે. આપે એને તો જોયો જ હશે. એ બધા કેમ છે? હું ધારું છું, માતાપિતા નંદ-યશોદા અને વાસુદેવ-દેવકી બધા મજામાં હશે." ઉત્તર આપતાં પહેલાં પ્રશ્નોનો ધોધ નીકળ્યો.

આ પ્રશ્નના ઉત્તર આપવામાં વિદુરજીએ ખાસ આદર ન બતાવ્યો. ઉત્તર આપવાનું એમને ટાળવાનું રાખ્યું, કારણ કે ઉદ્ધવે એમને દ્વારકાના માર્ગમાં જ કહ્યું હતું કે યાદવ વંશનો નાશ થઈ ગયો છે અને ભગવાન કૃષ્ણે પણ અવતાર દેહ ત્યજયો છે, જ્યારે પાંડવો એમને મળીને પ્રસન્ન થયા હતા, તેવા સમયે આવા સમાચાર આપી એમને દુઃખી કરવાની ઈચ્છા ન થઈ. એમણે પોતાના મનમાં વિચાર્યું કે આ દુઃખના સમાચાર લઇ અર્જુન દ્વારકાથી આવશે, એ જ બધાને જણાવશે. અમંગળ સમાચાર મનમાં જ છુપાવ્યા અને ભગવાન કૃષ્ણના મનોહર ચરિત્રોની ચર્ચા કરવા લાગ્યા. એ બોલ્યા, "મારે આ ઋષિ વેશમાં એ પરિવાર વચ્ચે જવું ન હતું, કે નંદ યશોદા કે બીજા કોઈને હું મળ્યો નથી.

"તમે યુદ્ધમાં વિજય મેળવ્યો અને તમારા જ રાજ્ય ઉપર શાંતિથી શાસન કરી રહ્યા છો, માટે હું તમારી પાસે આવ્યો છું. આ બાળકો મારે હાથે ઉછેર્યા છે. તેમના તરફ મને આકર્ષણ છે અને એ સ્નેહ મને અહીં લાવ્યો છે, મારે તો એમને જ મળવું હતું, બીજું કોઈ કામ નથી " આમ કહીને એ તો જ્ઞાનની વાતોમાં પડ્યા. ચર્ચા પૂરી થતાં ધર્મરાજાએ એમને રહેવાની વ્યવસ્થા કરી હતી, તે સ્થાને જઈ રહેવાની પ્રાર્થના કરી. પોતે ધર્મરાજા પણ એમના નિવાસ્થાને સાથે ગયા.

વિદુરની સેવા માટે કેટલાક સેવકો પણ ત્યાં હાજર હતા અને એમને વિશ્રામ કરવાનું કહ્યું. વિદુરજીને એ વિલાસપૂર્ણ સ્થળે રહેવું ઉચિત તો ન લાગ્યું, પણ ધર્મરાજાને દુઃખ ન થાય એટલા માટે ત્યાં રહ્યા. શય્યામાં પડીને એમને ભૂતકાળની યાદ આવી. વિચારમાં જોયું કે ધુતરાષ્ટ્ર પોતાના ભાઈના સંતાનોનો નાશ કરવાનો પ્રયત્ન કરવા ગયો પણ પોતાના જ વંશનો અંત કરી બેઠો. યુધિષ્ઠિર માટે એમને ખૂબ પ્રશંસા ઉદ્ભવી, કારણ ધુતરાષ્ટ્રના આવા વ્યવહાર માટે પણ એમણે દયા અને શ્રધ્ધાપૂર્વક વ્યવહાર રાખ્યો હતો. ધુતરાષ્ટ્રે એમને કેટલા કષ્ટો આપ્યાં છતાંય ધર્મરાજાએ તો એમને ખૂબ વિશ્વાસ, ભક્તિ અને પ્રેમથી રાખ્યા છે અને એમની સેવામાં કોઈ ઉણપ આવવા દેતા નથી. ધુતરાષ્ટ્રના મનના મેલ માટે એમને લાગી આવ્યું. એમને પોતાને એ વિચારમાં શરમ આવી કે આ ક્ષણભંગુર સાધનોનો ત્યાગ કરીને જન્મ-મૃત્યુના ચક્કરમાંથી છૂટવાના પ્રયત્ન કરવાને બદલે શાંતિથી સુખસાહ્યબી ભોગવવામાં પડ્યા છે. જીવનનો થોડો શેષ ભાગ આવી વૃથા રીતે વેડફી દેવા માટે પોતાના ભાઇ માટે પણ એમને ખૂબ દુઃખ થયું.

એ તો પોતે દિવ્ય જ્ઞાન દ્વારા જાણતા જ હતા કે પાંડવો તો જીવનભર આશ્રમ સ્તંભ શ્રી કૃષ્ણના શરણે ચાલ્યા જ જશે, પૃથ્વી નો ત્યાગ કરશે. જો પાંડવો ચાલ્યા જ જાય તો એથી ધ્રુતરાષ્ટ્ર વધારે દુઃખી થશે. વિદુરજીએ આ અંધ ભાઈને તીર્થયાત્રા કે તપશ્ચર્યા માટે મોકલવાનો સંકલ્પ કર્યો અને એ કરવામાં સહેજ પણ વિલંબ થાય એમ ન કર્યું, માટે જ અંધારે કોઈ ન જાણે એમ એ નીકળ્યા અને ધ્રુતરાષ્ટ્રના નિવાસ સ્થાને ગયા.

ધ્રુતરાષ્ટ્ર અને ગાંધારી પણ વિદુર નગરમાં આવ્યા છે એમ જાણતાં તો હતાં જ અને એમની રાહ જોતાં હતાં. જેવા વિદુર એમને ત્યાં ગયા કે એમને બોલાવ્યા. આંખમાં હર્ષાશ્રુ આવ્યા. સ્વજન મિલનની મૂર્છા પણ આવી.

ધીમે ધીમે ક્રમસર પોતાનાં સંતાનોના ક્ષયની વાતો કરી અને દુર્ભાગ્ય માટે રડવા લાગ્યાં. વિદુરે જ્ઞાન દ્વારા એમને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો પણ એમને સ્ફુરણા થઈ કે અનાધિકારીને જ્ઞાન આપ્યાથી હેતુપૂર્ણ કાર્ય નહિ થાય. એને તો સખત આઘાત જનક રીતે કહેવું પડશે, માટે વાત કહેવાની સરળ પદ્ધતિ ત્યજીને એ તો થોડાક તિરસ્કારની ભાષા વાપરી બોલ્યા અને એ સાંભળીને ધૃતરાષ્ટ્ર પણ વિવ્હલ બન્યા. એ બોલ્યા, "ભાઈ, મને તો આપણા સો દીકરાઓની મૃત્યુની આગમાં બળેલા જોઈને દુ:ખ થાય પણ તમે તો કોપ કરીને એ દુ:ખમાં ઉમેરો કરી રહ્યા છો. આટલા બધા સમયે મળ્યાનો એનો આનંદ મળે તે પહેલાં જ દુ:ખમાં નાંખો છો, કઠોર દિલના પુરુષોમાં તમારૂ પણ એક વિશિષ્ઠ સ્થાન છે. લોકો તો મને હસે છે અને નિંદે છે, હશે. તમારો દોષ મારાથી કેમ કઢાય ? એ મારી અધિકારની બહારની વાત છે." ધૃતરાષ્ટ્ર હથેળી પર માથુ ટેકવી શાંતીથી સાંભળતા બેસી રહ્યા.

વિદુરને આ ઘડીએ જ ત્યાગને માર્ગે વાળી નાશમાંથી બચાવવાનું ઉચિત લાગ્યું. એ તો પોતે જાણતા હતા જ કે તિરસ્કાર કરવાનું તો એક બહાનું હતું, પણ ખરું તો તીર્થો, સંતોના સમાગમથી પાવન બની, મહર્ષિઓ ભક્તોના સમાગમથી એને ઈશ્વર તરફ પ્રેરવાનો હેતુ હતો, જેથી એ આત્મ કલ્યાણ સાધી શકે, કટુવચન દ્વારા વ્યવહાર કરવાનો આશય આ હતો. ધૃતરાષ્ટ્રની માનસિક અવસ્થા પર તો તે મનથી ખૂબ ગ્લાનિ અનુભવતા હતા પણ આગામીકાળ માટે સમક્ષ ઉત્પન્ન કરીને એને તારવાનો હતો અને એ માટે એનાં કર્મો પર કઠોરતા પૂર્ણ બોલવા લાગ્યા. "અરે મૂર્ખ ! સમ્રાટ ! તને ખબર ન પડી કે નશ્વર પદાર્થોથી સુખ મળતું નથી. મૃત્યુ સુધી આ ભોગ અને સંસાર વિષમાં ફસાઈને જ રહેવું છે? અમને તો એમ કે આ ભોગ ભોગવાઈ ગયા છે, પણ ભોગ ભોગવવામાં તો મૃત્યુકાળ રાહ જોઇને મોઢું ખોલીને ઊભું છે તમે એમ માનો છો કે એના મુખમાંથી છૂટીને લાંબુ જીવી શકશો, ગમે તેટલો મહાન હોય છતાંય એમાંથી છૂટતો નથી. તમે તો આ નશ્વર દુનિયામાં સુખની શોધમાં ભટકો છો અને મિથ્યા સંતોષ પ્રાપ્તિ અને વાસના, તૃપ્તિમાં જ અટવાઇ રહ્યા છો. અમૂલ્ય એવા જીવનને બરબાદ કરી રહ્યા છો. જીવન કલ્યાણનો આરંભ કરવાનો સમય અત્યારે જ છે. આ બંધન જેવા ઘરને છોડો. વિષય વાસનાઓને મનમાંથી દૂર કરો

જીવન તો પૂરું થશે પણ પછીના મોક્ષના સુખનો વિચાર કરો. એ તમારી પ્રતીક્ષા કરે છે. પોતાના પુત્રોના મૃત્યુના શોકથી આ જીવન વ્યર્થ ન બનાવો, અંત:કાળે સર્વનું વિસ્મરણ કરીને કેવળ પ્રભુના ચરણારવિંદમાં તમારી વૃત્તિઓની જોડી દો. આ ભવનમાં રહીને દુ:ખોથી રિબાતા મરવું, એ કરતા તો ગાઢ જંગલમાં આનંદથી મૃત્યુને ભેટવું એ વધારે સારું છે. ઊઠો! જાવ, તપ કરો. આ સ્થાન છોડો, જેને તમે પોતાનું ઘર સમજો છો એ જ બંધન છે.

# અધ્યાય ૭

વિદુરે ધૃતરાષ્ટ્રને તિરસ્કારથી કહ્યું,"વૃધ્ધ થયા છતાંય પશુતુલ્ય જીવન જીવવામાં તમને શરમ નથી આવતી પણ મને આવે છે. મને તમારી દયા આવે છે. આ રીતનું જીવન તો કાગડાના જીવન કરતાંય બદતર છે, "ધૃતરાષ્ટ્ર આથી વિશેષ ન સાંભળી શક્યા. વિદુર ને રોકીને બોલ્યા, "હવે તો બસ કરો, ઘણું કહી દીધું છે. આ તો મૃત્યુના જેવા કષ્ટથી ભરેલી વાતો છે. આવા શબ્દો ભાઈ ભાઈને ન કહે. આ શબ્દો સાંભળીને મને લાગે છે, આ બોલનાર મારો ભાઈ વિદુર ન હોય, કારણ વિદુર આટલી કઠોરતાથી મારો તિરસ્કાર ન કરી શકે. ધર્મરાજને આશ્રયે રહું છું? આ બધું શું તમે કહો છો? ધર્મરાજ ખૂબ પ્રેમથી મને રાખે છે અને તમે કહો છો કે હું પશુ અને કાગડા જેવું જીવન વીતાવું છું. આ વાતોનો તમે જે રીતે વિચાર કરો છો તેજ પાપ છે. કમનસીબ મારુ છે, બીજું કાંઇ નહીં, "આમ બોલીને ધુતરાષ્ટ વિલાપ કરવા લાગ્યા.

વિદુરે મજાકમાં કહ્યું, "આવું બોલતાં તમને શરમ પણ નથી આવતી ? ગુણવાન ધર્મરાજા તો પોતાના પિતાની સેવા કરે એ કરતાં પણ વધારે સેવા તમારી કરતા હશે. તમારા પુત્ર કરતાંયે વધુ શુશ્રુષા એ કરતા હશે. એમના નામ પ્રમાણે એમના ગુણો છે, પણ તમારે તો તમારા ભવિષ્ય માટે વિચારવાનું છે. તમારો તો એક પગ મૃત્યુના મુખમાં છે અને તમે અણસમજુની પેઠે વિલાસિતામાં રચ્યા પચ્યા રહો છો. એવો વિચાર આવે છે કે તમે તમારા પુત્રોની સલાહ પ્રમાણે તો ધર્મરાજા અને એમના ભાઈઓને કેટલાં કષ્ટ આપ્યાં હતાં? અરે, એમનો નાશ કરવાનો ઉપાય પણ વિચારેલો. લાક્ષાગૃહમાં બાળી દેવાનો પ્રયાસ કરેલો, વિષ આપીને મારવા પણ પ્રયત્ન કર્યો. તમારી રાજ્યસભામાં બધાના દેખતાં એમની પત્નીનું અપમાન કર્યું. અને તમે તમારા અધમ પુત્રોએ તો પાંડવોને દુ:ખોની પરંપરા આપી છે. અંધ અને લાગણીહીન એવા તમે તો પળેપળે પૂછતા રહ્યા કે હવે શું થાય છે ? ધર્મરાજનો નાશ કેવી રીતે થાય એ ખૂબ સમય સુધી જીવનભર વિચારતા રહ્યા અને હવે એમની સેવા ભોગવો છો. અત્યારે એ-ભત્રીજા છે અને જ્યારે નાશની વાતો અને પ્રયત્નો કરતા હતા ત્યારે શું એ તમારા ભત્રીજા ન હતા ? આ કૌટુંબિક સગાઈ અત્યારે થઈ કેમકે તમે એમની સાથે રહો છો, તમને એમ કહેતાં લાજશરમ પણ નથી આવતી કે એ બધા શ્રધ્ધાથી તમારી સેવા કરી રહ્યા છે, "વધારે શું કહું? જુગાર રમવાનો વિચાર તો તમને જ આવ્યો હતો,એની તમે ના પાડી શકશો ? જોનારાઓમાં હું પણ હતો અને મેં તમને એમ કરતાં રોક્યા પણ હતા. તે વખતે તમે એના પર ધ્યાન આપ્યું હતું ખરું ? આજે જે ભાવનાથી એમની સાથે રહો છો તે વખતે એ પ્રેમ અને સહાનુભૂતિ ક્યાં ગયાં હતા? આજે તો જેમ ઘરના શ્વાનને ભોજન આપે તેમ તમે પાંડવોએ આપેલા અન્નને ખાઇને જીવો છો અને અધમ જીવન વિતાવો છો."

વજ્રપાત જેવાં આ વચનો સાંભળતા જ ધૃતરાષ્ટ્રને પોતાના જીવન પર વૈરાગ્ય પેદા થયો. વાસ્તવિક રીતે તો વિદુરને તેને સાધુ અને ભગવદ્‌ભક્તિના માર્ગ પર લઈ જઈ ઈશ્વરાભિમુખ બનાવાનો હેતું હતો. છેવટે ધૃતરાષ્ટ્રને સમજાયું કે વિદુરનાં વચન સત્ય છે. એ બોલ્યા, "તમારા બધા વિચારો સાથે હું સમંત થાઉં છું. મને સમજ પણ આવી છે, પણ હું કરુ શું? હું અંધ છું અને આત્મ કલ્યાણ માટે એકલો વનમાં જાઉં શી રીતે ? મારે તો કોઈ સહાયક તો જોઈએ . હું શું કરું ? મને આહાર વિના દુ:ખ થાયએ ભયે ગાંધારી મને એકલો છોડતી નથી."

વિદુરે જોયું કે ધૃતરાષ્ટ્રના વિચારો બદલાય છે. તેમણે ફરીથી પહેલાંની વાતો વધારે સ્પષ્ટ કરી કહ્યું. તમે અંધ નથી પણ આ શરીરના વધુ પડતા મોહે તમને અંધ બનાવ્યા છે. આ ભાર ક્યાં સુધી વહન કરશો ? એકાદ દિવસ તો કોઈક જગ્યાએ આ દેહનો ભાર છોડવાનો જ છે. આટલું જાણી લો ! આ દેહરૂપી ભાર એ તમે નથી."હું એને શરીર એમ સમજવું એ તો અત્યંત મૂર્ખતા છે. આ શરીર તો રોગોના ભંડારથી ભરેલું છે અને મૃત્યુનો ભોગ બનીને એ નાશ  થવાનું છે, એ તમને ખબર નથી. તમે આ મૃત્યુનાં કારણોનો વિચાર કરતાં નથી. ફક્ત પેટ ભરીને ખાવું અને ઊંઘવું એ જ કરી રહ્યા છો . ખ્યાલ રાખજો આ નાટક પૂરૂં થશે અને પડદો પડી જશે, માટે જલ્દીથી તીર્થસ્થાનમાં જઈને ઈશ્વરચિંતન દ્વારા મુક્ત બનો. મૃત્યુ આવીને એનું કાર્ય ભલે કરે. શરીર તો ક્ષણભંગૂર છે. પશુ જેવું જીવન ન જીવો. આ સર્વ વિચારીને નીકળી પડો. વૈરાગ્ય ભાવ જાગ્રત કરો. ભ્રમપૂર્ણ સંસારને ત્યજો."

"આ રીતે ત્યાગનું બીજ જાગ્રત થતા થોડા સમય માટે ધૃતરાષ્ટ્ર સંચિત બનીને ઉદ્વેગ પામ્યા. અશ્રુપૂર્ણ આંખોએ વિદુરને હાથથી પકડીને કહ્યું, 'વિદુર તમને વધારે તો શું કહું? મારા ઉધ્ધાર માટે ખૂબ ચર્ચા દ્વારા આ સદુપદેશ મને આપ્યો છે. ભલેને તમે ઉંમરે મારાથી નાના પણ જ્ઞાનમાં તો વૃધ્ધ છો. સર્વ પ્રકારની હિતની વાત તમે વિચારો છો .

મારી પરિસ્થિતિ સમજીને મને જે માર્ગ દર્શન આપશો તો હું અનુસરીશ." એ ફરી બોલ્યા, " વિદુર, આ સ્થાન મારે છોડવું છે પણ ધર્મરાજ તો પુત્ર કરતાં પણ વિશેષ મારી સેવા કરે છે, તેમને કહ્યા વિના શી રીતે ત્યજાશે ? એવું કહેવું પણ અનુચિત ગણાશે. એમનો (ધર્મરાજ) સ્વાભાવ તો એવો છે કે તે પોતે પણ સાથે આવશે. આ સંકટોથી મને બચાવીને આત્મચિંતન  કરી શકું એવા સ્થાનમાં મને લઈ જાવ."

ઉત્તરમાં વિદુર બોલ્યા, "તમારા ઉદ્‌ગાર તો અદ્‌ભૂત છે. તમે વનમાં જઈને ભોજન ઉત્સવ કે સૃષ્ટિ સૌંદર્ય જોવાના નથી. પણ સંપૂર્ણ  વૈરાગ્યયુક્ત ત્યાગ કરી રહ્યા છો સર્વનો ત્યાગ કરનાર સમજપૂર્વક વૈરાગ્ય ભાવે ત્યજી જનાર કોઈ આવી રીતે સ્વજનોની પાસે વિદાય માગે ખરો ? મોક્ષની પ્રાપ્તિ માટે દેહ ત્યાગ કરનાર શું સગાં સંબધીઓ પાસે અનુમતિ માગે ખરો ? આત્મ કલ્યાણના માર્ગમાં આવી આસક્તિ આવશ્યક નથી. આ

બધી ભાવના ત્યજો .એમ કરનારને તો ક્યારેય મુક્તિ ન મળે. સંબંધો ત્યજીને આવશ્યક વસ્ત્રો લઈને અહીંથી નીકળી જાવ, તમારા જીવનની એક પળ પણ વ્યર્થ રીતે ન વીતાવો."

વિદુરે કઠોર સ્વરથી એમને એ સ્થાનનો ત્યાગ કરવાનું કહ્યું. આ સર્વ સાંભળીને ધૃતરાષ્ટ્ર પથારીમાં પડ્યા પડ્યા શું કરવું તે વિચારી રહ્યા હતા. તે બોલ્યા, "તમે સત્ય કહ્યું, વિદુર, મારી બીજી મૂંઝવણો વિશે હું કશું નહિ કહું, પણ મારૂ વૃધ્ધ શરીર અને અંધત્વ માટે કોઈનો સાથ મારે જરૂરી બનશે, જે મારી સંભાળ રાખે, તારી ભાભીએ પણ આંખોએ પાટા બાંધ્યા છે, એમ ન હોત તો એ મારી દેખરેખ રાખી શકત અને મારાં કષ્ટો એ પણ સહન કરી શકત. અમે બન્ને આંખે અંધ હોવાથી વનમાં શી રીતે જઈ શકીશું ? જીવન પર્યંત અમારે તો પરાધીન જ રહેવું પડશે.

વિદુરે અશ્રુથી ભરેલી આંખ જોઈ અને અશ્રુઓની ધારા કપોલ પ્રદેશ પર આવી રહી હતી.વૃધ્દ્નની અસમર્થ અવસ્થા માટે એમને દયા આવી, પણ પોતાના શબ્દોમાંએ વ્યક્ત ન કરી. આશ્વસન આપીને બોલ્યા, "તમને વનમાં લઈ જવા માટે હું પોતે તૈયાર છું. તમને આત્મકલ્યાણ માટે વનમાં લઈ જાઉં એથી બીજો આનંદ મને કયો હોય? ચાલો, અત્યારે જ તૈયાર થાવ," વિદુર ઉઠ્યા, ધૃતરાષ્ટ્ર પણ ઉભા થયા, ગાંધારી પણ પાસે આવીને એમને ખભે હાથ મૂકીને બોલી, "સ્વામી મને પણ તમારી સાથે લઈ જાવ, હું પણ સાથે આવું છું, ગમે તે પરિસ્થિતિમાં રહેવા હું તૈયાર છું. "

ધૃતરાષ્ટ્રે કહ્યું," વનમાં સ્ત્રીઓનું રક્ષણ કરવું ખૂબ જ મુશ્કેલ છે. હિંસક પશુઓથી પૂર્ણ હોય છે અને વન તો નિર્જન હોય છે, આ આમ ઘણું સમજાવ્યું પણ ગાંધારીએ તો પોતાના પતિ જે સ્થિતિમાં હશે તે સહન કરવાનું જ કહ્યું. એ એના પતિને ત્યજી શકે નહિ. સ્ત્રીનું તો કર્તવ્ય છે કે મૃત્યુ પર્યન્ત પતિસેવા કરે, અને હવે તે તો પ્રાચીન આર્ય સતીઓના માર્ગ પર જીવન જીવે છે. ધર્મના આદેશ અનુસાર જીવવું એ જ એનો ધર્મ છે. અહીં તો પતિ વગર રહેવું એને માટે અસહ્ય બનશે અને સ્વામી સાથે વનમાં જઈ જીવન પાવન કરવું એજ એનો ધર્મ બનશે. સ્વામીના પગે પડીને એણે તો સાથે આવવાની આજ્ઞા માંગી.

ધૃતરાષ્ટ્રને તો શું કરવું, એ સમજ ન પડી અને મૌન બનીને ઊભા રહ્યા.વિદુરે ઉત્તર આપ્યો, " આ સમય ધર્મની ચર્ચા વિચારણા કરવા માટે નથી, તમારી સ્ત્રી એક ક્ષણ પણ અલગ નથી રહી તો હવે એને ત્યજીને અલગ રાખવાની વાત જ ક્યાં? એ વાત જ અયોગ્ય છે, એને પણ સાથે આવવા દો, એ આવશે જ. તપસ્વી જીવન જીવનારને ભય, ભ્રમ, તૃષ્ણા, સુધા, દુ: ખ, કષ્ટ આ બધું ન હોય. આ બધી વાતોનો વિચાર કરીને તપ ન થાય. શરીર જ જો છોડવાનું છે તો એકાંતનો ડર શો? ચાલો, વિલંબ કરવાનું કોઈ કારણ નથી. વિદુર આગળ ચાલ્યા અને ધૃતરાષ્ટ્રના ખભે હાથ રાખીને ગાંધારી પાછળ ચાલી. સંત વિદુર પહેરેગીરોની નજરથી બચીને એમને લઇને કિનારે શહેરથી દૂર ચાલ્યા. ઉતાવળ તો એટલા માટે હતી કે સવાર પહેલાં વનમાં પહોંચી જવાય, પણ નૌકા દ્વારા ગંગાપાર કરવાની હતી

અને નૌકા તો સવારે જ મળે એમ હતું. પવિત્ર ગંગા તટે એમને રોકાવું પડ્યું. વિદુરે વિશ્રામ માટે એમને એક સ્થળે બેસવા કહ્યું અને નૌકાની વ્યવસ્થા થાય તો અંધકારમાં જ નદી પાર કરવા માટે વિદુર વ્યવસ્થા કરવા લાગ્યા.

# અધ્યાય ૮

મુનિ વિદુર સાથે ધૃતરાષ્ટ્ર અને ગાંધારી વનમાં પહોંચ્યા. વિદુરે તપશ્ચર્યા માટે યોગ્ય સ્થાન શોધી આપ્યું અને મોક્ષ પ્રાપ્તિ માટે ઉત્તમ માર્ગ પણ બતાવ્યા. એમણે પોતાનો સમય -સત્સંગ મૌન અને તપશ્ચર્યા દ્વારા વ્યતીત કર્યો.

સવારનો પહોર થયો અને હસ્તિનાપુરમાં પ્રાત: કાળની સંધ્યા હોમાદિ કાર્ય ધર્મરાજે પૂર્ણ કર્યા. ભિક્ષુકોને નિત્ય ધન આપવાની વિધિ કરી અને કાકા ધૃતરાષ્ટ્રને વંદન કરીને ચરણરજ લેવા એમના નિવાસ તરફ ગયા. રાજાનો એવો નિયમ હતો કે વૃદ્ધની ચરણરજ માથે ચઢાવ્યા વિના દિવસનાં કાર્યોનો આરંભ ન કરવો. નિવાસ સ્થાનમાં પહોંચીને ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને ન જોયાં અને વ્યાકુળ બનીને રાહ જોઈ ઊભા રહ્યાં. ઝીણી નજરે જોતાં એમ લાગ્યું કે જાણે પથારીમાં કોઈ સૂતું જ ન હતું અને ઓશીકાને પણ કોઈનો સ્પર્શ થયો જ નથી. ઘરની કોઇ ચીજને પણ કોઈએ સ્પર્શ કર્યો ન હતો. એમને મનમાં વિચાર આવ્યો કે કદાચ કોઇએ ખંડ, સાફસૂફ કર્યો હશે, પણ બીજી જ પળે ભય સાથે વિચાર આવ્યો કે કદાચ એ ચાલ્યા ગયા તો નહીં હોય. એ વિદુરના નિવાસસ્થાને ગયા તો તે પણ ત્યાં ન હતા અને નિવાસ જોતાં એમ જણાયું કે એ રાત્રે એ પણ ત્યાં નહોતાં.

સેવકોએ કહ્યું કે ઋષિ રાત્રે ધૃતરાષ્ટ્રના નિવાસસ્થાન પર ગયા હતા અને હજી સુધી પાછા ફર્યાં નથી, ધર્મરાજને તો આ સાંભળતાં જ ખૂબ આઘાત લાગ્યો, ભવનમાં જઈને ખૂણે ખૂણે તપાસ કરી, એમની શોધ કરી, પણ કોઈ જગ્યાએ એ ન મળ્યા, એમને ખૂબ ભય ઉત્પન્ન થયો, નિરાશાથી એમના હાથ પણ કંપવા લાગ્યા, મોઢે શોષ પડ્યો અને બોલી પણ ન શકાયું. પોતાના જીવનનો અંત આવ્યો હોય એમ જમીન ઉપર નિષ્ચેષ્ટ પડ્યા. ભાનમાં આવીને બોલવા પ્રયત્ન કર્યો, વિદુરને વારંવાર બૂમ પાડી અને આ દ્રશ્ય જોઈ એકત્રિત સભાસદો પણ ભયભીત બની ગયા. બધા દોડીને આવ્યા કે શું થયું? એમને ભયાનક આફત જણાઇ, ચારે તરફ વીંટળાઈને ઊભા અને આજ્ઞાની રાહ  જોવા લાગ્યા.

એ સમયે સંજય ત્યાં આવ્યા. ધર્મરાજે ઉભા થઈને એમનો હાથ પકડ્યો, "અરેરે, મારાં માતા પિતા મને છોડીને ચાલ્યાં ગયાં છે. એમના નિવાસ આજે ખાલી છે. એમણે આવું કેમ કર્યું? તમને કાંઈ ખબર છે? મને બતાવો, એ ક્યાં ગયા છે? એ મને જાણ થાય તો એમના ચરણમાં પડીને બંનેની ક્ષમા માંગુ. સંજય, મને જલ્દી બતાવો, એ ક્યાં ગયા છે? પણ સંજય ને પણ એમના જવાની ખબર ન હતી. એટલો તો ખ્યાલ એમને હતો જ કે આની પાછળ મહત્ત્વનું કારણ વિદુર હશે. એ પણ અશ્રુપૂર્ણ મુખે ધર્મરાજનો હાથ પકડીને બોલ્યા" સમ્રાટ, મારા પર વિશ્વાસ રાખો, હું સત્ય જ કહી રહ્યો છું. આમ તો ધૃતરાષ્ટ્ર દરેક વાતમાં મારી સલાહ લેતાં, પણ આજે તો મને બતાવ્યા વિના કે આજ્ઞા લીધા વિના જ આ કાર્ય કર્યું છે. આ વ્યવહાર થતાં મને પણ આશ્ચર્ય થાય છે; જો કે હું એમની નજીક જ હતો,

પણ આ વાતનો મને સહેજ પણ ઈશારો કે ભાસ નથી થયો. આવું એમણે કેમ  કર્યું તે મને હજી સમજાતું નથી. મારા પર અવિશ્વાસ એ કરે એવું તે મેં ક્યારેય વિચાર્યું ન હતું મારા પર સંપૂર્ણ શ્રધ્ધા સાથે એમણે ક્યારેય કાંઈપણ ગુપ્ત રાખ્યું નથી. પણ આજે આવો આ દુર્વ્યવહાર કેમ કર્યો? મને તો એટલું સમજાય છે કે મારું જ કમનસીબ હશે. ' આમ બોલી નાના બાળકની જેમ રડી પડ્યા.

ધર્મરાજે એમને સમજાવ્યા અને બોલ્યા કે એ એમનાં પાપોનું ફળ છે, સંજયનાં નહિ," અમારા દુર્ભાગ્ય કે બચપણમાં જ્યારે અમારા પિતા અમને છોડીને ગયા ત્યારથી આ કાકાએ જ અમને ઉછેરીને મોટા કર્યા. અમે તો એમને પિતા અને કાકા બંને સ્વરૂપે શ્રધ્ધાથી જોયા છે. કાકા અને કાકી બન્ને પોતાના પુત્રોના મૃત્યુનાં દુઃખે દુ: ખી હતાં. હું એમને શાંતિ મળે એમ ઈચ્છતો હતો, માટે તો હું અને મારા ચારે ભાઈઓ હૃદયપૂર્વક એમની સેવા કરીને એમનું દુ: ખ દૂર કરવા પ્રયત્ન કરતા હતાં. એમની સેવામાં ક્યારેક કોઈ ઊણપ ન આવે એ અમે કાળજીપૂર્વક જોતા હતા. એમના પ્રત્યે શ્રધ્ધામાં કોઈ ઊણપ ન હતી, પણ અરે, એ તો સ્થાન છોડી ગયા! દુર્દૈવેઅમારા પર નિષ્ઠુર પ્રહાર કર્યો છે, " ધર્મરાજ આમ બોલીને વિલાપ કરવા લાગ્યા."

અમારાં કાકા કાકી વયો વૃધ્ધ દુર્બળ (અશક્ત) અને અંધ છે, એ આ સ્થાન છોડી કેવી રીતે ગયાં તે મને ખ્યાલ પણ આવતો નથી. એમને કેટલું દુ: ખ થતું હશે. એકાદ નોકર પણ એમની સાથે નથી. મારે આટઆટલા નોકરો રાખીને શું કરવાનું? શો લાભ? જતાં જતાં એ ગંગામાં તો નહિ ડુબયાં હોય, મારે મન તો એ આંખોની કીકી જેવાં હતાં અને મારે લીધે જ એમને આ દુઃખદ કષ્ટ સહન કરવું પડયું. ધર્મરાજ આ પ્રકારે પોતાના દુ:ખોને પ્રકટ કરવા લાગ્યા.

"ધર્મરાજનું દુ: ખ ભાઈઓએ સાંભળ્યું અને એ સર્વ પણ એમની પાસે દોડી આવ્યાં. કુંતાએ આ વિલાપનું કારણ પૂછ્યું, એણે પણ નિવાસ સ્થળમાં ધૃતરાષ્ટ્ર ગાંધારીને ન જોતાં સંજયને કારણ પૂછ્યું. સંજય જવાબ ન આપી શક્યા પણ રડવા લાગ્યા, એમને રડતાં રોકીને પૂછ્યું. આ વૃધ્ધાવસ્થા અને અસહાય અવસ્થામાં એ ક્યાં ગયા? મને બતાવો." પણ કોઈ જવાબ ન આપી શક્યું. એ વખતે ધર્મરાજે બધા ભાઈઓને સંકેત કરીને કાંઈક કહ્યું પણ એ બધાની સમજમાં ન આવ્યું. થોડીક શક્તિપૂર્વક એ ભૂમિ પરથી ઊભા થયા, પ્રાત:કાળથી જે ઘટના થઈ રહી હતી એનું મહામેહનતે વર્ણન કર્યું અને ભીમને આજ્ઞા કરી કે સર્વ દિશાઓમાં સૈન્ય મોકલીને એમની તપાસ કરાવો. દ્રષ્ટિહીન છે માટે એ દૂર તો નહિ જ ગયા હોય, આટલામાં જ નજીકમાં હશે.

ભીમ વિગેર ભાઈઓએ મોટાભાઇની આજ્ઞા પ્રમાણે બધી દિશાઓમાં સેના મોકલી. બધા પ્રદેશો, કૂવા રસ્તા, ગલીઓ સર્વત્ર તપાસ કરી પણ એ એમને ક્યાંય શોધી ન શક્યા. ગંગામાં તો નહિ ડૂબ્યા હોય એમ ધારીને લોકોને પાણીમાં ઉતાર્યા, પણ સર્વ

પ્રયત્નો નિષ્ફળ બન્યા, સમ્રાટ અને રાણીને એવા ભંયકર દુ:ખમાંથી ન બચાવી શકાયા એ દુ: ખ પાંચ ભાઈઓનું ખૂબ મોટું હતું-એ સમયે તો ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ખૂબ સાત્વિક ભાવથી ઈશ્વર ચિંતન માં મગ્ન હતાં અને એકાગ્ર મને ધ્યાનનિષ્ઠ બન્યાં હતાં. જયારે ભાવ સમાધિમાં સ્થિર થઇને બેઠાં હતાં તેવે સમયે વનમાં દાવાનળ લાગ્યો અને વનના દાવાનળમાં એ પણ ભસ્મીભૂત થયાં.

વિદુરની તો ઈચ્છા પ્રભાસમાં દેહત્યાગ કરવાની હતી અને એટલે એ દાવાનળમાં બચ્યાં, બંનેનો આવો મોક્ષ જોઈ વિદુર પ્રસન્ન મને તીર્થયાત્રા કરવા નીકળ્યા અને પોતાના નિર્ધારિત સ્થળે દેહ ત્યાગ માટે ગયા. સ્થાન પર જઈને પંચમહાભૂતથી બનેલા નક્ષર ક્ષણભંગૂર દેહને એમણે છોડ્યો.

# અધ્યાય ૯

ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ગયા પછી ધર્મરાજ ખૂબ શોક સાગરમાં ડૂબ્યા અને એક અસહ્ય દુઃખના આઘાતપાત્ર પણ બન્યા. એમને આ આઘાતથી વિશ્વમાં સદ્‌ગુણોની જગ્યાએ પાપ વધારે જણાયા. ચોતરફ અસત્ય, ક્રૂરતા અને અન્યાયથી ભરેલો વ્યવહાર જણાયો. પ્રત્યેક માર્ગમાં એમને આવું જ જણાતા એમની દ્રષ્ટિ પણ અસદવાસનાથી ભરેલી બની.

એમને અત્યંત શોક અને દુઃખ ઉત્પન્ન થયા. ભયથી તેમનું મુખ શુષ્ક બની ગયું. આ સર્વ તેમની ચિંતાઓની પરંપરાનું પરિણામ હતું. એમને જોઈને ભીમ, નકુલ અને સહદેવ મોટાભાઈ પાસે આવ્યા અને એમના દુઃખોનું કારણ શોધવા પ્રયત્ન કરવા લાગ્યા, પ્રણામ કરીને ઉભા રહ્યા અને પૂછ્યું,"સમ્રાટ, રોજ-બરોજ આપનું વ્યક્તિત્વ, આરોગ્ય નિરાશાજનક થયા કરે છે. આપ અત્યંત શોકમાં ડૂબેલા હોય એમ જણાય છે. આપ એટલા દુર્બળ થયા છો કે ઊભા રહેવાની શક્તિ પણ આપનામાં નથી. જો અમારામાંથી કોઈએ આપને કષ્ટ આપ્યું હોય તો આપ કૃપા કરી કહી દો અમે ફરી એવી ભૂલ ન કરીએ અને અમને ક્ષમા કરો. જો કારણ કાંઈ બીજું હોય તો તે પણ કહો અમે અમારી શક્તિ લગાવી એને સુધારી લઈએ, જેથી આપના મનમાં શાંતિ થાય. આપની સાથે અમારા જેવા વીર હોય તો પછી કોઈ પણ કાર્ય કરવા સમર્થ હોવા છતાં આપને શોક અને દુઃખનો સ્પર્શ થાય એ અમારે માટે અસહ્ય છે. અમને જણાવો કે આદેશ કરો, આ પરિસ્થિતિ માટે શું કરવું?. આ પ્રમાણે બોલી એમને  યુધિષ્ઠિરને પ્રાર્થના કરી.

ધર્મરાજાએ ઉત્તર આપ્યો, "મારે તમને શું કહેવું? બધે જ અમંગળ ચિન્હો મને જણાય છે. સામાન્ય માનવ, સંત કે કોઇની ઘર તરફ નજર નાખતાં બધેજ પાપાચાર અને કમનસીબી દુ:ખો જણાય છે. મને એમ લાગ્યું, કદાચ આ મારી કલ્પના કે દ્રષ્ટિનો દોષ હશે અને મેં મનોબળ વધારી ધૈર્ય ધારણ કરવા પ્રયત્ન કર્યો. મેં ભય રહિત બનવા પ્રયત્ન કર્યો પણ એમાં મને સફળતા ન મળી. આવું વાતાવરણ જોઈને મારો ભય વધારે પ્રમાણમાં ઉત્પન્ન થયો."

નીતિ ધર્મના આચરણથી વિરોધી એવું ઘણું વાતાવરણ પણ એ ઉપરાંત જોયું. આવું જોવા તો મળ્યું, પણ રાજ્ય સભામાં પણ એવા કેટલાય કિસ્સા આવ્યા કરે છે જેમાં અન્યાય, પાપ અને ભૂલો માટે ક્ષમા માંગવામાં આવે છે, આથી મને વધારે દુઃખ થાય છે. મેં એની કેટલીક ઘટનાઓ પણ જોઈ છે જે ખૂબ નિંદ્ય છે. કાલે જ સંધ્યાકાળે ફરીને પાછા આવતાં એવું જોયું કે ગાય પોતાના તરતના જન્મેલા  વાછરડાને ધવરાવતી હતી. આ વાત તો ખૂબ વિચિત્ર અને અસ્વાભાવિક છે. મેં કેટલીક સ્ત્રીઓને સ્વચ્છંદતાથી બજારમાં ફરતી જોઈ. મેં ધારેલું કે મને જોઈને એ ઘેર પાછી ફરશે. છતાં પણ એમ ન થયું. એમનામાં સમ્રાટ માટે આદર ન હતો, એ તો એવી મુક્ત રીતે ફરતી હતી કે જાણે હું ત્યાં હતો જ નહિ.

નિ:સંકોચ તે પુરુષો સાથે વાર્તાલાપ કરી હતી. આ બધું મેં મારી સગી આંખે જોયું. હું તે ભ્રષ્ટ વાતાવરણના સ્થળેથી આગળ ગયો.

રાજમહેલમાં પ્રવેશ કરતાં એવું જોયું કે એક બ્રાહ્મણ દૂધ દહીં વેચતો હતો. લોકો ઘરની બહાર જતાં લોખંડના ટુકડાથી દરવાજાને બંધ કરતા હતા. (ધર્મરાજને આ તાળાં લગવાવવાની વાત આશ્ચર્યજનક હતી કારણ તેમના સમયમાં ચોર હતા જ નહિ) આ બધા દુ:ખજનક પરિવર્તન માટે મારું મન ખૂબ વ્યાકુળ છે.

આ સર્વ ભૂલવા માટે મેં ખૂબ વિચાર કર્યો કે હું સંધ્યા પૂજા કે હોમ કરૂ પણ તમને શું કહું? કેટકેટલા પ્રયત્ને પણ અગ્નિ પ્રજ્વલિત થતો જ નથી. કેટલી દુઃખદ ઘટના, આ મારી ચિંતાઓ કોઇ ભયાનક પરિસ્થિતિની આગાહી કરનારી લાગે છે. કદાચ મુશ્કેલીઓ એથી  પણ વધારે આવવાની હશે, ક્ષણે ક્ષણે આવાં અમંગળ એંધાણ મને જણાય છે, એ બધું સમજવામાં હું ઘણો કમજોર છું, એમ સમજાય છે, કલિયુગનો પ્રારંભ થવાનો છે કે થઇ ગયો છે એમ મને વિશ્વાસપૂર્વક લાગે છે.

આમ ન હોય તો આવી વાર્તાનું હું વર્ણન શા માટે કરુ? એક સ્ત્રીએ ન્યાયાધીશ પાસે એમ કહ્યું કે કોઈપણ પ્રકારે મને મારા પતિથી છોડાવીને મને મારા માતાપિતા પાસે મોકલો, આવી વાતમાં મને કેવી રીતે સમજાય કે લગ્નનું બંધન ફગાવી દઈને સ્ત્રી માતા પિતાની પાસે જઈને રહે. ન્યાયસભામાં કોઈ સ્ત્રી આવીને આવી વાત કરે એ વાતને હું કેવી રીતે ભૂલું !

''આવી તો અનેક ઘટનાઓ કહી શકાય એમ છે. કાલે રાજકીય અશ્વશાળામાં અશ્વોએ રડવું શરૂ કર્યું, તમે ક્યારે આવું સાંભળ્યું છે ? અશ્વપાળોએ મને આ કહ્યું. સહદેવે આનું કારણ જાણવા પ્રયત્ન કર્યો પણ એમાં એમને સમજ ન પડી અને એ પણ વિચાર મૂઢ બન્યા. આ બધી વાતો કોઈ અમંગળનાં એંધાણ છે. આ કોઈ નાની કે નકામી વસ્તુ નથી." આમ કહેતાં કહેતાં તો ધર્મરાજ ગંભીર ચિંતાના સાગરમાં ડૂબી ગયા.

ભીમસેનને તો આમાં સહેજ પણ નિરાશા ન લાગી. એ તો તિરસ્કારથી હસીને બોલ્યા, "જે ઘટનાઓ આપે વર્ણવી તે પ્રમાણે બન્યું હશે, એમાં કોઇ સંદેહ નથી, પણ આ સર્વ વાતોથી આપણે માથે શું સંકટ આવે? રાજ્યશાસનમાં આ સર્વ પાપ અને દુર્વ્યવહાર સુધરી શકે તેમ છે. આવી નાની નાની વાતો માટે આપ ચિંતાતુર બનો એ અત્યંત આશ્ચર્યની વાત છે. આ સર્વ તો આપણે સુધારી શકીએ તેમ છે. આપને એમ લાગે છે કે કદાચ બીજું યુદ્ધ કરવું પડશે ? યુદ્ધના પરિણામોનો વિચાર કરતાં આપને એનો ભય લાગે છે ? એવું બનવું તો અશક્ય છે, કારણ કે આપણા બધા શત્રુઓ તો સહકુટુંબ નાશ પામ્યા છે. ફક્ત આપણે પાંચ ભાઈઓજ છીએ, કદાચ શત્રુ કે ભાઈ જે હોય તે પાંચમાંથી જ હોય. આપણે અંદર અંદર શત્રુ બનીએ એતો સ્વપ્રનમાં પણ શક્ય નથી. તો પછી આપને શી ચિંતા ? આપની ચિંતાનું કારણ મને સમજાતું નથી. જો આવી નાની વાતોને આપ આટલું

મહત્વ આપો તો આપ શાંતિ ગુમાવશો અને લોકો એ ઉપર હસશે. ભીમસેન આમ કહી જોરથી હસીને એક હાથમાંથી બીજા હાથમાં ગદા લીધી.

ધર્મરાજે આ સાંભળીને કહ્યું, "આ સર્વ વાતો ઉપર તો જેમ તમે વિચારો છો તેમ હું પણ વિચારું છું. મને સહેજ પણ એ માટે ચિંતા નથી કે કોઈ શત્રુ આક્રમણ કરે. એક જ બાણથી જે ત્રણે લોકનો નાશ કરી શકે એવા વીર ભીષ્મ, દ્રોણ અને બીજાઓને આપણે પરાજિત નથી કર્યા ? એવો કયો શત્રુ છે આપણું કાંઈ પણ બગાડી શકે ? જે લોકોએ અનેક સંકટો સહન કર્યા છે એમને વળી ચિંતા શી? સંકટોમાં હંમેશા સાથે રહેનાર આપણી અંદર વળી વૈરભાવ પણ શી રીતે  જાગવાનો છે ? તમે કદાચ એમ ધારો કે મારા ઉપર કોઈ સંકટ આવવાનું છે, તો મેં ક્યારેય મારા ઉપર વિપત્તિનો વિચાર કર્યો નથી. કારણ કે આ શરીર તો પાંચ મહાભૂતો પોતપોતાને સ્થાને જઈને મળી જશે. એવું તો કોઈ પણ એક દિવસે થવાનું જ છે અને આ શરીર ભસ્મીભૂત થવાનું છે, એ માટે શરીરના પ્રારબ્ધ વિષે તો સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. મારી ચિંતાનું ખાસ કારણ તો બીજું છે. એ વિષે તો સ્પષ્ટ અને નિસંકોચ ગંભીરતાથી મારે કહેવું પડશે. સાંભળો, આપણા બંધુ અર્જુનને દ્વારિકા ગયે સાત માસથી વધારે સમય થયો છે, પણ આજ સુધી દ્વારિકાધીશના કોઈ સમાચાર મળ્યા નથી કે પછી દ્વારિકા ગયા પછી કોઈ દૂત દ્વારા કોઈ સંદેશો પણ મોકલ્યો નથી. અર્જુન દ્વારિકા ગયા કે ન ગયા એ વિષે મને કોઈ ચિંતા નથી. મને ખબર છે કે અર્જુનને હરાવે એવો કોઈ છે નહી, જો કોઈ અમંગળ ઘટના અર્જુન માટે થઈ હોય તો પણ શ્રીકૃષ્ણ સંદેશો જરૂર મોકલે, એમાં શંકાને સ્થાન નથી. આ અંગે તો મારા મનમાં કોઈ ચિંતાનું કારણ નથી.

પણ એટલું તો મારે સ્વીકારીને કહેવું પડે કે ખુદ ભગવાનની જ મને ચિંતા થાય છે. પળે પળે મારી ચિંતા વધે છે. મારા હૃદયમાં ખૂબ દુ:ખ થાય છે. મને એ ભય છે કે પૃથ્વીને ત્યજીને એ પોતે જ નિજધામ વૈકુંઠમાં ન જતાં રહે. આથી વધારે દુ:ખનું કારણ બીજું ક્યું હોઈ શકે ? જો એમ થશે તો સ્વામી વિના આ રાજ્ય હું નહિ કરી શકું. આપણે નિશ્ચેત મૃતદેહ જેવા રહીએ, જો પૃથ્વી પર ભગવાનના ચરણ હોય તો આવી અમંગળ ઘટનાઓ બને જ નહિ. ઈશ્વરના  પ્રભાવ વિના જ આવી અન્યાયી, અમંગળ, અનાચારી વાતો બને એમાં મને શંકા નથી. મારી ધારણા સ્પષ્ટ છે અને મારો અંતરાત્મા પણ કબૂલ કરે છે એ સત્ય છે.

ધર્મરાજાએ જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે ભાઈઓ તો અધિક શોકાતુર બની ગયા. મહામુશ્કેલીએ કાંઈ પણ કહેવાની શરૂઆત ભીમે કરી. ખૂબ દુ:ખી છતાંય હિમંત ધારણ કરીને બોલ્યા, "અર્જુન હજી સુધી પાછા નથી ફર્યા કે એમનો સંદેશો નથી આવ્યો એવી કોઈ અમંગળ વાતોની આપ ચિંતા ન કરશો. સંદેશ ન મોકલવાનો આશય અર્જુનને મન કોઈ બીજો પણ હોય, અથવા તો સંદેશો ન મોકલવાની ક્ષતિ શ્રી કૃષ્ણની હોય. આપણે એ માટે રાહ જોઈએ, આશાવાદી બનો અને ભયજનક એવી ભ્રામક કલ્પનાઓના દાસ ન

બનો. એવી કલ્પનાઓને સત્યના વાઘા ન પહેરાવશો. મારે એ કહેવું પડશે કે ચંચળ મન એ જ ભય પેદા કરે છે.

પણ ધર્મરાજ આ માનવા તૈયાર ન હતા. એ બોલ્યા, "તમે ગમે તેમ કહો અને ખૂબ વિશિષ્ટ રીતે એનું સમાધાન કરો પણ મને લાગે છે કે મારો વિચાર સાચો જ છે, નહીં તો આવો ભાવ મારા મનમાં શા માટે આવે? મારો ડાબો હાથ ધ્રુજે છે. ખરેખર, એમ બન્યું હશે એવું લાગે છે. તમને ખબર છે કે પુરુષોનું ડાબુ અને સ્ત્રીઓનું જમણું અંગ ફરકે તો તે અશુભ છે. મારા શરીરમાં એવું થઈ રહ્યું છે જે અશુભ છે. એકલો હાથ જ નહિ પણ આખું શરીર, મન, બુધ્ધિ બધું જ કંપે છે. મારી આંખોનું તેજ જતું રહ્યું છે અને દ્રષ્ટિનો લોપ થઈ રહ્યો છે. આ પૃથ્વી મને અનાથ બનતી જણાય છે. આજે એના પિતા કે સ્વામી રહ્યા નથી. મારા કાન પણ બહેર મારી ગયા છે. પગ નિર્બળતાથી કંપે છે. મારા શરીરનાં અંગોમાં કોઈ ચેતન નથી.

વાસુદેવ સ્વધામગમન કરી ગયા છે, એ અંગે આથી બીજો શું વધુ પૂરાવો જોઈએ ? મારા ભાઈઓ, મારા પર વિશ્વાસ કરો. કદાચ તમને શ્રધ્ધા ન હોય તો પણ વાસ્તવિકતાએ સત્ય જ છે, એનું ઉલ્લંઘન થાય તેમ નથી. આ પગ નીચે પૃથ્વી પણ કંપે છે આ પૃથ્વીના ભગ્ન હૃદયનું, રુદન તમને સંભળાતું નથી.? સરોવરના મોજાઓમાં કંપન (ધ્રુજારી) ઉઠી છે. આકાશ, પવન, અગ્નિ, પાણી, ભૂમિ બધાં જ રડતાં હોય એમ લાગે છે, કારણ કે એમને ભગવાનનો વિયોગ થયો છે. આથી બીજા પુરાવાની જરૂર છે ખરી! રાજ્યમાં કોઈ એકાદ જગ્યાએ લોહીની વૃષ્ટિના સમાચાર પણ મળ્યા છે.

આ શબ્દો સાંભળી ભાઈની સામે ઉભેલા નકુલ સહદેવની આંખોમાંથી અશ્રુની ધારા નીકળી. એમને પણ હૃદયને આઘાત લાગ્યો અને સ્થિર ઊભા રહેવાનું સામર્થ્ય પણ ન રહ્યું.

# અધ્યાય ૧૦

જરા સાહસવૃત્તિ ધરીને ભીમસેને કહ્યું, "મોટાભાઈ, આપ મને આજ્ઞા કરો તો હું દ્વારિકા જઈ તરત જ પાછો ફરું. ત્યાંના બધા સમાચાર લાવીને આપનો ભય દૂર કરું." ભીમ આ પ્રમાણે જ્યારે ધર્મરાજને વિનંતી કરી રહ્યા હતા, તે જ સમયે સૂર્યાસ્ત થયો અને મંદ મંદ પ્રકાશથી દીપકો સર્વત્ર પ્રજવલિત થયા. એટલામાં જ એક રાજ્યભવનના સેવકે દોડી ને સમાચાર આપ્યા કે અર્જુન પાછા આવ્યા છે અને ભવન તરફ આવી રહ્યા છે. આ વખતે જાણે બધામાં પ્રાણનો સંચાર થયો હોય એમ બધા ઉભા થઈ ગયા. સર્વ અર્જુનને દ્વારકાના સમાચાર સાંભળવાની વ્યાકુળતાથી મળવા ગયા. અર્જુને અત્યંત દુઃખી અને નિરાશ ભાવથી પ્રવેશ કર્યો. આનંદનું કોઈ ચિન્હ એમનામાં હતું નહિ. કોઈ તરફ નજર સરખી પણ કર્યા વિના તે ધર્મરાજના ચરણો માં પડ્યા.

ધર્મરાજા જોઈને ખૂબ ભયભીત થયા અને પૂછવા માટે ઉત્સુક બન્યા. એમણે ભાઈઓ ( કૃષ્ણ-બળદેવ) અને પરિવારના સમાચાર પૂછ્યા, પણ અર્જુન ના તો ઉભા થયા કે ન તો નજર ઊંચી કરી. ભાઈઓ પણ અર્જુનના આંસુથી ભીંજાયલા ધર્મરાજના પગ જોઈને ખૂબ વિચારમાં પડી ગયા. ધર્મરાજ જાણે નિચેતન બની ગયા. એમણે અર્જુનને ઉઠાવવા પ્રયત્ન કર્યો અને ધીમે અવાજે ચિંતા પૂર્વક પૂછ્યું, "ભાઈ શું થયું? અમને સર્વ સમાચાર કહો. અમારા વ્યાકુળ હૃદયને શાંત કરો."

પણ અર્જુને ન ઉત્તર આપ્યો કે ન ઊભા થઈ શક્યા કે બોલી શક્યા. ધર્મરાજ તો પ્રશ્નો પૂછતાં જ રહ્યાં. યાદવોની કુશળતા વિશે પ્રત્યેકનું નામ દઈ દઈને પ્રશ્નો કર્યા, પણ અર્જુન તો સ્તબ્ધ જ રહ્યા. કોઈ પણ પ્રશ્નનો ઉત્તર ન આપી શક્યા. મોઢું ઊંચું કરી ભાઈઓ તરફ જોયું પણ નહિ.

ધર્મરાજાએ ફરીથી પ્રશ્ન કર્યો, " બીજું બધું તો ઠીક પણ એટલું તો કહો કે વાસુદેવે તમને કશું કહ્યું છે? અમારે માટે એમનો શો સંદેશ છે? જે સંદેશ હોય તે કહો," અર્જુનથી ન રહેવાયું. દબાયેલા દુઃ ખનો ઉભરો બહાર છલકાયો, "આપણા વાસુદેવ અત્યારે નથી, આપણે અનાથ બન્યા છીએ. આપણે એમને ન રાખી શક્યા એ આપણું કમભાગ્ય છે." જમીન પર પડીને હૃદય દ્રાવી ક્રંદન કરતાં એમણે ઉભરો ઠાલવ્યો.

સહદેવે આ પરિસ્થિતિ જોતાં જ ભવનનાં બધાં દ્વારા બંધ કરાવ્યાં અને પોતે એમને સહાનુભૂતિ આપવા કાર્યરત બન્યા. ભાઈઓએ શોકાતુર બની બોલવાની શરૂઆત કરી, " અરેરે, આપણે આવા સમાચાર સાંભળવા જીવતા રહ્યા! કેવું આ ફૂટું પ્રારબ્ધ! આ કેવો વજપાત! ભગવાન, શું તમે પાંડવોને છોડીને ચાલ્યા ગયા? આવો વિશ્વાસઘાત કેમ કર્યો? અને આવા સમાચાર સાંભળવા માટે જ જીવતા રાખ્યા? આ તો અનેક જન્મજન્માંતરોનાં પાપોનું ફળ છે." પ્રત્યેક પોતાના દુઃખોથી દુઃખી બન્યા.

રાજ્યસભામાં સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ. પ્રથમ બોલવાની શરૂઆત કરનાર ધર્મરાજ હતાં. આસું લૂછીને ખૂબ દુઃખી સ્વરે અર્જુનને પ્રશ્ન કર્યો, " એમનાં માતાપિતા,નંદ યશોદા કે યાદવ કુળના સમાચાર તમને મળ્યા? એ વિષે પણ અમને કાંઈ તો કહો. એમને પણ ખૂબ કષ્ટ પડ્યું હશે. જો આપણે આવી અસહાય પરિસ્થિતિમાં આવી પડ્યા છીએ તો એ લોકોની દશાનો વિચાર કરવો કેવી રીતે? એમના તો શોકનો પાર નહિ હોય, શી રીતે એ જીવી પણ શકશે? પ્રત્યેક વિષે વિગતવાર સમાચાર કહો. સંપૂર્ણ દ્વારિકા નગર પણ દુઃખના દરિયામાં ડૂબી ગયું હશે. "

આમ વિચારતાં ધર્મરાજ રુદન કરવા લાગ્યા. એમની એ દશા જોઈ અર્જુન બોલ્યા," ભાઈ, દ્વારિકાના લોકો તો આપણા કરતાં વધારે ભાગ્યશાળી છે, આપણું જ કમનસીબ છે કે વાસુદેવનો ભૂલોકના ત્યાગનો શોક સહન કરવા જીવિત છીએ, બીજા બધાએ તો એમના જવાનો સંદેશ પણ ન હતો આવ્યો તે પહેલાં પૃથ્વી છોડી દીધી હતી.”

આ સાંભળી ધર્મરાજે કહ્યું" હરિ હરિ, તમે આ શું બોલ્યા? આ વળી કેવી વિપત્તિ! મારી સમજમાં કાંઈ આવતું જ નથી. શું સમુદ્રમાં દ્વારિકાનગર ડૂબી ગયું? શું કોઈ જંગલી પ્રજાએ આવી બધા નગરજનોની હત્યા કરી? ખરેખર શું થયું તે અમને કહો, અર્જુન! અમારી ભયાનક કલ્પનાઓ અને ભયાનક દ્રશ્યો જે અમારા મનમાં રચાય છે તેને દૂર કરો." ધર્મરાજાએ અર્જુનનો હાથ પકડ્યો અને તેનું મુખ પોતાના મુખ સામે ફેરવી આવા પ્રશ્નોના ઉત્તર આપવા જ પાડી.

અર્જુન બોલ્યા, "ના, ન તો સમુદ્રે નગરને ડૂબાડ્યું છે કે ન તો કોઈ રાજાએ આક્રમણ કર્યું છે. યાદવોએ જ પાપ, અનાચાર, અન્યાય એટલા બધા ફેલાવ્યા કે વ્યસન અને ક્રોધવશ બનીને એમણે પોતે જ એક બીજાને માર્યા." ધર્મરાજાએ ફરી પ્રશ્ન કર્યો, "અર્જુન, એવી કોઇ શક્તિ હશે જ જેણે યાદવો, બાળકો, વૃધ્ધો બધાનો સર્વનાશ તરફ નોંતર્યા, કારણ વગર તો કાર્ય થઈ ન શકે." આમ બોલીને વિસ્તારથી આ બધી સંસારની ઘટનાઓ સાંભળવા આતુર બન્યા.

અર્જુન સહેજ થંભ્યા અને શોકના ભારને થોડો દબાવીને બનાવોનું વર્ણન કરવાનો પ્રારંભ કર્યો. બાકીના ત્રણએ ભાઇઓ પણ પાસે આવીને આ કરૂણ કથા સાંભળવા લાગ્યા," મને તે દિવસથી ભાન થયું કે પ્રભુ ઈચ્છા વિના કોઇ પણ કાર્ય થતું નથી એ વાતમાં મને દ્રઢ વિશ્વાસ છે. એ તો પોતાની ઈચ્છા પ્રમાણે કઠપૂતળીનો નચાવનાર સૂત્રધાર છે, પણ પ્રેક્ષકોની વચ્ચે બેસીને એવો આભાસ કરે છે કે જાણે કશું જાણતા જ નથી. ઈશ્વરેચ્છા વિરુદ્ધ કશું થઇ શકતું જ નથી. પ્રત્યેક પળે એમની ઇચ્છા થી જ દ્રશ્યનું સંચાલન થતું હોય છે. જે કોઈપણ ઈશ્વરીય નાટક જુએ છે એનું હૃદય એ ભાવના અને ઘટનાઓથી પ્રભાવિત થયા વિના રહેતું નથી; પણ સૂત્રધાર તો નિર્લેપ છે, અને એની

અસર થતી નથી. એ પોતે જ નક્કી કરે છે કોણ  શું કરશે? કોણ કેવું બોલશે? ઉપરાંત તે વ્યક્તિનાં પૂર્વ કર્મો અનુસાર વર્તમાન જીવનમાં એનું ભાગ્ય નિર્માણ થાય છે. આપણા સંબંધી યાદવો તો બધા આધ્યાત્મિક વ્યક્તિ છે અને ભગવાનના સાચા ભક્ત છે, એવું તમે જાણો છો. કદાચ એકાદ દિવસે કોઈ ઋષિએ શ્રાપ આપ્યો હોય તો પણ એમનું એમણે એવું ભયંકર પાપ તો કર્યું નથી તો આ સર્વનાશનું કારણ શું તે જણાવશો?

એ લોકોએ પ્રભાસ ક્ષેત્રમાં એક ખૂબ મોટો યજ્ઞ કર્યો, જે પૂરા સાત દિવસો સુધી ચાલ્યો. યજ્ઞ સંપૂર્ણ વિધિ વિધાન પ્રમાણે થયો. સ્વયં પ્રભુ શ્રીકૃષ્ણના  સન્મુખ  વેદ  વિધિ પ્રમાણે  હોમ  થયો  અને અને યજમાન, દર્શકો, ઋત્વિજોએ નદીમાં સ્નાન કર્યાં. બ્રાહ્મણોને યજ્ઞની દક્ષિણા આપી અને યાદવોએ પ્રસાદ ગ્રહણ કર્યો. યજ્ઞવિધિ અત્યંત શાંતિપૂર્વક પ્રસન્નતાથી થઇ.

મધ્યાહ્ન વખતે બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં. ત્યારબાદ યાદવો ભોજન કરવા બેઠાં. નસીબની બલિહારી કે ભોજન સમયે કેટલાકે એટલું તો મદ્યપાન કર્યું કે ભાન ગુમાવીને પોતાના ભાઈ ભાંડુઓને શત્રુ સમજી બેઠા. એમણે એવો તો કલહનો પ્રારંભ કર્યો કે છેવટે એનું રૂપ ભયાનક આવ્યું. કદાચ ઈશ્વરની જ એવી ઈચ્છા હશે, નહિ તો કોઈપણ વ્યક્તિ ગમે તેવો ઉન્મત્ત અને બેકાબુ હોય તો પણ પોતાના હાથે માતા, પિતા કે સંતાનની હત્યા તો ન જ કરે. અરે? કેટલું ભયંકર? આ પરિસ્થિતિમાં પુત્રની હત્યા પિતાએ કરી, ભાઈએ ભાઈની, જમાઈએ સસરાની. આ રીતે ઉન્મત્ત બનીને એવો તો સંહાર કર્યો કે છેવટે કોઇ ન બચ્યું " આ પછી અર્જુન વધુ કાંઈ ન કહી શક્યા અને દીવાલને આધારે માથું  ટેકવીને બે હાથોએ મોઢું  ઢાંકી દુ:ખ અને વેદનાથી ચોધાર આંસુએ રડવા લાગ્યા.

ધર્મરાજાએ અત્યંત શોક અને આશ્ચર્યથી આ વર્ણન સાંભળ્યું. અર્જુનની પીઠ પર હાથ મૂકીને બોલ્યા, " તું આ બધું શું કહે છે? આ વાત વિશ્વાસપાત્ર લાગતી નથી. તું ક્યારેય અસત્ય બોલતો નથી, એટલે તારી વાતની સત્યતા પર વિશ્વાસ રાખવો પડે છે, નહીં તો અમને એવો વિચાર પણ કેવી રીતે આવે કે ચરિત્રમાં એકાએક પરિવર્તન થાય અને આવો ભંયકર હત્યાકાંડ સર્જાય. આજ સુધી મેં યાદવો જેવી કોઈ જાતિ જોઈ નથી જેમાં એમના જેવો મેળ હોય અને શ્રીકૃષ્ણના વિરુદ્ધ એમણે કોઈપણ અન્યાય કે ખરાબ કાર્ય કર્યું નથી. ગમે તેવું મોટું સંકટ હોય તો પણ ન્યાયના માર્ગેથી એ હટતાં નથી. એ જ વ્યક્તિઓએ ભગવાન કૃષ્ણના સમક્ષમાં જ યોગ્યાયોગ્યનો વિચાર છોડીને એક બીજાની હત્યા કરી, આ તો આશ્ચર્યકારક ઘટના છે. એવા પ્રસંગો બને ત્યારે સમજવું કે વિશ્વનો વિનાશ નજીકમાં છે.

અર્જુન? શું ભગવાન કૃષ્ણે આ હત્યાઓ રોકવા પ્રયત્ન ન કર્યો? એમને શાંત પાડવા અને પોતપોતાને સ્થાને મોકલવા કોઈ પ્રયત્ન ન કર્યો? ભગવાન કૃષ્ણ તો યુદ્ધ અને

શાંતિ બન્ને બાબતોમાં ખૂબ નિપૂણ છે. એમણે આ કલહનો અંત લાવવા પ્રયત્ન ન કર્યો એ તો મને આશ્ચર્યચક્તિ કરે છે.

ધર્મરાજા શોક સાગરમાં ડૂબી ગયા અને હાથ પર માથું ટેકવીને બેઠા. એમનાં નેત્રોમાંથી અશ્રુ વહી રહ્યાં હતાં. અર્જુને બીજી વાત કહીને એમને સમજાવવા પ્રયત્ન કર્યો, "મહારાજ? આપ તો ભગવાન કૃષ્ણનો મહિમા અને કરુણા સારી રીતે જાણો છો પછી આવો સંદેહપૂર્ણ પ્રશ્ન કેમ કરો છો? એમણે આમ કેમ કર્યું તે હું કેવી રીતે કહી શકું? યાદવોનું ભાગ્ય જ એવું છે, જેવું આપણા કૌરવ કુળનું. શું આપણે અને કૌરવો ભાઇઓ ન હતા? આપણામાં પણ કેટલાક એવા જ હતાં જે બંનેનું કલ્યાણ ઈચ્છતા હતા. આપણી સાથે પણ શ્યામસુંદર ઉપસ્થિત હતાં તો પણ આપણે કુરુક્ષેત્ર યુધ્ધ લઢવું પડ્યું. શું આપણે નથી વિચારતા કે એમની ઈચ્છા હોત તો યુધ્ધ અટકાવી શકાત?

શું ખરેખર આપણા કુળની હત્યા કરીને આ રાજ્ય કરવાની આપણી ઇચ્છા હતી? એ યુધ્ધમાં ચાલીસ લાખ સૈનિકોની હત્યા ન થઈ? એની ઇચ્છા વિના કાંઈ જ થતું નથી. એની આજ્ઞા વિરુધ્ધ કોઈ પણ આજ સુધી કશું કરી શકતું નથી કે એની ઇચ્છા વિરુધ્ધ કાંઈ થઈ શકતું નથી.

આ વિશ્વ એક રંગમંચ છે, જ્યાં પ્રત્યેક પાત્ર પોતાનો અભિનય અદા કરી રહ્યું છે. ભગવાન વ્યક્તિને નિયુક્ત કરે છે અને એ વ્યક્તિએ જેટલો સમય તેના ભાગ અદા કરવાનો હોય તેટલો જ વખત તેની આજ્ઞા અનુસાર ચાલવાનું છે. એમની આજ્ઞાઓ ભૂલ વગરની હોય છે. આપણે ગર્વપૂર્વક કહીએ છીએ, અમે આ કર્યું કે તે કર્યું, પણ ખરેખર તો તે નિયંતાની ઈચ્છાનું પરિણામ છે."

અર્જુને જ્યારે બોલવાનું બંધ કર્યું ત્યારે ધર્મરાજાએ કહ્યું, અર્જુન! અનેક કારણોસર મહાભારતનું યુધ્ધ થયું હતું. આપણે કુશળતાપૂર્વક શાંતિપૂર્ણ પ્રયત્નોથી અનેક પ્રયાસો કર્યા, જેથી આપણે વ્યાજબી ભાગનું રાજ્ય મેળવીએ અને આપણું સન્માન જળવાય. આપણે ધૈર્ય સાથે અનેક અપમાન અને કષ્ટો સહ્યાં છે. વનમાં પણ આપણે જવું પડ્યું. ઈશ્વરની કૃપાથી સંકટોમાંથી પાર પડ્યા, બાકી એ સંકટો તો આપણા વિનાશ માટેનાં કાવત્રાં હતાં. એમણે આપણને વિષ આપ્યું. ભર દરબારમાં રાણીનું અપમાન કર્યું.આપણાં હૃદયોને અનેક પ્રકારે ખરાબ વ્યવહારથી કષ્ટ આપ્યું, પણ સર્વત્ર યુધ્ધનાં વાસ્તવિક કારણો તો ત્રણ જ હોઈ શકે, પૈસા, સત્તા અને સ્ત્રી, પણ યાદવોનું ઉદાહરણ લઈએ તો એમાં તો આવું એક પણ કારણ ન હતું કે જેથી અંદર અંદર યુધ્ધ કરવું પડે. એમ ખાત્રીથી કહેવું પડે કે સૌથી મોટી શક્તિ એ દૈવ હતી અને એણે જ આ સર્વનાશ કર્યો.

યાદવો પાસે વૈભવની કોઈ કમી ન હતી, ન તો એમને અનાજ કે ધનની કમી હતી. એમની સ્ત્રીઓ, એ તો ગુણ, વિશ્વાસ અને ભક્તિની પ્રતિક હતી. પોતાના સ્વામી વિરુધ્ધ

કોઇ કાર્ય એમણે કર્યું નથી, જેથી એમના સ્વામીનું અપમાન થાય કે કોઇ હાની થાય. પછી એવું તે શું બન્યું કે અંદર અંદર યુદ્ધ કર્યું?

અર્જુને ઉત્તર આપ્યો," મોટાભાઈ, આપણે તો બહારનાં કારણો જ જોઈએ છીએ, પરિણામ ઉપર આપણે આપણા વિચારોના વાઘા પહેરાવીએ છીએ કે આમ બન્યું હશે, માટે આમ થયું હશે. ઘટનાઓને આપણે એના સ્વભાવ અને પ્રકારોના આભાસ લગાવીએ છીએ; પણ આ કારણ, પરિણામ અને સંપૂર્ણ સ્થિતિ એ સર્વ કેવળ એના હાથની રમત માત્ર છે. એ એની ઈચ્છા અને ઉદ્દેશ્ય અનુસાર કામ કરે છે, જ્યારે સમય આવે ત્યારે ખેલ શરૂ કરે છે – અને ઝઘડાની ઉત્પત્તિ કરે છે, એ તો સમયની પ્રતિમૂર્તિ છે. (પડછાયો છે) તે સમયના નાયક બની જઈએ નાટકનો અંત લાવી દે છે. જે જન્મ આપે તે મૃત્યુ પણ લાવે છે અને બંનેના કારણોને પણ લાવે છે. આપણે આ જાણવા પ્રયત્ન કર્યો છે કે જન્મ કેમ થયો? તો પછી એમ કેમ પૂછીએ છીએ કે મૃત્યુ કેમ થયું? એમ થયું છે તો આટલું પૂરતું છે. કારણોનો પત્તો મેળવવાની ચેષ્ટા એ નકામી ઝંઝટ જેવી છે.

જીવને બીજા જન્મ માટે જીવ પણ એ જ બનાવે છે અને જીવોના નાશ માટે કારણ પણ જીવોને બનાવે છે. શરીરનો જન્મ થાય છે અને મૃત્યુ થાય છે. આ વાત તો વાસુદેવે આપણને સમજાવી છે તો પછી આપણે આ દ્રઢ સાહસ ભર્યા માર્ગથી કેમ પથ ભ્રષ્ટ બનવું કે જે સાહસ આપણને પ્રદાન થયું છે.

તમે એમ કહેશો કે એ યોગ્ય નથી, જે ઈશ્વર આપણને જન્મ આપે છે તે જ અંત પણ લાવે છે. આ જન્મ અને મૃત્યુના વચ્ચેના પ્રસંગે જ્યારે પુરુષ સમર્થ હોય ત્યારે કોઈ પુણ્યનું ઉપાર્જન કરવું, ગુણ અવગુણ વધારે અને આ દ્વારા ઘટનાઓ પર પ્રકાશ પડે છે, આ નિર્દિષ્ટ સમયમાં ભગવાન જીવન અને મૃત્યુનો ખેલ રચે છે.

જન્મ અને મૃત્યુ બન્ને ઊંચા પર્વતના શિખરો છે, જેની વચ્ચે જીવન રૂપી નદી વહે છે. આત્મશક્તિ એ પુલ જેવી છે જે ઉત્પત્તિને જોડે છે. એને પૂર આવવાનો કોઈ ભય નથી કે જેણે આ વિશ્વાસ અને શ્રદ્ધારૂપી શક્તિને એકત્ર કરી છે. આ આત્મશક્તિ દ્વારા બધી મુશ્કેલીઓ ઓળંગીને બીજી બાજુએ સફળતાને આરે પહોંચી જવાય છે. રાજા! આ બધા એ એક જ સૂત્રધારના ખેલ છે. પહેલાં જેમ કૌરવોનું થયું તેમ આજે યાદવોનું, કે કોઈ જીવતો રહ્યો નથી. બન્નેમાંથી કોઈને દોષ દેવો વ્યર્થ છે.

શું આ નશ્વર દેહ જેમાં પાંચ તત્વોનો સમાવેશ થાય છે, પૃથ્વી પાણી, તેજ, વાયુ અને આકાશ. એમાં વ્યાપી પદાર્થ એ ઈશની ઈચ્છા વિરુદ્ધ કોઈ કરી શકે ખરા? ના, એ તો એના જ ઈશારે ચાલે છે, કોઈના દ્વારા જન્મ, કોઈના દ્વારા મૃત્યું. નહિ તો આ સાપ જે જન્મ વખતે શરીર દ્વારા ઈંડાને ગરમી આપે અને એમાંથી બચ્ચું બહાર આવતાં એને ખાઈ જાય; એમાં પણ જેનો અંત આવ્યો હોય એને ખાય, નહીં કે બધાં બચ્ચાને. માછલી પણ અંત આવતાં જાળમાં ફસાય છે એમને પણ મોટી માછલી નાનીને ખાય છે અને એથી

મોટી માછલી મોટીને ખાઈ જાય છે. આ તો ઈશ્વરનો નિયમ છે. સાપ દેડકું ખાય, તો સાપ એ મોરનો ખોરાક છે. આ તો વિધાતાના ખેલ છે. એના કારણ કોણ જાણી શકે? એટલું સત્ય છે કે દરેક ઘટના અંતર્યામી ઈશારે ચાલે છે.

આપણે એના નાટકનો અર્થ જાણતા નથી, પછી એની સફળતા કે નિષ્ફળતાની ચિંતા કર્યાથી કોઈ લાભ નથી. એ ગોપાલ, જે આ સંસારના ભયમાં બધાને નાંખે છે તે મનુષ્ય અવતારમાં આપણી સાથે હતા, આપણી સાથે જમ્યાં હતાં. એ એવી રીતે રહ્યા કે આપણા કુટુંબના એક અંગ હતા, આપણું કલ્યાણ ઈચ્છતા હતા, આપણા મિત્ર અને માર્ગદર્શક બન્યા, અનેક સંકટોમાંથી આપણને છોડાવ્યા. એમણે ઈશ્વરીય કૃપા દ્વારા આપણને ખૂબ ભારેમાં ભારે સંકટોમાંથી આપણને સહેલાઈથી મુક્ત કર્યા. એ તો આપણી ખૂબ નજીક હતા અને આપણે એ ઘમંડમાં હતા, એ આપણા પર કૃપા વરસાવે છે. એમની કૃપાને આપણે ગંભીરતા પૂર્વક ન ઓળખી શક્યા. કેવળ બહારનો વિજય અને ક્ષણભંગૂર લાભ માંગતા રહ્યા. જે દેવી સંપત્તિ દ્વારા સર્વકલ્યાણ થાય એ કૃપાની અવહેલના કરી, એમના લૌકિક સ્વરૂપનો જ ખ્યાલ કર્યો. આપણું એમણે એ રીતે રક્ષણ કર્યું કે જાણે પોતાનાં પાંચ પ્રાણ ન હોય. સહાય માટે એ પહેલા આગળથી આવી જતાં અને ગમે તેવા નાનામાં નાના તુચ્છ કામ માટે પણ સહયોગ આપીને પૂરું કરી આપતા હતા. ભાઈ? આથી બીજું વધુ શું કહેવું? અનેક જન્મો લઈશું, પણ એવા મિત્ર કે સ્વજન નહિ મળે, મને તો એમનો માતા કરતાં પણ વધુ સ્નેહ મળ્યો છે. એવો સ્નેહ તો માતા પણ ન આપી શકે. કેટલાક પ્રસંગો ઉપર તો પાંડવોના પ્રસંગો પોતાના છે એમ માનીને સંભાળ્યા અને એ પૂરા કરવા ક્ષણમાં ઉપાય શોધીને પૂર્ણ સફળતાથી પૂરા કરતા હતા. એમની દયાથી તો પાંડવો આજે વિશ્વમાં જીવિત છે.

આ તો અસંખ્ય પ્રસંગો છે તેને વારંવાર શી રીતે દોહરાવીશું? આ શરીરમાં વહેતા લોહીનું એકએક ટીપું એની દયાવૃષ્ટિ છે. શરીરની માંસપેશીઓ એના પ્રેમનું સ્વરૂપ છે. દરેક અસ્થિ એની ઔષધીનું પ્રતીક છે. એને હૃદયેગમ કરવામાં આપણે અસમર્થ હતા અને એવો ઘમંડ કરતા હતા કે "અમે કરી બતાવ્યું, અમે સફળ કર્યું." અત્યારે તો આપણી સામે એટલું જણાય છે કે એમના વિના આપણે કાંઈ જ નથી કેવળ ચામડીના ઢગ છીએ.

એટલું જરૂર છે કે દરેક મનુષ્યનું ભાગ્ય સમાન છે. એ બધા કરવાનું ભૂલી જાય છે કે સર્વેશ્વર, સર્વજ્ઞ ઈશ્વર એમને પૂતળીઓ માફક ખેલ કરાવે છે. માનવો તો એમ જ વિચારે છે કે એ પોતે જ સત્યથી અજાણ છે. જો આપણે આવા વિખ્યાત યોદ્ધાઓ છીએ, છતાંય આવી આફતમાં આવ્યા છીએ, તો સાધારણ જનતા માટે તો કહેવું શું? અથવા તો જેની પાસે આવી સમજ નથી તેનું શું?

વળી મને પાછા ફરતાં જે દુઃખદ અનુભવ થયો એની વાત કહું આમ બોલીને અર્જુન તો પાછળ આવેલા આસન ઉપર પડી ગયા; કારણ કે એમના ચિર સાથી ભગવાનનો વિયોગ એમને માટે અસહ્ય હતો.

# અધ્યાય ૧૧

ભગવાન શ્રીકૃષ્ણના પ્રેમ, સહાનુભૂતિ, કૃપા, સલાહ, સૂચના જે કાંઇ આજ સુધી પોતાને મળ્યું હતું, તેના વિચારમાં ખોવાઇ ગયેલા ધર્મરાજે ઓચિતું પોતાનું માથું ઊંચું કરી પૂછયું, "અર્જુન ! તેં શું કહ્યું? રસ્તામાં તારે માટે શું આફત આવી પડી ? વત્સ! એ અમને વિસ્તારથી કહે." એમ પૂછતાં પૂછતાં તેમણે હડપચીને સ્પર્શીને અર્જુનનું મોં ઊંચું કર્યું. અર્જુન, મોટાભાઈના મોં સામે જોઈને બોલ્યો, "ભાઈ, મારી રિધ્ધિસિધ્ધિ સહુ ભગવાન શ્રીકૃષ્ણ સાથે જ ચાલ્યા ગયાં. હવે મારામાં કોઈ શક્તિ રહી નથી. હું કાંઈ મેળવવાને યોગ્ય પણ નથી રહ્યો. ખરેખર, હું નિર્માલ્ય અને પ્રાણહીન થઈ ગયો છું.

ભાઈ, સાંભળો, એ વખતે દ્વારકામાં હોવા છતાં, હતભાગી મને ભગવાન વાસુદેવ સ્વધામ પધાર્યા ત્યારે તેની પાસે રહેવાની તક ન મળી. એ તક મળવા જેટલાં મારાં પુણ્ય નહીં. એ પરમપિતા આપણને છોડી ગયા ત્યારે હું તેમનાં દર્શન પામી શક્યો નહીં. એ પરમપિતા આપણને છોડી ગયા ત્યારે હું તેનાં દર્શન પામી શક્યો નહી. પાછળથી ભગવાનના સારથિ દારુક પાસેથી ભગવાને પ્રયાણ વખતે મારે માટે આપેલો સંદેશો મને મળ્યો. એ સંદેશમાં એમણે સ્વહસ્તે આ પ્રમાણે લખ્યું છે.

એમ કહેતા, પ્રાણથી પણ પ્રિય, શ્રીકૃષ્ણના સ્વહસ્તે, લખેલ એ પત્ર એણે વસ્ત્રની ઘડીમાંથી કાઢ્યો અને ધર્મરાજાના હાથમાં મૂક્યો. ધર્મરાજાએ ખૂબ ચિંતા, ઉત્સુકતા અને ભક્તિભાવપૂર્વક ગ્રહન કર્યો. આંખે સ્પર્શ કર્યો. આંખમાં અશ્રુ વહી રહ્યાં હતાં. અશ્રુ પડળ વચ્ચેથી એ ઉકેલવા એમણે મિથ્યા પ્રયાસ કર્યો.

લખ્યું હતું, "અર્જુન , આ આજ્ઞાનું તારે નિસંકોચપણે સંપૂર્ણ પાન કરવાનું છે. હિંમત અને ઉત્સાહથી કામ પાર પાડવાનું છે." આમ ભારપૂર્વક લખ્યા પછી શ્રી કૃષ્ણે કામની વિગત આ પ્રમાણે આપી હતી, ' જે કામ માટે હું આવ્યો હતો તે મેં પૂરું કર્યું છે. હવે આ સૃષ્ટિ પર હું સદેહ નહીં રહું, હું જાઉં છું, આજથી સાતમે દિવસે દ્વારકા સમુદ્રમાં ડૂબી જશે. મારા મહેલ સિવાય બધું સમુદ્રમાં નીચે ઢંકાઈ જશે. એટલે તારે મારી રાણીઓ, અંતઃપુરની સ્ત્રીઓ, બાળકો, અપંગ અને વૃધ્ધો જે બચ્યાં હોય તે સહુને ઇન્દ્રપ્રસ્થ લઈ જવાના છે. હું જાઉં છું અને સ્ત્રીઓ તથા બચેલા યાદવોની જવાબદારી તને સોંપતો જાઉં છું. તારા જીવ જેટલું તું તેનું જતન કરજે. ઇન્દ્રપ્રસ્થમાં તેઓ માટે વ્યવસ્થા કરજે અને ભયથી તેઓનું રક્ષણ કરજે." છેલ્લે લખ્યું હતું, "સ્વધામ જતાં ગોપાલે આ લખ્યું છે."

ધર્મરાજાએ વાચન પૂરું કર્યું. તેણે જોયું ભીમ, અર્જુન, નકુળ અને સહેદવની આંખોમાં અશ્રુઓ ઉભરાઈ રહ્યાં હતાં. બધા બધું ભાન ભૂલી સ્તબ્ધ પથ્થર જેમ બેસી રહ્યા હતા. અર્જુને કહ્યું " ભાઈ, આપણી વચ્ચે પ્રભુ ન હતા ત્યારે એક પળ પણ મને જીવવા ઈચ્છા ન હતી અને એટલે દ્વારકા ને ગળી જનાર સમુદ્રમાં ડૂબી મરવાની મારી ઈચ્છા હતી.

આજ ધનુષ્ય બાણથી મારું માથું છેદી નાખવા મેં નક્કી કરેલું પણ આ આજ્ઞાને અંગે જ હું એમ કરતાં અટક્યો. આ વિશ્વના નિયંતાની આજ્ઞાથી જ હું આ જગતમાં વળગી રહ્યો. કાંઈ યોજના ઘડવાનો પણ સમય ન હતો. બધું જલ્દી પતાવવાનું હતું.

"તેથી શાસ્ત્રો વિધિ પ્રમાણે મૃત્યુ પામેલાની ઉત્તર ક્રિયા કરી. પછી દ્વારકાને સમુદ્ર ગળી જાય તે પહેલાં, વૃધ્ધો, બાળકો અને સ્ત્રીઓને ત્યાંથી લઈ પ્રભુની આજ્ઞા પ્રમાણે ઇન્દ્રપ્રસ્થ લઈ જવા મેં ઉતાવળ કરાવી. દ્વારકા છોડવાની જરાયે ઇચ્છા નહીં હોવા છતાં અમે તે છોડ્યું. અમે આખરે પંચનદ (પંજાબ) ની સરહદે પહોંચ્યા. અમારા હૃદય શ્રી કૃષ્ણ વિરહે ભારે હતાં, પણ પ્રભુની આજ્ઞાના પાલન માટે મારે ઉતાવળ કરી એ બધાની (જવાબદારી) સાથે આગળ જવાની જરૂર હતી.

"એક દિવસ સૂર્યાસ્ત સમયે અમારો રસ્તો પૂરવાળી નદીથી રોકાયેલો હતો. ત્યારે અમે એટલા મોડા તે ઓળંગવાનું સાહસ ન કરી શક્યા. મેં રાતે એ નદી તીરે જ પડાવ નાખવા નક્કી કર્યું અમે બધું જર જવાહીર એકઠું કર્યું અને એક સલામત જગ્યાએ મુક્યું. રાણીઓ રથમાંથી ઉતરી અને દાસીઓ પણ આરામ માટે વેરાઈ ગઈ. સાંય સંધ્યા માટે હું નદી તીરે ગયો. કૃષ્ણ વિરહના દુઃખમાં હું તણાતો હતો. એટલી વારમાં ગાઢ અંધકાર છવાઈ ગયો અને થોડીવારમાં અમે એ અંધકારમાંથી જંગલીઓની યુધ્ધ ઘોષણાઓ સાંભળી, રાત્રિમાં મેં તાકીને જોયું, તો માલુમ પડ્યું કે, જંગલી કાબાઓનું ટોળું લાકડીઓ, ભાલાંઓ અને ખંજર સાથે અમારી ઉપર ધસી રહ્યું હતું. પહેલાં તેઓએ જર ઝવેરાત ઉપર હાથ ચલાવ્યો અને પછી હાથપગ બાંધી સ્ત્રીઓને ઉઠાવી જવાનું શરૂ કર્યું " મેં એ લોકો સામે ત્રાડ પાડી. ખૂબ ભંયકર પરિણામની ધમકી આપી, કહ્યું," પતંગિયાંની જેમ તમે શા માટે આગમાં હોમાવ છો? " મેં તેઓને પૂછ્યું શા માટે ગલના કાંટાથી મરતી માછલી જેવા તમે થાવ છો?" મેં તેઓને કહ્યું, " આ લુંટ મેળવવાના મિથ્યા પ્રયાસમાં શા માટે મત્યુને ભેટો છે?" મેં એ લોકોને ચેતવણી આપી કે, " હું માનું છું કે હું કોણ છું તે તમે જાણતા નથી. તમે અચૂક ધનુધારી, પાંડુ પુત્ર અર્જુનનું નામ નથી સાંભળ્યું, જેણે ત્રણ વિશ્વ વિજેતા, દ્રોણ, ભીષ્મ અને કર્ણને હરાવેલા. હમણાં હું તમારા આખા ટોળાને મૃત્યુના દરબારમાં, મારા અદ્વિતીય ગાંડીવ ધનુષ્યનાં એક ટંકાર માત્રથી પહોંચાડી દઈશ, માટે નાસી જાવ અથવા તો આ ભૂખ્યા ધનુષ્યને તમારાં શરીરથી ભોગ ધરો," એમ મેં તેઓને કહ્યું.

છતાંયે તેઓએ ગભરાયા વિના પોતાની દુષ્ટ પ્રવૃત્તિ ચાલુ રાખી. તેઓનો ક્રૂર હુમલો ન થંભ્યો. તેઓ અમારા પડાવ પર ત્રાટક્યા અને મારી પર પણ હુમલો કર્યો. હું તૈયાર જ હતો. તેઓને ભૂંસી નાંખવા મેં દિવ્ય અસ્ત્રો ચડાવ્યાં, પણ અરે, ભંયકર બિના બની, શા માટે, કેમ એમ થયું એ હું સમજાવી નથી શકતો, પણ દિવ્ય અસ્ત્રોને ,. ગતિને શક્તિ આપનાર એક પણ મંત્ર મને યાદ ન આવ્યા. હું શસ્ત્રોને છોડવાનું, વાળવાનું બધું ભૂલી ગયો. હું નિરાધાર બની ગયો.

મારી આંખો સામે જ લૂંટારાના ટોળાંઓ રાણી, દાસીઓ અને બીજા બધાને ઊઠાવી ગયા. તેઓ મારું નામ લઈ પોકાર કરવા લાગી. "અર્જુન, અર્જુન, અમને બચાવ, છોડાવ. તું અમારો પોકાર નથી સાંભળતો? તું કેમ બહેરો બની ગયો? તું આ લૂંટારાને અમને સોંપી દે છે? અમને જો અમારા દુર્ભાગ્યની ખબર હોત તો, અમે અમારી પ્યારી નગરી દ્વારકા સાથે સમુદ્રમાં ડૂબી જવું પસંદ કર્યું હોત." અતિશય વ્યથા સાથે મેં એ બધું સાંભળ્યું. મેં એ બધું જોયું. સ્ત્રી, બાળકો, વૃધ્ધો અને અપંગો ચારે દિશાઓમાં ચીસો પાડતાં નાસતાં હતાં, નખ અને દાંત વિનાના કેસરી સિંહ જેવો હું એ લૂંટારાઓને કંઈ કરી શક્યો નહી. હું મારું ધનુષ ચડાવી શક્યો નહી. હાથમાનાં તીર હું તેઓ સામે ફેંકવા લાગ્યો. થોડા જ વખતમાં ભાથામાંથી તીર ખૂટી ગયાં. મારૂ હૃદય ક્રોધ અને શરમથી બળવા લાગ્યું. મને મારી નામર્દાઇ પર ધૃણા છૂટી, મને મરવા જેવું લાગ્યું. મારા બધા પ્રયત્નો વ્યર્થ ગયા. પુરસ્કૃત, તીરોનો અક્ષય ભાથો પણ વાસુદેવ મને છોડી ગયા પછી મને નકામો નીવડ્યો હતો.

મારું બળ અને મારી કુશળતા શ્રીકૃષ્ણ અહીંથી ગયા તેની સાથે ચાલ્યા ગયા હતા. નહિં તો આવું કેમ બને? મારી સંભાળમાં સોંપેલ સ્ત્રી બાળકોને લૂંટાતાં એક લાચાર સાક્ષી બનીને હું જોઈ રહું? એક બાજુથી મારું મન કૃષ્ણ વિરહમાં વલોવાતું હતું અને બીજી બાજુ એમની આજ્ઞાનું પાલન ન થયું તેનું દુ:ખ હતું. જેમ અગ્નિને જોરદાર પવન વધ પ્રજ્જવલિત કરે એમ આ આફતે મારી વ્યથાને વધારી મૂકી અને રાણીઓ કે જે આજ દિવસ સુધી મહેલોના વૈભવમાં રહેલી, તેમની આ લૂંટારૂઓ વચ્ચે શી દશા થઈ હશે તેનો વિચાર કરતાં મારું મન બળીને રાખ થઈ ગયું. " અરે પ્રભુ! અરે કૃષ્ણ! શું આ દિવસ જોવા તમે અમને આફતોમાંથી  ઉગાર્યા હતા? શું આવી ભયંકર સજા કરવા જ?

જ્યારે પ્રભુ ગયા,

અર્જુન રડ્યો દુ:ખમાં દીવાલ સાથે માથાં પછાડ્યાં, ઓરડા વ્યથાથી ભરાઇ ગયા. બધા દુ:ખથી કંપવા લાગ્યા. પથ્થર દિલ પણ સહાનુભૂતિમાં પીગળી ગયાં. ભીમની આંખોમાંથી ગરમ અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો. એને એમ રડતો જોઇ ધર્મરાજ પણ ભય વિહવળ થઈ ગયા, એટલે તે, તેની પાસે જઈ પ્રેમથી તેને સાંત્વના આપવા લાગ્યા. ભીમ થોડી વારે સ્વસ્થ થયો. તે ધર્મરાજના પગમાં પડી બોલ્યો, "ભાઈ મારે હવે જીવવું નથી. મને રજા આપો. હું જંગલમાં જઈ કૃષ્ણ નામ રટતો રટતો સ્વધામ જઇશ. કૃષ્ણ વિનાનું વિશ્વ નરક સમાન છે. હાથમાંના વસ્ત્રથી તેણે પોનાના ગરમ આંસુ લૂંછ્યાં.

અત્યાર સુધી મૌન રહેલ સહદેવ, ભીમ પાસે જઇને બોલ્યો, "શાંત થાવ. ઉશ્કેરાવ નહીં. શ્રી કૃષ્ણે આપણા વિષ્ટિકાર થઈ ભર સભામાં ધૃતરાષ્ટ્રને જે ઉત્તર આપેલો તે યાદ કરો."

# અધ્યાય ૧૨

"ધૃતરાષ્ટ્રની સભામાં જ્યારે દુર્યોધન, દુશાસન અને બીજાઓએ શ્રી કૃષ્ણને પૂછ્યું કે શા માટે તેઓ કૌરવ, પાંડવના કૌટુંબિક ઝઘડામાં પડે છે અને એક તરફ પક્ષપાત કરે છે! જાણે કે પાંડવો કૌરવ કરતાં તેમને વધારે નજીકના સગા થતા હોય, ત્યારે ભગવાને શું જવાબ આપેલો? અત્યારે તમારી જાતને એ જવાબ યાદ કરાવો. તમારી નજર સામે એ પ્રસંગ ખડો કરો. સિંહના બચ્ચાની જેમ આમથી તેમ ડગ ભરતાં તે ગર્જી ઉઠેલા, "તમે શું કહો છો? શું કૌરવો પાંડવો જેટલા મારી નજીક છે? ના, તેઓ કોઈ દિવસ સમાન કક્ષાએ ન આવે. સાંભળો-પાંડવો સાથેની મારી સગાઈ હું તમને સમજાવું. મારા આ દેહમાં ધર્મરાજ મસ્તક છે. અર્જુન ખભા અને હાથ છે, ભીમ ધડ છે, નકુલ અને સહદેવ બંને પગ છે. આવા દેહનું હૃદય કૃષ્ણ છે. હૃદયના બળથી ઇન્દ્રિયો ચાલે છે. તેના વિના, તેઓ નિર્જીવ છે."

એ જાહેરાતનો અર્થ આપણે માટે શું થાય? એનો અર્થ એ જ કે હૃદયે કામ કરવું બંધ કર્યું એટલે આપણે પાંડવો પણ નિર્જીવ થઈ જઈશું. આપણે લય પામવાનું છે. કાળસ્વરૂપ ભગવાન આપણો તેમનામાં લય પામવાનું ઈચ્છે છે. આપણે એમનું આહવાહન ઝીલવા તૈયાર થઈ જઈએ.

કળિયુગ બેસી ગયાની આ સાબિતી છે. આ દુનિયામાંથી શ્રીકૃષ્ણે વિદાય લીધી ત્યારે જ દ્રાપર યુગનાં દ્વાર બંધ થઈ ગયાં અને કળિયુગના દરવાજા ખૂલી ગયા. નહીં તો વળી આવા દુષ્ટ મનવાળા અને ખરાબ તત્ત્વો આમ બેકાબૂ ભટકી શકે? અને મહાયુદ્ધમાં પણ નહીં ભૂલતો અર્જુન, શું કોઈ દિવસ લૂંટારાઓ જયારે સ્ત્રીઓ અને બાળકોના પડાવ પર હુમલો કરે તેવા હલ્લાના કસોટી કાળમાં, પોતાના દિવ્યાસ્ત્રોના મંત્રો ભૂલી જાય? અર્થાત આ ભંયકર આફત ચોક્કસ કળિયુગના કાળ પ્રભાવનું જ પરિણામ."

નકુળ પણ એ વખતે ચર્ચામાં જોડાયો. તેણે કહ્યું," ભાઇઓ, પૂર્વાકાશમાં પ્રભાત ફૂટી રહ્યું છે. ચાલો આપણે રાણીઓને અને પૂજ્ય માતાને આ બનાવોની જાણ કરીએ અને જરા પણ ઢીલ વિના હવે શું પગલાં લેવા તે વિચારી લઈએ, શ્વાસ છૂટી જતાં જ દેહનો વિલય થઈ જતો નથી ખરું ને? અલબત્ત, શ્રીકૃષ્ણ જતાં આપણાં જીવન હણાઇ ગયાં છે. પરંતુ અવયવોમાં થોડો વખત ગરમાવો રહે છે ને! આજ કે કાલ આપણે શ્રીકૃષ્ણની સાનિધ્યમાં પહોંચી જવું જોઈશે. માટે ચાલો દુ: ખ અને શોકમાં સમય ન વેડફીએ, પણ હવે શાં પગલાં ભરવા તે નક્કી કરી નવા પ્રસ્થાનની તૈયારી કરીએ. " બધા તે તટસ્થ સૂચન સાથે સંમત થયા.

આ સમાચારથી દ્રોપદી, સુભદ્રા અને વૃધ્ધ માને શું થશે એની ચિંતા હતી, પણ એ ચિંતાની અવગણના કરીને તેઓએ સમાચાર આપવાનું નક્કી કર્યું, કારણ કે જ્યારે પ્રભુ

પોતે જ ચાલ્યા ગયા છે. ત્યારે કોને શું થશે એની ચિંતા કર્યા કરવી? ભાઈઓએ નક્કી કર્યું કે સૌથી મોટા ધર્મરાજા એ જ માતા પાસે જવું, તે સૌથી યોગ્ય પગલું ગણાય.

આનંદમાં સમય ઝટ પસાર થઇ જાય છે, દુ: ખમાં નહીં. માણસ જે આનંદમાં હોય છે ત્યારે સમય જલ્દી પસાર થઈ જાય છે, પણ એ જ્યારે દુ: ખમાં હોય છે ત્યારે સમય બહુ પસાર થતો લાગતો નથી. દુ: ખ ભારે પર્વતમાળા જેવું હોય છે, પ્રલયના પૂર જેવું હોય છે, જો કે ધર્મરાજાની રાજધાની ઇન્દ્રપ્રસ્થ હતી, પણ પરંપરાગત રાજયાસન હજી હસ્તિનાપુરમાં હતું, કારણ કે મહાભારતના યુદ્ધમાં અનેક રાજકુમારો ચાલ્યા ગયા અને વડીલ રાજપુરુષો પણ; તેથી તેનું ગૌરવ ઘટયું હતું એટલે ધર્મરાજા થોડો વખત ઇન્દ્રપ્રસ્થમાં અને બાકીનો સમય હસ્તિનાપુરમાં ગાળતા હતાં. આ નહિ જાણવાથી અર્જુન ઈન્દ્રપ્રસ્થ ગયેલો અને જાણ્યું કે ધર્મરાજા ત્યાં નહતા, એટલે પોતાની સાથે દ્વારકાના અંત:પુરમાંથી લૂંટારાઓના હાથમાં જેમને તે બચાવી શક્યો હતો તેઓને ઇન્દ્રપ્રસ્થ રાખી તે એકલો હસ્તિનાપુર આવ્યો હતો. એની સાથે, કૃષ્ણનો પૌત્ર વ્રજ દ્વારકાના પુરુષ વૃંદમાંથી એકલો બચેલો, એ એક જ આવ્યો હતો. બિચારો વ્રજ કોઈને પોતાનું મુખ દેખાડવા નહોતો ઈચ્છતો; બધા મુત્યુ પામ્યા અને પોતે એકલો બચી ગયો તેથી એટલો બધો શરમાતો હતો કે પોતાની જાતને એક બંધ ઓરડામાં પૂરી તે બધો વખત દુ:ખને વાગોળ્યા કરતો હતો.

અર્જુન આવ્યો કે તુરત રાજામાતા કુંતાદેવીએ એક દાસી મારફત તે જાણ્યું હતું. એ આખી રાત, સજાગ રહ્યાં. એમને આશા હતી કે ગમે તે પળે અર્જુન પોતાની પાસે દોડ્યો આવશે અને દ્વારકાના કંઈક સમાચાર આપશે. તેણે બધા દીવાઓ પણ બળતા રાખેલા. તેઓ સૂતાં જ નહીં, અર્જુન આવી ગયો છે, એ આનંદમાં એ જાગતાં જ રહ્યાં. જ્યારે પણ એક સહેજ પગલાંનો અવાજ કાને પડે કે તુરત બોલી ઊઠે, "અરે બેટા, તું આવ્યો તેથી હું બહું રાજી થઈ. શું સમાચાર છે? પણ કાંઈ જવાબ ન મળતાં, ત્યારે તેમણે દાસીને પોતાની પાસે બોલાવી કહ્યું. " આનો શું અર્થ છે? કાંઇ ખબર પડતી નથી. તેં મને કહ્યું હતું. નહોતું કહ્યું? દ્વારકાથી અર્જુન આવી ગયો છે? હજી એ કેમ મારી પાસે નથી આવ્યો? તારી કંઈક ભૂલ થઇ હશે. કોઈક બીજાને તેં જોયેલ હશે અને ભૂલથી તેને અર્જુન માની લીધો હશે. જો એ આવ્યો હોય, તો ચોક્કસ તુરંત જ એ અહીંઆ આવે." આમ આશા અને નિરાશા વચ્ચે કુંતાજીએ રાત પસાર કરી.

દિવસ ઊગ્યો. દરેક પોતપોતાના કામમાં પરોવાવા લાગ્યા, દરમ્યાનમાં તેમનાં મનમાંથી અનેક પ્રશ્નો પસાર થઈ ગયા. અર્જુન પોતે પાસે નહિ આવવાનું શું કારણ હશે? શું એ ખરેખર પાછો ફર્યો હશે? શું આખી રાત ભાઈઓ વિચારણા કરવી પડે એવા કોઈ તાકીદ પ્રશ્નમાં એ રોકાઈ ગયો હશે? અથવા તો શું એ એટલો બધો થાકી ગયો હશે કે રાતને બદલે બીજે દિવસે સવારે  માને મળવા આવવાનો હશે? અથવા શું દ્વારકામાં એવી કોઈ કટોકટી ઉભી થઇ હશે કે શ્રીકૃષ્ણે તાકીદે ધર્મરાજાની સલાહ લેવાનું એને સૂચવ્યું હશે

અને એમને સલાહ સૂચન પહોંચાડવા કહ્યું હશે? આવી કટોકટીઓમાં મૂંઝાઈને  શું એ પોતાની મા તરફની ફરજ ભૂલી ગયો હશે? અલબત્ત દિવસ ઊગતાં તો એ આવશે જ, એમ આખરે તેણે પોતાને જ કહ્યું.

આમ હજુ તો દુનિયા અંધકારમાં જ લપેટાયેલી હતી ત્યાં જ તે ઊઠી ગયા. તેમણે નાહીને નવાં વસ્ત્રો ધારણ કર્યા અને પોતાના પુત્રને મળવા તૈયાર થઈ ગયા, ત્યાં વળી બીજી શંકા તેમના મનમાં ઊઠી તેમને પજવવા લાગી, હરેક રાતે પોતાના બધા પુત્રો અચૂક રીતે વારા ફરતી પોતાને પગે પડી આર્શીવાદ મેળવી સૂવા જવાની રજા માગતા, પણ તેને નવાઈ લાગી કે તે રાત્રે કેમ કોઈ આવ્યું ન હતું? આથી એની ચિંતા ખૂબ વધી ગઈ, દ્રોપદી અને સુભદ્રાના ખંડમાં તેણે દાસીઓને મોકલી, ત્યારે જાણ્યું કે કોઈએ રાતનું ખાણું પણ લીધું ન હતું. કુંતાજી ઊંડી ચિંતામાં ગરકાવ થઇ ગયા.

જયારે તેઓ આ ચિંતામાં વલોવતાં હતાં, ત્યારે જ એક વૃધ્ધ દાસીએ આવી કહ્યું કે અર્જુન સાથે ધર્મરાજ તેમના ખંડ તરફ આવી રહ્યા છે. કુંતાજીના મનમાં, તેઓ શું કહેશે તેનો ઉદ્વેગ હતો લાંબા વિયોગ પછી અર્જુનને મળવાનો આનંદ હતો અને યાદવોના સમાચાર સાંભળવાની ઉત્સુકતા હતી. આમ ભાવોના મિશ્રણવાળી એક પ્રકારની અધીરાઈ જન્મી, પણ ચિંતાનો ભાર નહીં સહી શકવાથી  તેઓ ધ્રૂજી રહ્યા હતાં.

ધર્મરાજા અંદર આવ્યા અને એમને પગે પડ્યા. તેઓ મૌન રહ્યા. અર્જુન એમના ચરણો પાસેથી લાંબા વખત સુધી ઉઠી જ ન શક્યો. કુંતાજીએ એને આશ્વાસન આપતા કહ્યું, "અરે બેટા, આટલો બધો લાંબો સમય તું કઈ રીતે મારા વિના રહી શક્યો?" એમણે પ્રેમથી એને માથે હાથ ફેરવ્યો. પણ તેમણે તેની તબિયતના ખબર અંતર પૂછ્યા પહેલાં, અરે આશીર્વાદ પણ દેતાં પહેલાં, પૂછ્યું, "અર્જુન! મેં સાંભળ્યું કે તું કાલે રાત્રે આવ્યો તે સાચું છે ? રાત્રે જ તું મારી પાસે કેમ ન આવ્યો? લાંબા સમયથી દૂર રહેલ પોતાનો પુત્ર પાછો આવ્યો છે, એ જાણ્યા પછી તેને મળ્યા વિના માં કેમ સૂઈ શકે? ઠીક, આખરે દિવસ ઊગતાંયે તું આવ્યો, એ સારું થયું. મને સમાચાર કહે, તારા સાસુ, સસરા અને માતામહ સારાં છે ? મારા ભાઈ, વાસુદેવ, હવે તો બહુ વૃધ્ધ થઇ ગયા હશે. તે કેમ છે? તેઓ હેરફેર છે? કે મારી જેમ પથારીવશ છે? એમની મારી જેમ સંભાળ લેવાય છે કે બીજાને ઓધારે પરવશ પડ્યા છે?" અર્જુનના હાથ એમના હાથમાં હતા અને નજર તેના મુખ પર મંડાયેલી હતી. ઓચિંતા એમણે પૂછ્યું, "આ હું શું જોઉં છૂં મારા દીકરા? તું આટલો બધો ઝાંખો કેમ પડી ગયો છે? તારી આંખો સૂઝીને આવી લાલઘૂમ કેમ થઇ ગઈ છે?

"હું સમજુ છું, દ્વારકા  ઘણું દૂર છે અને લાંબી મુસાફરીનો તને થાક લાગ્યો છે, ધૂળ અને તાપે તને અસર કરી છે. રસ્તાનો થાક તારા મોઢા પર દેખાય છે. જવા દો. મને કહે મારા શ્યામસુંદર, મારા કૃષ્ણે,  મને શું કહેવડાવ્યું છે? એ અહીં ક્યારે આવશે ? કે મને મળવાનું એને મન નથી?  એણે  કાંઈ કહ્યું ? અલબત્ત એ વાસુદેવ છે. એ તો જ્યાં હોય

ત્યાંથી બધું જોઈ શકે છે. હું એમને ફરી ક્યારે જોઈ શકીશ? એના એના આવતાં સુધીમાં, આ પાકું ફળ ખરી તો નહીં પડે ને?

તેણે કેટલાય પ્રશ્નો પૂછી નાંખ્યા અને પોતે ને પોતે તેના જવાબો વારેવારે દીધા કર્યા. અર્જુન અને ધર્મરાજાને જે કહેવું હતું એ કહેવાને એણે અવકાશ જ ન આપ્યો. અર્જુનની આંખમાંથી નિર્બંધ અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો. કુંતાજી આ વિચિત્ર બનાવ જોઈ રહ્યાં. તેણે અર્જુનને પાસે ખેંચ્યો અને પોતાને ખભે એનું માથું મૂક્યું, બેટા અર્જુન , શું થયું છે ? મને કહે. મેં તારી આંખમાં કોઈ દિવસ આંસુ નથી જોયા. શું ગોપાલને તારી સાથે વાંધો પડ્યો ? શું પોતાની સાથે રાખવા લાયક તને ન ગણ્યો અને એટલે કાઢી મૂક્યો? શું આવી કોઈ ભયંકર આફત તારા પણ આવી પડી છે?" દુઃખથી ઉભરાવા છતાં તેણે પોતાનાં પુત્રને આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો.

પછી એ જ વખતે ધર્મરાજાએ બંને હાથે પોતાનું મુખ ઢાંકી દીધું અને ડુસકાં ભરતાં બોલ્યા, "માં, હજી શું તમે વાસુદેવ વિશે કહો છો? છેલ્લા દસ દિવસથી એ આપણને છોડી ગયા છે. તેઓ સ્વધામ ગયા છે અને બધા યાદવો મૃત્યુ પામ્યા છે." હજી તેઓ આમ બોલતાં હતા ત્યાં કુંતાજીએ પોતાની આંખો પહોળી ખોલીને પૂછ્યું શું મારો ગોપાલ... મારો... નંદનંદન... મારા હૈયું, મારા... હૈયાનો હાર ! શું એણે પૃથ્વીને અનાથ કરી? અરે... કૃષ્ણ... કૃષ્ણ... અને જાણે કે એને શોધવા જતાં હોય એમ એ ચાલ્યાં ગયાં.

# અધ્યાય ૧૩

**પરીક્ષિતનો રાજ્યાભિષેક:**

કુંતાજી એ શ્યામસુંદરને માર્ગે જ પ્રયાણ કર્યું. નિર્જીવ દેહ પડ્યો રહ્યો. અર્જુન મોટેથી રડી પડ્યો, "ભાઈ, હું શું કહીશ? આપણે આપણી મા ખોઈ બેઠા છીએ." ધર્મરાજા પાસે જ ઉભા હતા. આ આઘાતથી તેઓ હલી ઉઠ્યા. એ માતાના દેહ નજીક સર્યા અને ધોળો પૂણી જેવો ચહેરો જોઈ પથ્થર જેવા સ્તબ્ધ થઈ ગયા.

દ્વાર બહાર ઊભેલી દાસીઓએ અર્જુનના શબ્દો સાંભળી, અંદર ખંડમાં નજર નાંખી, તો દેવી કુંતાજીનું શરીર ભૂમિ પર પડ્યું હતું. અર્જુનના ખોળામાં એમનું મસ્તક હતું. આંસુવાળી આંખે તેની સામે તે જોઈ રહ્યો હતો. મહેલની દાસીઓએ એક બીજાને કહી સમાચાર ફેલાવી દીધા. તેઓ અંદર દાખલ થયા અને અનુભવ્યું કે રાજમાતા તેઓને સદાને માટે છોડી ગયાં છે. આ આઘાતથી તેઓનું હૈયું ભાંગી ગયું અને બધા મોટેથી રડી પડ્યાં.

દરમ્યાનમાં બાજુનાં ખંડમાં રાણીઓને પણ સમાચાર મળ્યા. ક્ષણોમાં તો હસ્તિનાપુરમાં સમાચાર પ્રસરી ગયા. રાણીઓ દુઃખના ઉભરામાં છાતી કૂટતી આવી. અનંત દુઃખના વહેણમાં, મહેલવાસીઓ ખંડમાં ઊભરાવા લાગ્યાં. ભીમ, સહદેવ, નકુલ અને મંત્રીઓ દુઃખમાં ડૂબી ગયા.

હવામાં અકથ્ય ગમગીની છવાઈ ગઈ. કોઈને સાચું નહોતું લાગતું કે દેવી કુંતા, હજી થોડી ક્ષણો પહેલાં તો, ખૂબ આતુરતાથી અર્જુન પાસેથી દ્વારકાના સમાચાર સાંભળવા ઉત્સુક હતાં. એ આટલી બધી જલ્દીથી ચાલ્યા જાય! જેઓ આવ્યા ને આ જોયું, તેઓ મૌન અને સ્તબ્ધ થઈ ગયાં. દાસીઓના વિલાપ, રાણીઓનાં ડૂસકાં અને પુત્રોની વ્યથાએ પથ્થર હૃદય ને પણ પીગળાવ્યાં.

ધર્મરાજાએ સહુને આશ્વાસન આપ્યું અને હિમત આપી. તેમણે તેઓને દુ:ખમાં ન દબાઈ જવા કહ્યું. તેમણે આસું ન સાર્યા. તેઓ કઠણ થઈને ફરતા હતા. આથી એમના આત્મ સંયમ ઉપર બધા મુગ્ધ થઈ ગયા. મંત્રીઓ એમને મળ્યા અને કહ્યું, " હે રાજા તમારો અક્ષુબ્ધ સ્વભાવ અમને આપને માટેના અહોભાવથી ભરી દે છે. તમે તમારી મા ને પૂજતા અને તમારા પ્રાણની જેમ સાચવતા, કઈ રીતે તમારું હૃદયઆ મૃત્યુ આટલી ભવ્ય રીતે લઈ શક્યું ? તેઓના પ્રશ્ન અને મૂંઝવણપર ધર્મરાજા હસ્યા." મંત્રીઓ, માનાં મૃત્યુનો હું વિચાર કરૂ છું ત્યારે મને ઈર્ષા થાય છે. તેઓ બહુ નસીબદાર હતાં. શ્રીકૃષ્ણ સ્વધામ ગયાએ સાંભળતાં જ, તેઓ પણ આ દુનિયા છોડી ગયાં. ભગવાનના વિરહનાં દુ:ખનું શૂળ એમનાથી સહન ન થયું એટલે એ પોતે પણ એ જ પળે સ્વધામ ચાલ્યાં ગયાં.

અમે તો બહુ કમનસીબ છીએ. અમે તો એટલા એમની નજીક હતા અને અમે એમની પાસેથી એટલો બધો આનંદ મેળવ્યો છે. અમે એમની ચિર વિદાય વિષે સાંભળ્યું પણ તે છતાં યે અમે હજી જીવતા છીએ ! અમે દાવો કરીએ છીએ એવી ભક્તિ જો અમારામાં હોત, તો એમની જેમ આ સર્વનાશના સમાચાર સાંભળતાં અમારા શરીરો પણ મા ની જેમ ધ્રુટી ગયાં હોત. ધિક્કાર છે અમને! અમે તો આ ભૂમિ પર ભારરૂપ છીએ. અમારું સારું આયુષ્ય વ્યર્થ ગયું.

જ્યારે નગરજનોએ જાણ્યું કે શ્રીકૃષ્ણે આ દુનિયામાંથી વિદાય લીધી છે. એ સમાચાર સાંભળતા માતા કુંતાના પ્રાણ ચાલ્યા ગયેલ, ત્યારે તેઓ વધુ મોટેથી રડવા લાગ્યા, કારણ કે રાજમાતાની ખોટ કરતાં પણ શ્રીકૃષ્ણને ગુમાવ્યાનું દુ:ખ વિશેષ હતું. ઘણા અચાનક પાગલ જેવા થઈ ગયા, ઘણા પોતાના ઘરની દીવાલો પર માથાં પછાડવા લાગ્યા, તેઓ એકલતા અને લાચારી અનુભવતાં હતાં.

એ જાણે કે આગ પર પેટ્રોલ છંટાયા જેવું હતું. એ બે ઘડી ખોટની અસહ્ય વ્યથા ભોગવતા ટોળામાં માત્ર ધર્મરાજા શાંત આત્મા હતા. તેમણે રાણીઓને આશ્વાસન આપ્યું. બધાની સાથે તેમણે ધીમેથી પણ ટેકો મળે એમ વાતો કરી. તેઓને તેમણે કહ્યું કે માતાની ખોટનું દુ:ખ કરવું, તેમ જ પ્રભુની વિદાયનું દુ:ખ કરવું યોગ્ય નથી. દરેકને પોતાને માટે સુનિશ્ચિત માર્ગે જ જવાનું હોય છે. તેમણે કહ્યું, "બાકી માત્ર એટલું જ રહે છે કે આપણે કેવા યોગ્ય પગલાંથી આપણું ભાવિ પૂરું કરીએ છીએ."

ધર્મરાજાએ અર્જુનને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે, "અર્જુન! વ્હાલા ભાઈ ! ચાલો હવે આપણે ઢીલ ન કરીએ. માતાના અંતિમ સંસ્કાર હવે જલ્દી શરૂ કરીએ. આપણે પરીક્ષિતનો સમ્રાટપદે રાજ્યાભિષેક કરી નાંખવો જોઈશે અને આજે રાત્રે જ આપણે હસ્તિનાપુર છોડવું જોઈશે. એક પળ મને યુગ જેવી લાગે છે. ધર્મરાજામાં સંપૂર્ણ તટસ્થતા આવી ગઈ હતી, પણ અર્જુનમાં વૈરાગ્ય વધુ ઉભરાઈ રહ્યો હતો. તેણે પોતાના ખોળામાંથી માતાનું મસ્તક ઊચક્યું અને ભૂમિ પર મૂક્યું. તેણે નકુલ અને સહદેવેને પરીક્ષિતના રાજ્યાભિષેકની તૈયારી કરવા કહ્યું. રાજાએ અને કુમારોએ જે નિર્ણય લીધો હતો તેની વ્યવસ્થા માટે તેણે મંત્રીઓ, અધિકારી અને બીજાઓને સૂચનાઓ આપી, જરૂર એ બહુ જ કામમાં પડી ગયો હતો અને ભીમ માતાના અંતિમ સંસ્કારની વ્યવસ્થામાં પડી ગયો હતો.

મંત્રીઓ, નગરજનો, પુરોહિતો, ગુરૂઓ મહેલમાંની ઘટનાઓ અને તેમાંથી ઊભી થયેલ વિચિત્ર પરિસ્થિતિથી આશ્ચર્ય, દુ:ખ અને અહોભાવ અનુભવી રહ્યા હતાં. તેઓ દુ:ખ અને વિષાદમાં ડૂબી ગયા પણ આ બધું તેઓએ પોતાના મનમાં જ સમાવવું પડ્યું. તેઓને પણ તટસ્થતાનું મોજું સ્પર્શી ગયું. આશ્ચર્ય મુગ્ધ થઇ તેઓ બોલી ઊઠ્યા "અરે, તેઓનાં કાકા, કાકીએ, અચાનક રાજમહેલ છોડયો. આ આફત હજી માથે જ હતી ત્યાં, શ્રી કૃષ્ણની

ચિર વિદાયનો વજ્રઘાત થયો અને પછી તુરત માં ચાલ્યાં ગયાં અને હજી તો ઘરમાંથી તેમનું શબ લઈ જવાય છે, ત્યાં તો ધર્મરાજ રાજ્યાભિષેકની તૈયારી કરે છે અને સમ્રાટ પોતે ધન, સત્તા, મોભો, સામર્થ્ય સઘળું છોડીને ભાઈઓ સાથે વનવાસની તૈયારી કરે છે. બીજા કોઈમાં આવી તાકાત શક્ય નથી."

થોડી મિનિટોમાં તો અંતિમ સંસ્કાર થઇ ગયા. બ્રાહ્મણોને બોલાવ્યા, ધર્મરાજાએ બહુ સાદાઈથી રાજ્યાભિષેક વિધિ કરવાનું નક્કી કર્યું. આશ્રિત અને ખંડીઆ રાજાઓને આમંત્રણ આપવાનાં ન હતાં, તેમજ ઈન્દ્રપ્રસ્થમાંના સગાંઓ અને નગરજનોને પણ આપવાનાં ન હતા.

અલબત્ત, ભરત વંશમાં રાજાને રાજ્ય સિંહાસન પર બેસાડવાનો પ્રસંગ બહુ ભવ્ય રીતે ઉજવવાનો ચાલ હતી, ખૂબ કાળજી રાખી, મહિનાઓ અગાઉ શુભ તિથિ નક્કી કરવામાં આવતી અને ભવ્ય પાયા પર વિસ્તૃત તૈયારીઓ થતી, પણ અત્યારે તો મિનિટોમાં, જે કોઈ પાસે હતું અને જે કોઇ હતું તેનાથી તૈયારીઓ થઈ ગઈ. પરીક્ષિતને ઉત્સવ સ્નાન કરાવવામાં આવ્યું. રત્નજડિત મુગટ એને પહેરાવવામાં આવ્યો અને મંત્રીઓ અને બ્રાહ્મણો અને રાજ્યાસન પર લઈ ગયા. એ રાજ્યાસન પર બેઠો અને જ્યારે ધર્મરાજા રત્ન જડિત મુગટ, સ્વહસ્તે તેને માથે મૂકી રહ્યા હતા ત્યારે ખંડમાંના દરેક દુ:ખથી રડી પડ્યા. જે રાજ્ય સત્તા લોકોના આનંદ ઉદ્ગારો સાથે ધારણ કરવામાં આવતી, આ બાળકને એ પ્રસંગે ડૂસકાઓ અને હિબકાંઓનો સાથ મળ્યો.

પરીક્ષિત, તાજો જ તાજ નશિન થયેલો સમ્રાટ રડતો હતો, કેમ કે પોતાના શ્રેષ્ઠ પ્રયાસ છતાં પણ ધર્મરાજા કે જેણે તેને તાજ પહેરાવ્યો હતો તે પણ પોતાનાં આસું રોકી શક્તા ન હતા. આ પીડાકારક દુઃખથી સભાજનોનાં હૃદય ચીરાતાં હતાં. વિધાતાનાં બળને કોણ ખાળી શકે ? વિધાતા યોગ્ય કાર્ય, યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે, જે રીતે કાર્ય પૂર્ણ કરવું જોઇએ એ જ રીતે પૂર્ણ કરે છે. એની પાસે માણસ વિચારો કાંઇ નથી, તે તદ્દન નિરાધાર છે.

પરીક્ષિત સદ્ગુણી અને સારી રીતે ઊછરાયેલ બાળક હતો. બધાના ચહેરા પર ઢળેલી દુ:ખની છાયા તે જોઈ રહ્યો. મહેલમાંની બધી ઘટનાઓ અને બનાવોની તેણે નોંધ લીધી. તે સિંહાસન પર બેઠો હતો, કારણ કે  તેને હતું કે મોટાંઓની આજ્ઞા ઉથામવી ન જોઇએ, પણ ઓચિંતોએ ધર્મરાજાના પગમાં પડી ગયો અને ખૂબ દુઃખ સાથે વિનંતી કરવા લાગ્યો. "મારા પૂજ્ય! તમે જે કાંઈ ઇચ્છતા હશો તેને હું માન આપીશ અને એમ કરીશ. પણ મહેરબાની કરીને મને સાવ એકલો છોડીને ચાલ્યા જાવ માં" તેણે તેમના ચરણો છોડયા નહીં જેમણે આ કરુણ દેખાવ જોયો તે બધા રડી ઉઠયા. અરે કઠણમાં કઠણ પણ રડ્યા વિના ન રહી શક્યા. એ ભયંકર દુઃખ અને વ્યથાવાળી પળ હતી."

એ યુવક એના દાદા અર્જુનના પગમાં પડ્યો એ રડતાં રડતાં વિનવવા લાગ્યો, "દાદાજી! આ સામ્રાજ્યનો આવડો મોટો બોજો મારા માથા પર નાખી, તમે અહીંથી મનમાં શાંતિ લઈ કઇ રીતે જઇ શકશો? હું તો એક અબૂઝ બાળક છું, હું સાવ મૂર્ખ છું, હું અજ્ઞાન છું, મારામાં કોઈ લાયકાત નથી, હું આને માટે કાબેલ નથી. વીર, યોદ્ધાઓ અને શાણા રાજપુરુષોથી સેવાયેલ સામ્રાજ્યનો બોજ મારે માથે નાખી દઈ તમે વનમાં ચાલ્યા જાવ તે વ્યાજબી નથી. એમાં ન્યાય પણ નથી. કોઈ બીજાને આ જવાબદારી સોંપો. મને પણ તમારી સાથે જંગલમાં લઈ જાવ."

# અધ્યાય ૧૪

એ ખૂબ દયાજનક દ્રશ્ય હતું. માથે તાજ પહેરેલો નાનો પરીક્ષિત,પોતાના દાદા અને બીજાઓને પગ પકડીને આજીજી કરતો હતો કે એને પણ વનમાં સાથે લઈ જવામાં આવે, એ ખુશીથી કંદ,ફળ, મૂળ ખાશે અને ધાર્મિક ઉત્સવોમાં પોતાનો સમય ગાળશે અને આનંદ કરશે." મહેરબાની કરીને કોઈ સદ્‌ગુણી મંત્રીને સામ્રાજ્યની જવાબદારી સોંપો અને મને તમારી સાથે આવવાની રજા આપો, જેથી હું તમારી સેવા કરીને જીવન સાર્થક કરી શકું." એમ તેણે વિનંતી કરી. પાછળ રહી જવાનું એનું જે દુ:ખ હતું એ જોઈને ખંડમાંનાં અન્ય સહુની આંખમાં આંસુ આવી ગયા. એની વ્યથા સાંભળતાં કાળમીંઢ ખડક પણ પીગળી જાય તેવું હતું.

ધર્મરાજાએ ખૂબ કુશળતાથી તેની લાગણીઓને શાંત પાડી. એમણે તેને ઊંચકીને પોતાના ખોળામાં બેસાડ્યો અને તેના કાનમાં શાંત્વન અને હિંમત રેડી રહ્યા. "વહાલા બેટા! આવા નબળા મનના ન થઈએ. તું ભરત વંશનો બાળક છે. સિંહોના વંશમાં ઘેટું જન્મી શકે? તારા પિતા, માતા અને દાદાઓ હિંમતથી ભરેલા છે. સત્યના વીર સાધકો તરીકે તેમણે પોતના નામ દુનિયામાં પ્રખ્યાત કર્યા છે. એથી આમ રડવું તારે માટે યોગ્ય નથી. હવે પછીથી આ બ્રાહ્મણોને તું તારા માતા પિતા અને દાદાઓ જેવા સમજજે. તેઓની સલાહ લેજે અને એ પ્રમાણે આ ભૂમિ પર રાજ્ય કરજે.તારા નામને યોગ્ય ભવ્યતા અને કીર્તિ' મેળવવા પાત્ર બની રહે. અમારે વિશે વિલાપ કરવો બંધ કર."

વડીલોની આગ્રહભરી શિખામણ છતાં, બાળક પ્રેમથી પોતાની વાતને વળગી રહ્યો. એણે વિલાપ કર્યો. "દાદા! મારી વાત ગળે ઉતરાવવા માટે હું વધુ પડતો નાનો છું. હું તે જાણું છું. પણ સાંભળો, મારા જન્મનાં પહેલા તો મેં મારા પિતા ગુમાવ્યા. તેઓ જો જીવ્યા હોત તો જે પ્રેમ મને આપત, એ કાળજી અને પ્રેમ તમે મારા પર વરસાવ્યાં અને હવે જ્યારે મને મારા મિત્રો સાથે રમવું, હરવું, ફરવું, ગાવું ગમે છે, ત્યારે તમે મારે માટે આ મહાન સામ્રાજ્યની જવાબદારી લાદો છો . આ શું સારું છે ? એમાં ન્યાય છે ? આ દુ:ખના દરિયામાં મને એકલો છોડવાને બદલે તમારી તલવારથી મારું માથું જુદું કરીને જ જાઓ. અરે ! મેં તમને શું નુકશાન કર્યું છે? કે તમે મને આવી સજા કરો છો ? મારા પિતા મૃત્યુ પામ્યા ત્યારે તમારે મારી માના ગર્ભમાં જ મારો નાશ કરવો હતો ને ? શું મારા મૃત ગર્ભને સંજીવન આ કાર્યભાર ખેંચવા આપવામાં આવ્યું?. આ રીતે આ ઢબે પરીક્ષિત પોતાના દુર્ભાગ્યને ક્યાંય સુધી નિંદ્યાં કર્યું.

અર્જુન એ વધુ વખત ન સહી શક્યો. તેણે છોકરાનું મોં હથેળીથી દાબી દીધું. અને મધુર સ્નેહે તેને વહાલ કરવા લાગ્યો. તેણે પોતાના હોઠ તેના કપાળે ચાંપ્યાં. "બેટા! એક બાયલાની જેમ તું વર્તે, તે ક્ષત્રિય કુળ માટે નામોશી ભર્યું છે. અમે પણ અમારા પિતા ગુમાવ્યા હતા.અમે પણ સાધુઓ અને મુનિઓની સંભાળ નીચે ઉછર્યા હતા અને છેવટે

અમે અમારા કાકાનો પ્રેમ જીતી શક્યા અને અનેક ઉલ્લંઘનીય મુશ્કેલી ઓળંગી, પછી અમે આ સામ્રાજ્ય પર અમારું સમ્રાટત્વ સ્થાપી શક્યા છીએ અને આ બધામાં જેણે અમારી રક્ષા કરી, અમને માર્ગદર્શન આપ્યું અને એક એક પગલું સૂઝાડ્યું એ ચોક્કસ તારી પણ રક્ષા કરશે અને તને માર્ગદર્શન આપશે. હિંમત હાર મા. થોડા વર્ષ આ મંત્રીઓ અને બ્રાહ્મણો સલાહ આપે તેને અનુસર પછી સામ્રાજ્યના પ્રશ્નો તું તારી મેળે સ્વતંત્ર્ય પણે ઉકેલી શકીશ."

પરીક્ષિતને શાંત ન કરી શકાયો. તેણે કહ્યું,' દાદા! અત્યારે તમે રાજ્યાસન અને સામ્રાજ્ય છોડી મારે માથે મૂકી રહ્યા છો, વારૂ તો મારી સાથે થોડા વધુ વર્ષ રહો. મને રાજ્ય ચલાવવાના સિધ્ધાંતો અને કળા શીખવો અને પછી તમે જઇ શકો છો. મેં મારા પિતા ગુમાવ્યા છતાં હું જરા પણ ચિંતા વિના આમથી તેમ હરતો-ફરતો હતો અને મુક્ત અને સુખી હતો કારણ કે મને વિશ્વાસ હતો કે મારા દાદાઓ  મારી સંભાળ રાખી રહ્યા છે. હવે જો તમે પણ મને છોડી જાવ તો મારૂ શું થાય? મારી આશાઓનું કેન્દ્ર તમે છો. તમારા ટેકા પર મેં ભરોસો રાખ્યો છે અને તમે મને ઓચિંતા દુ: ખમાં ડૂબાડી રહ્યા છો અને મને છોડી જઈ રહ્યા છો. " એ મોટેથી રડી પડ્યો. એ સાંભળનાર અને જોનારના હૃદય પીગળી રહ્યાં. તે જમીન પર આળોટી પડ્યો. તેણે વડીલનાં ચરણો પકડી રાખ્યા.

અર્જુને બન્ને હાથ પકડી તેને બેઠો કર્યો અને તેને ભેટ્યો. એને પોતાના ખભા પર બેસાડ્યો, એને વહાલ કર્યું. એના ગાલ પર પ્રસરેલા આંસુના રેલાઓ તેણે લૂછી નાંખ્યા એમ કરતાં એ પોતાનાં આંસુઓ ન ખાળી શક્યો. આજુબાજુ ઊભેલા અને આ બધું તાકી રહેલા બ્રાહણો તરફ એ ફર્યો. અર્જુને તેઓને પૂછ્યું કે શા માટે તમે મૂક સાક્ષી બની રહ્યા છો ? અને આ છોકરાને આશ્વાસન આપવાને પ્રયત્ન કેમ કરતા નથી ?

તેઓ ખરેખર દુ:ખથી પોતે જ એટલા બધા ભરેલા હતા કે પરીક્ષિતને આશ્વાસન આપવાનો વિચાર જ ન કરી શકે. તેઓએ કહ્યું, "આ બાળકનાં તીક્ષ્ણ વાક્યો અમને તીરની જેમ વીંધે છે. તેનું દુ:ખ જોઇને અમે સ્તબ્ધ થઇ જઇએ છીએ. અમે એને શું કહી શકીએ? હવે એનામાં શેનાથી હિંમત પૂરીએ ? "તેઓ પણ દુ:ખથી લેવાઈ ગયા.

કુળના આચાર્ય, કૃપાચાર્ય આખરે પોતાના દુ:ખ ઉપર કાબૂ મેળવવામાં સફળ થયા. પોતાના વસ્ત્રના છેડાથી એમણે પોતની આંખો લૂછી. તેઓ આ પ્રમાણે અર્જુનને કહેવા લાગ્યા, "અમે આ બાળકને શું કહીએ એમ આપ ઈચ્છો છો. અમને કંઇ કહેવું ગમતું નથી. અમારી વાણી હરાઈ ગઈ છે. આજે તમે આ સામ્રાજ્ય છોડી રહ્યા છો, જે જીત મેળવી તમે પ્રાપ્ત કર્યું હતું, જેને માટે લોહીની નદીઓ વહી હતી, જેને માટે લાખો મનુષ્યોએ પોતાના પ્રાણ અર્પેલા, જેની પાછળ તમે તમારું ઘણું બધું આયુષ્ય અર્પી દીધેલું. તેની ઉપર તમે હજાર વર્ષ પણ રાજ્ય કર્યું નથી. અરે ! એકાદ સૈકો પણ રાજ્ય કર્યું નથી ! અરે માત્ર સિત્તેર વર્ષ જ ! કાળના ગર્ભમાં શું રહેલું છે તે કોણ જાણી શકે? અલબત્ત મોટાંનાં કાર્યો પાછળ

કોઈક આંતરિક હેતું હોય છે. માફ કરજો, તમે અમારા પ્રભુ છો. સૌથી સારું શું છે તે તો તમે જાણો." દુ:ખના ભારે કૃપાચાર્ય નત મસ્તકે ઊભા રહ્યા.

ધર્મરાજાએ થોડાં ડગલાં આગળ આવી કૃપાચાર્યને સંબોધવું શરૂ કર્યું. "તમે જાણો છો તેમ મારાં દરેક કાર્ય શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે થયાં છે. મેં મારા બધાં કર્મો એમને અર્પણ કરેલ છે, એમની સૂચના પ્રમાણે મેં મારો પાઠ ભજવ્યો. મારું કોઈ વ્યક્તિત્વ નથી. મારે કાંઈ ઈચ્છા નથી. પ્રભુના ચાલ્યા ગયા પછી મારાં બધાં ઋણ અને મારી બધી ફરજો ગૌણ બની જાય છે. હવે એકલા ધર્મરાજના અસ્તિત્વની શી જરૂર છે? જ્યારે કલિનો ઉદય થઈ ચૂકયો છે ત્યારે આ ભૂમિ પર હું એક પળ માટે પણ ન રહી શકું. હવે તમારી એ ફરજ છે કે આ બાળકનું રક્ષણ કરવું. એને માર્ગદર્શન આપવું અને એવી તાલીમ આપવી કે એ આ રાજ્યાસન પર સ્થિર રહે. ધર્મને વળગી રહેવાનું ચાલુ રાખજો. વંશની પરંપરા જાળવજો. કુળના માન અને આબરૂ જાળવજો. તમારા પોતાના પુત્રની જેમ તેને પાળજો પોષજો." એમ કહીને એમણે પરીક્ષિતના હાથ કૃપાચાર્યના હાથમાં મૂક્યા. એ પળે ધર્મરાજા અને કૃપાચાર્ય સહિત જેઓ હાજર હતા તે બધાએ આંસુ વહાવ્યા.

થોડી પળોમાં વ્રજને બોલાવવામાં આવ્યો. એને સમાચાર આપવામાં આવ્યા કે આજથી ભારતનો સમ્રાટ પરીક્ષિત છે, એટલે વ્રજ ભૂમિના સમ્રાટને છાજે તેવી અંજલી તેને આપી. મંત્રીઓ અને બ્રાહ્મણોએ પણ તેને પોતાના રાજા તરીકે ઉચિત માન આપ્યું. તે પછી ધર્મરાજાએ તેના હાથ પર વ્રજના હાથ મૂકીને જાહેર કર્યું." આ વ્રજ, યાદવોના સ્વામીને, હું સૂરસેનના રાજ્ય, મથુરાના રાજા તરીકે સ્થાપું છું. " એમણે વ્રજના માથા પર રત્નજડિત સોનાનો મુગટ મૂક્યો" તમે બન્ને ભાઈઓની જેમ રહો. યુદ્ધ અને શાંતિમાં અતૂટ મૈત્રીથી તમે બંધાઈ રહો. " એમણે આગ્રહ કર્યો, તેમણે વ્રજને એક બાજુ બોલાવ્યો અને તેને પરીક્ષિતને પોતાના સગા કાકાની જેમ ગણવા શિખામણ આપી અને એમણે પરીક્ષિતને શિખામણ આપી કે એણે વ્રજને, અનિરૂદ્ધ જેટલું જ માન આપવું તેમણે તેઓ બંનેને ધર્મનું સાતત્ય. જાળવવા તથા પોતાની પ્રજાઓનાં કલ્યાણને પ્રાણસમ ગણવા કહ્યું.

પછી પાંડવભાઈઓએ વ્રજ અને પરીક્ષિતને માથે મંગલ અક્ષતની વર્ષા કરી બ્રાહ્મણો અને પુરોહિતોએ યોગ્ય મંત્રોચ્ચાર કર્યા મંગલ વાજિંત્રો વાગ્યાં. આંખમાં આંસુ સાથે વ્રજ અને પરીક્ષિત ધર્મરાજ અને બીજાઓને પગે પડ્યા. પાંડવભાઈઓ આ બે વહાલા ભાઈઓના ચહેરા સામે ન જોઈ શક્યા. તેઓ એટલા બધા વૈરાગ્યરત હતા કે તેઓ પહેરેલ વસ્ત્ર સિવાય કાંઈ પણ લીધા વિના, અનંતની યાત્રાએ નીકળી પડ્યાં. પહેલાં તેઓને ઝડપી આલિંગન આપ્યું અને વિદાયનો પ્રેમાળ શબ્દ કહ્યો.

આ વખતે, સગાં, સંબંધી, નગરજનો, રાણીઓ અને નગરજનો, દરબારીઓ અને દાસીઓ સહુએ કરુણ આક્રંદ કરી મૂક્યું. નગરજનો રસ્તામાં આડા પડી રાજાના ચરણ

પકડવા  લાગ્યા. તેઓએ આજીજી કરીકે  તેમણે રોકાઇ જવું જોઇએ. તેઓએ પોતાને પણ સાથે લઇ જવા તેમને વિનંતી કરી. કેટલાક બધી વસ્તુની અવગણના કરીને આ રાજવી યાત્રીઓ પાછળ ચાલ્યા. જો કે પાંડવો પાછા ન ફર્યા. તેઓ એક શબ્દ પણ ન બોલ્યા. તેઓએ બધી આજીજીઓ સામે પોતાના કાન બંધ કરી દીધા હતા. તેઓનાં મન કૃષ્ણ પર સ્થિર થઇ ગયાં હતા. કોઈને જોયા વિના, કાંઈ જોયા વિના, કોઈ પાગલ નિર્ણયથી અંધ બની ગયેલ માણસો જેમ તેઓ પછી સીધા આગળ જ વધી રહ્યા.

દ્રોપદી, દાસીઓ સહિત પાછળ દોડતી આવી અને એક પછી એક પોતાના સ્વામીઓને નામ લઈ બોલાવવા લાગી. પરીક્ષિત પણ શેરીઓમાં તેઓને અનુસર્યો, પણ તેને પકડીને મંત્રીઓ પાછો લઈ આવ્યા અને શાંત પાડવા લાગ્યા, જો કે તેઓ પોતે જ બહુ વ્યથિત હતા, પણ પાંડવો તો જે અનુસરતા હતા તેને અટકાવતા ન હતા તેમજ જેઓ સાથે આવવા માગતા હતા તેને મંજુરી પણ આપતા ન હતા, અવિચળ રીતે ચાલ્યા જતા હતા. જ્યારે ખૂબ થાકી ગયા ત્યારે સેંકડો સ્ત્રી પુરૂષો અટક્યાં અને દુઃખ કરતાં કરતાં રાજધાનીમાં પાછા ફર્યા. બીજાં જેઓ ખડતલ હતાં તે આગળ ગયાં. તાપ અને પવનથી નહિ ટેવાયેલ ઝનાનાની સ્ત્રીઓ પહેલાં થાકી ગઈ. તેઓ રસ્તા પર બેભાન થવા લાગી. ભયંકર બનાવોનો શોક કરતી દાસીઓ તેઓની આસનાવાસના કરવા લાગી. કેટલાકે વન સુધી જવાનું સાહસ કર્યું પણ જંગલની ભયાનકતાનો સામનો ન થતાં તેઓને પાછા ફરવું પડ્યું. જ્યારે ધૂળનો વંટોળ આવ્યો ત્યારે ઘણા નગરજનોએ એ ધૂળ ધર્મરાજાની ચરણરજમાની માથે ચડાવી. આમ ઝાડ અને પાલા વચ્ચેથી તુરત તે ભાઈઓ દેખાતા બંધ થઇ ગયા. પછી લોકો શું કરી શકે? અસહ્ય દુઃખ સાથે ભારે હૈયે તેઓ હસ્તિનાપુર પાછા ફર્યા.

પાંડવોએ મહાપ્રસ્થાનની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રતિજ્ઞામાં તેઓએ મૃત્યું થતાં ન પડી જાય ત્યાં સુધી ખાધા પીધા વિના ઉત્તર દિશામાં આરામ લીધા વિના સીધા ચાલ્યા જ કરવાનું હોય છે. આ પ્રતિજ્ઞાને તેઓ ચુસ્ત અને મક્કમપણે વળગી રહ્યા.

# અધ્યાય-૧૫

કેવળ શ્રમથી તેઓનાં શરીર પડીને આ દુન્યવી કારકીર્દિ પૂરી થાય, એ પળની પ્રતિક્ષામાં પાંડવો સીધી દ્રષ્ટિ રાખી પોતાની યાત્રામાં આગળ ધપી રહ્યા હતાં. તેઓના હૃદય  કૃષ્ણ કેન્દ્રિત ઊર્મિઓથી ભરેલાં હતાં. તેમની મસ્તી, તોફન, તેમની ભવ્યતા અને કીર્તિ એ બધાંને લીધે તેઓનાં મનમાં બીજી કોઈ ઊર્મિ કે વિચારને પણ અવકાશ ન હતો. તેઓની રાણી દ્રોપદી ઘણે સુધી પાછળ ઘસડાઈ પણ આખરે તે આગળ ડગ ભરવા અશક્ત બની, પણ તેના પતિઓ પાછા ન ફર્યા, તેણે વિનંતી કરી છતાં તે ન ફર્યા . એ પોતે પણ બુધ્દ્ધિશાળી અને ભક્ત હોવાથી સમજી શકી કે કેવી અપ્રતિહત પ્રતિજ્ઞાથી તેઓ બધ્દ્ધ હતા. તેણે નક્કી કર્યું કે તેઓની સાથે જે બંધનથી અત્યાર સુધી તે બંધ રહી હતી તે ઢીલું થયું છે અને પોતાના અંતને હવે ભેટવાનું છે. તે બેભાન થઈ પડી ગઈ. કૃષ્ણમાં પોતાનું મન સ્થાપી તેણે છેલ્લો શ્વાસ લીધો.

પાંડવો પણ ચૂસ્ત શિસ્તપૂર્વક ચાલતા રહ્યા અને યથા સમયે અને સ્થળે જ્યાં જેનું શરીર પડવાનું હશે, ત્યાં સહું અલગ અલગ રીતે પોતાનો અંત પામ્યા. શરીર ધૂળમાં મળી ગયાં પણ આત્મા શ્રીકૃષ્ણમાં ભળી ગયો. શ્રીકૃષ્ણના અમર તત્ત્વમાં ભળી જઈને તેઓ પણ અમરત્વ પામ્યા.

**પાંડવોનો અમલ :**

ભારતના રાજ્યાસન પરથી, પરીક્ષિતે, ન્યાય અને નીતિના સિધ્દ્ધાંતોને વળગી રહી રાજ્ય કર્યું.પોતાની પ્રજાઓનું પ્રેમથી લાલન પાલન કર્યું અને માતાપિતા જેવા પ્રેમ અને વાત્સલ્યથી અનિષ્ટો સામે તેઓનું રક્ષણ કર્યું. એ જે કાંઇ કામ હાથમાં લેતો તેમાં પગલે પગલે, શ્રીકૃષ્ણ અને પોતાના દાદાઓનું સ્મરણ કરી તેને સફળતા મળે તે માટે તો તે સવાર સાંજ તેને સદ્દગુણના સાચા માર્ગે દોરવા પ્રાર્થના કરતો, તેને લાગતું કે જાણે તે પોતે લોકોનું હૃદય  અને તેઓ તેનું શરીર છે.

એના રાજ્યમાં રખે ચોરીનું આળ આવે એ બીકે પવન પણ કોઈ વસ્તુને ખસેડતો નહી. ચોરોની રજ માત્ર બીક ન હતી અને  અન્યાય, અનીતિ કે બદ ઈરાદા પણ લેશમાત્ર ન હતા. તેથી તેના અમલને ખૂબ ખ્યાતિ મળી હતી. જરા પણ દુષ્ટતાની નિશાની જોતાં પરીક્ષિત આકરી સજા કરતો અને તેના નિવારણનાં પગલાં ભરી તેને નિશ્ચિત રીતે દાબી દેતો, જ્યારે ધર્મનું પ્રેમ અને માનથી લાલન પાલન થતું હતું. તેથી પ્રકૃતિ પણ માયાળું બની હતી. વરસાદ સમયસર આવતો. સમૃધ્દ્ધ અને ઉત્તમ પાક પાકતા. ધાન્યના ભંડારો પૂર્ણ રહેતા. લોકો સુખી, સંતોષી અને નિર્ભય હતા.

જ્યારે આમ કાળજીપૂર્વક પરીક્ષિત સામ્રાજ્યની સંભાળ રાખી રહ્યો હતો ત્યારે તેના વંશના ગુરૂઓ અને મંત્રીઓ એ સાથે મળીને રાજાને, યોગ્ય સાથી ગોતી ગૃહસ્થાશ્રમી

થવાની વિનંતી કરવાનું નક્કી કર્યું. એ પ્રમાણે તેઓએ પ્રાર્થના કરી. જ્યારે તે અનુકૂળ થયો, એટલે તેઓએ તેના મામા, વિરાટ વંશના ઉત્તર પાસે તેની પુત્રીના હાથની માંગણી કરી. આ માંગણીથી આનંદ થયાના સમાચાર વિરાટ ગયેલા બ્રાહ્મણો લાવ્યા અને પુરોહિતોએ નક્કી કરી આપેલ શુભ તિથિએ અને ઘડીએ પરીક્ષિત અને ઉત્તરપુત્રી ઈરાવદીનાં લગ્ન ઠાઠમાઠથી થઈ ગયા.

રાણી ઈરાવદી મહાન સાધ્વી સ્ત્રી હતી. તે અતિશય સત્ય પ્રેમી અને પરમ પતિ વ્રતા હતી. જ્યારે રાજ્યમાં કોઈ પણ દુ:ખમાં હોય એમ એ સાંભળે ત્યારે તેને દુ:ખ થતું. જાણે કે એને પોતાની પર આફત આવી પડી હોય એવું લાગતું. રાજધાનીની સ્ત્રીઓ સાથે તેમના જેવી બની અને તેઓની આશાઓ અને આકાંક્ષાઓથી પરિચિત થતી. તે તેઓને ઉત્સાહ અને આશ્વાસન બન્ને પૂરાં પાડતી. ઉદાહરણ અને ઉપદેશથી તે તેઓમાં સદ્ગુણોનો વિકાસ અને સંવર્ધન કરતી. સારા ચરિત્રના વિકાસ અને રક્ષણ માટે તેણે સંસ્થાઓ સ્થાપી. તેનામાં મિથ્યાભિમાન ન હતું તેથી બધી કક્ષાની સ્ત્રીઓને તે પોતાની પાસે આવવા દેતી. તે બધાને માન આપતી. તે ધૈર્ય અને ત્યાગની દેવી હતી. બધા તેને સાક્ષાત અન્નપૂર્ણાનો અવતાર માનતા.

આ રાજા રાણીના અમલમાં સ્ત્રી, પુરૂષો, સુખમાં શાંતિથી રહેતાં, અછત બેઠેલી નહીં. પરીક્ષિતે લોકના ઉત્કર્ષ માટે અને વૈદિક ક્રિયાકાંડો કરવા ઈશ્વરનાં અનેક નામ અને સ્વરૂપની ઘરમાં અને મંદિરોમાં પૂજા થાય તેવી તેણે વ્યવસ્થા કરેલી અને એવા બીજા પ્રયત્નોથી તેણે પ્રજાના હૃદય માં ઈશ્વર તરફનો પ્રેમ અને શ્રદ્ધા સ્થાપ્યાં હતા. તેણે એવા ઉપાયો લીધાં કે જેથી જંગલમાં વસતા ઋષિ મુનિઓ અને ત્યાગીઓ શાંતિ અને સુમેળથી રહી શકે. તેઓના એકાંત વાસમાં તેઓનું પ્રાણીઓ અને માણસોથી રક્ષણ કરતો હતો. તે તેઓને આત્મસંયમના નિયમો શોધવા આગ્રહ કરતો. તેઓની સહીસલામતીનાં પગલાંઓનું તે જાતે નિરીક્ષણ કરતો.

ઈશ્વર અને પાર્વતી જેવી રીતે વિશ્વ ઉપર માત પિતા જેવાં સ્નેહ અને સંભાળથી રાજ્ય કરે છે, તેવી જ રીતે પરીક્ષિત અને ઈરાવદી પોતાના રાજ્યમાં રાજ્ય કરતાં હતાં. થોડા સમયમાં, રાણી સગર્ભા હોવાના સમાચાર પસર્યા અને તે સાચા ઠર્યા, આથી તેની પ્રજા ચૌટે અને ચોકે ઈશ્વરને પ્રાર્થના કરી કે રાણીને બધા સદ્ગુણો વાળો અને દ્રઢ ચારિત્ર્યવાળો, વળી ધર્મમાં દ્રઢ પ્રીતિ વાળો અને પૂર્ણ આયુષ્યવાળો પુત્ર અવતરે. એ યુગમાં પ્રજાઓ પોતાના રાજાને એટલી બધી ચાહતી કે તેના આનંદ માટે તેઓ પોતાનાં સુખોનો ત્યાગ કરતા અને રાજા પણ પોતાની પ્રજાનું પોતાની આંખની કીકી જેમ રક્ષણ કરતો.

વંશ વિસ્તારનાર બાળકના આગમનના શુભ શક્યતાથી પ્રજામાં પ્રગટેલ ઉત્સાહ વિશે પરીક્ષિતે જાણ્યું-સાંભળ્યું. પોતાની પ્રજા કેટલા ગાઢ પ્રેમથી પોતાને ચાહે છે એ જ્યારે

તેણે અનુભવ્યું ત્યારે તેની આંખમાં હર્ષાશ્રુ ઉભરાઈ આવ્યાં, તેને લાગ્યું કે આવા પ્રેમનું મૂળ તેના દાદાઓ તથા શ્રીકૃષ્ણની કૃપાનો પ્રસાદ છે.

પરીક્ષિત કોઈ દિવસ પોતાના લોકોના પરમ હિતની વાતમાંથી જરાયે ચલાયમાન થતો ન હતો. આ મહાન કાર્ય માટે તે પોતાના ગમાં, અણગમાની પરવા કરતો નહીં. આમ આ રાજા પ્રજાને એક સાથે બાંધી રાખનારૂં તત્ત્વ બહુ ઊંચી પવિત્ર કક્ષાનું હતું, તેથી લોકો કહેતા કે સ્વર્ગ કરતાં તેમને તેમનું રાજ્ય વધુ વહાલું હતું.

દરમ્યાન એક શુભ  દિવસે પુત્રનો જન્મ થયો અને આખી ભૂમિ કોઈ અકથ્ય આનંદમાં ડૂબી ગઈ. સાધુઓ વિદ્વાનો અને રાજપુરૂષોએ પોતાની શુભેચ્છાઓ અને આર્શીવાદો રાજાને પાઠવ્યા. તેઓએ કહ્યું કે રાજ્યમાં નવા પ્રકાશનો ઉદય થયો છે. જ્યોતિષીઓએ પોતાની પોથી ખોલીને તેનું ભવિષ્ય ભાખ્યું કે તે વંશ આબરૂમાં વૃદ્ધિ કરશે, તેના પિતાની નામના વધારશે. અને પોતાની પ્રજાનો આદર અને પ્રેમ જીતશે.

પરીક્ષિતે કુલ ગુરૂને મહેલે બોલાવ્યા અને પુરોહિત બ્રાહ્મણોની પણ સલાહ લીધી અને બાળકના નામકરણ સંસ્કાર માટેની તિથિ જોવરાવી અને એ પ્રમાણે એક ભવ્ય મહોત્સવમાં બાળકનું નામ જન્મેજય પાડવામાં આવ્યું. રાજાના બ્રાહ્મણ સલાહકારો મુખ્ય એવા કૃપાચાર્યની સલાહથી જે બધા હાજર હતા તે બ્રાહ્મણોને કીંમતી બક્ષિશો આપવામાં આવી. સોનાથી શિંગડા અને ખરીઓ શણગારેલી અસંખ્ય ગાયો દાનમાં આપવામાં આવી અને દિવસને અંતે બધાને ધરાઇને જમાડવામાં આવ્યા. જ્યારે ધર્મરાજા અંતિમયાત્રાએ નીકળી પડેલા ત્યારે તેમણે નાના બાળકની (પરીક્ષિતની) કૃપાચાર્યને ભાળવણી કરેલી અને કૃપાચાર્ય તેને એક સાચા વિશ્વાસુની જેમ સલાહ આપતા હતા. અને તેને રાજકાજમાં તાલીમ આપતા હતાં, જેમ તે મોટો થતો ગયો તેમ આ સહારો વધુ ફળદાયી નીવડ્યો. રાજા ભાગ્યે જ તેની સલાહથી જુદા પડતો. એ  હંમેશાં તેની સલાહ લેતો અને માનપૂર્વક તેને અનુસરતો. તેથી રાજ્યના ઋષિઓ અને સાધુઓ તેની તંદુરસ્તી અને તેના લાંબા આયુષ્ય માટે પ્રભુને પ્રાર્થના કરતા અને તેઓ લોકોની સુખાકારીના વખાણ કરતા અને રાજા તેઓના કલ્યાણ ની ચિંતા રાખતો.

પરીક્ષિત પૃથ્વીના રાજાઓનો એ અધિપતિ હતો, કારણ કે મહાન પુરૂષોના તેણે આર્શીવાદ મેળવ્યા હતા. ડાહ્યા પુરુષોની શિખામણ પ્રાપ્ત કરી હતી અને તેની પર પ્રભુની કૃપા હતી.પોતાની લાંબી વિજય યાત્રાઓને અંતે, તેણે ગંગા કિનારે આવી પડાવ નાખ્યો ને ત્યાં દીગવિજય મહોત્સવ ઉજવવા નિમિત્તે, સંપૂર્ણ વિધિ સાથે તેણે ત્રણ અશ્વમેધ યજ્ઞ કર્યા. માત્ર ભારતના એક છેડા થી બીજા છેડા સુધી નહી પણ તેની એ પેલે પાર ઘણા દેશોમાં તેની કીતિ ફેલાઈ. બધાયે તેને ભરત રાજ વંશના એક મહાન રત્ન તરીકે બિરદાવ્યો, કોઈ રાજ્ય એવું ન હતું કે જેણે તેની ધૂંસરી ન સ્વીકારી હોય. કોઈ રાજા તેની અવગણના કરતો નહીં. કોઈ રાજા કે પ્રજાને નમાવવા તેને લશ્કરને મોખરે રહી કૂચ કરવી

પડી ન હતી. બધાયે તેની તાબેદારી સ્વીકારવા તત્પર હતા. સમગ્ર પ્રજા અને સમગ્ર ભૂમિનો એ સમ્રાટ હતો.

કૃષ્ણનો કાળ પૂરો થતાં, દુષ્ટતા અને દુર્ગુણોનું સ્વરૂપ કલિનો પ્રવેશ થઇ ચૂક્યો હતો. તેથી અવાર નવાર તે પોતાની ઝેરી ફેણ ફુત્કારતો હતો.પણ પરીક્ષિત સજાગ હતો. કલિની યુક્તિ પ્રયુક્તિ અને વ્યુહરચનાને નિષ્ફળ કરવાના  વળતાં પગલાં લેતો. તેના રાજ્યમાં ઠેર ઠેર તેને પોતાના વડાઓનાં પગલાં, તેમણે દાખલ કરેલા સુધારાઓ રૂપે, કે તેમણે સ્થાપેલ સંસ્થાઓ રૂપે જોવા મળતાં. જ્યારે પ્રસંગ ઉપસ્થિત થતો ત્યારે તે પોતાની પ્રજાને તેઓનું ઉમદાપણું અને તેઓની આકાંક્ષાઓ વિશે કહેતો. તે તેઓને કૃષ્ણ અને તેના કૃપા પ્રસાદની વાતો કરતો. જ્યારે આવી બધી વાતો તે તેઓને કહેતો ત્યારે આભાર અને પ્રેમનાં આસુંથી તેની આંખો ઉભરાતી. કૃષ્ણ અને પાંડવોના પડખામાં ઉછરવાની પોતે તક ગુમાવ્યાની તીવ્ર વેદના તે અનુભવતો.

તેણે જાણ્યું કે પોતાના સામ્રાજ્યમાં કલિએ પ્રવેશ કર્યો છે અને પોતાની પ્રજાના મન પર તે પ્રભાવ પાડવા માગે છે. જ્યારે તેની પ્રવૃત્તિઓની તેને જાણ થઇ ત્યારે તેણે વડીલો અને પોતાના ગુરૂઓના સક્રિય સહકારથી કે બીજા પ્રેરિત પ્રવૃત્તિઓના પ્રતિકાર માટેના ખાસ કાયદાઓ ઘડ્યા. જ્યારે વડીલોએ એવું કહ્યું કે દુષ્ટતા ગુન્હારૂપે પ્રગટ થાય ત્યારે જ તેનો સામનો કરવો. ત્યારે તે, પોતાની પ્રજાને દોરવા ઈચ્છતો હતો. " યથા રાજા તથા પ્રજા" (જેવો રાજા તેવી પ્રજા) એવી કહેવત જ છે એમ તે કહેતો, તે જાહેર કરતો હતો, કલિ કે દુષ્ટ તત્ત્વ, રાજાની અણઆવડતથી કે પ્રજામાંનાં આત્મવિશ્વાસના અભાવથી અથવા પ્રભુની કૃપા પ્રાપ્ત કરવામાં પ્રમાદ કરવાથી ફૂલેફાલે છે. આ ત્રણ તત્ત્વથી કલિનો પ્રભાવ ફેલાય છે. પોતાની દુષ્ટતાનો ભોગ તેના સિવાય માનવી બનતો નથી. આ જાગૃતિ સાથે પરીક્ષિત, દિવસ અને રાત, પોતાના રાજયમાં ફર્યા કરતો અને શોધી શોધીને પોતાના સ્થાનોમાંથી કલિને હાંકી કાઢતો, એટલે કે અન્યાય, બળજબરી, દુશ્ચરિત્ર, અસત્ય, હિસા વગેરેને રહેવા તેણે ઠામ, ઠેકાણું રહેવા દીધું ન હતું. આ બધું રોકવાની તેની યોજનાઓ સફળ થઇ હતી. પોતાના સામ્રાજ્યમાં તેને એટલી બધી શાંતિ હતી કે તેણે ભદ્રાશ્વ, કેઠુંમાલા, ઉત્તરકુરૂ અને હિપુરૂષ પ્રદેશમાં પણ પ્રસાર કર્યો.

# અધ્યાય -૧૬

જ્યારે જ્યારે મહારાજા પરીક્ષિત કોઈ પણ પ્રદેશની મુલાકાત લેતા ત્યારે ત્યાંના શાસન કર્તા કે રાજા ઉત્સાહથી લશ્કરી અને સામાજિક માન આપી સત્કારતા. તેઓએ જાહેર કર્યું હતું કે જે પ્રકારની સેવા તે તેમની પાસેથી માંગશે, તે તેઓ તેને ખૂબ વફાદારીપૂર્વક પૂરી પાડશે. પરીક્ષિતે કહ્યું કે તેને તેમની કોઇ સેવાની જરૂર નથી, માત્ર તેમને ભરોસે જે પ્રજા સોંપવામાં આવી છે તેના સુખ સમૃધ્ધિની વૃધ્ધિની તે તેઓ પાસેથી આશા રાખે છે. કોઈપણ આફત સામે બ્રાહાણો અને સ્ત્રીઓની રક્ષા કરવાની તેણે તેઓને ખાસ ભલામણ કરી. પોતાના શાસન પ્રદેશમાં ઈશ્વર ભક્તિની વૃધ્ધિ માટે પ્રયાસ કરવા તેણે કહ્યું. પોતાના ખંડિયા રાજાઓને તેણે માત્ર આટલી જ વિનંતીઓ કરી હતી.

તેના સામ્રાજ્યના કેટલાક મહત્વના વિસ્તારોમાં, લોકો તેના વડીલોના પરાક્રમો અને કિર્તીઓ ગાતા. લોકગીતોથી તેનું મનોરંજન કરતાં, પાંડવોની મહત્તા અને પરાક્રમનાં તેઓ ગીતો ગાતા. એ ગીતોમાં શ્રીકૃષ્ણ પાંડવો પર જે કૃપા અને પ્રસાદ વરસાવતા તેની વાતો આવતી અને બધો સમય પાંડવોની શ્રીકૃષ્ણ તરફ કેવી ભક્તિ હતી એની વાતો પણ આવતી, તો ક્યારેક તેઓ શ્રીકૃષ્ણ અને પાંડવોનો વેશ લઈ શ્રીકૃષ્ણ તેઓની વચ્ચે બેસી પોતે તેઓનો કેવો ઉપયોગ કરવા માગે છે એમ કહેતા હોય એવું ભજવતા.

જ્યારે પરીક્ષિત આવું સાંભળતો કે જોતો ત્યારે પોતાની ઊર્મિઓને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરવાં છતાં તેના ગાલ પરથી અશ્રુઓની ધારાઓ વહેતી. લોક ગાયકો, કથાકારો, અભિનય કરનાર બધાયે શોધી કાઢ્યું હતું કે સમ્રાટને આવાં વિષયવાળાં જ ગીતો અને નાટક પ્રભાવિત કરે છે. તેથી બીજા વિષયોને પડતા મૂકી, તેના વંશનો ઈતિહાસ અને તેમાં શ્રીકૃષ્ણે અનેક સંકટોમાં તેઓની કેમ રક્ષા કરેલી તેની ઉપર જ ખાસ ધ્યાન આપવા લાગ્યા. સમ્રાટ પૂજ્ય ભાવથી તે સાંભળતો અને બધો વખત ખૂબ ભક્તિપૂર્વક બેસી રહેતો. વળી બીજી રીતે પણ તેનાં પોતાનામાં આદરભાવ દેખાડતો. એ ખૂબ સુખી હતો, એણે પોતાના મંત્રીઓ પાસેથી ખાત્રી કરી હતી કે એ બધી વાતો સાવ સાચી હતી અને આથી તેનાં શ્રધ્ધા અને ભક્તિ વૃધ્ધિ પામતાં, અને તેથી આ તકો તે વધુને વધુ શોધતો અને તેમાં તેને વળી વધુ આનંદ આવતો. ગાનારાઓ અને ભજવનારાઓ તરફ તે ખૂબ પ્રેમ બતાવતો અને તેઓને ઉદારતાથી ઈનામો આપતો.

જ્યારે આ સમાચાર બધે ફેલાઈ ગયા કે પોતાના વડીલો અને શ્રીકૃષ્ણના ગીતોથી પરીક્ષિતને આનંદ થાય છે ત્યારે તે જ્યાં જ્યાં જતો ત્યાં તેની આસપાસ જે લોકોને તેઓનો અંગત અનુભવ થયેલો એવા લોકો તેની આસપાસ એકઠા થવા લાગ્યા. આવા ભક્તિપૂર્ણ સમ્રાટને જોવાને તેઓ પોતે ખૂબ આતુર હતા. એક વખત મથુરાથી પાછા ફરતાં, રસ્તાની બાજુમાં રાજાની નજરે પડવા માટે ઊભેલામાં એક ' વૃધ્ધ બ્રાહ્મણ પણ હતો. મહારાજ તેને ખોળી કાઢતાં ચૂક્યા નહી. તે તેમને મળ્યા અને ખૂબ પ્રેમપૂર્વક તેમના કુશળ પૂછ્યા.

બ્રાહ્મણે કહ્યું," મહારાજ! વર્ષો પહેલાં તમારા દાદા ધર્મરાજાએ શ્રીકૃષ્ણની ભગવાનની હાજરીમાં અશ્વમેઘ યજ્ઞ કર્યો ત્યારે કર્મકાંડ કરાવનારા બધા પુરોહિતોમાં મુખ્ય હું ઋષિ તરીકે હતો. ત્યારે શ્રીકૃષ્ણ મારી પાસે આવી તમે મારી તરફ જેટલી લાગણી દેખાડી છે એટલી બધી લાગણીથી મને મારા કુશળ વર્તમાન પૂછેલા. તમારા શબ્દો મને, તેઓના શબ્દોની યાદ આપે છે. બાકીના શબ્દો બ્રાહ્મણનાં હિબકાં અને ડુસકાંઓમાં ડૂબી ગયા. ત્યારે પરીક્ષિત બોલી ઊઠ્યા. " અરે! કેટલા નસીબદાર! યજ્ઞ સમા ભગવાન પોતે તમારી સાથે બોલેલાં" ખભા પરથી વસ્ત્ર ઉતારી તેની ઘડી કરી પોતાની સામે પાથરી તેની પર આરામથી બેસી પોતાને યજ્ઞશાળામાં અને બીજે બધે પણ ભગવાન સાથે થયેલ વધુ વાતો પોતાને કહેવા કહ્યું.

મંદ સ્વરે, " તે દિવસે મેં કરેલ ભૂલની વ્યથાથી ન સહી શકવાથી મારૂં હૃદય ચિરાઈ જાય છે. વૃધ્ધ રડી પડ્યો. મહારાજાએ પૂછ્યું, '' મહાત્મન! શું ભૂલ થયેલી? જો મને કહી શકાય તેમ હોય તો કહો. તેના બન્ને હાથ પોતાના હાથમાં લઈ તેણે તેને પોતાની પાસે તે છતું કરવા આગ્રહ કર્યો.

બ્રાહ્મણે જવાબ આપ્યો," તે દિવસે, યજ્ઞ કાર્ય માટે વપરાયેલા અમે બધા પવિત્ર પુરોહિતો, ભેટ મળેલ વસ્ત્રો પહેરી પુણ્ય મંડળ ભૂમિમાં દાખલ થયા પછી શ્રીકૃષ્ણે તેમની સામે સુવર્ણ પાત્ર પડ્યું હતું અને સુવર્ણ કળશમાં જળ લઈ ... ના-હું આગળ નહીં કહી શકું-મારી પાસે શબ્દો નથી, " વૃધ્ધ રડતો અને હિબકાં ભરતો પોતાનું કથયિંતવ્ય આગળ ન વધારી શક્યો.

આમ એક બિંદુ પર પહોંચી ગયેલી વાત એકાએક અટકી જતાં સમ્રાટની જિજ્ઞાસા ઉલ્ટાની ખૂબ વધી ગઈ. તેણે વિનંતિ કરી, " મહેરબાની કરીને શું થયું હતું તે મને કહો. " બ્રાહ્મણે તેમ કરવા હિમંત કરી. અરે રાજા! હું શું કહું? અમને ઋત્વિજોને સુવર્ણ પાત્રમાં અમારા દરેકના ચરણો મુકવાનું કહેવામાં આવ્યું અને શ્રી કૃષ્ણે અમારા દરેકનાં ચરણો પખાળ્યાં અને પછી પોતાના ખભા પરનાં વસ્ત્રથી કોરાં કર્યા, અને અમારાં ચરણોદકને તેમણે પોતાના મસ્તક પર છાંટ્યું. હું જ ત્યારે, મુખ્ય હતો. તેથી ક્રિયાકાંડની વિગતો તેમણે મારી સાથે ચર્ચી. છેલ્લે, પૂર્ણાહૂતિને દિવસે તેમણે પોતાના દિવ્ય હાથોમાં શંખ ચક્ર, ગદા ધારણ કરેલા સ્વરૂપનાં અમને દર્શન કરાવ્યાં. એથી અમારા સહુની બંધનમાંથી મુક્તિ થઈ ગઈ. હવે. એ દયાળુ પ્રભુ આપણાથી દૂર છે, ત્યારે તમને જોવાથી રણમાં સૂર્યના પ્રખર તાપમાં તરસ્યાને, થોડા શુધ્ધ જળબિંદુ મળે એવું લાગે છે."

બ્રાહ્મણે વૃત્તાંત પૂરું કરી, પરીક્ષિતના હાથ પકડી પોતાની ધોતીને છેડે બાંધેલા અક્ષત તેમના માથા પર વેર્યા. પરીક્ષિત આર્શીવાદનો સ્વીકાર કરી બોલી ઊઠયો." શ્રીમાન્! હું ખરેખર નસીબદાર છું. જો કે શ્રીકૃષ્ણને મેં સદેહે નથી જોયેલા, પણ આજે હું એવાને મળી શક્યો છું કે જેના તેઓ પગ પૂજતા. " અને એમ કહીને તે વૃધ્ધ બ્રાહ્મણના

પગમાં પડ્યા. તેણે મંત્રીઓને પોતાની પાસે બોલાવી તે બ્રાહ્મણને પાલખીમાં બેસાડી તેને ઘેર પહોંચાડવાની સૂચના આપી. તેણે તેને પુષ્કળ ધન અને કિંમતી વસ્તુઓ ભેટ આપી.

# અધ્યાય -૧૭

સમ્રાટ પરીક્ષિતે પોતાના સામ્રાજ્યનો પ્રવાસ ખેડેલો અને એમ કરતાં તેઓ આખો ભારતખંડ ખૂંદી વળેલા અને પોતાના દાદાની વહીવટી હોંશિયારીથી પરિચિત થયેલ. વળી મનુષ્યરૂપે અવતરેલ ભગવાન શ્રીકૃષ્ણનો તેઓ સાથે કેવો વિરલ સંબંધ હતો. તે તેણે અનેક સંતો અને તે પુણ્યશાળી સમયના વિદ્વાનોના અનુભવો સાંભળીને જાણ્યું હતું. પોતાના પ્રવાસમાં એ બધી આનંદદાયક સ્મૃતિઓ તે મનમાં વાગળતો હતો. ઘણી વાર એનું મન દુ:ખથી ભરાઈ જતું કે આવા દિવ્ય આનંદમાં જ્યારે પોતાના દાદાઓ હતા ત્યારે તે પોતે હયાત ન હતો.

વ્યાસનો શાંતિદાય સ્વર.

જ્યારે તે કૃષ્ણ અને પોતાના વડવાઓના આનંદદાયક અને ગૌરવભર્યા દિવસોની યાદમાં ખોવાયેલો રહેતો હતો ત્યારે ઓચિંતા એક દિવસ ત્યાં તેની સામે મહાન સંત વ્યાસ ખડા થઈ ગયા. ખૂબ માન સહિત તેણે તેનો સત્કાર કર્યો અને ઊંચે આસને તેમને બેસાડ્યા. સંતે રાજા પરીક્ષિતના રાજ્ય અમલના વખાણ  કર્યા અને કહ્યું કે પોતાના પાંડવોના રાજ્ય અમલ તેનાથી યાદ આવે છે. તેમની વાતો યુવાન રાજાએ ખુબ પૂજ્યભાવ સાથે સાંભળી. થોડા સમય પછી વ્યાસે કહ્યું "બેટા, મારે હવે જવું જોઈએ." પણ, પરીક્ષિતે કહ્યું, "ભૂખ્યા માણસ સામે સ્વાદિષ્ટ વાનગીઓનો થાળ ધરી જ્યાં તે હાથ લંબાવવા જાય ત્યાં થાળ ખેંચી લેવા જેવી આ વાત છે. શ્રીકૃષ્ણની શોભા અને મારા વડવાઓના પરાક્રમોનાં વૃત્તાંત એ જાણે કે મારી સામે પાથરેલ કિંમતી રત્નો જેવા છે, પણ તે મને આપવાની ના પાડીને તમે મને ખૂબ નિરાશ કરો છો. આમ ચાલ્યા જવાની વાત કરીને તમે મને અતિશય નિરાશ કરો છો.

તેણે તેમને થોડો વધુ વખત રોકાવા વકીલાત કરી, " મને કહો કે આપ ક્યા કામ માટે પધાર્યા છો? મારી સાથે થોડો વધુ વખત રહો અને મારામાં જગાવેલી ભૂખને શાંત કરો. સાક્ષાત શ્રીભગવાન સાથે રહેવાની મારા વડવાઓને જે તક મળેલી તે મેં ગુમાવેલ છે. આ ખોટ હું તેઓના પરાક્રમો અને પ્રભુ તરફની તેઓની એવી ભક્તિ કે જે તેમનો કૃપા પ્રસાદ ખેંચી લાવે-તેની વાતો સાંભળીને પૂરવા માગું છું. રાજાને ખૂબ નમ્રતાથી અને આતુરતાથી આમ આગ્રહ કરતો જોઈને વ્યાસે કહ્યું, બેટા, એવું નહિ માનતો કે તું કંઈ ઉતરતો કે ઓછો ભાગ્યશાળી છો. હું તો કહું છું તારા જેવું સદ્‌ભાગ્ય તો બીજા કોઈનુંયે નથી, કારણ કે તું જન્મથી તારી સાથે પ્રભુનો કૃપા પ્રસાદ ખેંચી લાવ્યો છે. પ્રભુ વાસુદેવે તારામાં પ્રાણ પૂરેલાં. પોતાના હાથે તેને તેમણે ઉંચકેલ અને રમાડેલ. ત્યારે તું તો સાવ બાળક હતો. તું પણ તેને ખુબ વળગી રહેતો, ભાગ્યેજ આઘો રાખી શક્તો. સૌથી નાના દાદા સહદેવે તને પરાણે શ્રીકૃષ્ણ પાસે ખેંચી લઈ જવો પડતો અને અંત:પૂરમાં સ્ત્રીઓ પાસે પહોંચાડતા. ભવ્ય ઉત્સવમાં શ્રીવાસુદેવે પોતેજ નામકરણ વિધી કરેલ. આહા કેવો

યાદગાર એ પ્રસંગ હતો!. તે દેખાડી આપેલું કે તું એક અદ્‌ભુત બાળક હતો. તું તારી આંખોથી શ્રી પ્રભુને જ્યાં જાય ત્યાં અનુસરતો. જાણે કે એ ક્યાં હતા તેની તું" પરિક્ષા" કરતો તે દિવસે એ ખંડમાં બીજું કોઈ ન હતું. શ્રીકૃષ્ણ ખૂબ કુશળતાથી એક થાભલાં પછવાડે પોતાની જાત છુપાવી, તારું ધ્યાન બીજે દોરવાના અનેક પ્રયત્નો કર્યા પણ અરે, તેમને માટે પણ તું ખૂબ ચાલાક સાબિત થયો. તારી આંખો કેવળ એમને એકલાને શોધી રહી હતી. તે તેઓને જ અને તેમની શોભાને જોતી હતી, અમે જે ત્યાં હાજર હતાં એ બધા આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. એવી તારી ભક્તિ અને એકાગ્રતા હતી, એવું લાગતું હતું કે જાણે કે દરેક ચહેરાને તપાસતો હતો કે શું એ શ્રીકૃષ્ણનો છે અને જ્યારે તે શ્રી કૃષ્ણ ન નીકળે ત્યારે તારું મુખ પડી જાતું અને જ્યારે તારી આંખો એમને એકલાને જોતી ત્યારે તારું મોં ખીલી ઊઠતું. પંડિતો અને સામાન્યજન, રૈયત અને રાજાઓ સહુને પ્રતીતિ થયેલી કે તું એક વિશિષ્ટ બાળક હતો. અનેક એ જ કારણે જ્યારે તમારા દાદા ધર્મરાજાએ મને તમને સુયોગ્ય નામ આપવા કહ્યું હતું ત્યારે વિચિત્ર વર્તણૂકને યોગ્ય એવું પરીક્ષિત (જે પરીક્ષા કરે છે, શોધે છે) આપ્યું.

દરબારીઓ, વિદ્વાનો અને સાધુઓની આ વિશાળ સભામાં જયારે પ્રભુએ આ નામ ધર્મરાજાને કહ્યું ત્યારે, " અદ્‌ભૂત, સરસ, એકદમ બંધ બેસતું." એવા ભારે હર્ષોદગારો સાથે બધાએ તે વધાવી લીધેલ, " નસીબની આવી ભારે મહેરબાની છતાં પોતાની જાતને કમનસીબ કહ્યા કરવી તે યોગ્ય નથી. પ્રભુએ તને લાડ લડાવેલા, તે તારી સાથે રમેલા અને તારાં તોફાનોનાં સાક્ષી થયેલા. તેમણે તારૂં નામ પાડેલું. આવું નસીબ કોનું હોય? આ કૃપા પ્રસાદોને સાવ સામાન્યમાં ગણી લેતો."

આ શબ્દોથી પરીક્ષિતની આંખમાંથી હર્ષાશ્રુઓનાં ધોધ વહ્યા, વ્યાસે જોયું કે એક પ્રશ્ન એના કંઠમાં છે પણ તેને તે ગમી જાય છે, એટલે તેણે તેનો ખભો થાબડ્યો અને પ્રશ્ન પૂછવા હિંમત આપી, " બેટા, એમ લાગે છે કે તું કંઈ જાણવા માગે છે? ખચકાયા વિના પૂછ મૂંઝા માં," આ શબ્દોથી પ્રોત્સાહિત થઈને પરીક્ષિત બોલ્યા, " પૂજ્ય વડીલ, માણસ આનંદ કે દુઃ ખનું સાચું મુલ્ય જાણી શકતો નથી સિવાય કે તેને વિશે સજાગ હોય જે આનંદદાયક સંપર્કો મને મળ્યાની તમે વાત કરી તે વખતે, તેમાં રહેલી કૃપા બાબત હું જરાય સભાન ન હતો . ખરો આનંદ ત્યારે જ માણી શકાય કે જ્યારે તેના મુલ્ય વિશે આપણે પૂરેપૂરા સભાન હોઈએ. જો એક બાળકને લાખો રૂપિયાની કિંમતનો હીરો આપવામાં આવે, તો યે તે તો તેને એક કાચના ટુકડા તરીકે જોશે. પ્રભુ સાથે રહેવાનું સુખ, જે તમે કહો છો કે મારા બાળપણમાં મને મળેલ, એ પૂર્વ જન્મોમાં ભોગવેલ સુખો જેવું બિનઅસરકારક છે. તે કેટલી કીંમતી પળો હતી. તે હું તે વખતે જાણતો ન હતો. જો હું એ જાણતો હોત કે એ સમજવા જેટલો સમર્થ હોત તો તે આનંદ મેં કાયમ માટે સંઘરી રાખ્યો હોત. હવે તો આ માત્ર અનુમાનો છે. ત્યારે જે મેં પ્રભુ પ્રસાદ મેળવેલો, તેની કોઈ પ્રત્યક્ષ સાબિતી તો મારી પાસે નથી એટલે મારે કેવળ શ્રવણ પર આધાર રાખવો પડે છે, માટે

શ્રીકૃષ્ણનાં મહાન ગૌરવ અને કીર્તિ વિશે મને કહો. તેમના કથામૃતનું પાન મારા કાનોને કરવા દો.

તેની વિનંતીની વ્યાસને અસર થઈ. તેમણે સ્વીકાર કર્યો, " બેટા, તને એમ લાગે છે કે એમની લીલા માત્ર એક બે હતી? તેમની અગણિત લીલાઓ હું તને કેમ વર્ણવી શકું? માટે કોઈ નિશ્ચિત વ્યક્તિના અનુસંધાનમાં એમણે શું કરેલું એમ પૂછ. અથવા અમુક પરિસ્થિતિ કે પ્રસંગ વિશે હું ખૂબ આનંદથી તને બધી વિગતો કહીશ. આથી પરીક્ષિત ઉત્સાહિત થયા અને બે હાથ જોડી વિનંતિ કરવા લાગ્યા," પ્રભુ, મને કહો કે મારા વાડવાઓ અને ભગવાન શ્રીકૃષ્ણનો ગાઢ સંબંધ કેમ ઉદ્‌ભવ્યો હતો. "

વ્યાસ હસી પડ્યા," તારી ઉત્સુકતાથી મને ખૂબ આશ્ચર્ય થાય છે, કારણ કે માત્ર આવી ઉત્કંઠાવાળી વ્યક્તિ દ્રઢ જ્ઞાન મેળવે છે. મને આનંદ થાય છે કે તને આટલી ઊંડી જિજ્ઞાસા છે, તેથી તેં પૂછ્યું છે. તે હું તને કહીશ સાંભળ, " આમ કહી વ્યાસ પોતાના આસન પર સ્વસ્થ થયા, પરીક્ષિત પણ સાંભળવા માટે તૈયાર થઈ ગયા. જાણવાની જિજ્ઞાસામાં, તેનું હૃદય આનંદમાં ખીલી ઊઠ્યું અને કાન એકાગ્ર થયા.

"બેટા, રાજા દ્રુપદે પોતાની એકમાત્ર પુત્રીના વિવાહ માટે એક સુપાત્ર શોધતાં શોધતાં ખૂબ શ્રમ કર્યો અને અનેક પ્રયત્નો કર્યાં છતાં કાંઇ પરિણામ ન આવ્યું. ત્યારે રાજાએ સ્વયંવર અંગે વિચાર્યું. એ વખતે રાજધાનીમાં અનેક સમર્થ રાજાઓ, વિદ્વાનો, પંડિતો સર્વે આવ્યા, રાજકુમારી સાથે વિવાહ કરવાની ઘણાની ઈચ્છા હતી અને રાજકુમારી ખૂબ સૌંદર્યવર્તી હતી. પોતપોતાની શક્તિ અને સંપત્તિના ગર્વથી એ બધા એમ જ સમજતા હતા કે એમને રાજકુમારી મળી જશે .

એ સભામાં એક સ્તંભની રચના હતી જે માટે સમ્રાટે વ્યવસ્થા કરી હતી. એમાં એક ચક્ર ફરતું હતું. નીચે પાત્રમાં રાખેલા પાણીમાં એનો પડછાયો પડતો હતો. ચક્રમાં એક મત્સ્ય મૂક્યો હતો. સ્વયંવરના ઉમેદવારોને એક પછી એક આવવાનું હતું અને પ્રતિબિંબ જોઈ મત્સ્યને વીંધવાનો હતો, એ પ્રમાણે પ્રત્યેકને મત્સ્યવેધ કરવા કહેવામાં આવ્યું. દ્રુપદે જાહેર કર્યું હતું કે લક્ષ્યને વેધ કરી શકે તેને જ રાજકુમારી સાથે વિવાહનો અધિકાર છે. નગરમાં રાજાઓ અને કુમારોની આમાં ભાગ લેવા માટે ભીડ જામી હતી.

આ પ્રસંગના સમાચાર પાંડવોને પણ મળ્યા. પાંડવો તો કૌરવોથી બચવા બ્રાહ્મણ વેશે ગુપ્ત રહેતા હતા. પહેલાં તો એમણે વિચાર કર્યો કે બહાર ન જવું, પણ તારા પિતામહ અર્જુને કહ્યું કે કોઈ પણ ક્ષત્રિય આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે અને યોગ્ય સત્કાર તો ખરોજ, માટે પાંચે પાંડવો બ્રાહ્મણ વેશે સભામાં જઈ બેઠા અને સિંહ જેવું પરાક્રમ અને પ્રભાવ સભામાં ફેલાવ્યો. એ જ્યાં બેઠા તે તરફ બધાની નજર પડી. લોકોએ એમના ઉપર વાતો કરી, કોઈકે વખાણ તો કોઈકે નિંદા વળી કોઈએ મશ્કરી પણ કરી. એમની ચર્ચા ચારે બાજુ ચાલવા લાગી.

ભગવાન શ્રીકૃષ્ણ પણ ઉત્સવમાં આવ્યા હતાં. એમની દ્રષ્ટિ તો હંમેશા અર્જુન પર હતી. બળદેવે જોયું અને એમને કાંઈક કહ્યું પણ ખરૂ. છેવટે સ્વયંવરનો પ્રારંભ થયો, એક પછી એક એમ ઉમેદવારો સ્થાન પર ગયા અને પ્રતિબંબ જોઈને મત્સ્યવેધ કરવા પ્રયત્ન કરવા લાગ્યા, પણ તે નિષ્ફળ બન્યા અને નિરાશ થઈને પાછા ફર્યા. એ બધા તો પોતપોતાને સ્થાને શરમિદા અને દુ: ખી બનીને બેસી ગયા. શ્રીકૃષ્ણને તો આ માટે કોઈ ઈચ્છા જ ન હતી માટે તે તો પોતાની જગ્યાએ શાંત બનીને બેઠા હતાં.એમને જો ઈચ્છા હોત તો તે સહેલાઈથી કરી શક્યા હોત, પણ એમની ઈચ્છાનો ખ્યાલ પણ કોને આવે?

એ સમયે અર્જુન એ લક્ષ્ય તરફ ગયા અને પોતાના તેજસ્વી પરાક્રમી વ્યક્તિત્વથી સભાજનોને આંજી નાખ્યા. દ્રોપદીએ પણ પાછળ ફરીને જોયું. એના પ્રભાવથી એ પણ અંજાઈ ગયાં. અને તેનું મન અર્જુન તરફ આકર્ષિત થયું. ક્ષણમાં તો અર્જુને બાણ દ્વારા મત્સ્ય વેધ કર્યો અને વિજેતા બન્યા. સભામાં જય જયકારના અવાજથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. કુમારીએ સન્મુખ આવી વિજયમાળા પહેરાવી.

અર્જુન જ્યારે કુમારીના હાથને હાથમાં રાખી બહાર નીકળ્યા ત્યારે તો હારેલા રાજાઓના ટોળાંએ ગરબડ શરૂ કરી કે સ્વંયવરના નિયમનો ભંગ થયો છે, કારણ કે બ્રાહ્મણનો આમાં વિજયી બનવાનો કોઈ અધિકાર નથી. એ બધા ગુસ્સાથી તમારા દાદા તરફ ધસી આવ્યા, પણ ભીમસેને એક ઝાડ ઉખાડીને એ બધા રાજાઓ તરફ ફેક્યું.

# અધ્યાય -૧૮

પાંડવો અને નિરાશ બનેલા હારેલા શત્રુઓના ફૂફાડા જોઈને કૃષ્ણ અને બલરામ મનમાં હસવા લાગ્યા અને અર્જુનને સફળતા પૂર્વક કાર્ય કરવા સમજાવવા લાગ્યા. તમારા પિતામહોને ખ્યાલ ન હોત કે એ બન્ને કોણ છે, કારણ કે પહેલાં એમને જોયા ન હતા. પણ જ્યારે પાંડવોએ નવવિવાહિત દ્રુપદ પુત્રીનો હાથ પકડીને પોતાની કુટીરમાં પ્રવેશ કર્યો અને ધર્મરાજ ખૂબ ઉત્સાહ પૂર્વક પ્રસંગોનાં વર્ણન કરતા હતા તે જ વખતે બલરામ અને પીતામ્બર ધારી શ્રીકૃષ્ણ બન્ને ખૂબ ગૌરવભરી રીતે કુટીરમાં પધાર્યા. એમણે માતા કુન્તાને પ્રણામ કર્યા. બોલ્યા, " ફોઇ, અમે તો તમારા ભત્રીજા છીએ. નંદ યશોદાના પુત્રો છીએ." પછી એમણે ધર્મરાજને પણ પ્રણામ કર્યા કૃષ્ણે અર્જુનને અલગ લઈ જઈને મધુરતા અને સ્નેહપૂર્વક કહ્યું "હું તમને પહેલીવાર જ મળું છું. પણ તમે મને નથી ઓળખતા. હું વાસુદેવનો પુત્ર શ્રીકૃષ્ણ છું. તમારાથી ઉંમરમાં નાનો છું પણ જ્યારે તમે સ્વયંવર સમયે વિજય પ્રાપ્ત કર્યો. મેં તે વખતે જાણી લીધું હતું કે તમે પાંડવોમાંથી એક હશો. મને એ પણ ખ્યાલ હતો કે તમે સળગતા લાક્ષાગૃહથી બચી નિકળ્યા છો. હરીફ ઉમેદવારો પર મારી નજર પડતાં મને ખ્યાલ આવ્યો હતો કે તમે અર્જુન છો અને મેં એ વાત મારા ભાઈ બલરામ ને પણ કહી હતી. આ રહ્યા મારા મોટાભાઈ બલરામ, મને તમને મળ્યાનો ખુબ આનંદ છે, મારા મોટાભાઈ પણ ખૂશ છે. મોડામોડા પણ આપણે મળ્યા. આ નવવધૂ બુદ્ધિશાળી અને ગુણવંતી છે. "

આમ બોલતાં બોલતાં અર્જુનને થોડે દુર લઇ ગયા અને ધીમેથી કહ્યું! "ભાઈ? તમે બહાર નીકળી જવાની ઉતાવળ ન કરશો, થોડો સમય વધુ આ નકલી વેશમાં વિભિન્ન સ્થળોએ રહો,"ત્યારબાદ ફોઈ અને બધાની વિદાય લઈને બલરામ સાથે ચાલ્યા.

તે દિવસથી અર્જુન અને કૃષ્ણ બન્ને વચ્ચે સ્નેહ વધવા લાગ્યો, આ સ્નેહ રૂપી વૃક્ષ એવું વધ્યું કે એના પર મધુર ફળ લાગ્યાં અને બધાને એ મધુર રસ ચાખવા મળ્યો. એની મધુરતામાં બધાંનું મન મળીને એક બન્યું. યાદ કરો સૌથી પહેલાં દ્રોપદીના સ્વયંવર સમયે તમારા પિતામહે એ કલ્યાણ મંડપમાં શ્રીકૃષ્ણનાં દર્શન કર્યા હતાં. આનું મહત્વ એટલું કે એ બન્ને યુગો સુધી સ્નેહ અને મિત્રતાના દ્રઢ બંધનમાં બંધાયા. આ મૈત્રી પુષ્ટ કરવા માટે શ્રીકૃષ્ણ એમને શ્રેષ્ઠ જ્ઞાન આપ્યું. એમને પ્રેમ કેટલો હતો એનો ખ્યાલ છે ખરો? આ પ્રશ્નની સાથે વ્યાસ ઊભા થયા અને પોતાનો સામાન ભેગો કરી જવાની તૈયારી કરી.

આ જોઈને પરીક્ષિત ખૂબ નમ્રતાથી આનંદાશ્રુ લૂછતા બોલ્યા, " સ્વામી, આપે ભગવાનની લીલાઓ અને દાન આદિનાં વર્ણન કરીને ભગવતસ્વરૂપ સ્પષ્ટ કરી દીધું છે. કૃપા કરીને મને એ પ્રભુએ મારા પિતામહો પર જ્યારે જ્યારે દયા બતાવી એવો પ્રસંગ કહો. એમની પાસે આફતોમાંથી છોડાવવા એ ક્યાં ક્યાં સાથે ફર્યા? મારી આંખોમાંથી નિદ્રા ચાલી ગઈ છે. હું ભગવાનની કથા સાંભળવા આતુર છું. આજની રાત્રી ભગવાનનો

મહિમા સંભળાવી પવિત્ર બનાવો. એ દ્વારા મને સંતોષ મળશે, મારે તો એ ચિંતનમાં જ રાત્રી વિતાતવી છે. આપના મૌનથી મને અત્યંત દુ: ખ થાય છે.

વ્યાસે પરીક્ષિતની એકાગ્રતા અને ભક્તિ જોઈને પોતાનો વિચાર ફેરવી નાંખ્યો. એ બોલ્યા," બેટા ભગવાનની લીલાઓ એકાદ બે હોત તો હું તને કહી દેત, પણ કરોડ મુખ હોય અને અનન્ત કાળનું આયુષ્ય હોય તો પણ ઈશ્વરના ગુણોનો પાર ન આવે. બધા દેવો પણ એમની આગળ નત મસ્તકે પ્રણામ કરી ઊભા છે. ક્યારેક તો તે પોતાના ભક્તોને ઊંચે દિવ્યગતિ આપે ને ક્યારેક નીચે અધોગતિ પણ આપે. આ વિશ્વ તો એમને મન કઠપૂતળીનો ખેલ છે. ક્યારેક તે નિર્મળ બાળક જેવો તો ક્યારે ખુબ સ્નેહી સ્વજન જેવો અને ક્યારેક અત્યંત પ્રભાવશાળી સમ્રાટ રાજા જેવો વ્યવહાર રાખે છે. કોઈપણ રૂપ ધારણ કરવાની એમનામાં સત્તા અને સામર્થ્ય છે. તારા દાદા અર્જુન સાથે તો ખૂબ સ્નેહ રાખતા હતા. પ્રત્યેક અવસરે એમને સાથે લઈ જતા હતા. ભગવાનના ધામમાં પણ અર્જુન ઈચ્છાનુસાર આવી જઈ શક્તા હતા. યમુનાજળમાં પણ ભગવાન એમની સાથે વિહરતા હતા. એમને મજાકમાં ક્યારેક પોતે જળમાં એક સ્થળે ડૂબીને બીજે સ્થળે નીકળવાનું પોતે કરીને, કરવાનું કહેતા હતા. એમની સાથે એવી ક્રીડાઓ કરતા કે જેનું વર્ણન થઈ શકે તેમ નથી. કોઈકવાર એકાન્ત સ્થાને અર્જુનને લઈ જઈ કોઈ રહસ્ય સમજાવતા તો ક્યારેક રેશમી વસ્ત્રોથી મંડિત શય્યા ત્યજીને અર્જુનના ખોળામાં મસ્તક મૂકી સૂતા હતા.

તમારા દાદાએ પણ એજ રીતે પ્રભુ સાથે પ્રેમ અને સ્નેહ કર્યો છે. ક્યારેક એમ પણ બનતું કે જોનારને એમ લાગે કે એ બન્ને એક બીજા ઉપર ગુસ્સે થયેલા છે પણ તરતજ એનું સમાધાન પણ કરી લેતા .અને બંધુત્વનો સંબંધ જણાતો. મારા પુત્ર! એમ કહી શકાય કે તે શરીર અને પ્રાણના સંબંધ જેવા નર અને નારાયણ હતાં. અર્જુન વિના કૃષ્ણ નહિ અને કૃષ્ણ વિના અર્જુન નહી. કોઈપણ વાત એવી ન હતી કે જે કૃષ્ણ અર્જુનને ન કહે અર્જુન કૃષ્ણને ન કહે. હવે ક્યો પ્રસંગ હું તને કહું? કોઈ એક ખાસ પ્રસંગને લગતો તું પ્રશ્ન પૂછ પ્રસન્નતાપૂર્વક એનો ઉત્તર હું આપીશ.

વ્યાસજી જ્યારે આ પ્રમાણે ઉત્તર આપવાનું કબૂલ કર્યું ત્યારે પરીક્ષિત એકાગ્રચિત્તથી સાંભળી રહેલા તે મોહ પામીને બોલ્યા "ગુરુજી, મને એવું કોઈ પણ કારણ જણાતું નથી કે શા માટે મારા દાદાએ ખાંડવ વનને બાળીને ભસ્મસાત કર્યું? મને એ પણ કહો કે ભગવાને એમાં કેવો સાથ આપ્યો? આ ઘટના આપ કહેશો તો મને આનંદ આવશે. આ પ્રકારે પ્રશ્ન પૂછીને રાજા ઋષિના પગે પડ્યા અને પ્રાર્થના કરી કે તે તમને આ સર્વ બતાવે. વ્યાસજીએ કહ્યું, " ઠીક છે તમે પ્રશ્ન કર્યો તેનો ઉત્તર જરૂર આપીશ.'

એમણે બોલવાનું શરૂ કર્યું, " એકવાર શ્રીકૃષ્ણ અને અર્જુન પ્રસન્નતાપૂર્વક યમુના તટે નિશ્ચિત બનીને આરામમાં હતાં. ત્યારે એક વૃધ્ધ બ્રાહ્મણે એમની પાસે આવીને કહ્યું" પુત્ર, હું ખૂબ ભૂખ્યો છું. મને ભૂખ શમાવવા કાંઈક આપો. જો તમે મને કાંઈ નહિ આપો

તો હું જીવતો નહી રહી શકું. " આ વાત સાંભળતાં જાણે કોઈ અચાનક દૈવત આવ્યું હોય એમ લાગ્યું. બહારથી જોતાં તો તે સાધારણ વ્યક્તિ હતો પણ એમાં દૈવી તેજ હતું, જે અસાધારણ હતું. એ વખતે શ્રીકૃષ્ણ બોલ્યા, બ્રહ્મદેવ, તમે સાધારણ માણસ નથી લાગતા. હું ધારું છું કે તમને સામાન્ય ભોજનથી તૃપ્તિ નહિ થાય, તમારે જેવા ભોજનની જરૂર હોય એ મને કહો હું એ જરૂર આપીશ." અર્જુન દૂરથી આ વાર્તાલાપ સાંભળી આવક રહી ગયા. કૃષ્ણ તો સંપૂર્ણ વિશ્વના પ્રત્યેક જીવની ભૂખ મટાડી શકે એમ છે અને આ બ્રાહ્મણને પૂછે છે કે અને એને તૃપ્ત કરવા કેવું ભોજન જોઈશે? ભગવાને એટલો શાંત ભાવ અને આદરથી પ્રશ્ન કર્યો હતો કે અર્જુન આશ્ચર્યમુગ્ધ બની ગયા.

એ બ્રાહ્મણ જોરથી હસી પડ્યો અને બોલ્યો, " ભગવાન, તમે મને ન ઓળખ્યો? એકલા આ વિશ્વમાં નહિ, ચૌદ લોકમાં એવું કોઈ નથી જેને આપ ન ઓળખતા હોય. હું પ્રાણ છું. આપના નિર્માણનું પ્રમુખ અંગ, હું અગ્નિ ખૂબ દુ: ખી થઈને કહું છું કે ઘણો અસ્વસ્થ છું. આ અસ્વસ્થતા દૂર કરવા મારે ખાંડવ વનનો અવશેષ જોઈએ છે. એ વનને ભસ્મ કરવાથી મારી ભૂખ શાંત થશે.

આ વાત સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું," ઠીક છે, વાત આટલેથી જ પૂરી કરો. આખું બ્રહ્માંડ તમે ભસ્મસાત કરી શકો તો પછી આવી વાત તો આશ્ચર્યજનક છે. તમારે બીજાની સહાયની કેમ જરૂર પડી? ભગવાન કૃષ્ણ એવી રીતે પૂછ્યું કે એ કશું જાણતા જ ન હોય. અગ્નિએ ઉત્તર આપ્યો, " ભગવાન આપ સર્વ વાત જાણો છે, પેલા તક્ષક એના પરિવાર સાથે એ વનમાં રહેતો નથી? વૃષ્ટિના અધિષ્ઠાતા દેવ ઈન્દ્ર એના મિત્ર છે અને માટે વનને અગ્નિથી બચાવવાની જવાબદારી ઇન્દ્રે પોતે સ્વીકારી છે. ઇન્દ્રે ભક્ષકને વચન આપ્યું છે કે પોતે વનની અને તક્ષકની રક્ષા કરશે. આથી એ વનને ભસ્મસાત કરવાની શરૂઆત કરૂં કે તરત જ ઇન્દ્રવૃષ્ટિ દ્વારા એ બંનેને ભીંજવી નાખશે. મારાથી કશું જ થઈ શકશે નહિ, માટે તો હું આપને શરણે આવ્યો છું.

એની બીકને જોતાં ભગવાન હસ્યા બોલ્યા " જા એમ હોય તો અમે તમોને સહાય કરીશું. તમે કહો અમારે શું કરવાનું? અમે તૈયાર રહીએ." અગ્નિદેવને સંતોષ થયો. એ બોલ્યા, " હું ખૂબ ભાગ્યશાળી છું કે હું બચી ગયો. આપ તો જેમ ઈચ્છો તેમ કરી શકો છો. જો ઈન્દ્રની વૃષ્ટિને બાણોથી છત બનાવીને રોકી શકાય તો તે વન ઢંકાઈ જશે અને વનને સળગાવવું મારે માટે સરળ થશે." ભગવાન કૃષ્ણે વચન આપ્યું કે એની ઈચ્છા પૂરી થશે. તારા દાદાએ અગ્નિદેવને આ પ્રમાણે કહ્યું હતું, " ગભરાટવિના તમે વનને ભસ્મસાત કરી શકો છો. મારાં બાણોમાં એટલી શક્તિ છે કે તે એક તો નહિ પણ લાખો ઈન્દ્રોને પણ પાછળ હઠાવી શકે છે, પણ મારી પાસે જોઈતા સાધનો જેવાં કે રથ અને બાણો નથી. જો આ બધું મળી જાય તો તમારું કામ અમે કરી શકીએ. એ કાર્ય ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે થશે."

# અધ્યાય -૧૯

અગ્નિદેવ આ સાંભળીને ખૂબ પ્રસન્ન થયા અને એમણે અર્જુનજીને બે વરદાન આપ્યાં, એક તો બાણ ન ખૂટે એવું અક્ષય ભાથું અને મારુતિની ધજાવાળો રથ. આની સાથે એક આગ્નેય અસ્ત્ર બનાવીને ભગવાનના હાથમાં આપીને બંનેની વિદાય લીધી.

બેટા પરીક્ષિત એટલું સમજી લેજે કે એ અસ્ત્ર તો ભગવાને કેવળ અગ્નિની પ્રસન્નતા માટે લીધું, એમને એવા કોઈ અસ્ત્રની જરૂર ન હતી. એમની ઈચ્છાથી એક ક્ષણમાં આકાશ ભૂતલ પર અને ભૂમિ આકાશમાં પરિણત થાય, એ ઈચ્છા જ મોટું શસ્ત્ર છે. જ્યારે તે માનવો સાથે વિહાર કરે ત્યારે તેમનો વ્યવહાર માનવ જેવો હોય છે. આથી માનવો એમના વ્યવહારોનું વાસ્તવિક તાત્પર્ય ન સમજતાં ફાવે તેવો અર્થ કરે છે આ તો કેવળ ભ્રમ છે અને માનવદ્રષ્ટિની મર્યાદા છે કે પારલૌકિત તત્ત્વ સમજાતું નથી.

શ્રીકૃષ્ણની વિદાય લઈને અગ્નિદેવે ખાંડવ વનને સમાપ્ત કરવાનો પ્રારંભ કર્યો. એ વખતે ધાર્યા પ્રમાણે વન બળતું બચાવવા ઈન્દ્રે પોતાના અનુચરો મોકલ્યા, પણ બચાવવાના એમના પ્રયત્નો નકામા ગયા. એમણે પાછા ફરી પોતાની નિષ્ફળતા ઈન્દ્ર આગળ જાહેર કરી. આથી ઈન્દ્ર પોતે જ ખાસ અનુચરો લઈને ખાંડવ વન બચાવવા આવી પહોંચ્યા અને તમારા દાદા અર્જુન સાથે સામા થયા.

અર્જુનજીએ પોતાના વિખ્યાત ગાંડીવ ધનુષ્યથી બાણોનો વરસાદ વરસાવી ઈન્દ્રનો સામનો કર્યો. ઈન્દ્ર એ પણ અપૂર્વ શક્તિથી અર્જુનનો સામનો કર્યો. થોડી ક્ષણોમાં તો ઈન્દ્રના અનુચરોને ચારે તરફથી બાણોના વરસાદનો સામનો કરવાનું અશક્ય બનતાં એ પાછા હટ્યા. ઇન્દ્રે જોયું કે એમને પરાજય આપનાર તો એમનો જ પુત્ર અર્જુન હતો અને એથી તે વધારે લજ્જા પામ્યા. એમને દુઃખ તો એ હતું કે પોતાના પુત્રને એ ન હરાવી શક્યા અને એથી નિરાશ બનીને પાછા ફર્યા.

એટલામાં તો અગ્નિદેવે સંપૂર્ણ વનને અત્યંત ઉત્સાહથી સમાપ્ત કર્યું. ફક્ત ત્યાં ભસ્મ રહી. આ જોતાં તો પશુ પક્ષી એ અગ્નિકાંડથી બચવા માગે તો પણ ન બચે એમ લાગતું હતું. એ બધાં બળી જ ગયાં હશે. ભગવાન પોતાના રથ પર બેસી કોઈ પશુ કે સર્પ બહાર ન નાસી જાય એ માટે ચારે તરફ ચોકી કરતાં હતાં. એમણે અચાનક ઈન્દ્રના મિત્ર તક્ષકને જોયો. એ નાસવા તૈયારી કરતો હતો. ભગવાને અર્જુનને આ જોવા બોલાવ્યા, એટલામાં તક્ષક કુરુક્ષેત્ર તરફ નાઠો, પણ અગ્નિદેવે સાપનો પીછો પકડ્યો. સાપે વાયુની સહાય લીધી અને નાસવામાં મદદ કરે એમ કહ્યું. તક્ષકે મય દાનવનો આશ્રય લીધો. એ મય દેવો અને દાનવોનો બાંધકામ કરનાર હતો. તક્ષક અને મય કુરુક્ષેત્ર તરફ નાસવા લાગ્યા. શ્રો કૃષ્ણે પણ તેમને જોયા અને તેનો પીછો કર્યો. એ સમયે મયે અર્જુન પાસે પોતાનું અને તક્ષકનું આત્મસમર્પણ કરી દીધું. અર્જુને એમની ઇચ્છા પૂર્ણ કરી અને કૃતજ્ઞ બની મય દાનવે

અર્જુનના પગ પકડી કહ્યું, "હે પાંડુપુત્ર, આ દયાને અમે ક્યારેય ભૂલીશું નહિ. મારી રચનાની શક્તિ આપને માટે આપના કેવળ ઈશારાથી વાપરીશ.

તમારા દાદાએ કાંઈક વિચારીને કહ્યું," મય, જો અમને રાજી કરવા હોય તો એક કામ કરો. વિશ્વમાં જેનો જોટો ન જડે એવી એક રાજ્યસભા મારા મોટા ભાઈ માટે નિર્માણ કરો. એ એટલી સુંદર હોય છે કોઈ દેવ, દાનવ કે ગંધર્વ એવું બનાવવાની આશા જ ન કરી શકે અને બધા ચક્તિ બનીને જોતાં રહે, આ સિવાય બીજી કોઇ ઇચ્છા અત્યારે નથી. " શ્રીકૃષ્ણ પણ આ પ્રસંગે બોલ્યા, આ આશ્ચર્યમય સભામાં ધર્મરાજાને બેસવા માટે અદ્દ્ભૂત સિંહાસન પણ મૂકવું પડશે. અને એ સિંહાસન સાથે એ સભા આશ્ચર્યકારક (ચમત્કારી) બનશે.

પરીક્ષિત તારા ખ્યાલમાં આવ્યું કે શ્રીકૃષ્ણ તારા દાદા સાથે કેટલો સ્નેહ રાખતા હતા. ભક્તોનું કેટલું હિત એ વિચારતા હતા એનું કોઈ પ્રમાણ તારે જોઈએ છે? એ સભાભવનને જોઈને એ દુષ્ટ- દુર્યોધન બળી ગયો. એના સાથીઓને પણ ખાત્રી થઇ. જ્યાં સ્થળ જણાય ત્યાં ખરેખર પાણી હતું અને જ્યાં જળ જણાય ત્યાં જમીન હતી. દરવાજા ન હોય ત્યાં બારણાં જણાયાં. એ બધા કેટલી જગ્યાએ પડ્યા અને ઘવાયા. પાંડવો વિરૂદ્ધ એમને દ્વેષ ઉત્પન્ન થયો. કૌરવો પાંડવોના નાશ માટે હંમેશા પ્રયત્ન કરતા રહ્યા, પણ પાંડવોને ભગવાન કૃષ્ણની કૃપા હતી અને કૌરવો તો એમને માટે બચ્ચાંના ખેલ સમાન હતાં. એમની લીલા માટેની સામગ્રીનાં એ સાધન હતાં અને પાંડવો પર અનુગ્રહ થતો રહ્યો. કૌરવો, યશોદાનંદન ભગવાન જે પાંડવોના આશ્રયદાતા હતા, એમનો પણ દ્વેષ કરવા લાગ્યા, પણ ઈશ્વરેચ્છા વિરુદ્ધ કોણ કશું કરી શકે? ઈશ્વરનો દ્રોહ એ તો નિંદ્ય અને અજ્ઞાનભર્યો છે.

વ્યાસજી જ્યારે તક્ષકની કથા સંભળાવી રહ્યા હતા ત્યારે એકાગ્રચિત્તે પરીક્ષિત સાંભળી રહ્યા હતા. એ વાત પૂરી થતાં એમણે પૂછ્યું, "કયા કારણથી એ લોકોએ મારી દાદી દ્રૌપદીનું અપમાન કર્યું! મારા પિતામહોએ પોતાની સ્ત્રીનું એ અપમાન સહન પણ શા માટે કર્યું? બળ અને શક્તિ પોતાની પાસે હોવા છતાં એ જોઈને બેસી રહ્યા, ન તો કાંઇ સજા કરી કે ભરસભામાં પોતાની સ્ત્રીનું આવું અપમાન થાય એ ક્ષમ્ય ગણ્યું. આવી ઘટના કેવી રીતે બની તે મારી સમજમાં આવતું નથી. મને વાસ્તવિકતાને આધારે તથ્ય સમજાવો, કેવળ આપ જ મારા સંદેહ દૂર કરી શકશો."

પરીક્ષિતે એટલી નમ્રતાથી પ્રશ્ન કર્યો ને વ્યાસે કહ્યું ' પુત્ર! પાંડવો તો નીતિને માર્ગે ચાલનારા હતા. પોતાના માર્ગમાં ખૂબ ચોક્કસ હતા. એતો એવું માનતા કે હારેલા ને જીતેલા સાથે સંઘર્ષમાં ઉતરવાનો અધિકાર નથી. તારા દાદા અને બીજા ભાઈઓએ પણ પોતાને સંભાળી લીધા, નહિ તો કૌરવો ઉપર એવા તૂટી પડત કે કૌરવો પોતાના લોહીથી તરબોળ બનીને મૃતદેહોનો પશુપક્ષીઓનો ખોરાક આપત. આમ હોવા છતાં પણ તમારા

પિતામહ ભીમસેન તો સિંહ જેવા આક્રમક બનીને વનરાજને ઝાડ સાથે બાંધ્યો હોય અને પછી ગર્જના કરે એવી રીતે તૈયાર થઇ ગયા. કૌરવો તો ધર્મરાજની નીતિનાં ધોરણોને નિર્માલ્ય તુલ્ય ગણી હસી રહ્યા હતા. પણ એ શું કરી શકે? મોટાભાઈની ઈચ્છા પ્રમાણે અસહાય બનીને બેઠા. એમને તો નિરૂપયોગી માણસની પેઠે રહેવું પડ્યું. આવું વ્યાસ બોલ્યા ત્યારે પરીક્ષિતે પૂછ્યું" આ બધા નિ:સહાય કેમ હતા? " વ્યાસજી હસીને બોલ્યા" પુત્ર, હું તમને એ પણ કહીશ. ધર્મરાજાએ ખૂબ પ્રભાવશાળી રીતે મયદાનવ રચિત સભાગૃહમાં રાજસૂર્ય યજ્ઞ કર્યો હતો.કૌરવોને પણ એ સભામાં બોલાવ્યા હતાં; અને એ બધા આ સભાગૃહ જોઇને આશ્ચર્ય મુગ્ધ બની ગયા હતાં. એમને હિંસા અને બદલાની ભાવના થઇ આવી અને એમજ માન્યું કે પાંડવોએ પોતાનો વૈભવ અને શક્તિ બતાવીને એમનું અપમાન કર્યું. દુરાત્મા વ્યક્તિઓએ એમને સલાહ આપી કે ગમે તે ઉપાયે એમની આ સમૃધ્દ્વિનો અંત લાવવો જોઈએ. એમને છેવટે એક ઉપાય સૂઝયો.

એ હતો દરબારી રમત ધુત રમવાનો. એમણે એવો તો સંબંધ બાંધ્યો કે જાણે ખૂબ સ્નેહના બંધનમાં પડેલા હોય. એમના શબ્દો વિષમિશ્રિત મધના ટીંપા જેવા હતાં, જાણે કે ઘા ઉપર માખણ ન લગાવતા હોય. એ લોકોએ વૃધ્દ્વ અને અંધ પિતા પાસે આ પ્રકારનો સંદેશો મોકલાવ્યો, " પુત્ર! તમે બધા ભાઈઓ છો, તો આવો અને બધા સાથે મળીને શતરંજની રમત તો રમો." નિમંત્રણ મળતા જ તમારા સદાચારી પિતામહને એમની પાપાચારી ચાલબાજીનો ખ્યાલ પણ ન આવ્યો. એમણે તો નિમંત્રણનો સ્વીકાર કરી લીધો અને વગર વિચારે જ રમતમાં ભાગ લેવા માંડ્યો. એમણે તો દાવમાં પોતાના ભાઈઓને અને છેવટે સ્ત્રીનો પણ દાવ મૂક્યો. એમને ખ્યાલ ના આવ્યો કે દરેક દાવમાં કૌરવો કપટ અને દુષ્ટતા કરી રહ્યા છે. એવો ખ્યાલ પણ ન આવ્યો કે કૌરવો એમના સર્વનાશ માટે તૈયારી કરી રહ્યા છે. ધુતની હાર જીતમાં દ્રોપદી કૌરવોની સંપત્તિ બની ગઈ. તિરસ્કારની ભાવનાથી વશ બનીને કૌરવોએ ભરી સભામાં એનું અપમાન કરવા ઈચ્છા કરી. દુષ્ટ સ્વભાવવાળાને તો હંમેશા દુષ્ટતા જ ગમે. "

આ શબ્દો સાંભળતા જ પરીક્ષિતની આંખોમાંથી આંસુ નીકળી પડ્યાં. દુ:ખાતુર બનીને એમણે વ્યાસને પૂછ્યું," અંધ ધૃતરાષ્ટ્ર, પોતે સમ્રાટ હતાં છતાંય પરસ્ત્રી અને તેય રાણી વિરુધ્દ્વ આવું કેમ કરવા દીધુ? એમને નજર ન હતી પણ કાન તો હતા ને? કે પછી તે પણ પ્રસંગ પરત્વે ઉદાસ બની ગયા હતા. શાસ્ત્રોમાં તો કહ્યું છે કે કોઈપણ સ્ત્રીનું અપમાન ન થવું જોઈએ અને એવા પ્રસંગે એને ઉલટી સહાયકરવી જોઈએ. રાજ્યકર્તાઓએ તો પ્રજા તરફ ન્યાય નીતિમત્તામાં આદર્શ બનવું જોઈએ. એ બધા એટલા બધા દુષ્ટ બની ગયા કે શાસનકર્તાના નિયમોનું પણ ઉલ્લંઘન કર્યું! આવા કેવા માણસો શાસક બની બેઠા? પર સ્ત્રી અને તે પણ અસહાય અવસ્થામાં હોય તેની આબરૂ લેનાર તો નીચમાં નીચ મનુષ્ય કે ભયંકર પાપી કહેવાય. હું તો ધારું છું કે આવા અનાચારી પુરુષો જો એમના

હાથમાં શક્તિ આવે તો દેશના ટુકડે ટુકડાં થઈ જાય, આ અનાચારે તો બધાનો સર્વનાશ આપ્યો. ઈશ્વર બધું જોઈ રહ્યો છે. આ હું કહું છું તે ઠીક છે કે નહી?

# અધ્યાય ૨૦

પરીક્ષિત આ અન્યાય વિરોધી વાત પૂછતાં જ રહ્યા. "અસભ્ય અને જંગલી લોકો પણ સ્ત્રીઓનું તો સન્માન કરે છે. જો એકાદનું પણ આવું અપમાન થાય તો એ પણ એવું માને કે સંપૂર્ણ જાતિનું અપમાન થયું છે. જ્યારે સભામાં આમ થયું ત્યારે ત્યાં તો જ્ઞાતિજનો, વૃધ્ધો, વિદ્વાનો, પંડિતો બધા જ હાજર હતાં અને આ બધા ભરી સભામાં આવો અસહ્ય અન્યાય જોતા રહ્યાં. શું એ બધા મહાપુરુષોની બુધ્ધિ એકાએક નાશ પામી હતી? શું એ બધા ઘાસ ખાઈને જીવતા હતા, જેથી પશુ બુધ્ધિ આવે? પશુત્વ પ્રાપ્ત થતાં એ જાતિ સન્માનની ભાવના પણ ભૂલી ગયા? અને એ બધા બુઢ્ઢા પુરુષો એમની વિચાર બુધ્ધિનો પણ લોપ થઇ ગયો અને પોતાની જાતની જ આવી કરુણ મશ્કરી કરી.

વ્યાસની ઈચ્છા આ મહાપુરુષો વિરુદ્ધ આક્ષેપોની વાત બંધ કરવાની હતી એટલે મૌન રહ્યા. છેવટે બોલ્યા, " બેટા પરીક્ષિત કોઈપણ વાતમાં અભિપ્રાય આપવા આટલી ઉતાવળ ન થાય. એ સભામાં કોઇ એવો પ્રૌઢ, જ્ઞાની, પંડિત ન હતો કે જે દુર્યોધન કે દુશાસનના દુષ્ટ " વિચાર " નું સ્વાગત કરે. એ બધાએ તો આના પરિણામ વિષે એમને સચેત કર્યા હતાં, પણ અધમ માણસ જો એના પાપી વિચારો ન ત્યજે તો એ બધા શું કરે? જ્યારે દુ:શાસન કેશ પકડીને દ્રોપદીને ખેંચી જતો હતો તે વખતે વિદુર, ભીષ્મ, દ્રોણાચાર્યના દુ:ખની સીમા ન હતી, એનું વર્ણન કરવા તો શબ્દો પણ નથી. એમનાં નેત્રોમાંથી તો અશ્રુની ધાર વહેતી તેઓ મુખ ઊંચુ કરીને કે આંખ ખોલીને આવી અધમ વ્યક્તિઓને જોઈ શક્તા પણ ન હતા.

બીજું પણ એક કારણ હતું. ગુસ્સે ભરાયેલી દ્રોપદીની આંખમાંથી નીકળતાં તેજના કિરણો જો કોઈ ઉપર પડે તો તે તરત જ ભસ્મ થઇ જાય. નસીબયોગે એ તો ફક્ત તમારા પિતામહ યુધિષ્ઠિર તરફ જ જોઈ રહી હતી. દ્રોપદીના મનમાં એમના ધૈર્ય અને સહિષ્ણુતાનો વિશ્વાસ હતો, નહિ તો દુર્યોધન, દુઃશાસન કે બીજા પાપી લોક બચત જ નહિ.

ધર્મરાજનું મુખ એટલું પ્રભાવશાળી હતું, કે એ જોવાથી જ આ ભાવનાનું પરિવર્તન થયું. આ મુખનું દર્શન તમારા પિતામહો ભીમ, અર્જુન, નકુલ, સહદેવ બધા જ કરી રહ્યા હતા, પણ દ્રોપદીની અવસ્થાથી એમનું હૃદય ખૂબ કલેશ પામતું હતું, પણ ધર્મરાજાનું મુખ જોતાં જ એમનું મન શાંત થઈ જતું. ધર્મરાજાની શાંત મુખ મુદ્રાએ એ બધાને બચાવી લીધા, નહીં તો દ્રોપદીના ક્રોધાગ્નિ વડે એ બધા બળીને ભસ્મ થઇ ગયા હોત અને કુરુક્ષેત્રના યુદ્ધની જરૂર ન પડત.

ઈશ્વરની ઈચ્છા વિના તો કશું બનતું જ નથી. શ્રીકૃષ્ણની ઈચ્છા વિરુદ્ધ કોઈ કશું કરી શકે ખરો? એ તો રોતી રહી. પતિમાંથી કોઇ ન ઊઠ્યું એ બધાની શક્તિ અને

સામર્થ્યની વાતો યાદ દેવરાવી તો પણ કોઇએ કાંઇ કર્યું નહી. તે ક્ષણે ભગવાનનું સ્મરણ કરવાની શરૂઆત કરી અને ડૂબેલા હૃદયને આધાર મળ્યો. એ પોકાર કરવા લાગી, " હે શ્યામસુંદર! આ અપમાન મારૂ નથી અને કલંક, એ તો પાંડવોનું નથી. આ તો કલંક અને અપમાન તમારૂ થાય છે. તમે અમારા સર્વસ્વ છો. તમે અમારા જીવનના આધાર છો. તો શું આ ભયંકર અપમાન અને કલંક તમે સહન કરશો? અમે તો અમારું હૃદય આપને સમર્પણ કર્યું છે. અમારું સર્વસ્વ આપને ચરણે છે. આપને ભાવપૂર્વક કરેલી ભક્તિથી આપ પ્રસન્ન નથી થયા? જેવી આપની ઈચ્છા." પછી એણે સર્વ સમર્પણ ભાવે ઈશ્વરને ભજવાનું શરૂ કર્યું.

દીન દયાળ પ્રભુ તો આત્મનિવેદન કરનાર ભક્તોને બચાવે છે. દ્રોપદીના દુઃખોનો ભાર દૂર કરવો એમના હાથમાં હતો. અંતર્યામી સ્વરૂપે પોતે પધાર્યા, દ્રોપદીને દર્શન દીધા. આશ્ચર્ય તો એ હતું કે પાપી માણસો એને નિર્વસ્ત્ર કરી અપમાનિત કરવા ઈચ્છતા હતા એ ન કરી શક્યા. ભગવત્ કૃપા અને દ્રોપદીની ભક્તિ જોઈ સર્વ લોકો અને દુરાચારી બધા જ આશ્ચર્ય ચકિત બની ગયા. વિદ્દ્વાનો અને સંતોએ કહ્યું છે કે સત્ય અને ધર્મની હાનિ થતી નથી. તે જય પામે છે. આનંદાશ્રુ એમની આંખોમાંથી નીકળી પડ્યાં. છેવટે દુષ્ટ દુ:શાસન થાકીને અપમાનિત બની બેસી ગયો. સમગ્ર અપમાનનો ભાર કૌરવપક્ષ પર પડ્યો. પાંડવો તો ઊદાસ બનીને બેઠા હતા.

ઈશ્વર તો ન્યાયી છે. તે શું પાંડવો નું આવું અપમાન થવા દે ખરો? કૌરવો, જે કષ્ટો પાંડવોને આપવા માગતા હતા તે દુ: ખો તેમને જ સહન કરવાનો સમય આવ્યો, આ હતી તમારા પિતામહોની અનન્ય ભક્તિ અને પ્રભુની અપાર કરુણા, પાંડવોની નિષ્ઠાની પરાકોટિ વિશ્વને બતાવવા માટે ભગવદિચ્છાથી રચાયેલું આ એક મધુર નાટક હતું. એ તો કેવળ ઈશ્વરેચ્છા હતી. માણસ અનેક કષ્ટો, સંકટો, દરિદ્રતા, અપમાનમાં સપડાય છે, પણ જે પ્રભુનો ભક્ત હશે તે આ સર્વ ધૈર્યપૂર્વક સહન કરી શકે છે. ઈશ્વર પોતાના ભક્તોને (બાળકોને) ક્યારેય તરછોડતા નથી. ઈશ્વર પ્રત્યેનો દ્રઢ ભાવ સંકટોને સમયે ગુમાવવો ન જોઈએ પણ વધારે ધૈર્યપૂર્વક જાગ્રત કરવો જોઈએ, ઈશ્વરનો ભક્ત એ અનેક કષ્ટો અને દુ:ખોને ધૈર્યથી સહે છે. માનવોને સત્ય નીતિનાં વાસ્તવિક દર્શન માટે પ્રભુનું પાંડવો માટેનું આ એક નાટક હતું. એમના જીવનના પ્રત્યેક પ્રસંગો એ આ નાટકનાં ભિન્ન ભિન્ન દ્રશ્યો છે.

# અધ્યાય ૨૧

ઈશ્વરના અનુગ્રહના અનુભવ પછી દ્રોપદી આશ્ચર્ય મુગ્ધ બની ગઈ. ભગવાન તો એની મર્યાદા ઢાંકવા વસ્ત્રને વધારતા ગયા. દ્રોપદી શ્રધ્દ્ધા અને ભક્તિથી અશ્રુપૂર્ણનયનોએ "કૃષ્ણ, કૃષ્ણ" પોકાર કરતી રહી અને સભાજનો બધા ભયભીત બની ગયા. એના મુખનું તેજ જોતાં બધાને એમ લાગતું કે એ જાણે જગદંબા ન હોય કે શક્તિ સ્વરૂપ ન હોય. એ વખતે ભગવાન કૃષ્ણ સાક્ષાત રૂપ ધરીને દ્રોપજીને દર્શન દીધા, કહ્યું, " બહેન ! તું કેમ ચિંતા કરે છે ? મારો અવતાર ખલનિગ્રહ માટે છે. યુગો સુધી ધર્મનો જય અને પાંડવોની કિર્તિ ફેલાશે એવું હું કરીશ, આ સાંભળતાં જ પ્રભુનાં ચરણોમાં નમી પડી અને અશ્રુથી પ્રભુચરણોને પખાળ્યાં. પાપીઓએ ખેંચેલો કેશપાશ પ્રભુચરણોને ઢાંકી રહ્યો હતો. ભૂમિ પર પ્રભુચરણમાં એ લીન બની.

એમનો ગુસ્સો ઉત્તેજક અને સાથે સાથે શાંત ચહેરો જોઇને સર્વ સભ્યો મૂક બની ગયા. ભગવાને એમનો હાથ ગ્રહીં ઊભા કર્યા. અને મસ્તક પર કરકમળ મૂકી અભયદાન આપ્યું, " ઊઠો! કેશપાશનો સંસ્કાર કરો, આગામી સંકટોનો ધૈર્યથી સામનો કરો." આ શબ્દો સાંભળતાં જ એ નાગ જેવા સળવળી ઊઠયાં. કેશપાશથી ઢંકાયેલી એમની નેત્રજયોતિ વાદળોમાં વીજ ચમકે એમ ચમકી રહી હતી.

સભાની મધ્યમાં આવીને ભગવાન સન્મુખ સર્વ સાંભળે એમ બોલી ઊઠ્યા " ગોવિંદ! વસ્ત્ર તો ફાટેલું સીવી શકાશે, પણ સંપૂર્ણ રીતે સાંધી શકાય નહિ. પરિણિત નવવધૂને વિવાહ પછી એક વાર વિદાય આપી શકાય, ફાટી ગયેલું દૂધ પોતાના અસલ સ્વરૂપે પાછું મેળવી શકાય ? હાથીના દાંત જે મુખમાંથી બહાર આવ્યા, એ મુખમાં પાછા ધકેલી દેવાશે ? દ્રોપદીના કેશોને આ અધમ હાથોએ ખેંચ્યા છે અને કેશપાશ છોડ્યો છે એ કેશને પ્રસન્નતાપૂર્વક ફરી નહિ બાંધી શકાય." સર્વે જનસમાજ નતમસ્તકે મૌન બેસી રહ્યો હતો. રાણીના આ અપમાનના દુ:ખથી દુ:ખી હતો.

પણ ભગવાને શાંતિનો વિરામ કરી કહ્યું, "તું આ કેશ ફરી ક્યારે બાંધીશ? બહેન આ છુટ્ટા વાળથી તો ખૂબ ભયાનક લાગી રહી છે." સિંહ જેવી ગર્જના સાથે વીર સ્વરે બોલી ઊઠી, "ભગવાન સાંભળી લો, જે નીચે આ કેશનો સ્પર્શ કર્યો છે, જે માણસ પોતાના પાપી હાથે આને પકડીને સભામાં લાવ્યો છે, એનો શિરચ્છેદ થવો જોઈશે. એનો દેહ પશુઓનું ભોજન બનશે, એની સ્ત્રી જ્યારે વિધવા બનીને તેના વાળ છુટ્ટા મૂકશે અને દુ:ખની પોક મૂકશે, ત્યારે જ તે દિવસે હું વાળ ફરી કેશપાશમાં બાંધીશ એથી પહેલાં નહિ."

આવી શ્રાપ જેવી વાણી સાંભળીને સભાના પ્રૌઢ વર્ગને તો એના પરિણામના વિચારે ભયભીત કર્યા. આવું વિશેષ ન સાભળવું પડે એ માટે કાન પણ બંધ કરી દીધા.

બધા શાંતિ, ક્ષમા, શાંતિ એમ બોલી શાંત્વન કરવા લાગ્યા. એ સર્વને ખબર હતી કે સતી સ્ત્રીનો શ્રાપ કેવો ભયાનક હોઇ શકે. રાણીના અપમાનમાં સહાય કરનાર અધમ પાપીઓના પિતા અંધ ધૃતરાષ્ટ્ર પણ ભગ્ન હૃદય બની ગયા. એના પુત્રો પણ મોઢા ઉપર થી તો શાંત હતાં પણ અંદર અંદર કાંપી રહ્યા હતા. ગભરાટ અને ચિંતાનું મોજું આખી સભામાં ફેલાયું, કારણ કે બધા જાણતાં હતાં આ શબ્દો સત્ય બનશે અને એ ગુન્હા માટે એણે કહ્યું એ પ્રમાણે સજા થશે જ.

આ આશંકાને સાચી ઠરાવવા ભગવાન કૃષ્ણે પણ કહ્યું "અરે દ્રોપદી! જેવું તે કહ્યું તેમજ થવાનું છે. તારા પતિઓને દુ:ખ દેનાર દુષ્ટોનો હું નાશ કરીશ જ.

તારા બોલાયેલા શબ્દો જરૂર સત્ય બનવાના જ છે, કારણ જન્મથી આજ સુધી તેં તારી જીભને અસત્ય બોલી ક્યારેય અપવિત્ર બનાવી નથી. તારા વચન સત્ય જ છે, ગમે તે થાય પણ વિજય તો સત્યનો જ છે.

આવાં વચનથી તમારા દાદીમાને ભગવાને ધૈર્ય પ્રદાન કર્યું. પાપી કૌરવોનો નાશ અને વિશ્વમાં ધર્મ અને ન્યાયનો વિજય થયો. જ્યાં ધર્મ હોય ત્યાં જ ઈશ્વર, જ્યાં ઈશ્વર ત્યાં વિજય, આ સત્ય આ પ્રસંગ દ્વારા ભગવાને વિશ્વને આપ્યું.

તમે સાંભળ્યું કે તમારા પિતામહને ભગવાનની અનહદ કૃપા મળી હતી, તે કેટલા ભાગ્યવાન હશે ! એ પ્રભુની કૃપા તો ધર્મનો અનુરાગ અને સત્યનો અચલ પ્રેમ, એ બંનેને લીધે હતી. અઢળક સંપતિનો વ્યય કરીને, યજ્ઞ કાર્યો કરીને પણ જો વ્યક્તિ ધર્મ અને સત્યના પંથે અડગ રહે તો જ ભવસાગર પાર કરીને મોક્ષ પામી શકે, નહિ તો દુર્યોધનની ઈચ્છા પ્રમાણે તારા દાદાને બાળીને ભસ્મ કરવા વનમાં જનાર ક્રોધી દુર્વાસા આગળ પણ એ શી રીતે બચી શકે ? દુર્વાસાને પણ એ શિક્ષા મળી કે યુગોની તપશ્ચર્યા સામે ભગવાનની કૃપા અધિક મહત્વની છે. જેનો સર્વનાશ કરવા આવેલા તેમની સ્તુતિ કરીને પાછા આવ્યા.

**દુર્વાસા-**

મુનિવ્યાસ આ રીતે પાંડવોની નિષ્ઠાનું ખૂબ આદર સાથે વર્ણન કરી રહ્યા હતા ત્યારે પરીક્ષિતે આશ્ચર્યચકિત થઇ પૂછ્યું, "શું કહ્યું આપે ? દુર્વાસાને પણ મારા પિતામહો સામે મસ્તક નમાવવું પડ્યું. અરે ? હું કેટલો ભાગ્યવાન કે મારા પિતામહો સામે ઋષિ દુર્વાસાને પણ નમતું જોખવું પડ્યું અને એ વંશમાં મારો જન્મ છે." પ્રભો, આપ કહો એ કેવી રીતે બન્યું ? દુર્વાસા એમની પાસે શા માટે ગયા અને તેનું શું પરિણામ આવ્યું.

વ્યાસજીએ ઉત્તર આપ્યો, " ભાગવત્કૃપાથી તમારા પિતામહો વનમાં પણ આનંદથી રહેતા હતા અને આતિથ્ય માટે એમની ખ્યાતિ વિશ્વ વિખ્યાત હતી. એમને તો એમ લાગેલું કે હસ્તિનાપુર કરતાં વનવાસમાં ઘણું વધારે સુખ છે. પ્રારબ્ધની ઉથલપાથલ થી

મહાપુરુષોનાં મન વિહવળ બનતાં નથી, પણ સંતોષ અને શાંત બની રહે છે. જેમ સુવાસિત પુષ્પો ગમે તેના હાથમાં મૂકો તો પણ સુવાસ આપે છે, એ રીતે જ મહાપુરુષો ગમે ત્યાં વસે, પછી ભલે ને વન હોય કે ગામ કે શહેર હોય, પ્રસન્ન જ રહે છે. એમને કોઈ જીવનમાં કે આનંદમાં પરિવર્તન આવતું નથી. તમારા પિતામહોએ આ પ્રમાણે જીવી બતાવ્યું હતું. સજ્જન જ્યારે સુખ શાંતિથી અસહ્ય બને છે. દુષ્ટ પોતાના આનંદ અને સંતોષ માટે પણ સજ્જનોની વિપત્તિઓએ દુષ્ટોની તૃપ્તિ છે. કોયલના સ્વરનો મધુર રણકો એ કાગડાના કાન માટે કઠોર કર્કશ અવાજ જ છે. આમ પાંડવોનું વનમાં નિશ્ચલ સુખી જીવન, રાજધાનીના કૌરવો માટે દુઃખદાયી હતું.

પણ એ કરી પણ શું શકે ? એમણે પાંડવો પર અનેક ત્રાસ ગુજાર્યો. કષ્ટ પણ આપ્યા, છેવટે રાજ્યમાંથી પણ એમને કાઢીને નિર્ધન બનાવી વનમાં મોકલ્યા.

એ બધા ભૂખે મરીને રિબાય એવું એમણે ધારેલું પણ સાચી વાત તો જુદી જ હતી. એ તો બધા ભાગવત્ પ્રેમમાં તરબોળ હતા. દૈવી જીવો માટે યુધ્દ તો એક નિરર્થક વાત છે, માટે કૌરવોએ બધી સમૃધ્ધિ લઈ લીધી અને કેવળ એમનો દેહ લઈને રાજ્યમાંથી બહાર મોકલ્યા, ધ્રુતક્રીડા પછી એ લોકોએ પાંડવોની બધી સંપત્તિ લઈ લીધી. કૌરવોએ પોતાની નીચતા વાપરી અને ભ્રાતાઓનો તેજોવધ કરવા નિંદ્ય ઉપાયો યોજયા, પણ ભાઈઓ તો સત્યમાર્ગના અવલંબન પર હતા. એ એમને ભિન્ન ન કરી શક્યા. સત્યનિષ્ઠા દ્વારા પાંડવોના સુખમાં કોઈ બાધા ન આવી અને એ ક્રોધમાં કૌરવો ભસ્મીભૂત થયા.

આવા અશાંત વાતાવરણ, ક્રોધનું પ્રત્યક્ષ સ્વરૂપ જેવા દુર્વાસા મુનિ હસ્તિનાપુરમાં ચાતુર્માસ કરવા દસ હજાર શિષ્યો લઈને આવ્યા. કૌરવોને દુર્વાસાની યોગશક્તિ તેમજ નિર્બળતાનો પરિચય હતો. એમણે દુર્વાસાને પોતાના ભવનમાં નિવાસ આપ્યો અને એમની તથા શિષ્યોનિ ચાતુર્માસ પર્યંત ખૂબ સેવા કરી. (સત્કાર કર્યો) મુનિને એમણે પોતાના બદઈરાદામાં ફસાવવા હતા, એટલે શિષ્યો સાથે મુનિની ખૂબ સારી રીતે સેવા કરી. એમણે એ પણ ધ્યાન રાખ્યું કે દુર્વાસાને કોઈપણ રીતે નિરાશા કે ક્રોધનું કારણ ન મળે. ચાર માસ ખૂબ ભાવભરી સેવા કરી. મુનિ કોપાયમાન થાય તો હાથ જોડીને મસ્તક નમાવીને મુનિનો ક્રોધ સહન કરતા. આ પ્રકારે મુનિને વશ કરી લીધા.

એક દિવસે જ્યારે ભારે સ્વાદિષ્ટ ભોજન જમીને દુર્વાસા આરામ કરી રહ્યા હતા ત્યારે દુર્યોધન એમની પાસે જઈને શ્રધ્ધાથી પથારી પાસે બેઠો. મુનિએ એને કહ્યું, "રાજા, તમારી સેવાથી હું ખૂબ પ્રસન્ન છું. મારી પાસે વરદાન માંગો. ગમે તેવું (અમુલ્ય દુર્લભ) વરદાન પણ તમને આપીશ. " દુર્વાસા પાસે જે માંગવાનું હતું તે માટે તો દુર્યોધન તૈયાર જ હતો, તે આનંદમાં આવ્યો કે હવે મારે વરદાન મેળવવાનો સમય આવ્યો. માગતી વખતે ખૂબ નમ્ર વિવેક બતાવ્યો, "પ્રભો આપ અમારી સેવાથી પ્રસન્ન થયા એ જ કરોડો વરદાન સમાન છે. આપની પ્રસન્નતા એ જ મારે માટે પૂરતું વરદાન છે. ધન અને કીર્તિ માંગીને શું લાભ ? મને

દુ:ખ એ વાતનું છે કે ચાર માસ સુધી સેવા કરવાનો લાભ જ્યારે મને મળ્યો તે વખતે મારા ભાઈઓ પાંડવો પાસે ન હતાં. મારી તો એટલી ઈચ્છા છે કે એમને પણ આપ સેવાનો લાભ આપો. કૃપા કરીને આપ શિષ્યો સાથે એમને સ્થાન પર જઈ એમને એ લાભ આપો, મારા મોટાભાઈ ધર્મરાજા તો સત્યના એવા આગ્રહી છે કે પોતાના વચન માટે, અમે આગ્રહ અને વિનંતિ વારંવાર કરવા છતાં વનમાં જઈને રહ્યા છે. મેં એમ સાભળ્યું છે કે વનમાં પણ તેઓ અનેક અતિથિઓનો સેવા સત્કાર કરે છે. એ તો અમારા કરતાં પણ ઉત્તમ સેવા કરશે અને ઉત્તમ ભોજન કરાવશે. જો આપ મારા પર અનુગ્રહ કરવા ઈચ્છતા હોય તો આપને વિનંતિ કે પાંડવો પાસે પણ આપ પધારો. આમ બોલીને દુર્યોધન એમને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને ક્ષમા માગી. મુનિને એનો ઈરાદો ખ્યાલમાં આવી ગયો અને એ મુક્ત હાસ્ય કરવા લાગ્યા.

# અધ્યાય-૨૨

દુર્વાસાએ દુર્યોધનની પ્રાર્થનાનો સ્વીકાર કરી લીધો. એમણે ઠીક છે. એમ બોલીને વન તરફ પ્રયાણ કર્યું, " હું જરૂર જઇશ." પણ આ પ્રાર્થના પાછળ કુભાવના હતી. વાત આવી હતી. એક દિવસે પ્રાતઃકાળમાં જ્યારે પાંડવો સૂર્યનારાણનું પૂજન કરી રહ્યા ત્યારે ભગવાન સૂર્યને દયા આવી અને એ કૃપારૂપે એક પાત્ર એમને આપ્યું. આ અક્ષયપાત્ર હતું. અન્ન ગમે તેટલું અંદરથી બહાર લેવામાં આવે પણ ખૂટે જ નહિ. ધર્મપરાયણ દ્રોપદી, સર્વ પાંડવો જમ્યા પછી ભોજન કરતી હતી, જ્યાં સુધી દ્રોપદી ભોજન ન કરે ત્યાં સુધી જમનારની સંખ્યા ગમે તેટલી હોય છતાં પાત્રમાં અન્ન ખૂટતું નહિ, પણ જ્યારે ખાઇ રહે અને પાત્ર ધોઈ નાખે, પછી પાત્રમાં અન્ન મળે નહી. દિવસે એક વાર જ્યાં સુધી તે ન જમે, ત્યાં સુધી પાત્ર પૂર્ણ રહેતું. પોતે જમતા પહેલાં તો હજારો અતિથિઓને ભોજન કરાવી દેવાતું, અને પોતે ભોજન કરી લીધા પછી પાત્ર ખાલી, કહેવાનો અર્થ એટલો જ કે પાત્રમાં અન્નનો એકાદ અંશ પણ હોવો જોઈએ, જેથી ઉપયોગ માટે એની વૃધ્દ્રિ થાય. આ એક આશ્ચર્યકારક ઘટના હતી. દુર્યોધને આ વાત વિચારીને જ દુર્વાસાને કહેલું કે આપે દ્રોપદી ભોજન કરી લે પછી જવાનું રાખવાનું છે. જ્યારે ક્રોધી દુર્વાસા ભોજનની માંગણી કરે ત્યારે પાંડવો એમને કે એમના અસંખ્ય શિષ્યોને ભોજન આપી તૃપ્ત કરવા અશક્ત બનશે અને ગુસ્સે થઈને દુર્વાસા એવો શ્રાપ જરૂર આપશે કે પાંડવો કાયમને માટે સમાપ્ત થઈ જાય. પછી એમને પાછા ફરીને આવવાનો કે ભાગ આપવાનો ભય જ નહિ રહે અને કૌરવો કાયમ શાંતિથી રહી શકશે. દુર્યોધને આ કુવિચાર કર્યો, પણ પાંડવો કોઈ પાસે સહાયની અપેક્ષા રાખતા નહિ, કેવળ અંતર્યામી પરમાત્મા પાસે માગતા. એવા ભગવત્કૃપા પર જીવનારાને મુનિનો ગમે તેવો શ્રાપ લાગે તો પણ એનો શો પ્રભાવ પડે? જો સ્વંય ભગવાન રક્ષક હોય તો પાપીનાં કરતૂતોની શી અસર થાય ? એ સર્વ વ્યર્થ જાય, દુષ્ટ કૌરવોને એ ખબર ન હતી કે જ્યારે એ આવું વિચારતા હોય ત્યારે ભગવાન પણ કાંઈ જુદુ જ વિચારતો હશે.

જયારે દ્રોપદીને ભોજન કરીને પાત્ર સાફ કરી લીધું અને આરામ કરીને પતિ સાથે વાર્તાલાપ કરવાનું શરૂ કર્યું ત્યારે તે સમયે દુર્વાસા પોતાના દસ હજાર શિષ્યો સાથે પાંડવો પાસે આવ્યા, ધર્મરાજાએ પર્ણકુટી તરફ આવતા જોયા. એમણે ઊભા થઈ એમનું સ્વાગત કર્યું અર્થપ્રદાન કર્યું સાષ્ટાંગ પ્રણામ કર્યા અને બોલ્યા! આજે મારા મનોરથ પૂર્ણ થયા. આજનો દિવસ ખૂબ નસીબવંતો છે," આનંદ પૂર્વક હર્ષાશ્રુ વહાવતા હાથ જોડીને સામે ઉભા રહ્યા. દ્રોપદી અને બીજા પાંડવો પણ હાથ જોડી નત મસ્તક ઊભાં.

દુર્વાસા જે ખૂબ દૂરથી ચાલીને આવેલા છે તે બોલ્યા, 'અમે સ્નાન અને મધ્યાહન સંધ્યા કરવા નદી તટે જઈએ છીએ, અમારે માટે ભોજન તૈયાર રાખજો, આટલું બોલી ઉતાવળા નદી કિનારે ચાલ્યા. ધર્મરાજાએ આ સાંભળ્યું, ત્યારે તો એમનું હૈયું ભાંગી પડ્યું.

એમણે દ્રોપદીને પૂછ્યું, તો જાણ્યું કે પાત્ર ધોઈને મૂકી દીધું છે. એ તો દુ:ખથી બેસી ગયા, કે હવે શું થશે ? "દસ હજારને જમાડવાના? હે ભગવાન ? આજે શું થવા બેઠું છે ?" દુ:ખથી વિલાપ કરવા લાગ્યા. દ્રોપદી એક આદર્શ ગૃહિણી હતા. અતિથિને ભોજન સત્કાર કરાવવો એમને ખૂબ ગમતો, પણ અત્યારે આટલા બધાને માટે વ્યવસ્થાની કોઈ શક્યતા ન હતી. તે વ્યાકુળ બની ગયા. આજે આવેલા અતિથિ તો જાણીતા ઋષિ  દુર્વાસા છે. એમની શક્તિ બધાને ખબર છે.

જે કોઈ એમને ક્રોધ કરાવે તો તેને એક ક્ષણમાં ભસ્મ કરી નાંખે એવાં છે. હાય ? મારા પતિ દેવો પર કેવું સંકટ આવી રહ્યું છે.?" આમ વિચારીને ભયભીત બની ને ધ્રુજવા લાગ્યાં.

કોઈ પણ ઉપાયે એમને જમાડવાના પ્રશ્ન નું સમાધાન મળ્યું નહિ. સજ્જનોને બચાવનાર તો ઈશ્વર છે, એ સિવાય બીજુ કોઈ બચાવે ? હે કુષ્ણ! ગોવિંદ!: મને અને મારા પતિદેવોને બચાવો, સર્વનાશ થઈ રહ્યો છે તેમાંથી ઉગારો. ઋષિ અને શિષ્યો ની તૃપ્તિ માટે કોઈ માર્ગ બતાવો" આધ હ્રદયથી દ્રોપદીએ આ પ્રમાણે પુકાર કર્યો. ખુબ ઉત્કંઠાપૂર્વક પોકાર કરવા લાગ્યાં. પોતાને કાંઈ થાય તો તેની પરવા ન હતી, પણ પતિદેવોને કાંઈ બન્યું તો તેના સૈભાગ્યનું શું ? ખુબ દુ:ખ ની સાથે રૂદન કરવા લાગ્યા. પાંડવો પણ એ જોઈ ને ખુબ ચિંતાતુર બન્યા. બધા પણ એક માત્ર સહાય માટે ભગવાન કુષ્ણને પોકાર કરવા લાગ્યા. હે નંદ નંદન! કૌરવો તરફથી અનેક આફતોમાંથી તમે અમારી રક્ષા કરી, આંખોની કીકીની જેમ અમને બચાવ્યા આજે આ વિપત્તિમાં અમને કેમ મૂક્યા ? અમારો કોઈ અપરાધ-ભુલ હોય તો ક્ષમા કરો, આફતથી અમને બચાવો. ઋષિ અને તેના શિષ્યોને તૃપ્ત કરવામાં અમને મદદ કરો."

પાંડવોની પ્રાર્થના અને દ્રોપદીનાં અશ્રુઓથી ભગવાન કૃષ્ણ દ્રવિત બન્યા. પદધ્વની સંભળાયો. દુર્વાસા ને પાછા ફરવાની રાહ જોઈ રહેલા પાંડવોએ ભગવાનને કુટીરમાં પ્રવેશ કરતા જોયા. પ્રભુનુ તે મધુર હાસ્ય ચારે તરફ ફેલાયું  પીતાંબર જમીનને સ્પર્શ્યું." એ તો બધા અવાચક બની ગયા, "કુષ્ણ, કુષ્ણ બોલતાં એમની પાસે દોડ્યા. દ્રોપદી પણ આ સાંભળી અંદરથી બહાર દોડી આવ્યાં. તેમને ખ્યાલ આવ્યો એ ચોક્કસ એમની કૃપાનુ ચિન્હ છે. પ્રભુને જોતાં જ ચરણારવિદં પર મસ્તક મુકી ચોધાર આંસુએ પગને ભીજવી નાખ્યાં." મારી રક્ષા કરો, મારાં સૈભાગ્યને બચાવો, ત્રષિ અને એમના બધા શિષ્યોને તૃપ્ત કરો, " પણ ભગવાન તો એમની ચિંતા સાંભળીને સહેજ પણ વિચલીત ન થયાં. બ્રહ્માંડ નિયામકને પોતાને જ ભુખ લાગી હતી, તે તેમાં નિમગ્ન થઈ ગયાં. એ બોલ્યા "દ્રોપદી એક આશ્ચર્યની વાત છે. હું પોતે પણ ભુખ્યો છું. પહેલાં મારી ભુખ દુર કરો પછી જે જોઈએ એ તે માંગો. જલ્દી મને કાંઈક ભોજન આપો." અને જાણે ભૂખે રહેવાતું ન હોય એમ હાથ લંબાવ્યો.

દ્રોપદી બોલ્યાં ભગવાન, આ મજાક કરવાનો વખત નથી..આ તો અમારી કસોટીનો વખત છે. અમને બચાવો. અમારી આફત માટે હસો નહિ. સાડીના પાલવ થી આંસુ લુછવા માંડ્યા. બે હાથ જોડીને પ્રાર્થના કરવાં માંડી. ભગવાને એમનું મુખ ઊંચું કરી કહ્યું, દ્રોપદી સ્ત્રીઓની આંખોમાં આંસુ જલ્દી આવી જાય છે, મારી ભુખ આ આંસુઓથી દુર થશે ખરી ? પ્રભુ તો પોતાની મસ્તીમાં હતાં. દ્રોપદી બોલ્યા, ગોપાલ, તમે પણ અમારે બારણે આવેલા બીજા અતિથિ છો, પણ તમે જે માંગો અને અમે ન આપીએ તો તમે અમારો વિનાશ થાય એવો શ્રાપ નહિ આપો, પણ બીજા તો દસહજાર શિષ્યોની સાથે ભોજનની ઈચ્છા રાખે છે. અમે જરૂર ભસ્મસાત થવાનાં છીએ, અત્યારે આ વનમાં અમને એક અન્નનો દાણો પણ ક્યાંથી મળે? આ નિર્જન જગંલમાં આટલા બધા માણસોના ભોજન માટે વ્યવસ્થા પણ કેવી રીતે કરી શકાય? આમ બોલીને પોતાના દુ: ખનું કારણ રજૂ કર્યું.

ગોપાલ જોરથી હસવા લાગ્યા, " તમે કહ્યું, દસ હજાર અતિથિ આવ્યા છે, મને તો એક પણ જણાતો નથી. તમારી વાત પર મને હસવું આવે છે.-પાસેના બાળકને તમે દૂર હડસેલીને દૂરના બાળકોને પ્યાર કરો છો અને એને માટે ચિંતા કરો છો. પહેલાં મને ભૂખ દૂર થાય એવું કાંઈક આપો, પછી જે દૂર છે એની ચિંતા કરો. ભગવાને એમ કહ્યું કે પહેલું તેમનું સ્વાગત થાય અને ભૂખ્યા માણસોનો અભિનય પણ ખૂબ સુંદર રીતે કર્યો, દ્રોપદીએ કહ્યું પ્રભો! પાત્રમાં જાત જાતની વિવિધ વાનગીઓ હતી એ સર્વને આપી અને સમાપ્ત થઈ ગઈ. છેવટે મેં ભોજન કર્યું, હું સૂર્યનારાયણે આપેલા પવિત્ર પાત્ર સ્વચ્છ કરીને ઉઠાવીને અલગ મૂકું છું. આપની સુધા મારે શાંત શી રીતે કરવી? આપ તો અમારા આધાર છો. સર્વજ્ઞ, આપ તરફથી આવી ચિંતા અમને હોય તો પછી બીજાની તો વાતજ શી કરવી?" દ્રોપદી આમ બોલીને રડી પડ્યાં.

ગોપાલ બોલ્યાં, " પાત્ર અહીં લાવો. જો મને એકાદ પણ અન્નનો કણ મળશે તો હું પ્રસન્ન થઈ જઈશ." અંદરથી પાત્ર લાવીને ભગવાનના હાથ માં આપ્યું. પ્રભુએ અંદર હાથ ફેરવીને એકાદ કણ જો પાત્ર ધોતાં બચેલો વળગ્યો હોય એ જોયુ. પાત્રની ધારે વળગેલુ એક ભાજીનું પાનું હાથમાં આવ્યું. એમને દ્રોપદીને પૂછ્યું, દ્રોપદી આજ તમે ભોજનમાં ભાજી બનાવી લાગે છે .'

# અધ્યાય - ૨૩

આ જોતાં દ્રોપદી અવાક બની ગયાં, ભગવાને સ્વચ્છ કરેલા પાત્રમાંથી ભાજીનું એક પાન શોધી કાઢ્યું. ' આ તો આપનો જ ચમત્કાર છે. હું જે કાર્ય કરૂં તે બરાબર રીતે જ કરૂં છું. હું ક્યારેય પાત્રને અસ્વચ્છ રાખતી નથી." ભગવાન હસ્યા, ભગવાન પાસે ગયા, તો ભગવાને ભાજીનો એક અંશ એમને બતાવ્યો, અને બોલ્યા, " જુઓ મને એકલાને નહિ પણ આખા બ્રહ્માંડને તૃપ્તિ થશે." એમણે એ પોતાના મુખમાં મૂક્યું અને બોલ્યા, " અરે! કેટલું સ્વાદિષ્ટ છે. મારી ભૂખ મટી ગઇ.

એ સમયે દુર્વાસા મુનિ તો નદી તટે હતાં. એમને અને શિષ્યોને લાગ્યું કે ખૂબ ભોજન કરવાથી એમનું પેટ ભરાઇ ગયું છે. એમની ભૂખ ભાંગી ગઇ. થોડીક ક્ષણો પહેલાંની ભૂખની જવાળા મટી ગઇ અને ખૂબ આનંદની પ્રાપ્તિ થઈ. એક બીજાને કહેવા લાગ્યા.," આપણું પેટ એટલું ધરાઇ ગયું છે કે એક કણની પણ જગ્યા નથી. ધર્મરાજ ખૂબ સ્વાદિષ્ટ મિષ્ટાનની વ્યવસ્થા કરશે અને આપણી રાહ જોશે. એમના સ્વભાવ પ્રમાણે આપણને વધુ જમવાનો આગ્રહ કરશે. આપણને ભૂખ જ નથી તો એમનું આમંત્રણ શી રીતે સ્વીકારીશું? આ તો આપણને મોટી ચિંતા થાય છે.તે વખતે કોઈએ એ વાતનું ધ્યાન દોર્યું કે દુર્વાસાને અંબરીષે શ્રાપ આપ્યો હતો અને એમને સંકટમાં આવી જવું પડ્યું હતું; પણ ભગવાને એનું સમાધાન કર્યું હતું.

એ લોકોએ એમની અવસ્થાનું વર્ણન દુર્વાસા સામે કર્યું. ઋષિને પણ ધર્મરાજ માટે ઈશ્વરની કૃપાનો પરિચય હતો, એમણે પણ રાજાને આશીર્વાદ આપ્યા. પોતાના શિષ્યોને લઈ પાંડવોના આશ્રમ તરફ ન જતાં બીજે રસ્તે જવા લાગ્યા. ઋષિને ભોજન માટે જલ્દી આવવા બોલાવવા માટે ભીમને નદી કિનારે મોકલ્યા. જ્યારે ભીમે જોયું કે એ બધા બીજે રસ્તે જઈ રહ્યા હતા, ત્યારે શિષ્યો તો ભીમને જોઈને દોડીને વનમાં છુપાઇ ગયા. ભીમ દુર્વાસાને મળ્યા અને કહ્યું "પ્રભો મારા મોટાભાઈએ મને આજ્ઞા આપી છે કે આપને જલ્દીથી બોલાવી લાવવા, કારણ કે ભોજન તૈયાર છે, " દુર્વાસા એ પોતાની અશક્તિ બતાવતાં કહ્યું, ભીમસેન! થોડું પણ અન્ન અમારાથી લઇ શકાય તેવી સ્થિતિ નથી. મારા આર્શીવાદ છે કે તમને બધાં સુખોની પ્રાપ્તિ થાય, તમે જ્યારે ચક્રવર્તી રાજા થશો ત્યારે તમારે ઘેર આવીને તમારી સેવા સ્વીકારીશ. જે દુષ્ટોએ મને તમારી પાસે દુષ્ટ ભાવનાથી મોકલ્યો છે. તેમનો સર્વનાશ થશે." આ પ્રમાણે પ્રત્યેક રીતે આશિષ આપીને દુર્વાસા શિષ્યો સાથે ચાલ્યા ગયા.

પરીક્ષિત, તમે સાંભળ્યું ને કે પાંડવો જેવી દ્રઢ ભક્તિ અને આત્મનિવેદન ભાવ બીજા કોઈ પાસે હતો નહિ અને ભગવાન કૃષ્ણની કૃપા પણ એમના પર અપાર હતી. જ્યારે વ્યાસજી પાંડવોની ભક્તિનિષ્ઠા અને પ્રભુની એમના પર દયાનું વર્ણન કરી રહ્યા હતા ત્યારે એકાગ્રચિત્તે રાજા પરીક્ષિત સાંભળી રહ્યા અને રસ તરબોળ બની ગયા. એમને

ક્યારેક આશ્ચર્ય તો ક્યારેક દુઃખ થયું પણ છેવટે પ્રભુના પ્રેમના ભાવ હૃદયમાં જાગ્યા. પાંડવો પર આવેલાં સંકટોનું વર્ણન સાંભળતાં પરીક્ષિત ચિંતાતુર બનીને સહાનુભૂતિનાં આંસુ પાડતા અને એમના વિજયના સમાચાર કાને પડતા આનંદાશ્રુ નીકળી જતાં.

વ્યાસજીએ ફરી પ્રારંભ કર્યો " સમ્રાટ! આપના પિતામહ જરૂરી પ્રસંગે દેવતાઓને સર્વ સમપર્ણ કરી દેવા તૈયાર હતા અને આવશ્યક બને તો તેમની સાથે યુધ્દ્ને માટે પણ તૈયાર હતા. જ્યારે યુધ્દ્ કરે તો ક્ષત્રિય ધર્મનું જ પાલન કરતા હતા. તમે એ તો સાંભળ્યું જ હશે કે એમણે ભગવાન શંકર સાથે યુધ્દ્ કરેલું. અને દિવ્ય પાશુપતાસ્ત્ર પ્રાપ્ત કરેલું" એ વાત પર સમ્રાટે પ્રશ્ન પૂછ્યો. " પ્રભો, આપ આ શું બોલ્યા? મારા પિતામહો ભગવાન શંકર સામે પણ યુધ્દ્માં પ્રવૃત્ત થયેલાં? મેં તો એવું ક્યાંય સાભંળ્યું નથી. મને આ વાત કહો અને મારી જિજ્ઞાસાને સંતોષ આપો." પરીક્ષિતે પ્રભુના ચરણનો સ્પર્શ કરી તે કહેવા વિનંતિ કરી.

વ્યાસજીએ અવાજ સ્વચ્છ કરીને કહ્યું, " પુત્ર! મારે તમને કેટલીક કથાઓ હજી કહેવાની છે. પાંડવો અને ભગવાનના સંબંધોનું વર્ણન તો દિવસો-કે માસોમાં ન થાય, પણ વર્ષો લાગે. તમે કહો છો તે પ્રમાણે અત્યારે જેટલી કથાઓ કહેવાશે તેનો ઉલ્લેખ કરીશ, સાંભળો સમ્રાટ! પાંડવો વનવાસમાં રહેતા હતા. એક દિવસે ધર્મરાજાને ચિંતા થઈ કે દુષ્ટ કૌરવો વનવાસનો અવધિ પૂરો થયા પછી એમને શાંતિથી રહેવા દેશે નહિ. રાજયોનો એમનો ભાગ એમને મળશે કે નહિ એ પણ એક શંકાસ્પદ વાત હતી.

ધર્મરાજાને ડર હતો કે યુધ્દ્ તો થવાનું જ છે અને એ વખત તે સમયના શૂર યોધ્દ્ધા, ભીષ્મ, દ્રોણ, કર્ણ, અશ્વત્થામાં એ બધાતો કૌરવ પક્ષે જ રહેવાના. એમને ખાત્રી થઇ ગઇ કે કદાચ પાંડવ વર્ગ એવા શક્તિશાળીને હરાવી ન શકે. એ પણ ડર હતો કે કદાચ યુધ્દ્માં પરાજય થાય તો જીવનનો બાકીનો વખત પણ વનમાં વિતાવવો પડે એમને આવા ચિંતાતુર જોઇને અર્જુનજી એમની પાસે જઇને શત્રુઓના પરાભવ માટે તપશ્ચર્યા દ્વારા દેવોને પ્રસન્ન કરી આયુધ્દ્ધો લાવવાની ઈચ્છાથી આર્શીવાદ માગ્યા. ધર્મરાજાએ એ વાતનો સ્વીકાર કર્યો અને કહ્યું, " ઈશ્વરની દયાથી એવાં અસ્ત્રો તમને પ્રાપ્ત થાય અને યુધ્દ્માં વિજય મળો.'

અર્જુનજી ગંધમાદન ક્ષેત્રમાં સ્નાન માટે ગયા અને સિધ્દ્ તપસ્વીઓ માટે પણ દુર્ગમ, એ ક્ષેત્રમાં એમણે દેવરાજ ઈન્દ્રને પ્રાપ્ત કરવા તપ કર્યું. સ્વર્ગમાં પણ એમના તપની ઉચ્ચ કોટિ જોઇ આશ્ચર્ય થયું. ઈન્દ્ર એમની સન્મુખ આવીને બોલ્યા, પુત્ર, તારા તપશ્ચરણથી હું પ્રસન્ન છું, પણ જો તારે ઈચ્છા પૂર્ણ કરવી હોય તો પહેલાં ભગવાન શંકરને પ્રસન્ન કરો. પછી તને સ્વર્ગમાં લઈ જઇને શક્ય તેટલાં અસ્ત્રો હું આપીશ.

ઇન્દ્રદેવની સલાહ અનુસાર અર્જુન શિવના ધ્યાનમાં લાગ્યા. એ સમયે શિવજીએ એક નાટક કર્યું, એ શું હતું તે તને કહું છું. અર્જુન જ્યાં તપ માટે ધ્યાનમાં બેઠેલા તે સ્થળે એક જંગલી સૂવર દોડ્યો. તપશ્ચર્યામાં કોઈ હિંસા ન થાય, પણ એ સૂવર અર્જુન સામે

આવ્યો તો એમણે ધનુષબાણ હાથમાં લીધાં. એ વખતે એક ભીલ એની સ્ત્રી સાથે ધનુષબાણ લઈને ત્યાં આવી પહોંચ્યો. સામાન્ય મનુષ્ય પણ ન આવી શકે એવા આ સ્થાનમાં આ સ્ત્રી કેવી રીતે આવી તેનું અર્જુનને આશ્ચર્ય થયું, પણ ધ્યાન દઈને જોયું તો એ ભીલની પાછળ તો અસંખ્ય નરનારી શોર મચાવીને આવી રહ્યા હતાં. અર્જુન તો ચિંતામાં પડ્યા અને અવાક બની ગયા.

ભયંકર ક્રોધી મુખવાળો લાલચોળ આંખોથી ગુસ્સામાં આવેલા શિકારી અર્જુનને કહ્યું, "તમે કોણ છો? આ સ્થાનમાં કેમ આવ્યા છો? હું તમને ચેતવણી આપું છું કે ભૂલેચૂકે પણ આ સૂવરની હત્યા કરશો તો તમે જીવતા નહિ રહી શકો. હું એની પાછળ પડીને એને અહીં સુધી દોડાવી લાવ્યો છું. તમારો એના ઉપર શો અધિકાર છે? ધનુષ બાણ એના ઉપર ઉઠાવવાનો તમને શો હક્ક છે?" શિકારીના શબ્દો અર્જુનના હૃદયમાં બાણ જેવા લાગ્યા. તે ખૂબ દુઃખી થયા. દુઃખનું કારણ એક સાધારણ શિકારી એમનું અપમાન કરી રહ્યો હતો એ હતું.

એ મનમાં બોલ્યા, " આ વ્યક્તિ મારું નામ કે કામ જાણતો નહિ હોય, નહિ તો આવું બોલે નહિ" એમણે ધનુષ્ય ઉઠાવીને પશુ તરફ ઘા કર્યો. તે જ સમયે ભીલે પણ બાણ માર્યું. પશુ જમીન પર મરેલો પડ્યો. એ શિકારી ખૂબ ક્રોધી બન્યો અને અર્જુનને અવ્યવહારૂ વાતો કહેવા લાગ્યો. " તને શિકારના નિયમોનું ભાન નથી. મેં જ્યારે આના ઉપર નજર નાખી. એને શિકાર બનાવીને અહીં સુધી દોડી આવ્યો, તો તેના ઉપર તે કેમ બાણ છોડ્યું? તું એક લોભી અને અસભ્ય છે. એનો ગુસ્સો પણ ખૂબ વધ્યો. અર્જુન પણ ગુસ્સે ભરાયા. તે બોલી ઊઠ્યા" જંગલી ચૂપ રહે નહિ તો અંત આવી જશે. જીભ કાબૂમાં રાખ. જે રસ્તે આવ્યો તે રસ્તે પાછો જા.

આવી ડરામણી વાત સાંભળીને તે ભીલ જરા પણ ન હાલ્યો. " તમે ગમે તે હોવ હું ડરતો નથી. ભલેને તમારી પાસે તેત્રીસ કરોડ દેવો સહાયમાં હોય, મને નહિ દાબી શકો. ધ્યાનમાં રાખજો. તમે મારા કામમાં હસ્તક્ષેપ કર્યો છે. તમને અહીં આવવાની રજા કોણે આપી? તમે અહીં આવ્યા છો, જાતે જ ચોર છે, ઉલટા મરા પર ધૃષ્ટતા કરીને મને ચાલ્યા જવાનું કહો છો" ભીલે આ રીતે ઉત્તર આપ્યો.

આનાથી અર્જુનને સંદેહ થયો કે આ કોઈ સાધારણ શિકારી નથી. શાંત પડીને બોલ્યા, "આતો વનની સંપત્તિ છે. તમે શિકાર માટે આવ્યા છો હું શિવજીને પ્રસન્ન કરવા તપશ્ચર્યા કરવા આવ્યો છું. મેં મારી રક્ષા માટે એ સૂવરનો વધ કર્યો છે." એ ભીલ તો પણ શાંત ન પડ્યો." તમે કોનું ધ્યાન ધરો છો કે કોને પ્રસન્ન કરવા માગો છો એની ચિંતા મારે નથી કરવી. તમારી ભૂલ કબૂલ કરી લો. હું જે પશુ પાછળ દોડતો હતો તે પશુને તમે કેમ માર્યું? ભૂલનો સ્વીકાર કરો અને માફી માગો, આ પ્રમાણે એ બોલ્યો, અને ધીરજ ગુમાવી

દીધી, પોતાના મનમાં એમણે વિચાર્યું કે આનો અંત પણ પેલા સૂવર જેવો આવશે મધુર વચન બોલવાથી એના પર કોઈ પ્રભાવ નહિ પડે.

આથી એમણે એક બાણ કાઢ્યું ધનુષ પર ચઢાવી એ તરક છોડયું. જેમ પથ્થર પર નાખેલો કાંટો પડી જાય તેમ એ પણ પડી ગયું. આશ્ચર્યચકિત બનીને અર્જુને અર્ધચંદ્રાકાર મસ્તક છેદી શકાય એવું બાણ માર્યું, પણ એનેય એ ભીલે પોતાના ડાબા હાથથી એક ઘાસના તણખલાની માફક હઠાવી દીધુ.

# અધ્યાય ૨૪

છેવટે અર્જુને પોતાની પાસેનાં ઘણાં બાણ છોડ્યાં પણ એની કોઈ અસર થઇ નહીં. કોઈ માણસની બધી સંપત્તિ લૂંટી લઈ એને સામનો કરવાની શક્તિ પણ લઈ લેવામાં આવે, એના જેવી દશા અર્જુનની થઈ. તે ભયંકર ગુસ્સે થયા, ઊભા થયા. એમની દશા પાંખ વગરના પક્ષી, દાંત નખ કાઢી લીધેલા વાઘ, શઢ અને સુકાન વગરની નૌકા જેવી થઈ. છેવટે ભીલને ધનુષ્યથી મારવા ઇચ્છા અને પ્રયત્ન કર્યો પણ એના તો ટુકડે ટુકડા થઈ ગયા. આથી અર્જુને પોતાના હાથથી પ્રહાર કરવાનું વિચાર્યું, કારણ કે એ જ હથિયાર બાકી રહ્યું હતું. એ ભીલ પર તૂટી પડ્યો અને તેને જીતવા પ્રયત્ન કર્યો.આ પ્રયત્નોમાં ભીલે પણ હસીને સ્વાગત કર્યું. બન્ને એકબીજાને હરાવવા એવા તો લડવા લાગ્યા કે  બે પર્વત એક બીજા સાથે લડી રહ્યા છે. આ કલહથી  તો વનનાં પક્ષીઓ પણ ભયભીત બનીને ઊંચે આકાશમાં ઊડી ગયા. પશુઓ પણ દૂરથી  જોઈ રહ્યા કે એમના પર કોઈ આફત આવી રહી છે. ભૂમિ પણ આ કલહના ભારથી કંપી ઊઠી.

આમ કરવા છતાં ભીલને કોઈ ત્રાસ ન લાગ્યો અને ઝગડા પહેલાં જેટલો ઉત્સાહ હતો એટલો જ રહ્યો, પણ અર્જુનને તો પરસેવો થઈ ગયો. જરા શ્વાસ લેવા રોકાવું પડ્યું. એમના હાથ દુ:ખતા હતા અને રૂધિર જુસ્સાથી વહેવા લાગ્યું, પણ ભીલને કોઈ પણ આઘાત લાગ્યો ન હતો, પણ જેવો ભીલે અર્જુનને પકડ્યો કે તરત જ અર્જુનના મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું. આથી ભીલ ખૂબ હસવા લાગ્યો અને અર્જુનના સામે જોઈ પૂછ્યું, " આના ઉપર ધ્યાન આપો છો?"

અર્જુન ચિંતામાં પડી ગયા. પોતાનું ભાન ભૂલી ગયા. એ સ્વગત બોલી ઊઠ્યા. " કૃષ્ણ, મારું આવું અપમાન કરવા દીધું? આ પણ તમારા નાટકનો એક અંશ છે શું? ખરેખર, આ ભીલ કોઈ મનુષ્ય નથી. એમ હોય કે મારું અભિમાન ઉતારવા તમે જાતે આવ્યા હોય અરેરે! એક જગંલી શિકારી સામે હું હાર્યો, ના, આ તો તમારું જ નાટક છે. એ ભીલ સાધારણ પ્રાણી નથી. મને ખાત્રી છે કે સ્વયં તમે સ્વયં ભીલ બનીને આવ્યા છો."

આ પ્રમાણે બોલીને એમણે ભીલ અને એની પત્ની તરફ જોયું તો શું જણાયું કે ભીલને બદલે તો શંકર અને પાર્વતી ઊભાં હતાં અને મધુર હાસ્યથી અર્જુનને આર્શીવાદ આપી રહ્યાં હતાં, પોતાનો અભય હાથ ઉઠાવી કહ્યું કે " હવે ડરવાનું કોઈ કારણ નથી." અર્જુનને ખૂબ આનંદ થયો. એ તે તરફ દોડી ગયા. હે ભગવાન શંકર, માતા પાર્વતી! તેમના ચરણમાં પ્રણામ કર્યા. અને પ્રાર્થના કરી કે એમના અજ્ઞાન અને અવિવેકની ક્ષમા કરે. દયાની મૂર્તિ, ભગવાન શંકર પાર્વતીએ, અર્જુનનો  ખભો પકડી ઉપર ઉઠાવ્યા. મસ્તક પર હાથ મૂકી કહ્યું, " બેટા, માનવ જીવનનું ફળ તને મળી ગયું છે. તે તારૂં કર્તવ્ય હતું તે કર્યું. એ જરૂરી હતું. એમાં કોઈ અનીતિ ન હતી. હવે તો હસો. એ અમારી દયાનું ચિન્હ સ્વરૂપ હતું અને આમ કહીને અર્જુનને પોતાને હાથે જ દિવ્ય પાશુપતાસ્ત્ર આપ્યું."

હે મહારાજ, જે અર્જુને જાતે ભગવાન શંકર સાથે યુદ્ધ કરેલું તેનું હું શું વર્ણન કરૂં? આ શક્તિ અને બળ તેમને ભગવાન કૃષ્ણની કૃપાથી પ્રાપ્ત થયાં હતાં. ભગવદેચ્છા વિના તમારા દાદા નાનામાં નાનું કાર્ય પણ કરતા ન હતા. મહાભારતના યુધ્ધ સમયે તો પળે પળે ભગવત્ કૃપાનાં દર્શન થતાં હતાં. ભગવત્ કૃપાની પ્રાપ્તિ માટે ભક્તિ અને પ્રેમ તો અર્જુનજી જ જાણતા હતા. બીજું કોઇ જાણી શકે તેમ ન હતું. જ્યારે વ્યાસજી પાંડવો ઉપર આ જાતની ભગવત્કૃપાનું વર્ણન કરી રહ્યા હતા, ત્યારે રાજા આનંદાશ્રુ વહાવી રહ્યા હતા. એમની સાથે બધાજ અશ્રુ વહેવડાવતા હતા.

આ સાંભળતાંતો પરીક્ષિત ભક્તિ ભાવથી તરબોળ બની ગયા હતા. આનંદાશ્રુ વહેતાં હતા. વાણી પણ ગદ્દગદ્ બની હતી. એ બોલ્યા, " હું કેટલો ભાગ્યવાન કે મારો એ વંશમાં જન્મ થયો છે! મારા પૂર્વજો કેટલા વીર અને ભક્ત હતાં! આવા મહર્ષિને મુખે એમની ગૌરવ ગાથાઓ મને સાંભળવા મળે છે, એ મારું અહોભાગ્ય છે. જ્યારે જ્યારે હું આ કથાઓ અને ભગવાનનો મહિમા સાંભળું છું. ત્યારે મને તૃપ્તિ ક્યારેય થતી નથી. મને વધારે શ્રવણ કરવાની ઈચ્છા થાય છે. આપ જો એટલું બતાવો કે યુધ્ધ ક્ષેત્રમાં પ્રભુએ એમની કેવી રીતે રક્ષા કરી તો મને થોડીક તૃપ્તિ થાય.

રાજાએ જ્યારે આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે વ્યાસજી બોલ્યા, " હે મહારાજ શરત પ્રમાણે પાંડવો બાર વર્ષ વનમાં અને એક વર્ષ ગુપ્તવાસમાં રહ્યા. પછી પોતે પ્રગટ થયા. તે સમયે દુષ્ટ દુર્યોધને કહ્યું કે અવધિ હજી પૂરી થઇ નથી, પાંડવોએ પોતાની શરતનો ભંગ કર્યો છે, માટે ફરીથી પાંડવોને બાર વર્ષ વનવાસ અને એક વર્ષ ગુપ્તવાસ સેવવો પડશે. "એણે તો આવું જ કહ્યે રાખ્યું. વૃધ્ધ લોકો જેવા કે ભીષ્મ વગેરે બોલ્યા," પાંડવોએ પોતાનું વચન બરાબર પાળ્યું છે અને સમય પૂર્ણ કર્યો છે. ગુપ્તવાસનું એક વર્ષ બરાબર ગુપ્ત રહ્યા છે; પણ કૌરવો આ વાત કબૂલ કરે તો ને? એ તો બધા મરવા તૈયાર થયા હતા. કોઈની સલાહ માનવા એ તૈયાર ન હતાં, કેવળ યુદ્ધ મેદાનમાં એનું સમાધાન મેળવવા માગતા હતા.

રાજાની આજ્ઞા, એના વિરુદ્ધ કોણ જાય? બન્ને સૈન્ય યુધ્ધની તૈયારી કરવા લાગ્યા. દુર્યોધનને લડાયક સહાય પાંડવો કરતાં ઘણી મળી. પાંડવોને સામાન્ય મળી. નીતિમાન, સત્યપ્રેમી, ન્યાયી રાજાઓએ પાંડવોનો પક્ષ લીધો. કૌરવ પક્ષે અનેક રાજાઓ હતા. એ પક્ષે અગિયાર અક્ષૌહિણી અને પાંડવોને કેવળ સાતજ અક્ષૌહિણી સેના હતી, (એક અક્ષૌહિણી એટલે ૧૦૯૩૫૦ પદાતિ, ૬૫૬૧૦ ઘોડે સવારો, ૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથનું સૈન્ય.)

સાંભળો, અર્જુનનો રથ ગોપીજન વલ્લભ ભગવાન કૃષ્ણ જાતે ચલાવતા હતા. એકલો રથ નહિ પણ યુધ્ધનું ભાગ્ય પણ એમને આધીન હતુ. પાંડવોને યુધ્ધની સજાવટમાં કોઈ ખામી ન રહી. જે ઉત્સાહ શક્તિની યુધ્ધમાં જરૂર હોય તે તો ભગવાન સ્વયં હતા,

પણ ઈશ્વરેચ્છાથી ચાલતા નાટકમાં અર્જુને એક નવોજ વળાંક લીધો, જેણે બધાને આશ્ચર્યચકિત કર્યા.

# અધ્યાય - ૨૫

જ્યારે ભગવાને યુદ્ધક્ષેત્રની વચ્ચે રથ લાવીને અર્જુનને કહ્યું કે તું તારા પક્ષે અને શત્રુપક્ષે લઢનાર સૈનિકોને બરાબર જોઈ લે. અર્જુને એક નજર નાંખી, એના વિપક્ષમાં લઢનાર બધાને જોઇ લીધા અને એની આંખમાંથી અશ્રુ આવ્યા. તે નિરાશ અને સ્તબ્ધ બની ગયા. એ દ્રશ્ય જોનારા પણ સર્વ લોકો લજ્જિત બની ગયા, પણ એ ધ્યાનમાં રાખજે, તારા દાદા કોઈ ડરપોક ન હતા. એમણે તો પોતાની સામે લઢનારમાં પોતાના ખોળાંમાં બેસાડી પ્યારથી બાળકોને અને પોતાને રમાડનાર પિતામહ ભીષ્મને જોયા. પોતાના આદરણીય ગુરુ દ્રોણને જોયા. ધનુર્વેદ પ્રારંભથી છેવટ સુધી એમણે જ શીખવ્યો હતો. એનું હ્રદય રડી પડ્યું. અરેરે? આ શું મારે કરવાનું છે? આ પૂજ્યો સામે મારે લઢવાનું? જે ચરણમાં મસ્તક નમાવવાનું હોય તે ચરણોમાં પ્રહાર કરવાનો છે? જે ભાવ એમના મનમાં ઉદ્‌ભવ્યો એ એમને શ્રધ્ધાનો આદર ભાવ હતો. એથી હતાશા આવી પણ કાયરતા ન હતી. આ હું " અને" મારો " એ ભાવના એમના મનમાં એટલી હદે આવી ગઈ કે ભગવાન કૃષ્ણ તરફ ફરીને બોલ્યા," કૃષ્ણ, રથને હસ્તિનાપુર તરફ લઈ જાવ, મારે આ સર્વથી દૂર જવું છે. "આવો ભાવ જોઈને ભગવાન હસ્યા અને અવગણના કરતા હોય એમ બોલ્યા," સખા !! સાચી વાત તો એ છે કે યુધ્ધ કરવાથી તમે ડરી ગયા છો. સારું, તમને હસ્તિનાપુર તરફ લઈ જાવું છું, પણ પહેલાં તમારી પત્ની દ્રોપદીને બોલવું, એને તો કોઈ ભય નથી. ચાલો, આપણે પાછા ફરીએ. મને એવો ખ્યાલ નહતો કે તમે " આટલા કાયર હશો, નહિતો હું તમારો સારથિ ન થાત. મેં આ ધાર્યું તે જ ભૂલ હતી."

જ્યારે ભગવાન કૃષ્ણે આવાં કઠોર વચન અર્જુનને કહ્યાં ત્યારે અર્જુને તેનો જવાબ આપ્યો અને બોલ્યા, "પ્રભો, આપને ખ્યાલ હશે કે શિવજી સાથે યુધ્ધ કરીને મેં પાશુપતાસ્ત્ર મેળવ્યું છે તો આ સામાન્ય માનવોથી હું શુ ડરી જાઉં?" પણ મારામાં દયા અને પ્રેમની લાગણી છે. હું આ સંબંધીઓને શી રીતે હણું? મને ડર નથી કે હું પાછો હઠું. અર્જુને વારંવાર હું અને મારું આવાં વચનો કહ્યાં, પણ ભગવાને એમનાં વચનોનો સ્વીકાર ન કર્યો. એમણે અર્જુનને કર્મ માર્ગ, નીતિ માર્ગ, એ બધાના મૂળભૂત સિધ્ધાન્તો સમજાવી અને મૂકી દીધેલાં હથીયારોને ફરીથી હાથમાં પકડવા ફરજ પાડી. અર્જુન ક્ષત્રિય હતો, તો ક્ષત્રિય ધર્મ કહેતો હતો કે યુધ્ધ કરવું શત્રુનો સામનો કરી વિજેતા થવું. પ્રભુએ ઉપદેશ દ્રારા અર્જુનને આ પ્રમાણે કરવા બાધ્ય કર્યો.

યુધ્ધ સમયે પણ પ્રભુએ કૌરવ સૈન્યનાં બાણોના વરસાદ સામે જેમ ગિરિરાજ ધારણ કરી પ્રભુએ ગાયો અને ગોપ લોકોની રક્ષા કરી હતી તે પ્રમાણે અર્જુનની રક્ષા કરી. બાણોના પ્રહાર પોતે ઝીલીને પાછળ બેઠેલા અર્જુનને બચાવ્યો. ક્યારેક લોહીની ધાર વહેતી છતાં પ્રભુ, શત્રુ સૈન્ય સામે અસ્ત્રોના પ્રહારો ઝીલીને અડગ રહેતા. એમનો હેતું ભક્ત

અર્જુનની રક્ષાનો હતો અને સાથેસાથે શત્રુ પક્ષના અહંકાર, દંભ, આસુરીભાવનો પરાજય કરીને અર્જુનના સત્ય અને ધર્મ પર આધારિત માર્ગનો વિજય એ હતો.

પ્રભુ પોતે તો શસ્ત્ર ગ્રહણ કરતાં ન હતા, પણ એમણે સત્ય અને ધર્મ માર્ગે ચાલાનારા પાંડવોને વિજય અપાવ્યો અને વિપક્ષનો સંપૂર્ણ નાશ કર્યો. યુધ્ધ સમયે તમારા દાદાએ ભગવાનને ઘણો શ્રમ આપેલો, એ જોતાં ક્યારેક તે કહેતા, 'અરેરે ? આવી અર્થહીન વાત માટે આપને આટલો શ્રમ ? જેમને હૃદય સિંહાસન પર પધરાવવાના હોય તે રથ ચાલાક બન્યા છો: આપ અમારી સેવા કરો છો. ઈશ્વરની દ્રષ્ટિમાં અમારૂ સ્થાન કેટલું નીચું બન્યું છે ! અમને પણ ખૂબ ક્લેશ થાય છે. "આમ પોતાના મનમાં જ વિલાપ કરી રહ્યા હતા. વધારે કષ્ટપ્રદ કાર્ય તો અર્જુને રણ મેદાનમાં વચ્ચે વચ્ચે કરવાં પડતાં. આવો આદેશ આપવો પડે તો અર્જુનને ખૂબ વિષાદ થતો. આમ બોલી વ્યાસજીએ માથુ ફેરવી નાખ્યું, જાણે એ કહેવા ન માગતા હોય એમ રાજા પરીક્ષિતનું કુતૂહલ ખૂબ વધી ગયું અને ખૂબ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી, 'પ્રભો ? એવું કષ્ટ હતું કે અનિચ્છા હોય છતાં કરવું પડે ?

આના ઉત્તરમાં એ બોલ્યા, સમ્રાટ, યુધ્ધમાં વચ્ચે વચ્ચે રથમાં બેસનારને રથ ચાલકને આમ ચાલો તેમ ચાલો, ડાબે, જમણે તો તે સૂચના સંભળાતી નથી, કારણ કે યુધ્ધ ક્ષેત્રનો કોલાહલ ખૂબ વધારે હોય છે. સારથિને સૂચના આપવા પગના અંગૂઠાના ઇશારા કરવા પડતા હોય છે. સારથિની બેઠક સવાર કરતાં નીચે હોય છે અને સવાર (રથમાં બેસનાર) પગની એડી સારથિના ખભા પર સ્પર્શ કરતો હોય છે, જેથી ડાબે જમણે કે સીધો રથને લઈ જવાની સૂચના અપાય. યુધ્ધના ભારે જોડા પ્રભુના કોમળ અંગોને સ્પર્શતા અને પ્રભુને ઘા થતાં. અર્જુનને પોતાના ઉપર ધિક્કાર આવતો અને કહેતા આવું અધમ યુધ્ધ જલ્દી સમાપ્ત થાય તો સારું. જે મસ્તક સાધુ મહાત્મામય વંદ્ય છે એ મસ્તક ઉપર મારો પગ મૂકવો પડે છે, એ વિચારથી ખૂબ દુ:ખી હતા. રથના ઘોડાને રોકતી વખતે અધિક શ્રમથી ભગવાન કૃષ્ણના કમળ જેવા કોમળ હાથ છોલાઈ જતા. પોતાનું અંશન, પાન શયન બધાનો ત્યાગ કરીને નાના મોટા કોઈપણ કાર્ય કરવાની તૈયારી રાખી, રથ અને ઘોડાની પૂરી સાવચેતી રાખી વિજય માટે જે જરૂરી હોય એવાં બીજા કાર્યો પણ કરી લેતા, જેવા કે ઘોડાઓને સ્નાન માટે જળાશયમાં લઈ જવા, એમને ઔષધ લગાવી ઘાને રુઝવવા. તમારા પિતામહોનું એમણે એક સેવકની રીતે કાર્ય કર્યું છે. એમણે એમનું વિરાટ વ્યાપક રૂપ પણ ગ્રહણ કર્યું નહિ. એ પ્રભુની કરુણાનો પરિચય છે અને પરમભક્ત હોય તેને માટે પ્રભુ આવી કરુણા વરસાવે છે. વ્યાસજી આ પ્રમાણે બોલી રહ્યા હતા.

# અધ્યાય-૨૬

વ્યાસમુનિ પાસે પરીક્ષિતે પાંડવો અને ભગવાન કૃષ્ણનો પ્રસંગ વિસ્તારથી સાંભળ્યો, એમને ખૂબ આનંદ થયો, કારણ કે ભગવાનની એ સર્વ ઉપર અપાર કરુણાની એ કથા હતી. સમ્રાટને એટલો આનંદ થયો કે દિવસ છે કે રાત્રી એનો પણ ખ્યાલ ન રહ્યો. એકાએક પક્ષીઓનો કલરવ અને કાગડાઓના અવાજથી એમને ભાન થયું અને પ્રજાજનોને મુખે પ્રાત:સ્મરણના શ્લોકો સાંભળ્યા, દેવાલયોમાં ઘંટા નાદ સાંભળ્યા. વ્યાસજીને પણ ત્યારે જ ખ્યાલ આવ્યો કે બીજા દિવસનો પ્રારંભ થઈ રહ્યો છે. એ બોલ્યા, "બેટા! હવે તો મારે જવું જોઈએ." એમ બોલીને યાત્રામાં સાથે લાવેલા, તે કમંડળ લીધું. ઊભા થયા અને રાજાને આર્શીવાદ આપ્યા, રાજા તો વિરહ સહન ન કરી શકવાથી ચરણમાં પડ્યો. "અરે ? કેટલું વહેલું સવાર થઈ ગયું? મારે પણ મારા પિતામહોનું પુણ્ય અને ગૌરવ સમજીને ચાલવું જોઈશે. આ પ્રકારે તે રાજા વિલાપ કરવા લાગ્યો.

પ્રસંગોના શ્રવણ પછી એનું ચિંતન ચાલતું હતું અને મનમાં એ માટે ગૌરવ પણ હતું. એ એટલા બધા તન્મય બની ગયા કે રાજ્ય વ્યવહારનાં કાર્યોમાં પણ ન જઈ શક્યા. ખરેખર તો વ્યવહારથી દૂર થોડો સમય એકાન્તમાં ગાળવા ઈચ્છતા હતાં એને બદલે વનમાં શિકાર માટે જવાનો વિચાર કર્યો. એમણે આજ્ઞા આપી કે વનમાં જવાની તૈયારીઓ કરવામાં આવે, જલ્દીથી એમને દ્વાર પર સમાચાર મળ્યા કે બધી તૈયારી થઈ ગઈ છે અને બીજા શિકારી લોકો પણ તૈયાર છે. આ રીતે ભારે મનથી તે રથમાં આવીને બેઠા. જેવો રિવાજ હતો તે અનુસાર કેટલાક સેવક આગળ તો કેટલાક પાછળ ચાલતાં હતાં. સમ્રાટે વિચાર્યું કે આગળ પાછળ આટલા સેવકોની જરૂર શી ? એમને પાછા જવા આજ્ઞા આપી. થોડે આગળ જતાં એમને પશુઓનાં ટોળાં જતાં જણાયાં. એ જોઇને સમ્રાટ ચકિત થયા, રથમાંથી નીચે ઊતરી ધનુષ સજ્જ કરીને સાથીઓ સાથે પશુઓનો પીછો કર્યો, ત્યાં સુધી એમને ખ્યાલ ન હતોકે જનાર એ એકલા હતા અને સાથીદારો અલગ પડીને બીજા માર્ગે ચાલ્યા ગયા હતા.

એ તો ઘણા દૂર નીકળી ગયા. એક પશુનો પણ શિકાર ન કરી શકાયો. થાક પણ લાગ્યો અને તરસ પણ લાગી હતી. લાચાર બનીને પાણીની શોધ કરવા લાગ્યા. નસીબ યોગે એમને એક પર્ણકુટી જણાઈ. મોટી આશાથી એ તરફ દોડ્યા, પણ ત્યાં કોઈ ન હતું. સ્થાન ખાલી હતુ. પોતાનામાં જેટલી શક્તિ હતી એટલી વાપરીને જોર જોરથી બૂમો પાડવા લાગ્યા. ક્ષીણ અવાજે "તરસ,તરસ" (પાણી, પાણી) એમ બૂમો પાડી પણ કુટીમાંથી કોઈ જવાબ ન મળ્યો. અંદર આવીને જોયું તો એક મુનિ ધ્યાનમગ્ન બેઠા હતા. એમની પાસે જઈ "મહારાજ, મહારાજ' બૂમ પાડી પણ એટલા બધા સમાધિમાં બેઠેલા હતા કે કોઈ ઉત્તર ન મળ્યો. આથી સમ્રાટને ખૂબ ગુસ્સો આવ્યો. કુટીમાં આવ્યા. મુનિને જોયા તો પણ પોતાને ભુખ અને તરસ હેરાન કરતાં રહ્યા. પોતાના રાજાપણાના માનને આઘાત

થયો, કારણ પોતે એક સમ્રાટ અને મુનિ પાસે હોવા છતાં ઉપેક્ષાપૂર્વક મૌનમાં બેઠાં હતા. આ કરવું કે આ ન કરવું જોઈએ એ વિચારમાં પોતાના ક્રોધને પણ કાબૂમાં ન રાખી શક્યા. એમનો પગ એક દોરડીને સ્પર્શ્યો. જોતાં લાગ્યું કે એ દોરડી એક મેરેલો સાપ હતો. કુબુધ્ધિએ મનમાં પ્રવેશ કર્યો અને રાજાનું ભાગ્ય એનાથી પલટાયું. મુનિ સમાધિમાં શિલા સમાન બેઠા હતાં. તેમના ગળામાં પેલો મરેલો સાપ વીંટાળ્યો. મુનિને દુ:ખની ચિંતા જ ન હતી. પછી રાજા ઝૂંપડી છોડીને અન્ન અને પાણી મળે એવી જગ્યા માટે ચાલી નીકળ્યા .

થોડાક બાળકોએ રાજાને કુટીમાંથી બહાર નીકળતો જોયો. એ અજાણ્યો અને કિંમતી પોષાકવાળો ઝૂંપડીમાં શું કરવા ગયો હશે એ જોવા બાળકો અંદર ગયા. એમણે ઋષિ શમીકના ગળામાં એક સર્પ જોયો. પાસે આવીને જોયું તો તે સર્પ મરેલો હતો. બધાને નવાઈ લાગી કે આવું હલકું કાર્ય કોણે કર્યું હશે? એમણે વિચાર્યું કે જે માણસ આ કુટીમાંથી બહાર નીકળ્યો તેનું જ આ કામ હશે, રમત રમતાં શમીકના પુત્ર પાસે તે બધા ગયા. એ વાત પર એણે ધ્યાન ન આપ્યું, કારણ એણે ધાર્યું હતું કે એના પિતાનું એવું અપમાન કોઈ કરી ન શકે, એ તો રમતો જ રહ્યો. બાળકોએ વાત ફરીથી યાદ દેવડાવી કે તમે તમારી આંખોથી જઇને જુઓ અને તમારા પિતાજીની અવસ્થાનો ખ્યાલ કરો. શૃંગીને વાસ્તવમાં આશ્ચર્ય થયું હશે? કુટીમાં દોડીને જઇ જોયું તો વાત સાચી લાગી, પોતાના પિતા તરફ આવો અસદાચાર કરનાર ગુનેગારનો પત્તો મેળવવાની ઇચ્છા કરી, એને ખબર મળી કે કોઇ રાજદ્વારી વેશ પહેરનારો માણસ અંદર ગયો હતો, એ ચાલ્યો ગયો છે, પ્રાત:કાળથી બીજું કોઇ અહીં આવ્યું નથી, બાળકોએ વિચાર કર્યો કે આ એનું જ કામ હશે અને બાળકોએ બતાવેલા માર્ગ પર તે દોડ્યો કે એ રીતે એને પકડી શકાય. ઉતાવળે દોડતો એ દરબારી વેશવાળા પુરુષને જોયો તો એના ક્રોધની સીમા ન રહી, હથેલીમાં જળ ભરી સમ્રાટ તરફ નાંખીને શ્રાપ આપ્યો, " જેણે મારા પિતાના ગળામાં મરેલો સાપ મૂક્યો છે એને આજથી સાતમા દિવસે સર્પદંશ થશે અને મૃત્યુ પામશે." બાળકોએ એને રોક્યો કે આવો શ્રાપ ન દેવાય પણ તેણે તો સાંભળ્યા વગર જ દઇ દીધો. પાછો તે ઝૂંપડીમાં આવ્યો અને એક ખૂણામાં ગુસ્સાભેર બેઠો.

"હાય હું જીવું છું અને પાસે છું છતાં મારા પિતાને અપમાન સહન કરવું પડ્યું? આનાં કરતા તો મારે મરી જવું જોઈએ. પોતાના પિતાના અપમાનનો બદલો ન લઈ શકે એવા પુત્રથી શો લાભ? આ રીતે પોતાને ધિક્કારતો પોતાના ભાગ્યને વખોડવા લાગ્યો. એના સાથીઓ એની પાસે બેઠા અને એને સહાનુભૂતી આપવા લાગ્યા. તેઓ બધા મળીને એ ગુનેગારની ચર્ચા કરવા લાગ્યા.

છેવટે મુનિ સમાધિ ત્યજીને જ્યારે લૌકિક સંજ્ઞા (ભાન) માં આવ્યા. એમણે નેત્રો ખોલ્યા અને મૃત સર્પને ગળેથી ખસેડી પોતાની નજીક મૂક્યો. ખૂણામાં રુદન કરતા પુત્રને જોઈ પાસે બોલાવ્યો. એણે એક અજાણ્યા માણસનું આવવું અને મરેલા સાપ વિષે વાતો કહી. શમીક તો હસીને બોલ્યા, " બિચારો! હું તો માન અપમાનનો વિચાર કરતો જ નથી.

એણે એની અજ્ઞાનતાનું પ્રદર્શન આ રીતે કર્યું, તારી અજ્ઞાનતા તું રડીને જાહેર કરે છે. આત્મજ્ઞાન તો મનુષ્યને સમદ્રષ્ટિ આપે છે. નહિ કે માનથી ફૂલી જવું અને અપમાનથી હલકા પડી જવું. કોઈ ગ્રામ્ય માણસે આવું કર્યું હશે, તું  બાળક છે માટે વધારી વધારીને કહે છે અને મોટા અન્યાયનું સ્વરૂપ આપે છે. નાની વાત માટે મોટું સ્વરૂપ આપો છો. જાવ, રમવા ચાલ્યા જાવ." પુત્રને એમણે ખોળામાં બેસાડી માથે હાથ મૂક્યો કે જેથી એનું દુઃખ દૂર થાય.

શૃંગીએ પિતાને કહ્યું, " આ કરનાર કોઈ ગામડીઓ ન હતો પણ અંહકારથી છકેલો કોઈ દરબારી વેશવાળો પુરુષ હતો અને એણે આ કામ કર્યું છે. શમીકે કહ્યું," તે શું કહ્યું? રાજકીય પહેરવેશવાળી વ્યક્તિ? તેં જોયો? શું સમ્રાટે આવી મૂર્ખતા કરી છે? આવો કુવિચાર એના મનમાં આવી ન શકે. "સાથીદારોએ પણ આવો પુરુષ આવ્યો હતો, એવી વાત ઋષિને કરી.

પ્રભો! અમે શૃંગીની શોધમાં દોડ્યા અને એને અહીં લઈ આવ્યા. શૃંગી એટલો ગુસ્સે થયો કે હાથમાં ગંગાજળ લઈને એ જતા પુરુષ ઉપર ફેંકીને  મંત્ર સાથે શ્રાપ દીધો કે આજથી સાતમાં દિવસે જેણે આ મરેલો સાપ નાંખ્યો છે તે સર્પદંશથી મરી જશે." શમીક તો આ સાંભળીને અચંબામાં પડી ગયા અને પુત્રના આવા વ્યવહાર માટે આશ્ચર્ય સાથે આવાક થઈ ગયા. પુત્રને ખોળામાંથી નીચે ઉઠાડી મૂક્યો, " શું તે આવો શ્રાપ આપ્યો? અરેરે! એક ઋષિ પુત્ર આવો વ્યવહાર કરે ખરો? આવી નાની ભૂલ અને આટલો મોટો શ્રાપ! તારા મિત્રોમાં પણ તું એક કલંક જેવો છું. આવી નજીવી ભૂલને સહન કરતાં પણ ન આવડ્યું? મને શરમ આવે છે કે મારો પુત્ર આવો હોય? આવી નાની ભૂલ સહન કરવાની શક્તિ નથી? કેટલી દુઃખની વાત! અરેરે! તારી આવી બાળકબુધ્ધિ (નાદાનીથી) બધા ઋષિ મુનિઓની અપ્રતિષ્ઠા થશે. લોકો કહેશે કે એનામાં સાધારણ પણ સહનશીલતા કે ધીરજ નથી. તારું મુખ મને ન બતાવીશ, એ જોવું પણ પાપ છે. ભૂલ કરનારને સજા કરવાનો રાજા નો ધર્મ છે, વનમાં સંન્યાસીનો નહિ. જે ઋષિ આવી શ્રાપ વાણી બોલે એ ઋષિ (ત્યાગી) નથી."

એક ઋષિ બ્રહ્માંડમાં સર્વત્ર ભગવદ દર્શન માટે સર્વ મોહ (ઇચ્છાઓ) ત્યજી દે છે અને વનમાં પોતે નિવાસ કરે છે. વનનાં પત્ર, પુષ્પ ફળ એ એનો ખોરાક છે. તે જિતેન્દ્રિય બને છે અને કેવળ આત્મકલ્યાણની વાત વિચારે છે. ત્યાગી દ્વારા આવો ભયંકર શ્રાપ આપવામાં આવે તો તેમાં તો શ્રાપ આપનારનો અહંકાર અને શમ દમનો અભાવ છે, એ ભયંકર વિપત્તિનો સૂચક છે. અસત્યથી પૂર્ણ કળિયુગના પ્રારંભનું સૂચન છે, "ઋષિ આ પ્રમાણે બોલ્યા.

"હાયરે!  કેટલું પાપ આજે તે કર્યું! " ફરી ઋષિ બોલ્યા. શૃંગીએ કેટલું નિર્લજતાભર્યું કાર્ય કર્યું હતું તે તેના સાથીઓને ઋષિએ બતાવ્યું.

# અધ્યાય ૨૭

પિતાજીનાં તીખાં વચનો શૃંગીના હૃદયને તલવાર કે હથોડા જેવાં પીડવા લાગ્યાં. એને ખૂબ કષ્ટ પહોંચ્યું. બિચારો બાળક વધારે સહન ન કરી શક્યો. તે જમીન પર પડીને પિતાના ચરણ ગ્રહીને વિલાપ કરવા લાગ્યો. "પિતાજી ? મને ક્ષમા કરો. મને એવો તે ક્રોધ આવ્યો કે સમ્રાટ આવું અભદ્ર અને અવ્યવહારું કાર્ય શા માટે કરે ? તમારા ઉપર કરેલા અપમાનને લીધે થયેલા ક્રોધને હું ન દાબી શકયો. સમ્રાટ જાતે આવું અકાર્ય કરે એ ઉચિત ન હતું. એક ઋષિના આશ્રમમાં પ્રવેશ કરી આવું કાર્ય કરી શકાય ખરું' ?

પુત્રના દુઃખે દુઃખી શમીકે પુત્રને પોતાની પાસે બેસાડયો અને કહ્યું, "બેટા પ્રારબ્ધની જરૂરીઆત ટાળી શકાતી નથી. યોગ્ય કે અયોગ્યનું ભાન એ ક્ષણે માનવ ભૂલે છે. ભાગ્ય ચક્ર એવું છે કે સારાનરસાનો વિચાર ભૂલાવે છે. સમયની શક્તિ હોય છે કે જે વિરોધ કરે છે. તેને નમવું પડે છે. રાજા ખૂબ ભક્ત પુરુષ છે. એ પોતે સાત્વિક્તા, ઋજુતા, નીતિમત્તા માટે પ્રખ્યાત છે. બધાં સ્થાનોનો તે અધિપતિ છે અને વિશ્વમાં તેની ખ્યાતિ છે. ત્રણે લોકમાં પણ એ પ્રખ્યાત છે. હંમેશાં વિશ્વાસપાત્ર પુરષો એની સેવામાં રહે છે. જ્યારે નગરની બહાર જાય ત્યારે હજારો સૈનિકો એમની સાથે રહે છે અને નમન કરીને પોતાની દ્રષ્ટિ એમના પર રાખીને ઊભા રહે છે; એ એટલા માટે કે પોતાના કાર્યથી એમનો સંતોષ જાણી શકે અને એની પ્રશંસા પ્રાપ્ત કરી શકે. એ જ્યારે કોઈ રાજ્યમાં પ્રવેશ કરે ત્યારે તો ત્યાંના રાજા તેનું ઉચિત રીતે સ્વાગત કરે છે. એવી વ્યક્તિ અહીં આવે અને કોઈ પણ પ્રકારનું સ્વાગત ન થાય તે અયોગ્ય છે. એમને ન તો કોઈએ ઓળખ્યા કે સન્માન આપ્યાં. એનું એટલું તો અપમાન થયું કે તરસ છીપાવવા પાણી પણ, એને ન મળ્યું. એ ભૂખ અને અપમાનથી એટલા પીડાતા હતા કારણ કે અનેકવાર બૂમો પાડવા છતાંય કોઈ ઉતર ન મળ્યો, તેથી દુ:ખ અને ભૂખનો આધાત સહન ન કરી શકવાથી આવું અનુચિત કાર્ય એમણે કર્યું હશે. એ ભૂલ તો છે પણ સાધારણ કહેવાય. એના બદલામાં આવો ભયંકર જવાબ તેં જે વાળ્યો તે તો ઋષિ મુનિઓની સાત્વિક પરંપરાને ધકકો લાગ્યા જેવું છે, અરે, કેટલી ભારે આફત તેં વહોરી લીધી છે?"

વૃધ્દ્ધ ઋષિએ ધ્યાન ધર્યું અને કયા ઉપાયથી રાજાને શ્રાપથી બચાવી શકાય તે વિચાર્યું. કોઈ ઉપાય જડયો નહિ. છેવટે ભગવત ચરણનું ધ્યાન ધર્યું, કારણ પ્રભુ સર્વસમર્થ અને સર્વ શકિતમાન છે. એમણે આર્ત હ્રદયે પ્રાર્થના કરી, " હે જગદાધાર ? આ નાનું બાળક તો અજ્ઞાની છે. યોગ્ય કે અયોગ્યનો વિચાર વગરનો છે. શું કર્તવ્ય છે એનો ખ્યાલ એને નથી. અજ્ઞાનથી કરેલી એની ભુલ સમ્રાટનો સર્વનાશ કરે તેવી છે. તે મારા પુત્રને ક્ષમા કરો કે શિક્ષા કરો પણ સમ્રાટને બચાવો.

જ્યારે નેત્રો ખોલ્યાં ત્યારે એમણે ઋષિઓ અને પોતાના પુત્રને એના મિત્ર સાથે ઉભો રહેલો જોયો. દુઃખથી એમણે કહ્યું, "જે આધાત મારા પુત્રે સમ્રાટ માટે કર્યો છે તેનો તમે ખ્યાલ કર્યો? ? આપણે ત્યાગીઓ માટે સમ્રાટનો ન્યાય કે અન્યાય કરવો કે અપમાન કરવું એ યોગ્ય નથી. સમ્રાટ તો માનવોના રક્ષક છે, બરાબર છે ને? "હું આપ બધાને

વિનંતી કરું છું કે બધા ભગવાનને એવી પ્રાર્થના કરો કે જેથી રાજાને હાનિ ન થાય પણ લાભ થાય. ઋષિ શમીકે બધાને આમ કહ્યું ત્યારે એક વૃદ્ધ મુનિ એમાંથી ઊભા થયા. તે શાંત અને સૌમ્ય હતા. તે બોલ્યા, "મહાત્મા? આપ સમ્રાટ માટે દયાની, કરુણાની વર્ષા કરો છો, એને શાપિત કરનાર આપનો પુત્ર જ છે. આપની આધ્યાત્મિક ભૂમિકા આપના પુત્ર કરતાં ખૂબ અધિક છે. એ તપશ્ચર્યાથી આપ ગમે તે કરી શકો છો. પછી આપ આ શ્રાપ થી ચિંતિત કેમ છો ? આપના પુત્રે આપેલા શ્રાપ ને આપ નિરર્થક ન કરી શકો ? ત્યાં બેઠેલા નાના મોટા બધા બોલી ઉઠયા "બરાબર, બરાબર, અમારી વિનંતિ છે કે આ બાળકને ક્ષમા કરો, સમ્રાટનું કલ્યાણ કરો અને એને નાશમાંથી બચાવો."

ઋષિ શમીક હસ્યા અને નેત્રો બંધ કર્યાં. એમણે પોતાની યોગ દ્રષ્ટિએ જોયું અને રાજાના ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળ જોયા અને વિચાર્યું કે શું આ વર્તમાનકાળ એના ભૂતકાળની અસર નીચે છે ? એમણે જોયું કે પરીક્ષિતના ભાગ્યમાં સર્પ 'તક્ષક'ના વિષથી એનું મૃત્યુ થવાનું છે. એમને ખાત્રી થઈ કે ભવિતવ્યતાથી વિરૂદ્ધ કરવું એટલે ભાગ્યનો વિરોધ કરવા જેવું થાય. એમને એ પણ જણાયું કે પુત્ર અને રાજાનો વ્યવહાર (વિરોધ) કેવળ એ ભાગ્યનો ખેલ હતો. છેવટે એમણે એ પણ વિચાર્યું કે ઈશ્વર સૃષ્ટિકર્તા છે. એ જ પરિસ્થિતિ સુધારી શકે છે, એને માટે આપણે કાંઈક કરવું તે પોતાના અહંકારનું પ્રદર્શન છે. એમને ખ્યાલ આવ્યો કે ઋષિઓને 'ગર્વ' એ મહાન શત્રુ છે પણ એનો નાશ કરવાનો વિચાર ન કર્યો. એમણે પોતાની થોડી વિચાર શક્તિથી નક્કી કર્યું કે રાજાને સહાય કરવી. નેત્ર ખોલીને એમણે ચોતરફ જોયું અને પોતાના શિષ્યોમાંથી એકાદ બુદ્ધિમાન શિષ્યને પસંદ કરવા વિચાર્યું. છેવટે એક શિષ્યને બોલાવ્યો અને કહ્યું, "તમારે હસ્તિનાપુર જવાનું છે. જઈને પાછા ફરવાનું'. જવાની તૈયારી કરીને મારી પાસે આવી જાવ." શિષ્યે જવાબ આપ્યો, "હું આપની આજ્ઞાનું પાલન કરવા તૈયાર છું. મારે જઈને શું કરવાનું છે ? હું તૈયાર છું. હું આ ક્ષણે નીકળી શકું છું. મને એટલું કહો કે શું કરવાનું છે ?" આમ બોલીને ગુરુજીના ચરણમાં પ્રણામ કરીને પોતે સેવા માટે જાતને સમર્પણ કરી. ઋષિ પોતાના સ્થાન પરથી ઊઠીને શિષ્યને અંદર લઈ ગયા. સમ્રાટને કહેવાની બધી વાત શિષ્યને સમજાવી. શિષ્યે ગુરુને પ્રણામ કરી રાજધાની તરફ પ્રયાણ કર્યું.

એટલામાં રાજા પોતાના ભવનમાં પાછા ફર્યા અને થોડા વિશ્રામ પછી ઊઠયા, તો એમને આશ્રમમાં પોતે ભૂલથી કરેલ અપરાધ કાર્યનો વિચાર આવ્યો, "અરેરે ? મેં' કેટલું અધમ કાર્ય કર્યું છે? ઋષિનો આ રીતે અપરાધ કરવો એ કેટલું અધમ કાર્ય છે?" પોતાના મનમાં જ આ વિલાપ કરવા લાગ્યા." હું મારી આ ભૂલ કેવી રીતે સુધારી લઉં? 'હું પોતે આશ્રમમાં જઈ એમની ક્ષમા માગું ? કે પછી કરેલી ભૂલના ગુના માટે સજા ભોગવવા તૈયાર થાઉં? મારું કર્તવ્ય શું?' પોતાના મન સાથે વિચાર કરીને ઉત્તર શોધવા પ્રયત્ન કરવા લાગ્યા.

એ સમયે એક દ્વારપાળ આવ્યો, પ્રણામ કરીને ઊભો. રાજાએ એના આગમનનું કારણ પૂછયું. એ વ્યકિતએ કહ્યું, "કોઈ આશ્રમમાંથી એક શિષ્ય આવ્યો છે અને આપને મળવાની રાહ જુએ છે. એમ પણ કહે છે કે ઋષિ શમીકે મને મોકલ્યો છે અને એમનો

સંદેશ ખૂબ આવશ્યક તેમજ મહત્વનો છે. એ શીઘ્રતાથી આવ્યા છે. હું આપના આદેશની રાહ જોઉં છું."

જેવા આ શબ્દો એમને કાને પડયા કે એમની જુઇ, ચમેલીની પથારી સાપથી ભરેલી અને ચારે તરફથી સાપ કરડવા આવી રહ્યા હોય એવી લાગી. એમણે દ્વારપાળને બોલાવ્યો અને આશ્રમમાંથી આવેલ વ્યકિત વિશે પ્રશ્નો કરવા લાગ્યા, "એ કેવો છે ! દુઃખી કે ગુસ્સે ભરાયેલો છે? શાંત અને આનંદમાં છે?"

દ્વારપાળે જ્વાબ આપ્યો, " મહારાજ ઋષિપુત્ર તો આપને મળવા માટે આવ્યા છે. તે તદ્દન શાંત છે." આવું' વારંવાર બોલે છે. 'રાજાનો જય થાવ' એમના ચહેરા પર સહેજ પણ ક્રોધ મને જણાતો નથી. આનાથી રાજાને કાંઈક શાંતિ વળી. રાજાએ એવું પણ પૂછયું, 'શિષ્યને શો ઉત્તર આપવામાં આવ્યો છે ?" તે દ્વારપાલે કહ્યું, "સમ્રાટ વનમાં ગયા હતા, હમણાં જ પાછા ફર્યા છે. હમણાં આરામ કરી રહ્યા છે. થોડોક આરામ કરો, (રાહ જુઓ) જેવા ઉઠશે કે  તરત જ હું એમને સૂચના કરીશ.' સમ્રાટે પૂછયું, "એમણે શો ઉત્તર આપ્યો?' દ્વારપાળ બોલ્યો, " મહારાજ એ યુવાન આપને મળવા ખૂબ ઉત્સુક છે. ખૂબ શીઘ્ર આપને મળવા ઈચ્છે છે. એ કહે છે કે એમને ખૂબ જરૂરી સુચના આપવાની છે, એમણે  કહ્યું છે કે એમના ગુરુ એઓશ્રી પાછા ફરે એની પ્રતીક્ષામાં છે. એમનું કહેવું છે કે આપ જેટલા જલ્દી મળો તેટલું સારું છે. પોતાના મનમાં વારંવાર પુકારે છે "રાજાનું ભલુ" થાવ'',"રાજાનું સૌભાગ્ય રોજેરોજ વધતું રહે." એમને બેસવા માટે મેં આસન આપ્યું' પણ એમણે લીધું નહિ. એ દ્વાર પર ઊભા છે અને પળે પળ ગણી રહ્યા છે.

રાજાની આંખમાં અશ્રુ આવ્યાં. એને લૂછીને તે દ્વાર તરફ દોડયા. એમણે દરબારી વેશ કે પાદુકા પણ ન પહેર્યાં. એ ઋષિ પુત્રના પગમાં નીચે નમ્યા. રાજા બન્ને હાથ પકડીને એમને અંદર લઈ ગયા. એમને ઉચ્ચ આસન પર બેસાડી પોતે નીચે બેઠા. કેમ પધારવું થયું તેનું કારણ પણ બતાવવા કહ્યું.

શિષ્યે કહ્યું, "હે રાજન ! મારા ગુરુ, ઋષિ શમીકે આપને ખાસ સંદેશ આપ્યો છે. એ સંદેશો મને આપને જણાવવા સૂચના આપી છે." આમ કહીને એ રડી પડયા. આ  જોઈને રાજા ઉત્તેજિત થઈ બોલી ઊઠયા, "સારું' છે મને જલ્દી  બતાવો. જે મને કાંઇ કહેવાનું હોય તે પણ કહી દો. મારા કર્તવ્યપાલન માટે તો હું મારું જીવનપણ સમર્પણ કરવા તૈયાર છું". શું મારા સામ્રાજયમાં કોઈ પ્રકારનું નુકશાન છે ? મારે કોઈ સુધારો કરવાનો છે ? હું એની રક્ષા માટે કાંઈ પણ કરવા તૈયાર છું."

શિષ્યે ઉત્તર આપ્યો, "રાજા, રાજ્ય અને ઋષિઓને તો કોઈ પણ પ્રકારની આફત નથી. એમને તો કોઈ નુકશાન નથી; પણ  સંકટ કે આફત આપને માથે આવી રહ્યાં છે." આવું" એ કહી રહ્યા,ત્યારે રાજા ઉલ્લાસમાં આવી બોલ્યા, "જો મારું રાજ્ય ઋષિગણ અને પ્રજાઓને કોઈ ત્રાસ નથી તો પછી હું ભાગ્યવાન છું. મને કાંઈ થાય તેની ચિંતા કરવાની મારે જરૂર નથી. મારું જીવન તો રાજ્ય અને પ્રજાના સુખ માટે જ છે. રાજા થોડાક સમય શાંત રહ્યા પછી શિષ્યને પૂછયુ', "કહો, મહારાજ માટે આપને શો સંદેશો લઈ મોકલ્યાં

છે?" શિષ્યે જવાબ આપ્યો, "મારા ગુરુને ખૂબ ચિંતા છે. અજ્ઞાનથી એક મોટો અપરાધ થઈ ગયો છે. મને મોકલવાનું ખાસ કારણ એ જ છે. આ સાંભળી પરીક્ષિત ખૂબ ચિંતાતુર બન્યા. એમણે પૂછયું', "શી ભૂલ છે ? બતાવો ? કોણે કરી છે ?" તે કહેવા માટે એમણે વિનંતિ કરી.

# અધ્યાય ૨૮

"હે મહારાજા! અમારા ગુરુજીનો એક પુત્ર છે. છે તો બાળક પણ ખૂબ તપસ્વી છે. પિતા એને મન ઈશ્વર છે અને પિતાની સેવા સન્માન કરવાં એજ એનું કાર્ય છે. શૃંગી એનું નામ છે. આશ્રમમાં આવી કોઈ આવેગવશ આપે એક મરેલો સાપ એના પિતાના ગળામાં નાંખ્યો. એ તો મારા પણ ગુરુ હતા. કેટલાક બાળકોએ આ જોયું અને દોડીને શૃંગીને કહ્યું. એ તો એ વખતે બાળકો સાથે રમતમાં હતો. પહેલાં તો એને વિશ્વાસ ન બેઠો. એ તો રમતો જ રહ્યો પણ જ્યારે આશ્રમના બાળકોએ દબાણપૂર્વક  મશ્કરીમાં કહ્યું કે તમે અહીં રમો છો અને તમારા પિતાનું આવું ભયંકર અપમાન થયું છે અને બધા સાથી ખેલાડી પણ જ્યારે એની આ કઠોરતા ઉપર હસવા લાગ્યા ત્યારે એ જલ્દી આશ્રમ તરફ દોડયો અને જોયું તો એના મિત્રોનું કહેલું સત્ય હતું.

એણે પાછા ફરીને જોયું તો આપને ત્યાંથી જતા જોયા. આ ઉચિત છે કે જરૂરી છે એનો વિચાર કર્યા વિના ગુસ્સે થઈ ને બાળક પેતાની જાત પર કાબૂ ન રાખી શકયો અને આપને એક શ્રાપ દઈ દીધો. આનાથી મારા ગુરજીને ખૂબ દુ:ખ થયું છે. એને રોકીને રાજાએ પૂછયું, "હે ઋષિ પુત્ર ! એ શ્રાપ શો છે તે મને જણાવો.  યુવક બોલ્યો, "મહારાજ, એ કહેતાં મને ખૂબ પીડા થાય છે, મારી જીભ એ બોલી શકે તેમ નથી પણ મારા ગુરુજીએ એ કહેવા માટે મને મોકલ્યો છે માટે મારે કહેવું જ પડશે."  "ઋષિ પુત્રે તે સમયે કૌશિકી નદીનું જળ હાથમાં લઈ કહ્યું, આજથી સાતમાં દિવસે રાજાને તક્ષક નાગ દંશ કરશે ... એક ખૂબ ભયાનક શ્રાપ દીધો છે." એમ કહીને એ યુવક અટકી પડયો અને દુ: ખના આવેશમાં આવી પડયો...

પરંતુ મહારાજ તો આ સાંભળી હસ્યા અને બોલ્યા," બટુક મહારાજ! એ શ્રાપ કેવો? આ શ્રાપ નહિ પણ વરદાન છે, ઋષિ પુત્રના મુખે આશીર્વાદ છે, રાજકીય કાર્યોમાં ઈશ્વરીય વિચારો અને તપથી હું દૂર રહ્યો છું. જીવનનું સાચું ધ્યેય તો તે છે. એને પરિણામે કૃપાળુ પ્રભુએ ઋષિ પુત્રને મુખે આ શબ્દો કહેવડાવ્યા છે. એમણે  મને સાત દિવસનો અવધિ આપ્યો છે એ જ વરદાન છે. ઈશ્વરની જ એવી ઈચ્છા છે કે મારો આ સાત દિવસનો સમય પળેપળ ભગવત ચિંતનમાં વીતે. આ ક્ષણથી જ બીજા કોઈ પણ રોકાણ વિના બધો જ સમય ઈશ્વર ચિંતનમાં વીતાવીશ. ભાઈ, તારા ગુરૂજીએ મારે માટે બીજો શો સંદેશ મોકલેલો તે પણ મને જલ્દી કહે. એ સાંભળવા મારું હૃદય ખૂબ આતુર છે. "

દૂત ફરી બોલ્યો," મારા ગુરુજીને એમ લાગ્યું કે આ શ્રાપ આપની સાથે વિશ્વાસઘાત કર્યા જેવું છે. આપ જ ધર્મરક્ષક છો અને પ્રભુભક્ત છો. લાંબા સમય સુધી એમણે વિચાર કર્યો કે એનો કોઈ ઉપાય કરીએ, જેથી એ શ્રાપ નિરર્થક બને, પણ યોગ શક્તિ દ્વારા જોતાં એમ લાગ્યું કે આપના ભાગ્યમાં જ સર્પદંશથી આપનું મૃત્યુ છે એમ લખેલી વાત છે પછી જ ભગવત્ પ્રાપ્તિ થશે. એમણે વિચાર્યું કે જે અંત નકકી છે એ યોગ્ય જ છે. એમાં ફેરફાર કરીએ તો તે અવાસ્તવિક પગલું લેખાય. મારી સાથે આપને આશીર્વાદ મોક્લીને જણાવ્યું છે કે આપને મોક્ષ પ્રાપ્તી થાવ, મારો સંદેશ આટલો જ હતો.

આપની આજ્ઞા હોય તો હું જાઉં. " રાજાએ શિષ્યના પગ પકડ્યા અને બોલ્યા કે" હું ગુરુ અને ગુરુ પુત્ર બન્નેનો ખૂબ કૃતજ્ઞ છું. આપ મારી કૃતજ્ઞતા એમને જણાવશો." શિષ્ય આ પછી આશ્રમમાં પાછા ફર્યા અને ઋષિને રાજધાનીમાં જે થયું તેના સમાચાર આપ્યા.

આખરના સાત દિવસો:

ખૂબ આનંદપૂર્વક સમ્રાટ અંદર ગયા. બધાં નારીજનો સાથે ઉભા રહી, પુત્ર જનમેજયને એમની સામે લાવવા કહ્યું. આવું સાંભળતાં પુત્ર તો આશ્ચર્યચક્તિ થઇ ગયો કે એકદમ એને કેમ બોલાવ્યો અને તે પિતાજી તરફ દોડયો. પરીક્ષિતે એક વિદ્વાન બ્રાહ્મણને પોતાના કક્ષમાં બોલાવ્યો હતો અને તે દ્વારા આસન પર મુકેલા રાજમુકુટને રાજકુમારના મસ્તક ઉપર સ્થાપી એ નવીન રાજાને તે બ્રાહ્મણને હાથ સોંપી પોતે પહેરેલાં કપડાંભેર ખુલ્લે પગે ગંગાતટે ચાલ્યા.

એ સમયે આ સમાચાર નગરમાં સર્વત્ર ફેલાઈ ગયા. નરનારીનાં ટોળાં, વિદ્વાનો ઋષિઓ બધાં જ એમની પાછળ દોડયાં. એમણે ખૂબ વિનયપૂર્વક બધાંને આવતાં રોકવા પ્રયત્ન કર્યો પણ તે નિષ્ફળ ગયો. એ તો બધાં રડતા હતાં અને માર્ગમાં સૂઈ જઈને રાજાને જતો રોકી રાખવા માર્ગ અટકાવતા હતા; પણ, રાજાએ એમનું કશું સાંભળ્યું નહિ કે કાંઈ બોલ્યાં પણ નહિ, મુખે ભગવન્નામ અને મનમાં સંસાર વિસ્મરણના ભાવ ધારણ કરી આગળ ચાલ્યા. ઉતાવળથી તે ગંગા તટે જઈ રહ્યા હતા. નદી તરફ રાજાને એકલા જતાં જોઈ વાહનો જેવાં કે હાથી, ઘોડા, પાલખી લાવવામાં આવ્યાં પણ રાજાએ તે તરફ નજર સરખી પણ ન નાંખી. અન્ન જળનો રાજાએ ત્યાગ કર્યો છે. એ જાણીને પ્રજાજનોને ખૂબ દુઃખ થયું અને અવાક બની ગયા. રાજા તો એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ભગવદ્ ધ્યાનમાં હતા. રાજાના એકાએક આવા ત્યાગનું કારણ કોઈને ખબર ન હતી. દરેક માનવ પોતાની કલ્પના પ્રમાણે અનુમાન બાંધતો ગયો અને અનેક ઉટપટાંગ વાત ફેલાતી ગઈ.

પણ કેટલાક મનુષ્યોએ ઊંડા ઊતરીને બધી ઘટનાઓની તપાસ કરી તો માલૂમ પડ્યું કે એક ઋષિના આશ્રમમાંથી એક વિદ્યાર્થી કોઈ મહત્વના સમાચાર લઈ આવ્યો હતો. એ લોકોના જાણવામાં એમ પણ આવ્યું કે રાજાનું આયુષ્ય ફકત સાત જ દિવસનું છે. બધા પ્રજાજનો ખૂબ દુઃખિત બનીને રાજા ની ચારેતરફ નદી કિનારે બેસી ગયા અને રાજાના કલ્યાણ માટે પ્રાર્થના કરવા લાગ્યા.

આ અમંગળ વાત એવી તો પ્રસરી કે વનમાં પણ બધાને જાણ થઈ ગઈ. બધા સંતો, ઋષિઓ, મુનિઓ પોતાનું જળપાત્ર લઈ ગંગાં કિનારે આવી પહોંચ્યા. એ સ્થાન તો જાણે કોઈ મહોત્સવ હોય એવું બન્યું. વેદ મંત્રો પ્રણવ ઉચ્ચાર, ભગવન્નામ, સંકીર્તન એ સ્થાને ગુંજવા લાગ્યાં. આ સર્વના મૂળમાં રહેલા શમીકના પુત્રને કોઈ ભલો બૂરો કહેતા હતા. ગંગા તટે એટલી તો ભીડ જામી કે રેતીનો કણ પણ જણાય એવું ન રહ્યું. એ સમયે એક વૃધ્ધ ઋષિ સમ્રાટ પાસે પ્રેમ અને સહાનુભૂતિની ભાવનાથી આવ્યા અને પ્રેમાશ્રુ વહેવડાવતા બોલ્યા, " મહારાજ! લોકો જાત જાતની વાત દરેક મોઢે અલગ કરે છે. હું

આપની પાસે આવીને સત્ય શું છે તે જાણીશ. ખૂબ મુશ્કેલીથી આટલું ચાલી શકાયું છે. મને આપના ઉપર એટલો બધો ભાવ છે કે લોકોની આ જુદી જુદી વાતો સહન કરી શકતો જ નથી. ખરેખર શું બન્યું છે? એકાએક આ ત્યાગનું કારણ શું? સત્ય જાણવાની અમારી ઇંતેજારી છે, તે તૃપ્ત કરો અને એ માટે કારણ કહો. લોકો જે આટલું કષ્ટ ઉઠાવી રહ્યા છે તે હું જોઈ શકતો પણ નથી. આપ તો એમના પિતાતુલ્ય છો. આપ એમની વિનંતિ પ્રાર્થના ઉપર પણ ધ્યાન આપતા નથી. સાંસારિક બધી આસક્તિઓનો ત્યાગ કરીને એ બધા અહીં આવ્યા છે. એમને કોઈ સાંત્વનના શબ્દો તો કહો, આપને ભૂખે તરસે નદી કિનારે બેસીને ઈશ્વર ભજનમાં મગ્ન જોઈને રાણીઓ અને મંત્રીઓ પણ જળ બહાર જેમ માછલી એવી એમની દશા છે. જેને આ બધી આફત ઊભી કરી છે એ યુવક કોણ છે? ખરેખર એ ઋષિપુત્ર છે કે કોઈ બનાવટી છે? મારે મન આ એક કોયડો છે. "

સ્નેહપૂર્ણ શબ્દો સાંભળતાં જ રાજા નેત્રો ખોલીને મુનિના ચરણમાં નમી પડયા. પ્રભો ! આપથી શું છૂંપું રાખવું? મારે છુપાવવાની ઈચ્છા હોય તો પણ એ છુપાવી શકાય તેમ નથી. હું મૃગયા માટે વનમાં ગયો હતો. અનેક પશુઓ મેં ત્યાં જોયાં, પણ મારી નજર સામે આવતાં તે ફેલાઈ ગયાં. પશુઓનો પીછો કરવામાં મારા સાથીદારો અને હું જુદા પડી ગયા. હું એકલો પડી ગયો અને મારા શિકારી સાથીદારો સાથે ઘણા આગળ નીકળી ગયા હતા. મને કોઈ શિકાર મળ્યો નહિ. હું ભૂખે અને તરસે વિહવળ બની ગયો અને ગરમીથી પરેશાન બન્યો. છેવટે એનાથી બચવા મેં એક આશ્રમ જોયો અને એમાં પ્રવેશ કર્યો. પાછળથી મને ખબર પડી કે એ આશ્રમ મુનિ શમીકનો હતો. મેં વારંવાર બૂમો પાડી જોઈ કે કોઈ અંદર હોય તો બોલે, પણ મને જ્વાબ પણ ન મળ્યો કે કોઈ બહાર પણ ન નીકળ્યું. મને જણાયું કે મુનિ તો સમાધિમાં સ્થિત હતા. બહાર નીકળતાં મારે પગે કાંઈક સુંવાળી ચીજ અથડાઈ. મેં હાથથી ઉપાડી એને જોઈ તે મૃત સર્પ હતો. એના પર મારી નજર પડતાં વેંત જ મારી નજર પણ વિષમય બની. અભદ્ર ભાવનાથી મેં તે સર્પ ને ઋષિના કંઠમાં લપેટી દીધો. ઋષિપુત્રને આ વાત કોઈ પણ રીતે ખ્યાલમાં આવી ગઈ અને આ અપમાન તે સહન ન કરી શક્યો. એણે શ્રાપ આપ્યો, "મારા પિતાના ગળે મૂકેલો સાપ, એ તક્ષક બનીને જેણે મારા પિતાનું આવું અપમાન કર્યું છે એને સાત દિવસમાં કરડશે." હમણાં મને આ પ્રસંગ અને એના પરિણામ વિશે ભાન થયું. હું ધારું છું કે એક સમ્રાટ બનીને જો આવું પાપ કરે તો એ રાજ્ય કરવાને અધિકારી ન રહે; માટે મેં બધાં બંધનોનો ત્યાગ કર્યો છે. મેં નિશ્ચય કર્યો છે કે સાત દિવસમાં તો પળેપળ ભગવદ્ ધ્યાનમાં વ્યતીત કરીશ. મારું સદ્ભાગ્ય છે કે મને આવો અવસર મળ્યો છે , માટે હું અહીં આવ્યો છું."

આ પ્રમાણે જ્યારે સર્વ એકત્રિત સમાજ જેમાં રાજ પુરુષો, મંત્રીઓ ઋષિમુનિઓ હતા એમના મન ઉપરથી કાલ્પનિક સંદેહની વાતો દૂર થઈ. એ સર્વ પ્રાર્થના કરવા લાગ્યા જેથી શ્રાપનું બળ થોડું ઓછું થાય.

# અધ્યાય ૨૯

જે થોડા ઋષિઓ રાજાના મુખેથી આ શ્રાપની કથા સાંભળી રહ્યા હતા,એ તો ઉત્તેજનામાં આવી બોલી ઉઠ્યા , " એ શમીકનો પુત્ર નહિ હોય, શમીક જેવા ઋષિનો પુત્ર આવું ક્ષુદ્ર કાર્ય ન કરે આવી તુચ્છ વાત માટે આવો પ્રાણદંડ ન આપે. એમ લાગે છે કોઈ અજ્ઞાની કે પાગલ હશે. એવી કોઈ વ્યકિતએ કહેલા શ્રાપની અસર થાય ખરી?" એ લોકોએ અંદર અંદર આવો પ્રશ્ન કર્યો. એ પણ ધાર્યું કે આવા રાજાને આવા શ્રાપથી કશું જ થાય નહિ. રાજાને પણ એવું સમજાવવા પ્રયત્ન કર્યો કે ડરવાની કોઈ જરૂર નથી. જેણે આ પ્રમાણે વિચાર્યું હતું એ બધાએ તે તર્ક કર્યો કે આ શ્રાપ પર ભરોસો રાખવાની જરૂર નથી, પણ રાજા તો અડગ રહ્યા. એમણે હાથ જોડી એમને વિનંતિ કરી, આપ બધા મારા પર દયા અને સહાનુભૂતિની ભાવનાથી એ પ્રમાણે વિચારો છો, પણ મને ખબર છે કે મેં ભૂલ કરી છે અને એ ભૂલ કોઈ સામાન્ય ન હતી. આવા મહાપુરુષોનું આ રીતે અપમાન કરવું એ કરતાં મોટું બીજું પાપ છે ખરૂ? હું પાછો રાજા છું એટલે એ બધાની દેખરેખ અને સન્માનનો ભાર પણ મારા ઉપર છે. આ મારું કાર્ય એને સામાન્ય કાર્ય કેમ ગણી શકાય? એ આપ ગંભીરતાપૂર્વક એ બાળકના શ્રાપનું ચિંતન કરશો તો જણાશે કે એ એક શ્રાપ નથી પણ વરદાન છે. સામ્રાજરૂપી પાપમાં તો હું પડેલો જ છું, મને એવો ભ્રમ હતો કે સુખ ભોગ એટલે જીવનનો બધો સાર છે. હું પશુ બુધ્દ્રિથી જીવન વ્યતીત કરી રહ્યો હતો અને પરમાત્મા પ્રાપ્તિ માટે કાંઈક કરવાનું છે એવો તો મને ખ્યાલ પણ ન હતો. ભગવાને જાતેજ આ દ્વારા મને યોગ્ય માર્ગનું જ્ઞાન કરાવ્યું છે. આ તો ઈશ્વર કૃપા છે. આપ વિચારો કે ગત જન્મોનાં પાપ છે. એમ નહિ પણ એક વરદાન છે."

રાજા આ પ્રમાણે બોલ્યા ત્યારે બધાનાં નેત્રો સજલ બન્યાં અને ભકિતરસથી દ્રવિત હતાં. પોતાના મનમાં જે શાંતિથી વિચારતા હતા તે જ એ બોલ્યા હતા. મંત્રીગણ અને પ્રજાવર્ગ એમની સામે ઊભા હતા. એ એમના ધૈર્યથી આશ્ચર્યચક્તિ હતા. એ બધાએ વિચાર્યું, 'ગમે તેમ પણ રાજા જે કહે છે તે સત્ય જ છે."

એ વૃધ્દ્ર ઋષિ ઊઠ્યા અને વિશાળ જનસમુદાય સમક્ષ આ પ્રમાણે બોલ્યા, "હે શ્રેષ્ઠ સમ્રાટ! આપના શબ્દો તો આ ઋષિઓના હ્રદયને પ્રકાશિત કરનાર સૂર્યનાં કિરણો છે. એ વચનો આપની વંશપરંપરાને શોભે તેવાં છે, કારણ કે આપ પાંડવ છો. પાંડવો એ ક્યારેય જીવનમાં અસદાચાર કે અન્યાય કર્યો નથી. એ તો પ્રભુના ચરણારવિંદનેજ આશ્રય કરતા હતા અને પ્રભુઆજ્ઞાનું પાલન કરતા હતા. ભગવાન સ્વધામગમનની લીલા કરી ગયા તો તે પણ ઉત્તરાપથ પર મહાભિનિષ્ક્રમણ માટે ગયા. આજે આપ પણ એમના અંશ હોવાથી એ જ માર્ગે જઈ રહ્યા છો."

આ સમયે રાજાએ હાથથી પ્રણામ કરીને મુનિઓને વંદન કરી કહ્યું, " હે મુનિ શ્રેષ્ઠ! મારા મનમાં એક સંદેહ છે તે કૃપા કરી દૂર કરો. જેથી બાકીના દિવસો મારા જીવન કલ્યાણની પ્રાપ્તિમાં જાય "એ કેવી શંકા છે?" રાજાએ કહ્યું, " મ્રિયમાણ વ્યક્તિનું શ્રેષ્ઠ કાર્ય કયું છે ?" એ ઋષિએ ઊભા થઈને જવાબ આપ્યો, " જેવો સમય તે પ્રમાણે યજ્ઞયાગ આદિ

કરવું, જપ તપમાં મગ્ન રહેવું, દાન તીર્થયાત્રા કરવાં અથવા પૂજા ઉપવાસ વ્રત કરવાં. બીજાએ મોક્ષ પ્રાપ્તિ માટે જ્ઞાનને જ સાધન બતાવ્યું. **"જ્ઞાના દેવ તુ કૈવલ્યમ"**

બીજાએ ઊભા થઈને કહ્યું વેદશાસ્ત્રના વાકયો અનુસાર કાર્ય કરવું એ જ શ્રેષ્ઠ છે **કર્મણ્યેવ હિ સંસિદ્ધિઃ** કોઇએ એમ કહ્યું કે ઈશ્વર પ્રત્યે ભાવ પૂર્વકની ભકિત હોવી એ આ દિવસોમાં કોઇ કાર્ય છે. એનો શ્રેષ્ઠ સદ્દુપયોગ કરી શકાશે **ભક્ત્યા વશઃ સે પુરુષઃ**ઈશ્વરને કેવળ ભક્તિ દ્વારા પમાય છે. આ વિભિન્ન મતમતાંતરોની હારમાં રાજાને વાસ્તવિક માર્ગ મળ્યો અને એથી બીજા બધા જ્ઞાનીઓ મૌન બન્યા.

એ સમયે એક તેજસ્વી યુવાન યોગી આકર્ષક પ્રભાવવાળા એ ઋષિ સમુહમાં વચ્ચે આવી ચઢયા. સૂર્યના પ્રકાશ કિરણ જેવા દીપ્ત એ હતા. એ રાજાની પાસે આવીને એક ઉચ્ચ આસન પર બેસી ગયા. જોનાર એમને એકાએક આવી ચઢેલા જોઈ દંગ બની ગયા. કોઈક તો એ કોણ હશે. એ જાણવા ઉત્સુક બન્યા. સામાન્ય નજરે જોતાં એક ઋષિકુમાર જેવા લાગતા હતા, પણ એમનું મુખકમળ અને ભદ્રતા જોતાં પૂર્ણ વ્યકિતત્વ વિકસિત હોય એમ લાગતું. વય ઘણું થોડું હતું પણ ચોતરફ તેજની રેખાઓ પ્રભાવ પાડી રહી હતી.

શીઘ્ર એક વૃધ્ધ મુનિએ એમણે જાણી લીધા અને પ્રણામ કરીને કહ્યું, અમે ખૂબ ભાગ્યશાળી છીએ. આ દિવ્ય ક્રાંતિ અને રૂપ વ્યાસજીના પુત્ર શુકદેવ વિના બીજા કોઈનું હોય નહિ. અપરિચિત જનસમુદાયને પરિચિત કરાવતાં મુનિ આગળ બોલ્યાં," જન્મ સમયે જ એ પોતે જ અનાસકતા હતા, એ પૂર્ણ જ્ઞાની છે, " રાજાએ જ્યારે આ સાંભળ્યું ત્યારે એને હર્ષાશ્રુ આવ્યાં. આનંદના અતિરેકમાં ઊઠયા અને એમની પાસે જઈ ચરણમાં નમી પડ્યા. ઊભા થયા તો પ્રણામ સ્વરૂપે બન્ને હાથ જોડેલાજ હતા. એ જડ પ્રતિમાં જેવા ઊભા રહ્યા અને એમની નજરે બાળયોગી ભગવાન કૃષ્ણ સ્વરૂપે જ જણાયા. શુકદેવનો પ્રભાવ એમની દૃષ્ટિ દ્વારા જણાઈ રહ્યો હતો. એમનું સૌંદર્ય તો કામદેવને પણ શરમાવે એવું દિવ્ય હતું. મસ્તક પરના કાળા કેશ તો તે શુભ્ર મુખ પર કાળા નાગ જેવા હાલી રહ્યા હતા. અંધારામાં ચમકતા તારા જેવી એમની આંખોમાં ચમક હતી, ઓષ્ઠ પર મધુર હાસ્ય લસી રહ્યું હતું.

રાજા ધીર ગતિથી શુકદેવ તરફ ગયા. ભાવવિભોર થતાં ગળું બેસી ગયું હતું અને ઓષ્ઠ કંપી રહ્યા હતા. તે બોલ્યા," પ્રભો આજે આપની દયા વિશે વાત કરવાની મારામાં શકિત નથી. વિશ્વકલ્યાણ માટે આપ કાર્યશીલ છો. આપનાં દર્શન આટલી સહેલાઇથી અમને મળી ગયાં એ અમારૂં સદ્‌ભાગ્ય છે. આપના દર્શન તો કેટલીય તપશ્ચર્યા કર્યા પછી થાય છે. ખરેખર મારા પિતામહોનાં પુણ્યોનું એ સ્વરૂપ છે. " બોલતા બોલતા રાજા શુકદેવજી સામે ઉભા રહ્યા અને સંતાપનાં હર્ષાશ્રુ આંખમાંથી વહેવા લાગ્યાં.

પ્રસન્ન થયેલા શુકદેવજીએ રાજાને પોતાની સામે બેસવા કહ્યું. "રાજા! ભગવન્નિષ્ઠામાં તો તમે ખૂબ ભાવુક છો. હંમેશાં પરોપકારનાં કાર્યોમાં રત છો. આટલો ઋષિ સમૂહ તમારી ચારે બાજુ એકઠા થવો એ વિશુધ્ધ જીવન માર્ગનું ફળ છે. ઋષિ લોકો જેઓ તપશ્ચરણમાં હંમેશાં રત હોય એ વન છોડીને તમારી પાસે આવીને તમને આત્મ

જ્ઞાન પ્રાપ્તિ થાય એવી પ્રાર્થના કેમ કરે? આ કોઈ દયાની વાત નથી. અનેક જન્મોનાં પુણ્યોની ભેગી કરેલી કમાણીનું એ ફળ છે. જ્યારે શુકદેવજી બોલવાની શરૂઆત કરે અને રાજા એકાગ્ર ચિત્તે નજર એમના સામે નાંખીને સાંભળ્યા કરે. એકાએક રાજાએ ઉન્તન મસ્તકે મુનિને પ્રશ્ન કર્યો," પ્રભો? મને એક સંદેહ છે તે આપ મારા હ્રદય માંથી દૂર કરો. હું એ પ્રશ્ન આ સભાને પૂછવાનો હતો; એટલામાં આપ આવી ગયા, તો પછી આપ જ એનું સમાધાન કરો. આપને માટે તો પ્રશ્ન બહુ સામાન્ય છે. " શુકદેવજીએ એને રોકીને કહ્યું,"રાજા, મારા આવવાનું કારણ એ જ છે કે તારા મનના સંદેહો દૂર કરૂં. તારા મનમાં જે હોય તે તું પૂછી શકે છે. હું એનુ સમાધાન આપવા પ્રયત્ન કરીશ. " શુકદેવની આવી વાત સાંભળી એકત્રતિ મુનિ સમાજ બોલી ઉઠયો, "શું પ્રારબ્ધ ! રાજા બહું ભાગ્યશાળી !" આ પ્રમાણે બોલીને એ હર્ષિત બન્યા અને એમનો હર્ષ ધ્વનિ આકાશ સુધી ગુંજવા લાગ્યો.

રાજાએ પ્રશ્ન પૂછ્યો, પ્રશ્ન વિનમ્રતા અને ચિંતિત ભાવે પૂછ્યો; પ્રભો! અંતકાળે માનવે શું કરવું ? પોતાના મનને શામાં પરોવવું ? જો એની એવી ઈચ્છા હોય કે મૃત્યુ પછી ફરી પુનર્જન્મ ન આવે તો સમય કેવી રીતે વિતાવવો ? આ પ્રશ્ન મને ખૂબ અધીર બનાવે છે. મારું શ્રેષ્ઠ કર્તવ્ય શું ?" આ પ્રમાણે પૂછીને પરીક્ષિતે માર્ગદર્શન માગ્યું.

શુકદેવજીએ ઉત્તર આપ્યો, "રાજા સાંસારિક નાશવંત પદાર્થોની આશક્તિ છોડીને અંતર્યામી પ્રભુને હ્રદયમાં પધરાવો. આ ભાગવત જ્ઞાન તમને આપીશ એને શ્રધ્દ્ધાથી સાંભળો, એના જેવું પવિત્ર કાર્ય બીજું નથી. આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરનારને માટે પણ એ સાધન છે. એ એક દ્રઢ નાવ છે. હરિકથા એ નાવનું સુકાન છે. આ જીવન પ્રવાહ સંસાર સમુદ્રનો છે. હરિ પોતે કર્ણધાર છે. આજે આ પવિત્ર વસ્તુનો તમને લાભ થાય છે.

તમે પૂછેલો પ્રશ્ન એ એક વ્યકિતનો નથી પણ સમસ્ત માનવ જાતનો છે અને બધાને એનું સમાધાન મેળવવાનું છે. એ એક ખૂબ મહત્વનો પ્રશ્ન છે અને એનો ઉત્તર આવશ્યક છે. બ્રહ્મ જ્ઞાન એ બધા પ્રશ્નોમાં શ્રેષ્ઠ છે. માનવ જાતને માટે જીવનની (આત્મા ચિંતન) છેલ્લી પળોમાં જેવું ચિંતન તેવું જ મરણ અને આગળનો જન્મ તમે જે પ્રશ્ન કર્યો છે તે માનવ માત્રના કલ્યાણ માટેનો છે, એનો ઉત્તર કેવળ તમારા પૂરતો નથી. "

# અધ્યાય ૩૦

મહારાજ ! એ ભાગવત એ એક વિશાળ વૃક્ષ છે, જે શ્રધ્ધા અને ભકિતનો વિપુલ સંગ્રહ-સંચાર કરે છે, આનંદ અને મંગલમય ચિહ્ન (સામગ્રી) નું સ્ત્રોત છે. ભગવાન શ્રી નારાયણ એના આધબીજ છે, થડ એ બહ્માજી છે, શાખાઓ નારદ અને પ્રશાખાઓ વ્યાસ છે. એનું મીઠું ફળ એ ભગવાન કૃષ્ણની કથા છે, એને આપનારા તો સાચા સંત કે યોગી છે, જે સાંસારિક ચિંતાઓથી મુક્ત થઈને સંનિષ્ઠપણે વ્યાકુળતાપૂર્વક એ ફળ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અપરંપાર સમય સુધી એની આકાંક્ષામાં રત રહે છે.

હે ઋષિમુનિ વૃંદ! આજે ભાગવતનો મહિમા તમને બધાંને કહીશ. એ ભગવાન કૃષ્ણની મનોહર કથાઓ છે, જેમાં તન્મયતા કેળવીને સાંસારિક દુઃખો અને વાસનાઓ ભૂલાય છે. બધાં શાસ્ત્રોના શ્રવણ પછી અનેક માર્ગો (જ્ઞાન કર્મયોગ) પણ તમે બધા જાણો છો, સર્વ શ્રેષ્ઠ જે છે તે કદાચ બધાને ખબર નહિ હોય. એ ભગવાનનું મધુર નામ, જે સરળ છે. બધા ભજી શકે છે. કાન પર આ નામ પડે તો હૃદય આનંદથી પૂર્ણ બને છે. મનમાં સ્મરણ કર્યાથી હૃદય પ્રેમ સભર બને છે. ભગવાન માટે શ્રધ્ધા અને ભકિત જાગ્રત કરાવનાર સાધન ભાગવત છે.

ઈશ્વર તો અજન્મ, નિરાકાર, અનન્ત છે અને એ સાકારરૂપ ધારણ કરી અવતાર લે છે. આવા તો પ્રભુના અવતાર અસંખ્ય છે. ભકતોને ભક્તિ માર્ગ દ્વારા પ્રાપ્ય એવું સુલભ રૂપ પ્રભુ ધરે છે. આવાં અનેક રૂપ અને અવતાર ધારણ કરીને માનવ જાતિને પ્રભુ માર્ગદર્શન આપે છે અને માનવ જાતિને પતનમાંથી બચાવે છે, સાચો ભકત તો પ્રભુના ગુણ ગાય, મહિમા ભાવથી સાંભળે અને એ ચરિત્રોને સારી રીતે પોતાનું આદર્શમય જીવન બનાવવા અનુસરે. ભાગવત માર્ગે જીવન જીવનાર એ જ સાચો ભગવાનનો જન કહેવાય. ભાગવત ભકતને ભગવાન સાથે સંયોગ કરાવે છે. કથા શ્રવણ દ્વારા માનવને દૈવી જીવન પ્રાપ્ત થાય છે.

ઈશ્વરનો અવતાર કેવળ દુષ્ટોના વિનાશ માટે નહિ, એ તો અનેક કારણોમાંનું એક કારણ છે. બીજી રીતે તો કહેતાં સજ્જનોના રક્ષણ માટે અવતાર છે. ગાયના દૂધનું મુખ્ય કારણ તો એનું વાછરડું છે, પણ માણસ એને પોતાના લાભ માટે ઉપયોગમાં લે છે. એ રીતે ઈશ્વર પણ સગુણ સાકાર સ્વરૂપે પોતાના ભક્તો અને સંતોના રક્ષણ માટે આવે છે, પણ દુષ્ટો અને દુર્જનો પોતાના સ્વાર્થ માટે આ અવસરનો લાભ લઈ લે છે; માટે ભાગવતમાં ભગવાનના મહિમાની સાથે સાથે સંત અને અસંત (દુષ્ટો) ની વાત પણ આવે છે. એનાથી ભાગવતનું મહત્વ કોઈ ઘટતું નથી. શેરડીના ટુકડાનો મીઠો રસ ચૂસી લીધા પછી કૂચા નાખી દેવામાં આવે છે. જ્યારે દિવ્ય આનંદની પ્રાપ્તિ થાય ત્યારે બાકીના ભાગને નાખી દેવાશે. શેરડીના ટુકડામાં રસ અને કૂચા બંન્ને હોય છે. ભકતોને પણ સંસારમાં અસજ્જનો સાથે રહેવું હોય છે. ઈશ્વર માટે સમય અને સ્થાનની મર્યાદા નથી. એમની દ્રષ્ટિમાં તો બધાં જ પ્રાણીમાત્ર સમાન છે. તે તો સજીવ નિર્જીવ બધાના આધિપતિ છે. પ્રત્યેક યુગને અંતે મહાપ્રલય થાય છે અને વિશ્વનો વિનાશ થાય છે. ફરી નવા વિશ્વનું નિર્માણ બ્રહ્મા દ્વારા થાય છે. બધા જીવોનું સર્જન એ કરે છે. વિષ્ણુનારૂપે તે બધાને પરિપાલન કરે છે અને

તૃપ્તી પ્રદાન કરે છે અને શિવનારૂપે આક્રમે સંહાર કરે છે. આમ ઈશ્વર સર્વશક્તિમાન છે, સર્વસમર્થ છે. અનેક અવતારો રૂપે પ્રકટ થાય છે, કયારેક પોતાની કલા, ગુણ કે અંશ સ્વરૂપે, કયારેક ધર્મ પ્રચારણ કે સંરક્ષણના હેતુથી માનવોને માર્ગદર્શન આપવા તો ક્યારેક યુગાન્તે નવા યુગ પ્રવર્તન માટે યુગાવતારરૂપે પધારે છે. આ સર્વ ભગવાનની વાતોનો સમાહાર તે ભાગવત છે.

ત્રણે ગુણનો આશ્રય લઈ પ્રભુ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, એ ત્રણરૂપે ધરે છે. સૃષ્ટિચક્રના પ્રારંભથી અંત સુધી એનું નિયમન કરે છે. આ ત્રણે રૂપોનો સાર એટલો જ કે પ્રત્યેક ગુણાવતાર સમાન છે. કાર્ય પણ એક જ ઉદ્દેશનું છે. સૃષ્ટિના સર્જનના હેતુ માટે બ્રહ્મા, પાલન માટે વિષ્ણુ સ્વરૂપ અને સંહાર (નિયમન) માટે શિવ સ્વરૂપ છે. ક્યારેક વિશિષ્ટ કાર્ય પ્રકાર માટે વિશિષ્ટરૂપ લઈને આવે તો તે અવતાર કહેવાય છે. મનુ મહારાજ પણ બ્રહ્માજી દ્વારા પ્રેષિત અવતાર છે, જે સર્જનના કાર્ય માટે સૃષ્ટિમાં આવે છે. સૃષ્ટિની રચના તો કેવળ પ્રભુ ઇચ્છા અનુસાર થાય છે, માટે આપણે એમ કહી શકીએ કે દરેક સંત, ઋષિ સજ્જન કે દુર્જન બધા જ વિષ્ણુનાં સ્વરૂપો છે. જીવોની સંખ્યા પ્રમાણે અવતારો પણ અસંખ્ય છે, કારણ કે પ્રત્યેક જીવનો જન્મ પણ ઈશ્વરેચ્છા અનુસાર થાય છે, પણ યુગાવતારની કથા વધારે નોંધપાત્ર છે, કારણ કે ધર્મ પ્રચાર, પવિત્ર ધાર્મિકતા અને સદાચારના સ્થાપવાના હેતુ માટે તે આવતા હોય છે. બીજી બધી વાતો તો દુઃખ અને નિરાશાની કથાઓ છે.

બ્રહ્માજીએ મનુને પૃથ્વી પર મોકલ્યા, માનવોની ઉત્પત્તિ માટે; પણ પૃથ્વી તો રસાતલમાં નિમગ્ન હતી. બ્રહ્માજીએ વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરી અને પ્રભુએ વરાહરૂપ ધારણ કરીને પૃથ્વીને ફરી સ્થિર કરી. વેનના અત્યાચારોથી મસ્ત બનીને ભૂમિએ પોતાનામાં બીજ વનસ્પતિ ભંડારી રાખ્યાં. એ ઉત્પન્ન થતાં ન હતાં. બધી પ્રજાઓ ભૂખથી પીડાવા લાગી. ખાડાટેકરા જેવી જમીનમાં કયાંયે હરિયાળી ન હતી. એ સમયે ઈશ્વરે પૃથુ અવતાર ધારણ કર્યો. એ અવતાર દ્વારા પૃથ્વીને સપાટ બનાવી, અન્ન અને વનસ્પતિ માટે ઉપજાઉ બનાવી; અને જીવોનું કલ્યાણ થયું. એમણે ભૂમિનું પોતાના સંતાન જેવું પાલન કર્યું, માટે એ પૃથ્વી કહેવાઈ. નગરનાં નિર્માણ એમણે પ્રથમવાર જ કર્યાં.

કહેવાનું તાત્પર્ય એટલું જ હતું કે આ સર્વ પ્રભુઈચ્છાને આધીન છે. માનવને ધર્મ, સદાચાર, નીતિના આદર્શો આપતા વેદ ભગવાનની રચના કરી. વેદમાં માનવોને ઈશ્વર પ્રાપ્તિનાં સાધનો અને તે માટેના માર્ગો કહ્યા છે. વેદ ભગવાનનું અસુરોએ હરણ કરીને સમુદ્રમાં છુપાવ્યા, ત્યારે પ્રભુએ મસ્યાવતાર લઈને એનો પુનરુદ્ધાર કર્યો. મનું અને સપ્તર્ષિ ઓનો પણ એ ઉપદેશ દ્વારા ઉદ્ધાર થયો. આ કાર્ય માટે જ પ્રભુનો મસ્યાવતાર હતો.

મુનિઓ? રાજા? માનવ ઈતિહાસ અને સૃષ્ટિની રચનાનો ઈતિહાસ સાંભળો તો મનમાં શંકા ઉત્પન્ન થાય પણ પ્રભુના સંકલ્પ અત્યંત ગહન છે. જડ પદાર્થોની દ્રષ્ટિથી આપણાથી તે ન સમજી શકાય. ક્યારેક આપણને એ નિરર્થક લાગે પણ પ્રભુનું કોઈ પણ કાર્ય, કારણ વિનાનું ન હોય એ સાચું કે પોતે પ્રત્યક્ષ દર્શન દેતા નથી પણ જે થાય છે તે એમની સંકલ્પ શકિતનું ફળ છે.

ઈચ્છા શક્તિનાં ઉદ્દગમ માટે કોઈ અવલંબન સૃષ્ટિમાં હોવું જોઈએ. બ્રહ્માજીએ બે રૂપ લીધાં છે, એક સ્વરૂપ અને ઈચ્છા શકિત. એક જ શરીરના બે ભાગ કર્યા, એક આકર્ષણ અંને બીજું સર્જન સ્વરૂપ આકર્ષણ સ્વરૂપ, જે અનેક રીતે કાર્ય કરતું હતું તે શતરૂપા નામે બન્યું બીજું નામ બ્રહ્મપ્રિયા પણ હતું. બીજુ સ્વરૂપ તે મનુ હતું. સૃષ્ટિના સર્જનના આદ્ય પ્રણેતા, આ યુગલ હતું.

# અધ્યાય ૩૧

મનુ અને શતરૂપાએ બ્રહ્માજીને પૂછયું, " અમારું કર્તવ્ય શું? " બ્રહ્માજીએ હસીને કહ્યું, "એક બીજાનાં અંગ બનો. પૃથ્વીમાં માનવો ઉપન્ન કરો." આ આદેશ અનુસાર મનુએ પૃથ્વી પર માનવો ઉત્પન્ન કર્યા." ઋષિએ રાજાને આ પ્રમાણે કહ્યું. રાજાએ ઋષિને પૂછયું,"મહારાજ મને એવો અનુભવ છે કે પૃથ્વી પર બધાં દુ:ખોનું મૂળ એ માયા મોહ છે, મારે એ વિશે જાણવું નથી પણ એ માયા મોહ દૂર કેવી રીતે થાય તે જાણવું છે. જીવનના છેલ્લા દિવસોમાં બીજું  કરવાનું પણ શું? જન્મ મરણના ચકરાવામાંથી છૂટવા માટે કયા નામનો આશ્રય લેવો તે પણ મને કહો."

શુકદેવને આથી ખૂબ પ્રસન્નતા થઈ. એમણે ઉત્તર આપ્યો "રાજા, તમને સંતો મહર્ષિઓ માટે ખૂબ આદર છે. એનો પૂરાવો આટલી બધી સંખ્યામાં એમની હાજરી છે. સામાન્ય રીતે એ બધા આવા પ્રસંગે આવતા હોતા નથી." રાજાએ પ્રત્યુત્તર આપ્યો, "ના મહારાજ, હું તો નિમ્નતમ પ્રાપ્ત છું. મારી દૈવી સંપત્તિનો વિકાસ નથી થયો. મારી પાસે થોડાક પણ સાત્ત્વિક ગુણ હોત અને મેં એ સર્વની સેવા કરી હોત, તો મને આજે જે બ્રાહ્મણનો શ્રાપ મળ્યો એ ન મળત. આજે મને એ મહાપુરુષોનો સહવાસ અને આપની સેવાનો લાભ મળ્યો છે, એ તો મારા પૂર્વજોનાં પુણ્યનું ફળ છે. મને પૂરો વિશ્વાસ છે કે એમાં મારું કાંઈ પણ નથી. પ્રભુ કનૈયાએ જે દયા મારા પિતામહો પર કરેલી તેનું આ ફળ છે. મારા જેવા સંસારિક જીવને તો પરમ પવિત્ર અનંત ગુણશાળી  શાશ્વત  પ્રભુના ધ્યાનને માટે  સમય પણ કયાંથી હોય? મારા જેવા આપને પણ સન્મુખ આવી બેસો એવો  આગ્રહ રાખી શકે ખરા? આપ તો નિર્જન અરણ્યમાં એકાન્તવાસ કરો એ તો મારા  પિતામહોના આશીર્વાદ અને ભગવાન કૃષ્ણની કૃપા છે. મારા પર આપનો અનુગ્રહ છે. આપને મારા કર્મો વિષે ખ્યાલ છે, મારી દુર્બળતાઓથી હું પણ પરિચિત છું. આપ મારા પર એટલી કૃપા વરસાવો છો કે અંતકાળ જેનો નજીક છે એણે શું કરવું કે શું ત્યજવું એ વાત આપ જરૂર બતાવશો. આ અંગે માર્ગદર્શન આપીને મારા બાકીના દિવસો આપ યથાર્થ કરો. કેવળ આપશ્રી જ આનું સમાધાન કરી શકશો. મને ભાગવત એટલે શું એ કહો. આપે કહ્યું કે બધા પાપોના નાશ માટે અને સાંસારિક બંધનોમાંથી મોક્ષ માટે એ સાધન છે. મને ભગવાન કૃષ્ણના નામનું અમૃતપાન કરાવો." આ પ્રમાણે રાજાએ શુકદેવજીને વિનંતિ કરી.

શુકદેવજી હસીને બોલ્યા," ભાગવત એ પણ વેદ તુલ્ય છે. ભકિત અને જ્ઞાન બન્ને માટે એ જરૂરી છે. દ્વાપર યુગના અંતમાં ગંધમાદન પર્વત પર માતા પિતા વ્યાસના આશ્રમમાં મેં એ સાંભળેલું ', એ હું તને સંભળાવીશ." રાજાએ આમ સાંભળી પ્રશ્ન કર્યો " હે યોગી શ્રેષ્ઠ? આપ તો જન્મથી જ ત્યાગી છો, એમ મેં સાંભળ્યું છે. અને બુદ્ધિની પવિત્રતા જાળવવા આપ વનવાસ કરીને રહો છો. આપને ઉપનયન આદિ સંસ્કાર પણ જરૂરી ન હતા; તો મને એટલું આશ્ચર્ય થાય છે કે આપને એ ભાગવત જે ભક્તિ રસપૂર્ણ  છે તે માટે એટલું આકર્ષણ શી રીતે થયું? આપ કૃપા કરી તે કહો."

શુકદેવે શાંત અને નિશ્ચલ ભાવે કહ્યું, "હું તો સમસ્ત બંધનોથી દૂર છું. નિર્ગુણ બ્રહ્મ પરમાત્મામાં લીન છું, એ મારું સત્ય છે. પણ મેં સત્વર ઈશ્વરનું પ્રભુત્વ, સૌંદર્ય, માધુર્ય સાંભળ્યું છે. પ્રભુના ગુણાનુવાદ સાંભળતાં મારા મનમાં હર્ષ થયો. મારાથી શાંત ન રહી શકાયું. મદોન્મત્ત શિકારી જેવો મને એ ગુણો સાંભળતાંજ આનંદ તરબોળ બનાવી દીધો. પ્રભુની મનોહર લીલાઓએ મને અપાર આનંદ આપ્યો. આજે મારો આવવાનો હેતુ એજ છે કે ભાવુક શ્રોતાઓ સામે પ્રભુના ગુણાનુવાદ ગાવાનો અવસર મળે. આજે એ પવિત્ર ભાગવત તમને અને અન્ય શ્રોતાઓને સંભળાવીશ. આપ સર્વ એ સાંભળવાના અધિકારી છો. માનવ જીવનનું શ્રેષ્ઠ લક્ષ્ય શું એની શોધમાં તમે છો. જે આ ભાગવત પ્રભુની વ્યાકુળતા અને ભકિતથી સાંભળે, પ્રભુના માર્ગ પર તેજસ્વી જીવન ચલાવે અને ભાગવત માર્ગોનું અવલંબન રાખે, એજ સાચો ભક્ત છે. તે પારમાર્થિક, ભજનાનંદમાં ડૂબી જશે. સર્વત્ર ભગવદ્ ભાવ પ્રાપ્ત થશે. એના હૃદયમાં પ્રભુ નંદનંદનનું સ્વરૂપ જણાશે અને પ્રભુની સ્વરૂપ માધુરીમાં એ તરબોળ બની અદ્વૈત ભાવ કેળવાશે. એજ સાચો ભકિતનો આનંદ છે. મન, વાણી, કાયાથી પ્રભુનું નામ ગ્રહણ સંકીર્તન કરવું એજ માણસનું મોટામાં મોટું કાર્ય છે. એના કરતાં પ્રભુપદની પ્રાપ્તિ માટે અન્ય મોટું સાધન નથી.

રાજા, સમય થોડો છે. એનો વિચાર ન કરો. (એની ચિંતા ન કરો) ઈશ્વર પ્રાપ્તિ માટે બહુ લાંબા સમયની જરૂર પડતી નથી. દયામય ઈશ્વરની કૃપાદૃષ્ટિ તો આંખના પલકારામાં પણ મળે છે. સાત દિવસો સુધી તમને અનેક કથાઓ કહીશ-અનેક ભકતોની કથાઓ, પ્રભુભકિત દ્વારા જેમણે આત્મજ્ઞાન (મોક્ષ) પ્રાપ્ત કર્યો એ વાતો કહીશ. પ્રભુભક્તિ દ્વારા પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત કરીને જે જન્મ મરણથી મુક્ત બન્યા, તે વાત કહીશ. એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવીશ નહિ તારૂ આયુ ફક્ત સાત દિવસનું છે, માટે પહેલાં તો અહંતા, મમતાનો ત્યાગ કરી દે. આ શરીર જેને તું તારું માને છે, આ ઘર જેમાં તું રહે છે; તેની આસક્તિ ત્યજી દે. કેવળ ભગવાનની કથાઓનું અનુસંધાન કર, પ્રભુ સમગ્ર વિશ્વરૂપે છે એ પ્રભુનાં અવતાર ચરિત્રોનું માધુર્ય પાન કર. સામાન્ય રીતે મોટા જનસમુદાયમાં આવી વાત કહેવામાં આવે છે પણ જ્ઞાન ત્યારેજ પ્રાપ્ત થાય કે જ્યારે સંપૂર્ણ વિશ્વાસ અને શ્રધ્ધાપૂર્વક નિર્મલ અને પવિત્ર અંતઃકરણથી એ શ્રવણ કરવામાં આવે. રાજા! બીજી એક વાત અસંખ્ય વક્તાઓ કેવળ નૈતિકતા અને આધ્યાત્મિક્તાના અભ્યાસ દ્વારા ખૂબ પ્રવચનો આપે છે, પણ તે અનુભૂત સત્યો નથી આપી શક્તા. જે કથાનું શ્રવણ કરાવે છે એ અવતારી પ્રભુની લીલા માધુરી પર એમને વિશ્વાસ કે પ્રેમ હોતો નથી. એવું વ્યાખ્યાન તો બુઝાયેલા અગ્નિની ભસ્મ પર ઘીનો હોમ કરવા જેવું થાય. આ માર્ગે વિચલિત, ક્ષુબ્ધ મનને સુધારી શકાતું નથી.

તારે માટે તો કોઈ ડર નથી. તારૂ હૃદય તો પ્રભુ શ્યામસુંદરના પ્રેમથી રંગાયેલું છે. નિર્ગુણા ભક્તિ અને વ્યાકુળતાભર્યા પ્રેમ માર્ગે જે ભગવત્ કથા સાંભળે તે જ મોક્ષ માર્ગનો અધિકારી બની શકે છે. અને કથામૃતનું પાન કરી શકે છે. રાજા? એ નિર્વિવાદ રીતે સત્ય છે કે ભગવત કથા અને શ્રોતા સમૂહ બન્ને અધિકારી છો અને શ્રેષ્ઠ છો.

ઋષિએ રાજાને મસ્તકે હાથ મુકી કહ્યું," અરે, તમે કેટલા ભાગ્યવાન છો? " રાજાએ વિનયપૂર્વક કહ્યું," સ્વામી તમે જાણો છો કે મારો સમય અત્યંત અલ્પ છે " અતિ નમ્રતાથી

ઉમેર્યું." પ્રભો મને દિવ્ય જ્ઞાન આપવા કૃપા કરો, જેથી એને અનુસરી દિવ્ય બનવા આ સાત દિવસ પ્રયત્નો કરું. મારે જો મંત્રનો જાપ કરવાનો હોય તો કહો કે જેથી મારું રક્ષણ થાય."

ઋષિ હસીને બોલ્યા, "રાજા જે સાંસારિક જીવો છે. તેમને તો જીવન ચિંતા, અશાંતિ દુઃખ આદિમાં વીતાવવાનું હોય છે, પશુ પક્ષી પણ ખાય છે, એ પણ ખાય છે અને સારા અન્નનું મળ મૂત્રમાં પરિવર્તન કરી નાખે છે. આવું ધ્યેયહીન જીવન તે વ્યતીત કરે છે. આવું જીવવું એ જીવન જીવ્યું એમ કહેવાશે? અસંખ્ય જીવો પૃથ્વી પર જીવે છે. જીવવાની કોઈ કિંમત નથી. સાચું જીવન તો ઉદ્દેશ્યપૂર્ણ, ભાવના, સદ્ગુણ આદિથી પૂર્ણ હોવું જોઈએ. વ્યકિતમાં સદ્વૃત્તિ દૈવી ગુણ, પ્રેમ, ભાવના, લાગણી આદિ ગુણો હોય તો તે ખરેખર જીવતો પુરૂષ છે. એ જ વાસ્તવિક જીવન છે. કોઈ વ્યકિત ક્ષણિક સાંસારિક સુખ માટે આ દેહને અપવિત્ર કરે અને ઈશ્વરને ભૂલે તો તે કેવો નિંધ કહેવાય? કારણ કે તે મનુષ્યપણું પણ ભૂલ્યો. પ્રભુનું ચરણારવિંદ જેણે ટ્રશ્યમાં પધરાવ્યું તે જ સાચું જીવન છે. તે થોડું જીવે તો પણ થોડા વખતમાં જીવનને ધન્ય અને પાવન બનાવી દે છે. તારા આ સંદેહને દૂર કરવા એક રાજાની વાત તને કહીશ. સૂર્યવંશમાં એક રાજા થયો. ખૂબ પરાક્રમી, ધન અને સદ્ચરિત્ર હતો. નામ હતું ખટવાંગ. પરાક્રમમાં તે અજોડ હતો. એક સમયે દેવો અને દાનવોનું યુધ્ધ થયું. દેવો પરાજયની બીકથી પૃથ્વી પર આવ્યા અને રાજા પાસે સહાય માંગી. રાજાની પણ યુધ્ધ કરવા ઈચ્છા હતી એમણે પોતાના શસ્ત્ર લીધાં અને રથમાં બેસી યુધ્ધ ક્ષેત્રમાં આવ્યા. એમણે પોતાના શૌર્ય દ્વારા દાનવોના હૃદયમાં ભય પેદા કર્યો. શત્રુઓ ભયાનક યુધ્ધથી ડરીને નાસી ગયા. નાસતા શત્રુનો પીછો કરવો યોગ્ય નથી, એમ માનીને રાજા યુધ્ધ કરવામાંથી રોકાઈ ગયા. દેવો રાજાની આ સહાયથી ખટવાંગ પર ખૂબ પ્રસન્ન થયા અને એમના પરાક્રમની પ્રશંસા કરતાં કહ્યું ઈતિહાસમાં તમે અજોડ પરાક્રમી છો. દાનવો સાથે યુધ્ધમાં તમે અમને વિજય અપાવ્યો છે; આના ઉત્તરમાં કોઈ વરદાન 'તમે જે માંગો તે ' અમને આપવાની ઈરછા છે;" રાજા બોલ્યા, " દેવો! તમને પ્રસન્ન કરવા તો અમે યજ્ઞો કરીએ છીએ. આ યુધ્ધ જે હું લડયો તે પણ એક યજ્ઞ કાર્ય હતું. હું વિજેતા થયો એ જ વરદાન છે, આપની પાસે બીજા શાની આશા રાખું? " એમ બોલી તે દેવોના ચરણમાં નમી પડયા.

પણ દેવોને એનાથી સંતોષ ન થયો. એમણે તો રાજાને કોઈ વરદાન માગવા કહ્યું. એમણે માંગવાની ઈચ્છા તો ન હતી પણ દેવો એમ કાંઈ છોડે એવા નથી એમ જાણી વિચાર્યું. છેવટે એ બોલ્યા, " હે દેવગણો? પહેલા તો મારૂ આયુષ્ય કેટલું છે તે મને કહો તો પછી મારાથી નક્કી થાય કે કયું વરદાન માગી લઉં ?" દેવરાજ અને સર્વજ્ઞ ઈન્દ્રે જવાબ આપ્યો.' રાજા તમારું આયુષ્ય એક મુહૂર્ત જેટલું જ બાકી છે. થોડી ક્ષણ તમે જીવી શકશો. " એ સાંભળી રાજા બોલ્યા," તો પછી મારે કાંઈ માંગવું નથી, હું માનું છું કે બધાં સાંસારિક પદાર્થો નાશવંત છે અને ત્યજ્ય છે. ભૌતિક સુખો, બાહ્ય પ્રલોભનોમાં ફસાવાની મારી ઈચ્છા નથી, મને ઈશ્વર પ્રાતિ માટે વરદાન આપો. જ્યાં ગયા પછી પાછા સંસારમાં ન આવવું પડે એવા પ્રભુના મંગલમય નામનો આશ્રય લઈશ." નેત્ર બંધ કરી ઈશ્વર સ્મરણ કરવા લાગ્યા અને મુહૂર્ત નું આયુષ્ય એ રીતે સાવધાન રીતે જીવ્યા અને પ્રભુપદની પ્રાપ્તિ કરી.

હવે જરા વિચારો કે કેટલા ઓછા સમયમાં પણ એણે પોતાના મનને બાહ્ય પદાર્થોમાંથી ખેંચી લીધું અને એ દ્વારા નિર્ભય એવા ભગવચ્ચરણની પ્રાપ્તિ થઇ. તારી પાસે તો ઘણાં દિવસો છે. જયારે એની પાસે તો થોડી ક્ષણો હતી. તારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. આટલા દિવસોમાં તો તું સાવધાનીપૂર્વક ચિત્તશાંતિ લાવી શકીશ અને એ માટે પ્રભુનાં અવતાર ચારિત્રોનું શ્રધ્દ્ધાપૂર્વક શ્રવણ કરી શકીશ.

આ દૃષ્ટાંતના રાજા ખટવાંગના વરદાનની વાત સાંભળતાં રાજ પરીક્ષિતને તૃપ્તિનાં આનંદાશ્રુ આવ્યાં. એ બોલ્યા,“ પ્રભો? મારે શું "કરવાનું. આપજ આજ્ઞા કરો. મારે સંતોષ વ્યકત કરવાં માટે મારી પાસે શબ્દો નથી. મને અપાર આનંદ પ્રાપ્ત થયો છે.” આમ બોલીને તે શાંત થઇ ગયા.

શુકદેવ ઉત્તર આપતાં કહે છે. “રાજા વૈરાગ્યરૂપી બખ્તરથી સજ્જ બનો. દેહાશકિતના ટુકડે ટુકડા કરો. પરિવારની મમતા ત્યજો. દ્રઢતાપૂર્વક આ પવિત્ર નદી તટે બેસો.'! શુકદેવે કથા નો પ્રારંભ કર્યો ત્યારે રાજા કંઈક પ્રશ્ન કરવા વારંવાર વિચારતા હતા. એમને જોઈને શુકે પૂછ્યું "કોઈ કારણથી મનથી મૂંઝાયેલા લાગો છો, પૂછીને મનનો સંદેહ દૂર કરો." તે ક્ષણે રાજા એ પૂછ્યું, "પ્રભો, આપ તો દયાના સાગર છો, ભૂખ્યાને જેમ અન્ન તેમ આપનાં વચન મારા તાપ અને શાપ બંનેને શાંત કરે છે. ગુરુદેવ આપે થોડા સમય પહેલાં સૃષ્ટિ વિશે કહ્યું હતું પણ મને એ બરાબર સમજાયું નહીં. નિર્ગુણ બ્રહ્મ સગુણ સાકાર અવતાર લે છે એ શા માટે? મને આ સર્વ સમજાવો." આ પ્રમાણે બોલીને રાજા જીજ્ઞાસાપૂર્વક એકાગ્ર ચિત્તે શ્રવણ કરવા લાગ્યા

# અધ્યાય ૩૨

ગુરુદેવ પોતાના સ્થાન પર સ્થિત હતા અને બોલ્યા, “ ઇશ્વરી સત્તા ત્રણ રૂપે પ્રકટ થાય છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આ સૃષ્ટિના કાર્યક્રમમાં પાલન, પોષણ, અને સંહાર એ કાર્યોમાં પ્રવૃત્ત છે. જે કોઈ જીવ આ સૃષ્ટિના નિર્માણમાં છે ત્યાં દૈવત છે. એક બીજામાં ભેદ હોય છે. જો આ ભેદ દૂર થઈ જાય તો વિશ્વમાં સર્વત્ર સુખ અને શાંતિ ફેલાય છે. જો જીવ અન્યથા માર્ગે ચાલે તો દુઃખ, અશાંતિ, આભાશ છવાઈ જાય. એવું બની જાય ત્યારે ઈશ્વર યોગ્ય આકાર ધરીને એ સુધારવા માટે પ્રગટે છે અને આ દુર્ગુણયુક્ત પાપગ્રસ્ત વિશ્વને સુધારીને ન્યૂનતાઓ દૂર કરે છે. આનો અર્થ એવો કે અવતાર દ્વારા માનવોને યોગ્ય માર્ગે જવા પથદર્શન થતું રહે છે.

સાકાર રૂપ ધારણ કરવા માટે ઈશ્વરની સત્તા અમાપ છે. એને કોઈ સીમા નથી. વિશ્વમાં દૈવી મૂલ્યોના ગુણવિકાસ માટે અને રક્ષણ માટે પ્રભુના અવતાર છે. પ્રસંગ અને પાપવૃદ્ધિનું નિર્મૂલન એ માટે અવતાર છે. હિરણ્યાક્ષના અત્યાચારોથી વિશ્વ ત્રાસી ઊઠયું. તે વખતે ભગવાને વરાહ અવતાર ગ્રહણ કર્યો. વરાહ અવતાર સત્યતઃ તે નિર્ગુણ નિરાકાર અવતાર જ હતો. ઈશ્વરની ઈચ્છા અને શક્તિ અત્યંત રહસ્યાત્મક છે, એ કારણ કે પરિણામના વિચારથી સમજી શકાય તેમ નથી. માનવની બુધ્ધિ તથા વિચારોથી એ પર છે. એ તો કેવળ એ જ સમજાવી  શકે જેણે ભગવાનને પ્રાપ્ત કર્યા છે. વિદ્યા કે બુદ્ધિને જોરે એ ન સમજાવી શકાય. કારણ અને કાર્ય એક બીજા સાથે સંબંધિત છે.

એક દિવસે બ્રહ્મા પોતાના સ્થાન પર વિશ્રામ કરતા હતા ત્યારે એમના નાકમાંથી એક વરાહનું બચ્ચું બહાર આવ્યું, જેનું કદ એક અંગૂઠા જેટલું  હતું. બ્રહ્માજી તે સર્વજ્ઞ હતા પણ લીલા કાર્ય માટે અજ્ઞાન સેવીન એવો ભાવ પ્રગટ કર્યો કે જાણે આ નાના વરાહ કોણ હશે, એમ આશ્ચર્ય દ્રષ્ટિથી જોવા લાગ્યા. એટલામાં તો વરાહનું કદ વધવા લાગ્યું. ધીમે ધીમે દેડકાં -બિલાડી અને એમ કરતાં હાથી જેવું થયું. બ્રહ્માજી આ આશ્ચર્ય પર મનમાં ને મનમાં હસી રહ્યા હતા. ધીમે ધીમે એ વરાહનું કદ એટલું વધ્યું કે માનો  પૃથ્વી અને આકાશને ઢાંકી દેશે. ધીમે ધીમે જળમાં પ્રવેશ કર્યો અને પૃથ્વીને ઉપરના દંતશૂળથી ટેકવી બહાર લાવ્યા.

પણ પાછળથી કોઈ બોલ્યું,” અધમ સૂવર? ક્યાં દોડે છે? જ્યાં છે ત્યાં જ ઉભો રહે?” આ બૂમ તરફ ધ્યાન ન આપતાં એ તો સાંભળ્યું નથી એમ આગળ વધ્યા. ત્યારે અધમ રાક્ષસ યુધ્ધ કરવાની ઈચ્છાથી સામે આવ્યો. બન્ને વચ્ચે યુધ્ધ શરૂ થયું. ભયાનક યુધ્ધ જોઈને પૃથ્વી ભયથી કાંપી ઊઠી; પણ વરાહે એને ધીરજ આપી.” હે દેવી ભયભીત ન થઈશ. આ દાનવના જીવનનો અંત નજીક છે. હમણાં જ હું એનો અંત લાવીને તને સુખ અને શાંતિ આપીશ. ” વરાહ તરત જ ભયાનક બન્યા. પૃથ્વીને આ યુધ્ધથી ખૂબ ગભરાટ પેદા થયો. વરાહ હિરણ્યાક્ષ ઉપર જઈ પડ્યા તો ભયથી પૃથ્વીએ આંખો બંધ કરી લીધી. આ યુધ્ધ ભયાનક હતું અને છેવટે તો હિરણ્યાક્ષના ટુકડે ટુકડા ધરતી પર પડયા.

માટે ઈશ્વર ભિન્ન ભિન્ન સમયે આવશ્યકતા અનુસાર અવતાર રૂપ ધારણ કરે છે. દાનવોના વિનાશ માટે જેવું જરૂરી હોય, સાધુની રક્ષા માટે, વેદ શાસ્ત્રોના ઉદ્ધાર માટે જેવું જોઈએ તેવું સ્વીકારે છે.આટલા માટે તો પ્રભુ મત્સ્ય, કૂર્મ, નરસિંહ વગેરે રૂપોએ અવતાર ગ્રહણ કર્યો. આ સર્વ અવતારોમાં શ્રેષ્ઠ અવતાર ભગવાન કૃષ્ણનો છે. પ્રભુનું પ્રધાન કાર્ય ધર્મ સંરક્ષણ છે.

કોઈ જ્ઞાન આપતું હોય તે મેળવનારે એ જ્ઞાનને સમજવા જેટલી હોશિયારી રાખવી જોઈએ. ઊચ્ચ જ્ઞાન આપવું હોય અને બુદ્ધિમાં શૂન્ય હોય તો એ નકામું છે. એ સમજમાં આવેજ નહિં. એ રીતે સામાન્યને આપવાનું નીચલી કક્ષાનું જ્ઞાન એ ઉચ્ચ કોટિના વ્યકિતને આપવામાં આવે તો એને પણ સંતોષ નહિ થાય. આને સ્પષ્ટ કરવા માટે તને બ્રહ્મા અને નારદ વચ્ચેના સંવાદની વાત કહું છું. શુકદેવે નારદની કથાનો પ્રારંભ કરી રાજાને સાંભળવા કહ્યું.

બ્રહ્માએ એક સમયે નારદને કહ્યું. “મારા માનસ પુત્ર, આ સૃષ્ટિ મારું કાર્ય છે, જે રીતે એનું હું પાલન કરૂ છું એ મારું તપ છે. હું સંકલ્પ કરૂં અને ઉત્પત્તિ થાય છે, પણ પ્રત્યેક જીવ માટે કોઈ સિદ્ધાંત કે નિયમ મેં બનાવ્યા છે, જે એ નિયમોનું પાલન કરાય તો આ સંસાર ચક્ર બરાબર ચાલ્યા કરે છે; પણ એને બદલે જો એ સિદ્ધાંતોની અવગણના કે સ્વચ્છંદી વ્યવહાર અનીતિના માર્ગે ચાલે તો અનેક દુઃખો સહન કરવા પડે છે, જ્યારે જીવનની સંખ્યા ખૂબ વધી જાય છે ત્યારે તો એને મર્યાદામાં રાખવા હું રુદ્ર બનીને અંત લાવું છું'. અન્યાયી અને પાપીઓને એટલા માટે જન્મ આપુ છું કે સજ્જનને એનું જીવન જોઈ પોતાનો પથ નિર્દેશ મળે. સંત અને સાધુની રક્ષા માટે આચાર નિયમો પણ બનાવ્યા છે. આ બંને માટે આ નિયમ પાલન આવશ્યક છે, નહિ તો અન્યથા માર્ગે જવાથી ભયંકર વિનાશ સર્જાશે..

દિવસ ને રાત્રી મારી ઈચ્છાનુસાર થાય છે. જીવોનું નિયમન કરનારા બધા મારા અંશ છે. પ્રજા વધારવી તે પણ મારી ઈચ્છાનું પરિણામ છે, કયારેક સૃષ્ટિને ચલાવવાનું એનું ભરણ પોષણ કરવાનું આવે તો હું નામરૂપ જુદાં જુદાં ધારણ કરું છું. મનુ જેવા ઋષિ મહર્ષિઓને પૃથ્વી પર મોકલું છું જેથી તે આદર્શ માર્ગનું પ્રદર્શન કરી શકે. જીવોની સંખ્યા વધે તો એનો રુદ્ર બનીને અંત લાવું છું

બધા જીવમાત્રમાં હું છું. હું સર્વમાં છું એ વાત મનુષ્ય ભૂલી જાય છે અને એની એને ખબર નથી. હું પ્રત્યેકનો અંતરાત્મા છું. એ પણ એ જાણતો નથી. એ બાહ્ય વસ્તુઓને સત્ય માને છે અને એની પાછળ પાછળ દોડીને કષ્ટો ભોગવે છે, પણ એમ સમજીને કે આ સર્વ દૂરી દ્રશ્યમાન જગત ઈશ્વરની ઈચ્છાથી થયું છે. મારામાં મન રાખે તો એના પર હું કૃપા કરું છું અને એને પરમાત્મા તત્વ (બ્રહ્મજ્ઞાન) આપું છું કે સર્વત્ર હું છું. અને મારાં જ રૂપો છે. હજારોને આવી કૃપા મળી છે, જે આ માર્ગ જ્ઞાન મેળવવા ઇચ્છે તે જ સાચો સાધક, મહાત્મા ઋષિ કે અવતારી છે. એમણે અનુભવ દ્વારા આ જાણ્યું કે સત્ય એજ ધર્મ છે.

એવા થોડા મહાપુરુષોની વાતો તને કહું છું. એ છે સાગર, ઈશ્વાકુ, યયાતિ, પ્રાચીનબર્હિ, ધ્રુવ, રઘુમાંધાતા અલર્ક, શતધન્વા દિલીપ, વાલી, ભીષ્મ શિબિ, પિપલાદ શારધ્વન, પ્રહલાદ, વિભિષણ, હનુમાન,મુચકુન્દ જનક, શતરૂપા એવા અનેક રાજર્ષિ અને બ્રહ્મર્ષિ છે. એમની જાતિ કે લિંગના ભેદ પ્રભુકૃપા પ્રાપ્ત થવા માટે જરૂરી નથી. એમાં સ્ત્રી, શદ્ર, બ્રાહ્મણ અને ચાંડાલ પણ છે.

બધા કાર્યોનું કારણ હું છું. હું અનન્ત છું, સત્ ચિત્ આનંદ છું, હરિ અને હર બન્ને છું; કારણ કે જરૂર પડે બન્ને રૂપમાં હું પરિવર્તિત બનું છું. આ સૃષ્ટિ અને બ્રહ્માંડ તો મારો સંકલ્પ માત્ર છે એની કોઈ વાસ્તવિક્તા નથી. પુત્ર, મેં મારું સત્ય તને એટલા માટે જણાવ્યું છે કે મારો તારા પ્રત્યે સ્નેહ છે. બીજાઓને આ સમજવા માટે સમજ પણ નથી. આ બધી વાતો જે મેં તને કહી તે ભાગવત (સંક્ષેપ) છે.

ભાગવતમાંથી ત્રણ ઉપદેશ મળે છે (૧) ઈશ્વરનાં અવતાર કાર્યો અને એનો મહિમા (૨) ઈશ્વરના પૂર્ણ ભકતોનો પરિચય (૩) સેજી (ભક્તિ) અને ઈશ્વરનો આંતરિક સંપર્ક. જયાં આ ત્રણે વાતોનો પરિચય એક સાથે થાય તે ભાગવત છે. હરીદ્રશ્યમાન પદાર્થો એ ઈશ્વરની સત્તા બહારના નથી. બીજા શબ્દોમાં સર્વ તો ભાગવત છે (ભગવાનનું છે) બધા જ પદાર્થો ભગવત્કાર્ય માટે છે.

જ્યારે બ્રહ્માજી નારદને આ પ્રમાણે સમજાવી રહ્યા હતા ત્યારે એમણે ખૂબ ઉત્સુકત્તાપૂર્વક પૂછયું, “આપની સૂચના અનુસાર હું પળે પળ ભગવાન નામનું કીર્તન કરું છું અને વિશ્વને એ દ્વારા ભજન આનંદનો લાભ ઉઠાવવા સહયોગ આપુ છું, પણ આ માયા મને કોઈવાર ચક્કરમાં નાખે છે અને ફસાવે છે. વચ્ચે રૂકાવટ કે ક્ષતિ પહોંચાડે છે. આ વિપત્તિથી બચવાનો કોઈ ઉપાય છે ખરો ? મને એટલી વાત બતાવી આપનો અપાર પ્રેમ મારા પર વરસાવો.

બ્રહ્માજી આ પ્રશ્ન પૂછવાથી હસી પડયા અને ઉત્તર આપ્યો “પુત્ર? તું તો નાના બાળક જેવી વાત કરે છે. જેને પરમાત્મા તત્ત્વનું' જ્ઞાન થયું છે તેને આ માયા કે ભ્રમનું વાદળ ઢાંકી શકતું નથી. એ જાણે છે કે માયાના અધિપતિ ઈશ્વર છે. એ એને દૂર રાખશેજ, કે જે પૂર્ણ સત્ય, ભક્તિ અને શ્રધ્દ્ધાપૂર્વક સન્માર્ગરત છે. હાથમાં વીણા લઈને નિર્ભય બનીને ત્રણે લોકમાં હરિકીર્તન કરતા કરતા ફરો. આ હરિ નામનો મંત્ર સાંભળતાં વિશ્વના માનવોને જન્મ મરણના ચકકરમાંથી છૂટવાનો અવસર મળશે.

કર્મનું" બધંન એ નિશ્ચત છે જ. એના પરિણામ માટે તૈયાર રહેવું જ પડે છે. પણ ભક્તિમાર્ગ એનાથી પર છે. સર્વદા પોતાનું મન ઈશ્વર અનુસંધાનમાં રાખવું. એ વગર બાહ્ય ઇન્દ્રિયગાળા પદાર્થોમાંથી મનને હઠાવવું એનો કોઈ માર્ગ નથી.

શુકદેવે રાજાને કહ્યું , "હે પરિક્ષિત! બ્રહ્માએ આ જ્ઞાન નારદને આપ્યું ;કારણ ઉચ્ચ ભૂમિકા વાળા અને પવિત્ર સ્તરે પહોંચેલી વ્યક્તિને આ જ્ઞાન સમજાય, એ સિવાય નહિ, નારદજીએ પણ નિર્દેશ પ્રમાણે સર્વ સ્વરૂપ સર્વાન્તર્યામી ઈશ્વરમાં તન્મયતા કેળવી.

બ્રહ્માજીએ આપેલા ઉપદેશનો ત્યાગ ન કર્યો. તમે પણ એ ઉપદેશ ગ્રહણ કરો. તમે પણ અધિકારી છો. બીજાને માટે તો મને મેળવવો દુર્લભ હોય છે પણ સરળતાથી તમારી પાસે આવ્યો છું અને ભાગવત ચર્ચા કરીશ, હું એવો ઉપદેશક નથી કે જે વ્યકિત પાસે મને સમજવાનું સામર્થ્ય ન હોય એવાની પાસે જાઉં. નારદની યોગ્યતાનો વિચાર કરો. એને આ નિર્ગુણ બ્રહ્મ સાકાર બન્યું તે સાંભળવા મળ્યું હતું.

ભાગવત માર્ગ -

જ્યારે શુકદેવજી ગંભીરતાથી નિરૂપણ કરી રહ્યા હતા ત્યારે પરીક્ષિતે કહ્યું, મહારાજ ચતુર્મુખ ધારણ કરનાર બ્રહ્માજીએ નારદને ભાગવત ગાન કરવાનું કહ્યું એવું આપે કહ્યું, પછી એ જ્ઞાન નારદે કોને આપ્યું? એ ગુણવાન યોગ્ય મહાપુરુષ કોણ હતા? એ વિષે પણ મને વિસ્તારપૂર્વક કહો! " શુકદેવજી બોલ્યા," રાજા ઉતાવળ શા માટે? ધૈર્ય ધારણ કરો. સમય આવે બધું જ કહીશ? " શાંત ચિત્તે રાજાએ ઉમેર્યું", " પ્રભો મને ક્ષમા કરો, મને ઉતાવળ નથી. હું તો કેવળ મારા અંતકાળનાં પ્રભુ શ્રી કૃષ્ણચંદ્રના મધુર હાસ્યમાં નિમગ્ન થવા ચાહું છું. મુખ પર વિરાજિત બંસીનો સ્વર સાંભળવા માંગુ છું. પ્રભુના ચરણારવિંદનો અમૃત રસ પીવા માંગુ છું. મારી બીજી કોઇ આકાંક્ષા નથી. જે અંતકાળે પ્રભુની સ્વરૂપ માહિતી પર મારું મન મુગ્ધ ન બને તો ૮૪૦૦૦૦૦ યોનિઓમાં ગમે તે એક યોનિમાં ફરી જન્મવું પડશે. એટલા માટે પ્રભુની લીલા જે મારો પ્રાણ છે તે સંભળાવીને મારું જીવન ધન્ય બનાવો."

શુકદેવજી પ્રસન્નતાથી હસ્યા અને બોલ્યા, " મનને દ્રઢ ભાવપૂર્વક પ્રભુના ચરણ કમળમાં સ્થિર કરવા માટે તો પ્રભુની લીલાઓનું શ્રવણ કરવું પડે. તમે શું માનો છો? રાજા બોલ્યા," હું તો એમ માનું કે ઈશ્વર -ગુણ અને લીલા એમાં કોઈ અંતર જ નથી. શું આ બરાબર છે? જ્યારે જ્યારે ઈશ્વરનું નામ લેવામાં આવે તો પ્રભુના ગુણ અને લીલાનો કાન દ્વારા પ્રવેશ કરીને હૃદયમાં જાય છે અને ત્યાં અજ્ઞાન અંધકાર દૂર કરે છે. વનમાં વનરાજ પ્રવેશ કરે તે ભયભીત શિયાળવાં પૂંછડી દબાવીને નાસી જાય છે. ઉત્સુક શ્રોતા શ્રવણ કરેલી વસ્તુ વિશે દ્રઢ ભાવ કેળવે અને મન પરોવે છે. પ્રભુની લીલા એકાગ્ર મને સાંભળવામાં આવે તો એ લીલા મોહિની એને એવી ખેંચી જશે કે બીજી કોઈ હલકી વાતોમાં મન જાય જ નહિ. કર્ણેન્દ્રિય અને મન તાદાત્મ્ય કેળવીને આનંદનો ઉપભોગ કરશે.

પરીક્ષિત ખૂબ આદરપૂર્વક પ્રભુની કથા શ્રવણના લાભ વર્ણવી રહ્યા હતા. શુકદેવ વચ્ચે બોલ્યા, " રાજા મનને અનેક કમજોરી છે એ એનો સ્વભાવ છે. એ એનો સ્વભાવ છોડીને ઈશ્વરના ચરણારવિંદમાં લાગી જશે? શું આ કાર્ય અસંભવિત નથી ?? આ રીતે શુકદેવજી પરીક્ષિતની ભાવનાની જાગૃતિની પરીક્ષા લઈ રહ્યા હતા. પરીક્ષિતે મધુર હાસ્ય સાથે કહ્યું," પ્રભો આપની આજ્ઞા હોય તો ઉત્તર આપું. મધમાખી જયાં સુધી ફૂલ ઉપર જઇ બેઠી નથી ત્યાં સુધી આજુબાજુ ચકકર લગાવીને ગૂંજયા કરે છે પણ જયારે એક વાર પુષ્પ ઉપર બેસીને મધ પીવાની શરૂઆત કરે છે પછી ત્યાંથી ઊઠીને આંટા મારતી નથી. એની એ તૃપ્તિને વિઘ્ન કરનાર કોઈ મુશ્કેલી આવતી નથી. એમાં એ એટલી મુગ્ધ થઈ જાય છે કે

પોતાના બચાવ માટે પણ વિચારતી નથી. પુષ્પ જ્યારે બીડાઈ જાય ત્યારે એ પોતાની જાતને પણ પુષ્પ સાથે બિડાઈ જવા દે છે. એ રીતે મનુષ્ય પણ પ્રભુના ચરણ કમળના મકરંદમાં સ્થિત થઈ જાય તો પછી એનું માધુર્ય છોડીને બીજી કોઈ જગ્યાએ જવાની આકાંક્ષા રાખે જ નહિ. ”

# અધ્યાય ૩૩

શુકદેવજીએ રાજાનો ઉત્તર સાંભળ્યો, એ બોલ્યા, " રાજા તમારું હ્રદય પ્રભુના ચરણારવિંદમાં નિમગ્ન છે એ જાણીને મને ખૂબ આનંદ થયો. તમારા મનમાં જે કોઈ શંકા હોય તે પૂછી શકો છો, એનો યોગ્ય ઉત્તર ચર્ચા કરીને આપીશ. ભગવાન શ્યામ સુંદરમાં તમારો પ્રેમ વધુ પુષ્ટ થાય એ રીતે તમને પરમ આનંદની પ્રાપ્તિ કરાવીશ."

શુકદેવજીના આ શબ્દો સાંભળી, રાજા પરીક્ષિત પ્રસન્નતા પૂર્વક ઊઠયા. એ બોલ્યા, ગુરૂદેવ, આપને પ્રશ્ન પૂછવા જેટલી યોગ્યતા મારામાં કયાં? મારા માટે શ્રેષ્ઠ કલ્યાણનો માર્ગ આપ જ બતાવો. જીવનના અંત સમયે મને યોગ્ય સદુપદેશ આપ આપો. એ વિષે તો આપ સર્વજ્ઞ છો. મારા પ્રશ્ન કે મારી ઈચ્છાની અપેક્ષા વિના જ જે યોગ્ય હોય તે સદુપદેશ આપો. મારા મનમાં એવા સંદેહ કે ભ્રમ થશે કે હું અજ્ઞાન કે ભ્રમમાં રહ્યો છું, જો એમ થશે તો આપને જરૂર પૂછીને ઉત્તર પ્રાપ્ત કરીશ. હું આપને પ્રાર્થના કરું છું કે આપ મારા વિષે કોઈ ચિંતા ન કરો. મને પુત્ર વાત્સલ્ય ધારણ કરી ધૈર્ય પ્રદાન કરો.

એક પ્રશ્ન મારા મનમાં ઘણા સમયથી છે તેને સ્પષ્ટ કરી લેવા દો. માનવ સ્વભાવના અનુભવો સ્વભાવ વશ છે કે પૂર્વ જન્મોનાં કર્મોનાં પરિણામો છે? બીજો પ્રશ્ન એ છે કે આપે જે કહ્યું હતું કે પૂર્ણ પુરુષોત્તમની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું અને એમાંથી બ્રહ્માનો ઉદ્‌ભવ થયો એમણે સમસ્ત સૃષ્ટિની રચના કરી. શું ઈશ્વરનો સ્વભાવ મનુષ્ય જેવો જ છે? જીવ અને સગુણ બ્રહ્મ બન્ને વચ્ચે કોઈ ભેદ છે? બીજો એક પ્રશ્ન છે. શાને આધારે ભૂત, વર્તમાન ભવિષ્ય કાળમાં તફાવત સમજાય છે? ચોથો પ્રશ્ન, જીવોનાં કયાં કયાં કાર્યો પર ભાવી અધાર રાખે છે? પાંચમો, સંત ભકતોનાં લક્ષણ શાં? એમનો આચાર કેવો છે? તેમને ઓળખવા શી રીતે? છઠ્ઠો-પ્રભુના અવતારની કથાઓ કઈ છે? સાત-ત્રેતા દ્વાપર આદિ યુગોનો ભેદ કેવો છે? આઠ-એમનાં નામ ક્વી રીતે બનાવ્યાં? નવ-કયે માર્ગે જવાથી પરમાત્માના અનન્ત સ્વરૂપમાં લીન થવા માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી કલ્યાણ (મોક્ષ) પ્રાપ્ત કરવાનો ઉપાય કયો? ઉપવેદ કેટલા? કયો ઉપવેદ ક્યા વેદ સાથે સંબંધ રાખે છે? આ પ્રશ્નોના ઉત્તર તથા અન્ય વાતો પણ જાણવા જેટલી જરૂરી હોય તે સર્વ મને જણાવવા કૃપા કરો. ગુરુદેવ! આપને ચરણે નમું છું. મારી વાતો પર પ્રકાશ પાડી શકે એવું કોઈ અન્ય અહીં નથી. મારું અજ્ઞાન દૂર કરો. ગુરુદેવના ચરણે પડીને રાજાએ કૃપા યાચના કરી.

સ્નેહાળ વચનોથી ઋષિ બોલ્યા, " એક વખત બધાજ પ્રશ્નો કહેવાથી તમને ઉત્તર કેવી રીતે સમજાશે. આટલો સમય અન્ન જળ કોઈ લીધું નથી. ચાલો દૂધ-ફળ ગ્રહણ કરો. આ સર્વ દેહ માટે જરૂરી છે. નિર્બળ શરીર દ્વારા તો પ્રશ્નોના સમાધાન પહેલાં મૃત્યુ આવી જાય માટે ભોજન ગ્રહણ કરો" એવી આજ્ઞા કરી.

રાજાએ ઉત્તર આપ્યો, " ગુરુદેવ? અંત સમયે ભોજન લેવાથી અસ્થાયી દેહની રક્ષા થશે? એ અમરતા પ્રદાન કરી શકશે? હું તો અમૃત પાન કરી રહ્યો છું. આપ જેવા મને

મૃત્યુ રોગમાંથી છોડાવવા માટે ઉત્તમ રસાયણ આપી રહ્યા હોય તો પછી દુર્બળતાથી વચ્ચે મૃત્યુનો સવાલ કયાંથી ઉઠે? ના, એવું નહિ બને. કદાચ શૃંગીને શ્રાપ ન પણ લાગે કે તક્ષક મને ડસવા ન પણ આવે તો પણ પ્રભુ કથા સાંભળતા સાંભળતા હું મૃત્યુને આધીન નહિ જ થાઉં, ભોજનની ચિંતા મને નથી હું તો પ્રભુનું શ્રવણ જ કરૂં છું. ભગવત્કથામૃત એ જ મારે માટે ભોજન, જલ આદિ સર્વ છે. એ વાતની આપ ચિંતા ન કરો. મને મોક્ષ પ્રાપ્તિ માટે સદ્દુપદેશ આપો. અધોગતિમાંથી બચાવો. આપને પ્રણામ કરું છું. "

રાજાએ આ પ્રમાણે બોલતાં બોલતાં પશ્ચાતાપનાં આંસુ વહાવ્યાં અને ગુરુજીને પ્રાર્થના કરી. ઋષિ બોલ્યા," સાંભળો! પ્રારંભમાં બ્રહ્માએ માયા દ્વારા નિર્મિત આ વિશ્વમાં એક જ્યોતિ નાખી. બ્રહ્માએ સંકલ્પ કર્યો કે સૃષ્ટિ ઉત્પન્ન થાય, પણ આકાશવાણી થઈ કે "તપ કરો " એ દ્વારા જ માયા દૂર થશે." પરીક્ષિતે પૂછયું " તપનો અર્થ શું છે?"

શુકદેવજીએ કરુણાથી આ પ્રશ્ન સાંભળ્યો અને કહ્યું " પુત્ર! તપનો અર્થ સાધના કે આત્મિક ઉપાસના. આ તપ દ્વારા જ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, એનું પાલન અને સંહાર થાય છે. તપ દ્વારા જ આત્મ સાક્ષાત્કાર થાય છે. કહેવાનો અર્થ એટલો કે જ્યારે મન, બુધ્ધિ, ઈન્દ્રિયો, તપ દ્વારા નિયમનમાં લાવવામાં આવે તો આત્મસાક્ષાત્કાર થાય છે. એ તપશ્ચર્યાના નિયમો તને કહીશ. સાંભળો, આ મન, બુધ્ધિ, ઈન્દ્રિયો બધીજ વસ્તુઓ બાહ્ય પદાર્થો પાછળ દોડે છે. કોઈ અવાજ થાય તો કાન સાંભળે છે. ગમે તે પદાર્થ પણ આંખ જોવા પ્રયત્ન કરે છે. જોયા પછી એને માટે મોહ થાય છે. તે સમયે બુધ્ધિ એને સત્ય માનીને એ વાતનો પૂરો પરિચય જાણવા પ્રયત્ન કરે છે. આ રીતે બધી ઈન્દ્રિયો બાહ્ય પદાર્થો પાછળ દોડે છે અને એક બીજાની સાપેક્ષ છે. માટે આ મન અને ઇન્દ્રિયોને બાહ્ય આકર્ષણોથી બચાવીને વશ કરવો જોઈએ. મન અને ઈન્દ્રિયોને એવો માર્ગ આપવો કે એક ધ્યાનથી ઈશ્વરના સ્વરૂપ પર કેન્દ્રિત રહે. બધાંને ઉચ્ચ ભૂમિકા પર લઈ જાય. એ સર્વ (મન, ઈન્દ્રિયો) આમ તેમ ભટકવાનું બંધ કરે. એને એ જાતની તાલીમ માટે જપ, ધ્યાન, સત્કાર્યોની જરૂર છે.

આ પ્રમાણે એકાગ્ર રીતે મન, વાણી, ધ્યાન સમર્પણ કરાય અને આધ્યાત્મિક ભૂમિકા સર્જાય, એનું નામ તપ. અંતરાત્મામાં કોઈ છિદ્ર રહેતું નથી. જ્યારે અંતરાત્મા પવિત્ર અને નિર્મળ બને ત્યારે ઈશ્વર એમાં વાસ કરે છે અને આગળ જતાં એ વ્યક્તિ ઈશ્વરનાં દર્શનનો અનુભવ પ્રાપ્ત કરી શકે છે.

રાજા? આથી વધીને આગળ સુંદર ચિત્ર કયું હશે. મહર્ષિઓ અને મહાત્માઓ પોતાનું કાર્ય એ તપશ્ચરણ છે એમ વર્તે છે અને ફળ સ્વરૂપે એમને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એટલું નહિ પણ દાનવો જેવા કે રાવણ, હિરણ્યકશિપુ વિગેરે એ બધાએ પણ વિનાશ શક્તિ તપ દ્વારા પ્રાપ્ત કરી અને તે કુમાર્ગે વાળી હતી. જો એમણે આ શક્તિ રાજસને બદલે સાત્વિક માર્ગ પર વાળી હોત તો એમને સુખ, શાંતિ અને આત્મ સાક્ષાત્કારનો લાભ થાત. આ રીતે તપની ત્રણ પ્રકારે વહેંચણી થઈ શકે. સાત્વિક, રજસ અને તામસ, પણ ઈશ્વર પ્રાપ્તિ માટે સાત્વિક તપની જરૂર છે.

વશિષ્ઠ મુનિ, વિશ્વામિત્ર અને અન્ય ઋષિઓએ પણ સાત્વિક તપ દ્વારા જ મહત્વપૂર્ણ શક્તિ પ્રાપ્ત કરી હતી; અને એ નિષ્કામ ભાવે કર્યું હતું. પરિણામે એ બ્રહ્મર્ષિ પદ સુધી પહોંચી ગયા હતા. તપને ત્રણ રીતે વહેંચી શકાય છે માનસિક, શારીરિક અને વાચિક. તમે પૂછશો કે એમાં મહત્વનું કયું? મારો મત તો એ છે કે ત્રણે મહત્વપૂર્ણ છે. જો માનસિક તપ કરવામાં આવે તો બાકીનાં બે એની પાછળ પાછળ આવશે જ.

જે વ્યક્તિ બાહ્ય પદાર્થોની આશા રાખે છે, તે એની જ તૃપ્તિ માટે પ્રયત્ન કરે છે, પણ જો તેમાંથી મનને મુક્ત બનાવીને મન પર કાબૂ મેળવીને એ મનને તપમાં પરોવી દે તો તે પોતાના અધિકાર હેઠળ બધી ઈન્દ્રિયોને મૂકે છે અને મુક્ત બને છે. ઈન્દ્રિયોને પદાર્થ સાથે જોડવી એ બંધન છે પણ ચંચળ મનને નિગ્રહપૂર્વક પરબ્રહ્મ તત્વ સાથે લગાડવામાં આવે તો મોક્ષ પ્રાપ્તિ થાય છે.

રાજા! દરીદ્રશ્યમાન જગત તો અસ્થિર અને નાશવંત છે. કેવળ ઈશ્વર અનંત અને સત્ય છે. પદાર્થો સાથેના સંબધો કષ્ટપ્રદ અને દુઃખદ બને.  સત્ય તો કેવળ ઈશ્વર જ છે. આ સત્ય ઈશ્વર તો તારામાં પણ છે  અને બાહ્ય અસ્થાયી પદાર્થો સાથે કોઈ સંબંધ નથી. આ કેવળ પવિત્ર આત્મજ્ઞાન છે. ભૌતિક પદાર્થો સાથેના સંબંધ બાંધવા એ તો સ્વપનમાં જોયેલી વસ્તુઓ અને જોનાર વચ્ચેના સંબંધ જેવું બનશે.

આ વાત પર રાજાએ પ્રશ્ન કર્યો, " પ્રભો? આનાથી તો મારા મનમાં એક સંદેહ થાય છે." સ્વપ્નમાં આપણે જે જોઈએ તે તો જાગતાં જેને જોયો હોય તેવો જ હોય છે, માટે અસત્ય છે છતાં વાસ્તવિક્તા તો છે કે કેમ? સ્વપ્નમાં તે સર્વ વાસ્તવિક જણાય છે પણ જાગ્યા પછી એમ લાગે કે તે અસત્ય છે. આ તો આપણો મનુષ્યનો અનુભવ છે. શું ઈશ્વર પણ ભ્રમપૂર્ણ છે.? જો બધી જ વસ્તુઓ એક જ પ્રકારની હોય તો એ વાત પણ ખરી કહેવી પડશે. પરંતુ એ તો ભિન્નભિન્ન પ્રકારની છે અને એ વાસ્તવિક અને સત્ય લાગે છે, તો એની સ્વપ્નના અનુભવો સાથે તુલના કેવી રીતે થઈ શકે?

શુકદેવે આ સાંભળીને હાસ્ય કર્યું ' એ બોલ્યા," માયા એ જ આ વસ્તુઓને અનેક પ્રકારની બનાવી દે છે. એ એક ખૂબ બુધ્દિપૂર્વકનું નાટક છે. આ સંસારમાં માયા અનેક પ્રકારના રૂપો લે છે. માયાના મુખ્ય ઉદ્દેશના પરિણામ સ્વરૂપ ગુણોની ઉત્પત્તિ થઈ છે અને એ ગુણોમાં ઓતપ્રેત બની ગઈ, કાળના સબંધથી નશ્વવરતાને આધીન બની અને આ બ્રાહ્માંડ કહેવાયું. માટે જીવને આ માયાના સ્વામીની આરાધના કરવી જોઈએ. એ જે આ માયાના નાટકનો સૂત્રધાર છે, કાળ એને આધીન છે. ત્રણે ગુણોનો નિયંતા છે અને સમસ્ત વિશ્વની જનની છે, એ તો પોતે નિર્લેપ પરબ્રહ્મ છે અને પરમ આનંદ સ્વરૂપ છે. જીવ બધા અજ્ઞાનને દૂર કરે છે અને વૈરાગ્યને ત્યારે જ પ્રાપ્ત કરે જયારે આ માયાના વાતાવરણમાં રહીને પણ એનાથી મુકત બને.

રાજાને ઋષિની આ વાત સાંભળીને ખૂબ આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું , "પ્રભો ! સર્વ પ્રથમ આ સૃષ્ટિનો પ્રારંભ કેવી રીતે થયો ? માયાએ શું કરવા વિચાર્યું અને એનું પરિણામ શું આવ્યું ? શુકદેવે આ વાતોનું પૃથક્કરણ કરતાં કહ્યું, "અનાદિ કાળથી જ સૃષ્ટિનાં

નિર્માણ થઇ રહ્યાં છે. પ્રથમ તો ભગવાન નારાયણના નાભિ કમળમાંથી એક કમળ બન્યું. આ કમળમાં પ્રભુ પોતે જ બ્રહ્માસ્રૂપે ઉદિત થયા. ચારે દિશાઓ તરફ જોવાની ઈચ્છા થઇ તો એ ચતુર્મુખ બન્યા. બ્રહ્માએ વિચાર્યું કે એમને એવું કોઈ કાર્ય કરવાનું છે. જેથી સર્જન થઈ શકે. પોતે પદ્મ પર આસન બનાવીને સ્થિર થયા અને સૃષ્ટિ બનાવવાનું વિચાર્યું'. પરીક્ષિત? સૃષ્ટિનું રહસ્ય સરળતાથી ન કહી શકાય કે ન તો સમજાવી શકાય. **અપ્રમેય** પરમાત્માના કાર્યોમાં કારણો અને પરિણમોનું કોઈ મૂલ્યાંકન ન થઈ શકે. પ્રભુ તો સર્વ વ્યાપક અને સર્વજ્ઞ છે. તેમનાં ગુણો અને કાર્યોનું જ્ઞાન થઈ શકે તેમ નથી, અજ્ઞેય છે. હું જયારે તમારા પ્રશ્નોના ઉત્તર આપી રહ્યો હતો ત્યારે તમે તો બીજા પ્રશ્નો પણ આગળ મૂકયા. તમને એમ લાગ્યું હશે, કે ચાલુ પ્રશ્નોના ઉત્તર આપવાની સાથે કદાચ આગળના પ્રશ્નો રહી જાય. પણ, ના એમ નહી બને. આ ભાગવત કથામાં બધા જ પ્રશ્નોના ઉત્તર આવી જશે. તમારા બધા પ્રશ્નો પુરાણોમાં સંગ્રહીત છે.

શુકદેવજીનાં આવા સાંત્વનભર્યા વચનો સાંભળીને રાજાએ પૂછયું, " પુરાણ શું છે? એમાં શું વિષય છે? એની સંખ્યા કેટલી છે?" શુકદેવજીએ ઉત્તર આપ્યો, "વેદોમાં સન્નિહિત સત્યોનો વિસ્તારપૂર્વક સંગ્રહ એજ પુરાણ કહેવાય છે. તે અસંખ્ય છે. પરંતુ વર્તમાન કાળમાં એમની સંખ્યા ૧૮ છે, જે મુખ્ય મહત્વ ધરાવે છે.એના સંકલનકાર મારા પિતા વેદ વ્યાસ હતા. તેનાં ૧૦ લક્ષણ છે.પુરાણ ઉપરાંત ઉપપુરાણ પણ છે તેનાં પાંચ લક્ષણ છે. તમે દસ લક્ષણ વિશે પ્રશ્ન પૂછી શકો છો, પણ તે પૂછતા પહેલાં જ હું તે કહીશ તે છે સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ ઊતિ, માનત્વન્તર, ઈશાન ચારેન, નિરોધ મુક્તિ, આશ્રમ. આમાં આશ્રય મુખ્ય છે.

# અધ્યાય ૩૪

"પુરાણોના દસ લક્ષણોનું વર્ણન કરવું એ તો ઘણું કઠણ છે, કારણ દરેકનું અલગ વર્ણન કરવું પડે. જેમ માખણ બનાવવાનું વર્ણન કરવું હોય તો દૂધ દોહવાથી માંડીને વલોવવા સુધીની બધી વિધિ બનાવવી પડે. દરેક કાર્ય માટે અલગ અલગ વિધિ હોય છે અને તે છે ભગવત પ્રાપ્તિ. મોક્ષ પ્રાપ્ત કરવા જે ગુણોની જરૂર છે તેવી જ વાતો એમાં છે. વેદમાં જે જ્ઞાન વર્ણિત છે તે અનુભવ જ્ઞાન એમાં પણ વર્ણિત છે અને એ સર્વ વાતોનો સંગ્રહ પુરાણોમાં છે જે સહેલી રીતે સમજાવી શકાય." શુકદેવજી બોલ્યા.

આ વાતો સાંભળીને પરીક્ષિતના મનમાં એક સંદેહ થયો એ બોલ્યા" પ્રભુ આપે કહ્યું કે આપ મને એકાદ પુરાણની ચર્ચા સંભળાવશો. મારે એ સાંભળવા ઈચ્છા છે. એનાથી મને ખૂબ આનંદ અને લાભ થશે.

ભાગવત પુરાણ શુકદેવજીએ આ પ્રશ્નનો ઉત્તર આપવા માંડયો. સાથે પુરાણોનાં દસ લક્ષણનું વર્ણન પણ કરવા લાગ્યા. એ બોલ્યા "રાજા સાંભળો મેં તમને ભાગવત પુરાણ સંભળાવવાનો નિર્ણય કર્યો છે. એ દ્વારા તમારા બધા પ્રશ્નો અને સમસ્યાઓનો ઉત્તર મળી જશે. એનાથી મોટું બીજું કોઈ પુરાણ નથી." એની વિશેષતાઓ પ્રથમ છે. સર્ગ એનો અર્થ આ પ્રમાણે છે. ગુણ ત્રણ છે, સત્ત્વ રજ અને તમ. એનું સમત્વ હોય તો પ્રકૃતિ બને છે પણ એમાં વૈશમ્ય આવી જાય તો તેમાંથી પાંચ તત્વો, પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ એ બને છે. એમના ગુણ ગંધ, રસ, રૂપ, સ્પર્શ શબ્દ છે, એમને ગ્રહણ કરનાર ઇન્દ્રિયો, નાક જીભ, આંખ, ચામડી કાન વગેરે છે. મનનો ઉદય પણ આ સિદ્ધાન્તોથી થાય છે. સૃષ્ટિની રચના એટલે સર્ગ છે .

પુરાણોની બીજી વિશેષતા વિસર્ગ છે. સર્ગની સૃષ્ટિને વિશેષ રૂપથી વ્યક્ત કરે છે. વિસર્ગનું તાત્પર્ય વિભિન્ન ઉપાયોથી અને કાર્યોથી અને વિશેષતાઓથી અનેક જીવોની સૃષ્ટિ. આ એ પરબ્રહ્મ સાથે સંબંધ રાખે છે અને પરબ્રહ્મમાં અને બ્રહ્માંડ સમાવિષ્ટ છે.

પુરાણોની ત્રીજી વિશેષતા સ્થાન છે. બ્રહ્માંડમાં જે કાંઈ પ્રાદુર્ભૂત થાય તેના ઉદ્દેશ્યની પૂર્તિ માટે કોઈ નિશ્ચિત સીમાં રેખા હોવી જોઈએ. આ સીમાઓનું વર્ણન નિયમન દેખદેખ એ સ્થાન વિભાગમાં વર્ણિત છે. જેમ કોઈ યંત્ર ચલાવવા માટે એક ચાવીની (કળ) જરૂર હોય જે એના પર કાબૂ પણ રાખે. આમ ન હોય તો ઉપયોગ કરનારને માટે આફત રૂપ બને. એવા નિયંત્રણની વિધિનું વર્ણન સ્થાનમાં મળે છે.

ત્યાર પછીનું પ્રકરણ છે તે પોષણ છે. પોષણ કરવું-પ્રતિપાલન કરવું અને દુઃખ ત્રાસમાંથી બચાવવું. જેમ નાના છોડને જમીનમાં વાવી દીધા પછી એની દેખરેખ રાખવી પડે છે તે રીતે જ પાલન પોષણ રક્ષણ કરવું એ ઈશ્વરીય કરૂણા આ સઘળાં આવે છે.

પછીનું પ્રકરણ મન્વંતર છે. એક મન્વંતર સમયનું માપ દરેક પુરાણમાં વર્ણિત છે. સૂર્યની ગતિ દ્વારા આપણો એક દિવસ થાય છે. એવા ૩૦ દિવસોનો મહિનો અને ૧૨ મહિનાથી એક વર્ષ થાય છે, આપણું એક વર્ષ બ્રહ્માજીને માટે તે એક પળ પ્રમાણ જેટલું છે. કલિયુગ આવાં ૧૦૦૦ વર્ષોનો સમૂહ છે. આના પહેલાંનો યુગ દ્વાપર ૨૦૦૦ વર્ષો, ત્રેતા ૩૦૦૦ વર્ષો અને કલયુગ ૪૦૦૦ વર્ષનો બને છે. દરેક યુગનાં યુગાન્તે ૨૦૦, ૪૦૦ , ૬ ૦૦, ૮૦૦ વર્ષ સંધ્યા સમય કહેવાય છે. એવાં ૧૨૦૦૦ વર્ષોને એક મહાયુગ બને છે અને ૧૦૦૦ મહાયુગોનો બ્રહ્માનો  એક દિવસમાં બને છે. બ્રહ્માના એક દિવસમાં  ૧૪  મનુઓ થાય છે. એને મન્વંતર કહેવામાં આવે છે દરેક મનુ ૭૦થી પણ વધારે મન્વંતર નો સ્વામી છે. આ સર્વ વાતો મન્વંતર કહેવાય છે.

પુરાણનું આગળનું અંગ ઊતિ  છે. એટલે સ્વભાવ  અને જીવનનું કાર્ય પર પરિણામ અને પ્રભાવ. પ્રત્યેક જીવનનો વળાંક એના આત્ર બની જીવન પર આધાર રાખે છે. આ ઈશ્વર ધ્વારા નિર્ધારિત હોતું નથી, ઈશ્વર તો બધાને સમાન દ્રષ્ટિથી જુએ છે. મનુષ્ય પોતે જ પોતાની ભૂલ કે ઇચ્છા દ્વારા પોતાનું ભાગ્ય પલટી શકે છે. ઉતિમાં એનું વર્ણન છે.

આગળનું વર્ણન ઈશાની કથા છે. એનું તાત્પર્ય ઈશ કે ભગવાનના પ્રભાવ. શકિત, ક્ષમતા, મધુરતાની પ્રાપ્તિનું છે. એનો મનુષ્યે ભિન્ન ભિન્ન અવતારો દ્વારા જે રીતે અનુભવ કર્યો છે તે છે.

પુરાણોમાં  ' નિરોધ ' સંબધી વાતો આવે છે. ઈશ્વર જેને પોતાના બનાવીને પોતાની સાથે સમાવિષ્ટ કરી લે છે અને ચોગનિદ્રા વખતે તે જીવો પ્રભુ ઈચ્છા વિના સંસારમાં ફરી પ્રવિષ્ટ થવાની ઈચ્છા રાખતા નથી.

'મુકિત', નું સમસ્ત પુરાણોમાં વર્ણન છે. આનો અર્થ એ છે કે માનવોને અજ્ઞાનમાંથી મુક્ત કરવું એ છે. મનુષ્ય એનો વિચાર કરવો જોઈએ કે શરીર તો ક્ષણભંગૂર છે. પરંતુ વાસ્તવિક સત્ય તો આત્મા છે.

'આશ્રય', પુરાણનો અન્ય વિભાગ છે. આનો અર્થ છે સહાય પ્રભુની કૃપા વિના મુકિત નથી. આ બ્રહ્માંડના સહાયક સ્વયં ઈશ્વર જ છે, પરમાત્મા જ છે. અને એ પોતે એમાં સન્નિહિત છે. એમનામાંથી જ આ સર્વ વિસ્તૃત થયું છે, અને એમનામાં જ લય થાય છે. મોક્ષ  પ્રાપ્તિ એમની કૃપાથી થાય છે. જે કોઈ ત્રણ સ્વરૂપો  આધ્યાત્મિક, આધિ દૈવિક આધિભૌતિકને જાણે છે એ જ્ઞાનને આધારે પરમાત્માને પણ જાણે છે. પરીક્ષિતે પશ્ન કર્યો "ગુરુદેવ, આ આધિદૈવિક, આધિભૌતિક, આધ્યાત્મિક એ શું છે?"

આ પ્રશ્ન સાંભળીને શુકદેવજીને પ્રસન્નતા થઈ. એમણે ઉત્તર આપ્યો "રાજા, તમે જે વસ્તુ જુઓ છે તે એનું આધિભૌતિક સ્વરૂપ છે. પણ દર્શન એટલે શું? તમે કહેશો કે આંખે જણાય છે. પણ આંખોને જોવાની શકિત કયાંથી મળી? આંખોની દ્રષ્ટિના દેવ સૂર્ય છે. તે આંખોને જોવાની શક્તિ આપે છે. અંધારામાં આંખો છે પણ કોઈ દેખાતું નથી માટે સૂર્ય એ આધિ દૈવિક છે. પણ આ ધારામાં એક વિશેષ કારણ છે જીવ, જે બ્રહ્મ ઈન્દ્રિયોનો

સ્વામી છે. એ જીવ છે તે જ આત્મા છે. આત્મા કે અધિપતિ, આધ્યાત્મિક, આધિભૌતિક, ઈન્દ્રિયો તથા બધી ઈન્દ્રિયો જ્ઞાનનો સંચય કરે છે. એના વિના કશાનો આધાર રહેતો નથી, એ છે બધાનો સાક્ષી આત્મા.

મેં તમને ભાગવત અને પુરાણોનાં દસ લક્ષણો અને ભાગવતની વાત કહી છે, હવે શું સાંભળવાની ઈચ્છા છે તે મને કહો, હું કહેવા ઉત્સુક છું" શુકે કહ્યું.

ભગવાન શ્રીરામ

આ સાંભળી પરીક્ષિતે કહ્યું "પ્રભો? પુરાણોની વિશેષતા હું સમજ્યો, અને પરમાત્મા સમસ્ત આત્માઓમાં વિધમાન છે. એ સ્થાન, હાલ(પરિસ્થિતિ) અને કારણ બધાના સાક્ષી છે. એ અંનત પરમાત્માએ અનેક સમયે વિભિન્ન રૂપોમાં વિશ્વની રક્ષા માટે અવતાર પણ લીધા છે. નીતિ અને ધર્મની રક્ષા કરી છે. મને એ અવતારોમાંથી રામ, કૃષ્ણ આદિ અવતારોની લીલા, કથા , શ્રવણ કરવાની ઈચ્છા છે. પ્રભુનું પ્રાકટયનું કારણ પણ બતાવશો. આપ, સમય અલ્પ છે એવો વિચાર ન કરશો. જીવનની હરેક પળ ભગવતકથાનું શ્રવણ કરીને પવિત્ર બનાવવાની છે. આપની દયાથી મારી આશા અને ઈચ્છાઓને તેમજ ભાંગેલા હ્રદયને સંતોષ મળે એ જ આપને પ્રાર્થના છે.

શુકદેવજીએ ઉત્તર આપ્યો, રાજા? એ વાત જ હું કહેવાનો છું. સાંભળો. ભગવાનના પ્રત્યેક અવતાર દિવ્ય છે. એમાં કોઈ અવતાર નાનો મોટો નથી. પ્રત્યેક કથા ઉત્સાહ અને આનંદ આપે તેવી છે. પ્રત્યેક લીલા પોતાના રહસ્યોમાં પૂર્ણ છે. આ કથાઓ સાંભળતા તને લાગશે કે એક કરતાં બીજી કથામાં તુલના કરતાં વધારે પ્રેરણા મળે છે, પણ સર્વ કાર્યો દૈવી અને ઈશ્વરીય હોય છે, આ અવતાર, સમય કાર્ય વાતાવરણ અને અવતારનું રૂપ એ પણ કોઈ ચોકકસ ઉદ્દેશ અનુસાર હોય છે.

એમાં રામ અને કૃષ્ણનું ઉદાહરણ માનવ જાતિને માટે ખૂબ મહત્વપૂર્ણ છે કારણ કે મનુષ્ય એ ઉદાહરણ સમજી શકે છે. પોતાના પ્રશ્નોના સમાધાન માટે એનો આશ્રય લે છે અને પ્રભુના ઉપદેશ અને અવતાર કાર્યો પર ધ્યાન આપીને આનંદ અનુભવે છે. આ બન્ને વસ્તુઓએ માનવોનાં હ્રદયમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને એ દ્વારા હ્રદયમાં પ્રેમની પ્રશંસા પણ પ્રાપ્ત કરે છે. આ બન્ને અવતારોની મુખ્ય લીલાઓની કથા તને કહીશ.

પહેલાં તો શ્રી રામચંદ્ર ભગવાનની સૌમ્ય મૂર્તિનું વર્ણન કરીશ. 'સૌમ્ય' શબ્દનો અર્થ નમ્ર, કોમળ અને ધીર સ્વભાવ કહેવાય છે. તે લીલા રંગનું ઉપવસ્ત્ર પહેરતા, કમરમાં પીતામ્બર બાંધતા, મસ્તક પર સુવર્ણ મુકુટ રહેતો, પણ દ્રષ્ટિ હંમેશાં નીચે રહેતી, જાણે કે ઉપર જોવાથી એ લજ્જિત બનતા એમનું આ દર્શન બધાને ખૂબ આકર્ષક હતું. કોઈએ એમને આમ તેમ જોતા કયારેય જોયા નથી. વૃત્તિ આભ્યંતર હતી, બાહ્ય નહિ, સમર્પણ કરેલી વસ્તુનો થોડો જ અંશ તે લેતા કે જેથી અર્પણ કરનારને સંતોષ થાય. કયારેક તો હાથના સ્પર્શ માત્રથી જ તે પરત આપી દેતા.

પોતાના સાસુ, સસરા સાથે સંબંધ જામાતા (જમાઈ) જેવો નહિ પણ પુત્રવત હતો. સ્ત્રીઓ, દાસીઓ વગેરે સાથે એ ભાગ્યે જ વાત કરતા. વાત કરવાનો પ્રસંગ આવે તો પણ તેમના તરફ નજર તો નહીં જ.

મોટી ઉંમરનાં બધાં બહેનોની એ માતાની પેઠે શ્રધ્ધા રાખતા હતા. પોતાનાથી નાની ઉંમરની સ્ત્રીઓને બહેન સમાન અને સરખી ઉંમરની બહેનોને અપરમાતા સમાન સમજતા હતા.

એ સત્ય પર અડગ હતા. એમણે એમ વિચાર્યું કે એમના પિતા જો પોતાની વાત પરથી ફરી જાય તો વંશનું અપમાન થાય; માટે એમણે પિતાની વાત સ્વીકારી લીધી અને ૧૪ વર્ષ વનવાસ સ્વીકાર્યો.. જો કે પિતાજીએ આ પ્રમાણે કહ્યું ન હતું, પણ સાવકી માતા કૈકેયીએ જણાવ્યું હતું. કોઈ પણ જાતનો તર્ક વિતર્ક કર્યા વિના રાજ્ય છોડીને તે વનમાં ગયા. જેવું એ બોલ્યા એ પ્રમાણે જ એમણે કર્યું. એ વચન પ્રમાણે જ કાર્ય કરતા હતા.

રામનું હૃદય દયાનો સાગર હતું. જે કોઈ એમને શરણે આવે તેને આશ્રય જરૂર આપતા. વાનરો અને રાક્ષસો વચ્ચે યુદ્ધ થતું ત્યારે રાવણના સૈન્યના કેટલાક અધમ રાક્ષસો વાનર બનીને એમના સૈન્યમાં આવી ગયા, પણ વાનર સેનાએ એમને પકડી લીધા અને દંડ કરવા માટે રામની પાસે લાવ્યા. પણ રામચંદ્રજીએ એમને સજા કરવાની મના કરી. એમણે એ વાનરોને કહ્યું" જે આપણે શરણે આવ્યા છે, પોતાને સમર્પણ કરવા આવ્યા છે. એમણે ગમે તેટલી ભૂલ કરી હોય પણ આપણે ક્ષમા આપવી જોઈએ. આ રીતે રાવણના ભાઈને (વિભિષણને) પણ આશ્રય આપ્યો અને પોતાના ભાઈ લક્ષ્મણ જેવો જ વ્યવહાર રાખતા. રામચંદ્રજી કહેતા હતા, "કોઈ એક વાર પણ બોલે કે હું તમારો છું. તો તે હંમેશાં મારો બની જાય છે." દરેક કાર્યમાં રામ ધર્મપરાયણ હતા અને પોતાના કાર્યો અને ઉપદેશ દ્વારા ધર્મ શિક્ષણ આપ્યું. પોતાના પરાક્રમોથી સાધુઓને રક્ષણ આપ્યું. શરણાગત જનોના સંકટો દૂર કર્યા અને પોતાના બનાવ્યાં. પોતાના અવતાર કાર્યને કરૂણ રસપૂર્ણ બનાવ્યું. ઉંચા કે નીચામાં કોઈ ભેદભાવ જોતા ન હતા. બધા શાસ્ત્રોના જ્ઞાતા હતા અને વેદાર્થ પણ એ જાણતા હતા.

# અધ્યાય ૩૫

પોતાનાં કર્મો દ્વારા રામજીએ વિશ્વમાં ધાર્મિકતા તરફ વેગ અપાવ્યો. અશ્વમેધ યજ્ઞ પ્રસંગે જેટલા વિદ્વાન પંડિત એકઠા થયા હતા. એ બધાની નીતિ અને સંસ્કૃતિના રક્ષકો તરીકે પ્રશંસા કરી. એમની દયા ને હૃદયની કોમળતા અવર્ણનીય હતાં. એ બતાવવા માટે કોઈ શબ્દો નથી. મૃતપ્રાય જટાયુને પોતાના ખોળામાં બેસાડયા હતા. એવું બીજું કોઈ કરે નહિ. પોતાના વાળના અગ્રભાગથી ઘા માંથી ધૂળ દૂર કરી એમના મૃત્યુ પ્રસંગે પિતાને જેમ પુત્ર કરે એ રીતે અંતિમ સંસ્કાર કર્યા.

એમનું દર્શન કરનારને એમનું સ્વરૂપ ખૂબ મનોહર લાગતું. પ્રેમ, સુંદરતા અને ગુણો એ સર્વ જાણે ઉભરાતાં હતાં પેતાના ભાઈઓ જેવો પ્રેમ વાનરો પર પણ રાખતા હતા. ભગવાન રામ, સજ્જનતા અને ધાર્મિકતાના તો મૂર્તિમંત સ્વરૂપ હતા. ઋષિઓ તો એમ કહેતા હતા કે ધર્મે જાતે માનવ દેહ ધર્યો છે. એ માટે અસંખ્ય દાખલા આપવાની જરૂર નથી. સર્વ ગૃહસ્થાશ્રમી માટે રામ આર્દશ છે. પ્રભુનો અવતાર ધર્મની રક્ષા અને વિશ્વને સંકટોમાંથી ઉગારવા થયો હતો. ભાઈઓ સાથે પ્રેમથી વિહાર કરતા હતા. રાજ્યાભિષેકની બધી તૈયારી થઇ ગઇ હતી, પણ પરિણામ તો એમને વનમાં જવાનું આવ્યું. આથી આયોધ્યાવાસી પણ દુઃખી થઈ ગયા; પણ રામ તો એ જ આનંદ અને શાંતિ સાથે વનમાં, રાજ્ય બહાર નીકળીને ગયા જેટલી શાંતિ અને આનંદથી તે અભિષેક માટે ગયા હોત. સ્થિતપ્રજ્ઞનું આથી સુંદર ઉદાહરણ બીજું શું હોઈ શકે ?

એમણે એ બતાવ્યું કે જીવન કરતાં પણ વચનની કિંમત વધારે છે. પિતાની આજ્ઞાના પાલન કરવા માટે એમણે અનેક મુશ્કેલીઓ વેઠી જે દરેક પુત્ર માટે પ્રેરણાદાયક છે. સીતાજીએ પણ સ્વામીની સાથે વનમાં જવા ઈચ્છા કરી કારણ કે પતિવ્રતા સ્ત્રી પતિ સાથે જ રહે છે. વનવાસ પહેલાં તે સીતાએ તાપ તડકો ઠંડી કે વરસાદ કયારેય વેઠયાં ન હતાં; પણ કર્તવ્ય પરાયણ બનીને આનંદપૂર્વક વનવાસ વેઠયો.

લક્ષ્મણ જ્યારે પત્ની ઉર્મિલાને છોડીને વનમાં રામ સાથે ગયા ત્યારે એ એવું કહેતા, જેની સાથે જન્મ લીધો છે તે અધિક સ્નેહ પાત્ર છે, જે પાછળ આવે તે નહિ.

ભરતને રામની આજ્ઞાનું પાલન કરવું પડયું. રામે જયારે પાછા ફરી રાજગાદીનો સ્વીકાર કરવા ના પાડી દીધી તો ભારે હૃદયે ભરત રાજધાનીમાં પાછા આવ્યા. ભરતે એક સ્વરચિત વન બનાવ્યું. આનો અર્થ એટલો કે ભાઈના પ્રમાણે એમણે પણ તપસ્વી જીવનનો આદર્શ લીધો.

દશરથ અને રામ બંને વચ્ચે તફાવત વિચારો. એ અંતર પૃથ્વી અને આકાશ જેટલું છે. પોતાની સ્ત્રીને રાજી કરવા પોતે એકલા જ કષ્ટ સહન કરવાને બદલે પુત્રને પણ વનમાં મોકલ્યો. પુત્રે રાજ્યના એક સાધારણ નાગરિકનો વિચાર જોઈને પત્ની ને વનવાસ

આપ્યો. બંનેનાં પાસાં અલગ રીતે જોતાં બંનેએ પ્રજાઓ પ્રત્યેનું પેતાનું કર્તવ્ય બજાવ્યું હતું. દશરથ એ ભાવનાના દેહ હતા, જયારે રામ એક આત્મા હતા.

અહો રામચંદ્રના કેટલા ગુણ હતા. હું તો એની ચર્ચા કરવા પણ અસમર્થ છું. એક વ્યક્તિના જીવનમાં આવા પરમ પુરુષના ચિંતન વિના બીજો આર્દશ શો હોઈ શકે ? માનવે પતનને માર્ગે બચવા માટે એક જ માર્ગ છે અને તે એ કે પ્રભુના અવતારની કથાનું શ્રવણ કરવાનો. શુકદેવ બોલ્યા, "એ દ્વારા બધા પાપ ધોવાઈ જશે."

આ સાંભળી પરીક્ષિતનું મુખ આનંદિત બની ગયું અને આનંદ ઉભરાઈ ગયો. એ બોલ્યા, ગુરુદેવ ? રામચંદ્રજી જે અવતાર ધારણ કરનાર મર્યાદા પુરુષોત્તમ હતા એમના જીવન, કાર્ય ગુણોનું વર્ણન સાંભળતા મને જો આટલો આનંદ આવે છે તો પછી જ્યારે આપ કૃષ્ણ ભગવાનની કથાનું શ્રવણ કરાવશો ત્યારે મને કેટલો અધિક આનંદ થશે .એ તો સૌંદર્ય નિધાન ઘનશ્યામ છે. કૃષ્ણની બાળલીલાઓ એટલી મનોહર હશે, કે તો પછી અલૌકિક દૈવી લીલાઓ કેટલી સુંદર હશે. આપને પ્રાર્થના કરૂં છું કે મારા આ થોડા આયુષ્યમાં હું ભગવન્મય બનું અને એમના ભાવ ચિંતન, ધ્યાન, શક્તિમાં રત રહું. આ શ્રવણ કરીને જન્મ મૃત્યુ ની ઘટમાળ માંથી મુકત બની જાઉં."

**ભગવાન શ્રીકૃષ્ણ**

રાજાની પ્રાર્થના સાંભળી શુકદેવે કહ્યું, 'રાજા, તમે જેમ કહ્યુ" તેમ કૃષ્ણ લીલા આશ્ચર્યમય, મધુર ને અર્થપૂર્ણ સત્ય છે. એમાં ઈશ્વરી અવતારના ગુણોનું પ્રદર્શન કરવાની ઈચ્છા નથી. સાધારણ મનુષ્ય તો બહારના દેખાવથી આકર્ષિત બને છે અને તે તો લીલાઓને સામાન્ય નજરથી જુએ છે ગુઢ અર્થ એને સમજાતો નથી. પણ ઈશ્વર કયારેય ઉદ્દેશ વગરના કાર્યોમાં પોતે પડતા જ નથી, એમનો ઉદ્દેશ તો વિશ્વને અધર્મ અને અરાજકતાથી બચાવવાનો છે. પોતાના ભક્તો નું રક્ષણ (યોગક્ષેમ) ધર્મ નીતિ અને સત્યની સ્થાપના વેદ માર્ગોનું દ્રઢતાપૂર્વક સંરક્ષણ, જીવોના પૂર્વજન્મના કર્મો પ્રમાણે પ્રભુ કૃપાના દાન અને અવતરણ લીલા દ્વારા એવા મૂલ્યો સ્થાપવા કે જે સમયને અનુરૂપ અને વ્યકિતને આવશ્યક બને. દયા અને પ્રેમ એ એમની કૃપા બળનું કારણ છે. આથી એવી તે કોણ વ્યકિત હશે જે એ પ્રભુની લીલાઓને યોગ્ય રૂપે સમજી શકે અને રહસ્ય પામે ?

એમ કહી શકાય કે પ્રભુની આશ્ચર્યમય લીલાઓ તો કેવળ પ્રભુજ જાણી શકે. પોતે જ પોતાનો હેતુ બનાવી શકે, બીજું કોઇ ન એ બતાવી શકે. દ્રઢતાપૂર્વક એટલું તો કહી શકાય કે અવતાર પોતાના કોઈ કાર્યો માટે પ્રાદુર્ભૂત થતા નથી, એમને પોતાની કોઈ ઈચ્છા હોતી નથી પણ સર્વ કાર્યો વિશ્વના કલ્યાણ માટેના હોય છે. વિશ્વની પ્રત્યેક કાર્ય પ્રણાલી એમના વિના શકય નથી પણ તે પોતે તો નિર્લેપ હોય એમજ અવતાર ગ્રહણ કરે છે. પ્રત્યેક કાર્ય, વચનમાં પણ સંપૂર્ણ ઉપરતી જોવા મળે છે. વિશ્વને પોતાના કરકમળમાં રાખનારને વિશ્વ શું આપી શકે ? એમને રોકી પણ કોણ શકે ? વિશ્વને પોતાની ઈચ્છા અનુસાર એ સ્વરૂપ આપી શકે છે.

મૂર્ખ માનવ, અશ્રદ્ધાળુ અને અનીશ્વરવાદી એ અવતાર કાર્ય માંથી કાંઈ પામી શકતા નથી. એમનાં કાર્યો અને લીલાઓને સાધારણ માનવ હોય તેવી જ રીતે જોતા હોય છે, પણ સાચા ભક્તો એનું રહસ્ય જાણે છે, એ પ્રભુ કૃપા પામી શકે છે. **તત્** નો અર્થ છે તે વ્યક્તિ જે **ત્વમ્** માં નિમગ્ન છે એ એવું' કેવી રીતે સમજાય ?

રાજા ? કોશલ રાજા, રામ અને ભગવાન કૃષ્ણ બન્નેમાં ઘણું પૃથકપણું છે. જ્યારે ધર્મ વિરુદ્ધ સદાચાર વિરોધીઓ વધ્યા હતા તે વખતે કૃષ્ણ, બલરામ બન્નેનો પ્રાદુર્ભાવ થયો. એક શ્યામ અને બીજો ગૌરવર્ણનો અવતાર હતો. એમની લીલાઓનાં રહસ્યો માનવની સમજશક્તિથી પર હતાં અને ભૂતલને ચકિત બનાવે તેવાં હતાં. મનુષ્ય ગમે તેટલા બુદ્ધિમાન કે વિદ્વાન કેમ ન હોય પણ ભગવાન કૃષ્ણની લીલાઓ સમજવી એની શકિત બહાર છે. એમની ગતિ, વાર્તાલાપ હાસ્ય; ભાવભંગિમાં , જ્ઞાન બધું જ અલૌકિક અને મધુર છે. કયારેક તો આ સર્વ ખૂબ અદ્દ્ભુત અને અસંગત જેવું લાગે તો કયારેક કુટિલતા અને તામસ લાગે. એ પૂર્વ તરફ ચાલે તો નજર પશ્ચિમમાં હોય અને કટાક્ષ કૃપા દ્વારા એ વાત કરી લેતા હતા. એમની દ્રષ્ટિ એમની ઈચ્છા અને કાર્યોને સ્પષ્ટ કરી દેતી હતી. તેમાં માનવનો સમાજ ધર્મ કે નિયમોની પરવા ન હતી. નવીન અને પુરાતન સંબધિઓમાં એમને ભેદ ન હતો; પણ બન્ને સાથેના વ્યવહાર સમાન હતા. એમણે જ્ઞાતિ કે રુઢીને પણ મહત્વ ન આપ્યું. બાળ લીલામાં એ જે ઘેર જાય તે ઘેર ભાંગફોડ કે ઉથલપાથલ કરી આવતા. એમને ગમે તે ઘેર જવા માટે નિયંત્રણ ની જરૂર ન હતી. પોતે જ વગર કહે વગર બોલાવે ત્યાં જતા હતા. દરેક ઘર એમનું જ હતું અને પોતાને રુચે એ પ્રમાણે વસ્તુ ઘરમાંથી લેવાનો અધિકાર હતો. એ તો સર્વના પ્રિયજન છે. નિર્વિકાર પૂર્ણ બનીને ગમે તે ઘરમાંથી ગમે તે વસ્તુ લઈ શકે છે. પણ એટલાથી તે રાજી થતા ન હતા. અધિક પદાર્થો મિત્રોને આપતા હતા અને મિત્રોની સંખ્યા પણ ખૂબ હતી. વસ્તુના માલિકો ગમે તે બોલે કે ચિંતા કરે એની એમને પરવા ન હતી; કારણ એ સર્વ એમનું જ હતું. એમના કાર્યમાં કોઈ વિધ્ન કરી શકતું નહિ કે એમનો વિરોધ કરવાનું સાહસ પણ ન હતું જો વિરોધ કરવાનું સાહસ કરે તો એનું પરિણામ ગંભીર અને અવર્ણનીય આવતું.

પણ સત્ય તો કહેવું જ પડશે. એમની નાનામાં નાની લીલા પણ મધુર હતી અને કોઈને આપેલી શિક્ષા પણ મધુર હતી. માટે એમના પર કોઈને ક્રોધ થતો ન હતો. આનાથી વિપરીત તે વધારે શક્ય હોય એટલો સમય એમને વધારે મળવું, એમની સાથે વધારે રમવું, વધારે વાતચીત કરવી, એ સર્વને ગમતું હતું. એમનું તોફાન લીલા, ગમે તે ભારે હોય તો પણ સહન કરનારને સહેજ પણ ક્રોધ આવતો ન હતો.

એમની બોલવાની રીત પણ અદ્દ્ભુત હતી. એટલું તો એ મધુર અને ચાતુર્ય પૂર્ણ બોલતા કે માનો બધાને એમ લાગતું કે ચમત્કાર સર્જી રહ્યા છે. બધા મિત્રોના દેખાતાં માટી ખાધી હોય અને માતા પૂછે તો કબૂલ કર્યા વિના મોઢું બતાવી દેતા હતા. તે સત્ય ને મિથ્યા અને મિથ્યા ને સત્ય કરી શકતા હતા. રોજ રાધાના નિવાસ સ્થાન વૃષભાનુપુર જતા હતા. આવતાં જતાં ઘણાં લોકો એમને જોતા હતા પણ માતા જ્યારે પૂછે કે રોજ આટલા દૂર કેમ જાઓ છો ? અહીં તમારી સાથે રમનાર મિત્રા ઓછા છે ? તો તે ઉત્તર આપતા "હું એ રસ્તો જાણતો જ નથી. " બધા ઘરમાં ઉત્પાત મચાવી દેતા હતા. સાસુ

વહુને એક બીજા વિરૂધ્ધ કરી દેતા અને આનન્દ લેતા હતા. સવારથી સાંજ સુધી શયનકાળ પર્યંત ભાગ્યે જ એક જગ્યાએ રહેતા હતા-આરામ કર્યા વિના તોફાનનું મૂર્તિમંત સ્વરૂપ બધાં ઘરમાં ફરતું.

આ હોવા છતાં વ્રજવાસીઓ એક ક્ષણ પણ એમના વિના રહી શકતા ન હતા. જો કોઈ દિવસ ન આવે તો ગોપીઓ બારી બારણે કે છત ઉપરથી એમના આવવાની રાહ જોતી હતી. આ હતો દૈવી પ્રેમ જે કૃષ્ણ એમના ઉપર વર્ષાવી રહ્યા હતા. અને એ પ્રેમ એમના નિજ જનો માટેનો હતો. એમની લીલાઓથી હૃદય ભાવ વિભોર બનતું અને પ્રેરણામૂર્તિ પોતે કાર્યની સાર્થકતા સમજાવતા.

કાળો કનૈયો બહાનાં બતાવવામાં અને ચાતુર્ય માં ઘણો નિપુણ હતો. ગમે તેટલી સાવચેતી રાખવા છતાંય એ દરેક કપટને જાણી લેતા હતા. પૂતના રાક્ષસી 'મા' ની પેઠે સ્તનપાન કરાવવા આવી ત્યારે એમણે જાણે કશુ ખબર નથી એમ વર્તન કર્યું પણ એના પ્રાણ લીધા અને ભૂમિ પર પાડી નાખી. કેટલાય અસુરો એમને હણવા આવેલા. કોઈક તે જાણીતા ગોપ લોકોનાં રૂપ ધરીને આવેલા પણ તે બધાને ઓળખી જતા અને એમને મારી નાખતા હતા. એક અસુર તો એક વાર વાછરડો બનીને ગાયો સાથે ફરવા લાગ્યો અને કૃષ્ણને મારવાની તક શોધતો હતો. પણ નાની ઉમંરના આ અવતારી બાળકે એનું આ કપટ જાણીને એનું પૂછંડું પકડીને પૃથ્વી પર એવો તો ફેંક્યો કે એનું મૃત્યુ થયું.

આ રીતે બાળકૃષ્ણે એવું પરાક્રમ અને શૌર્ય બતાવ્યા જે સર્વ કરતાં વિશેષ હતાં, પણ આ સર્વ દિવ્ય ચમત્કારો મનુષ્યોને બદલવા માટે અને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે હતા. એ સર્વને ઉપદેશ (શિક્ષણ)આપતા હતા. વૃધ્ધ હોય કે બાળક, મોટા હોય કે સ્ત્રી હોય, દુષ્ટ હોય કે કુટુંબી વર્ગ હોય, એમના માટે પણ શુભ ભાવના રાખવી જોઇએ. સર્વને એ શુભ વાતો શીખવતા હતા. કેટલાકને તે સમસ્યામાં મૂકતા હતા. મામા કંસને તો સામ્રાજ્ય અને શક્તિનો ગર્વ હતો. એ કંસને વાળનો ચોટલો ખેંચીને સિંહાસન પરથી નીચે પાડીને એના પ્રાણ લીધા. એના દેહને મુખ્ય માર્ગ પર થઈને યમુનામાં નાખ્યો. આખી મથુરા નગરીને આ કાર્ય અદ્દભૂત, મધુર, મનોહર, આકર્ષક અને સુંદર લાગ્યું.

બાલ્યાવસ્થામાં જ એમણે પૂતના તૃણાવર્ત, શકટાસુર વગેરે અસુરોના પ્રાણ લીધા હતા. એ એક નાનકડા માખણ ચોર પણ હતા. માતાએ એમને લાકડાના ઉલૂખલ સાથે બાંધ્યા તો તેને ખેંચી લઈ ગયા હતા. ઉલૂખલ બે ઝાડ વચ્ચે ફસાતાં એ મોટાં વૃક્ષ પડી ગયાં હતાં. યમુનાના જળને વિષમય બનાવનાર કાલિયાનું દમન કરીને મનુષ્યોને અને પશુઓ માટે ભયરહિત જળ બનાવ્યું હતું. માતાએ જ્યારે દોરડાથી બાંધવા પ્રયત્ન કર્યો ત્યારે પોતાના મુખમાં બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં અને એ બ્રહ્માંડ પોતાનો અંશ માત્ર છે એ રીતે માતાપિતા અને વ્રજવાસીઓ એમની આ ભગવત્ તત્વ ભરી ઘટનાઓથી આશ્ચર્યચકિત બન્યા હતા. પોતાની એક બગાસું ખાવાની ક્રિયામાં વિરાટ અને સુક્ષ્મ બંને રુપ બતાવ્યાં.

પોતાના મિત્રોને સુખ કે દુઃખ ન થાય એવા વૈકુંઠ લોકના દર્શન કરાવ્યાં. નંદજીએ ઈન્દ્રની પૂજાને બદલે ગોવર્ધન પૂજા કરવા આગ્રહ કર્યો. ઈન્દ્રે જ્યારે કોપથી પોતાના અપમાનનો બદલો લેવા મૂશળધાર વરસાદ વરસાવવાની શરૂઆત કરી ત્યારે કૃષ્ણ પોતાની ટચલી આંગળીથી ગોવર્ધનને તોળી તેની નીચે બધા ગામવાસીઓ, પશુઓને આશ્રય આપ્યો. ગોપ અને ગોપીઓને તે પોતાની ક્રિયાઓ અને વેણુના અવાજથી પરમ આનંદનું દાન કરતા હતા. આ વાતને સામાન્ય કે ઇન્દ્રિયોનો રોગ એ સમજવું મૂર્ખતા છે.

ભગવાન કૃષ્ણ જ્યારે શરદ પૂનમને દિવસે રાસ રચ્યો ત્યારે એક એક ગોપી સાથે એક એક કૃષ્ણ હતા. નિમ્ન વિચાર કોટિના માણસો આમાં અનૈતિક્તા જુએ છે. એમના એ મતનો કોઈ આધાર નથી. કૃષ્ણ સાત વર્ષના જ હતા જ્યારે રાસ રચાયો હતો. તે ઉમરે તેને અનૈતિક કેમ કહેવાય ? ઈશ્વર તો નિર્ગુણ નિરાકાર છે. રાસક્રીડા તો ગોપીઓની ભકિત અને ત્યાગ જોઈને કૃપાનો પરિચય કરાવવા માટે હતી. એમનાં પુણ્યો માટે આ એક કૃપા વર્ષા હતી. એક વરદાન હતું.

અનન્ત પ્રભુના અવતારને એક સાધારણ મનુષ્યના રૂપમાં સમજવામાં આવે તો પરાક્રમ કે શૌર્યમાં અપવાદ તરીકે જોવામાં આવે, પણ એ ધ્યાન રાખવું જોઈએ કે કયો મનુષ્ય એમના જેવાં કાર્યોને અંશ માત્ર પણ કરી શકે ? એમણે વિશ્વને અનેક દુષ્ટ અસુરો જેવા કે પ્રલંબાસુર, ધેનુક, કેશી, બાણ, અરિષ્ટ, મુષ્ટિક, કંસ, નરક, પૌંડ્રક, દ્વિવિદ, જરાસંઘ, દન્તવકત, શંબર, કંબો જ કુસ, કૈકય, આદિ વીરોથી બચાવ્યું હતું. એમ કહી શકાશે કે તે એક મનુષ્યની શક્તિની વાત હતી.

આ અવતારનું પ્રત્યેક કાર્ય અદ્દ્ભૂત છે. ક્રોધમાં આવે તો એમના પ્રેમનો પ્રવાહ વહેતો હતો અને પ્રેમમાં એમની અસીમ કૃપા એમનાં દર્શન, સ્પર્શ, સંભાષણથી મોક્ષ પ્રાપ્ત થતો હતો. જે કોઈ વ્યક્તિ એમના નામનો ઉચ્ચાર કરે તેને પણ અમરતા મળતી હતી. આથી ગોપ એમની લીલાનાં દર્શન કરે કે સ્મરણ કરે તો એમને પણ અસીમ આનંદની પ્રાપ્તિ થતી હતી.

રાજા ? આ ભાગવત કેવળ કૃષ્ણની એ કથાનું વર્ણન નથી કે જે કથા મથુરાને તટે, નંદ-યશોદા વસુદેવ, વૃંદાવન ગોકુલ અને દેવકી તથા બીજાઓમાં સીમિત હોય. ભાગવતમાં ભગવાન ના બધા જ અવતારોની કથાઓ છે. બધા અવતારો તો ગોલોક સ્થિત ભગવાન ગોપાલ કૃષ્ણના જ અવતરણો છે, પ્રત્યેક કથા વાસુદેવ ની કથા છે. એમના દ્વારા ઊદિત થઈ એમાં જ લય બની જાય છે. આ પરબ્રહ્મ શક્તિ બધા અવતારોનું કારણ અને સૃષ્ટિના સમગ્ર જીવોનું પણ નિમિત્ત કારણ છે.

# અધ્યાય ૩૬

રાજન સાંભળો? ઈશ્વર સર્વ સમર્થ છે અને એમને માટે અસંભવ જેવું કશું છે જ નહીં. મનુષ્યની સમજશક્તિ અને વાણી, સમજ અને વિદ્યા એ બધું ઈશ્વરનું વર્ણન કરવા સમર્થ નથી. જો કે તે અરૂપ છે તો પણ પરબ્રહ્મ સ્વરૂપે સમસ્ત વિશ્વને ચેતનવંતુ બનાવે છે. પોતે એક જ છે છતાંય અનેક બને છે. મન્વંતરોમાં જુદા જુદા અવતારો જેવા કે મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કિ વિગેરેથી આપણે જાણીએ છીએ, પણ એ રીતે ઓળખવા એ એમાનું પૂર્ણ ઓળખાણ નથી. પ્રત્યેક દ્રશ્યમાન પદાર્થ એ એનાં જ અંગ છે, પ્રત્યેક જીવની જીવનશકિત એનો પ્રાણ એ છે. સૃષ્ટિમાં બધા જીવોની ચેતના એ એજ આત્મા સ્વરૂપ છે. સૃષ્ટિનો પ્રત્યેક અંશ એનું જ રૂપ છે એના જ સંકલ્પનું સાકાર રૂપ છે. એવો કોઈ પણ પદાર્થ નથી જે એનાથી અભિન્ન હોય.

પણ વિશ્વમાં વિશ્વની રક્ષા માટે, ધર્મના પુનરુદ્ધાર માટે અને ભકતોના મનોરથની પૂર્તિ માટે જ્યારે વિશેષ રૂપ ધારણ કરીને અવતાર લઈને આવે છે. અવતાર રૂપે આવીને ભકતોને અસીમ આનંદના દાન કરે છે. આ રીતે ભકતોમાં ભક્તિ અને શ્રધ્ધા દ્રઢ બને છે એને પ્રભુ પ્રિત્યર્થ પોતાના સર્વ કાર્યો અને ઈચ્છાઓ સમર્પણ કરીને પોતાની રક્ષા કરે છે અને મુક્તિ પ્રાપ્ત થાય છે. જે ભાવના પૂર્વક પ્રભુ અવતાર ગ્રહણ કરીને આવે છે માનવો ભગવાનને એ રૂપે જ પૂજે છે. એ સ્વરૂપે અત્યંત પવિત્ર મનાય છે. વિશેષ કારણ લઈને પ્રભુ પોતાની શક્તિનો અંશ લઈને આવે છે, એવા અવતારોના ઉદાહરણો તો અનેક છે. વિશ્વના કલ્યાણ માટેના અવતારો છે.

શુકદેવે જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે પરીક્ષિત ઉત્સાહ પૂર્વક બોલી ઉઠ્યા, ‘અહો ? ખરેખર એ સૌંદર્યનિધાન ઈશ્વર પોતાની શકિત અંશાત્મક રૂપે લઈને આવે છે ? જો કે આ બધી તો એની લીલા છે, કૃપા કરીને મને બધાં રૂપનું વર્ણન સંભળાવો જેથી મને શાંતિ મળે.” આમ બોલીને ઋષિને પ્રણામ કર્યા.

શુકદેવે કહેવાને પ્રારંભ કર્યો, સાંભળો સમ્રાટ ? વિશ્વમાં આવા અનેક અવતાર ધારણ કરીને પ્રભુ આવ્યા છે જેનો ખાસ ઉદેશ તો ભકતો પર કૃપા, વિશ્વને વિનશમાંથી બચાવવું', માનવજાતને નીતિ ધર્મમાં પુનઃ સ્થાપિત કરવા આદર્શ પૂરા પાડવા એ છે, એમાં પ્રમુખ અવતારો તો કપિલ, દત્તાત્રય, સનક, સનન્દન સનત્ કુમાર સનાતન અને અન્ય ઋષિગણ તથા ઋષભ, નરનારાયણુ, નારદ, ધ્રુવ, હયગ્રીવ પૃથુ, કર્દમ, ધનવન્તરી, હંસ, મનુ, બલરામ, વ્યાસ વગેરે છે. પરન્તુ એ સર્વનું વર્ણન કરવાનો સમય આપણી પાસે નથી અને વિસ્તારપૂર્વક દરેકનું વર્ણન કરવું આવશ્યક પણ નથી. મેં તો તને આ પ્રશ્નનો ઉત્તર એટલા માટે આપ્યો કે આ બધાનું સંક્ષેપમાં વર્ણન પૂરતુ' થશે. પણ પરીક્ષિતે પ્રશ્ન કર્યો,” ગુરુદેવ મને સંક્ષેપમાં જ બતાવોશો કે ઈશ્વરને ‘એશ’ અવતારનાં રૂપમાં આવવાનું કારણુ શું હશે ? જેથી કપિલ, ધ્રુવ, હયગ્રીવ ધન્વંતરી વગેરે અવતાર થયા. મને એ અવતાર કાર્યો અને વિશેષતાઓ પણ બતાવશો એ દ્વારા મને પવિત્રતન જ્ઞાનની પ્રાપ્તિ થશે.”

શુકદેવજીએ ઉત્તર આપ્યા," કર્દમ પ્રજાપતિની સ્ત્રી દેવહૂતિ. એમને નવ કન્યાઓ જન્મી અને પુત્રરૂપે કપિલને જન્મ થયો. ઈશ્વર કપિલ રૂપે માતાના આધ્યાત્મિક ભાવે ગુરૂ બન્યા. એમણે માતાને મોક્ષ પ્રાપ્તિ માટે જ્ઞાન આપ્યું અને માતાને મોક્ષ પ્રાપ્ત થયો.

અત્રિ ઋષિની પત્ની અનસૂયાએ પ્રાર્થના કરી કે પ્રભુ પોતાના સંતાનરૂપે આવે અને પ્રભુ એ વરદાન આપ્યું કે પોતે અપાઈ જશે. દત્ત પિતા અત્રિ હતા અને આપેલો દીકરો દત્ત અત્રિય દત્તાત્રેય બન્યા. બે બળવાન રાજાઓ કાર્તિવીર્ય અર્જુન અને યદુરાજાને યોગ માર્ગનો ઉપદેશ આપ્યો. કલ્પ નાં પ્રારંભે પ્રભુના ચાર બાળક અવસ્થાના ઋષિ રૂપે અવતાર હતો, તે સનતકુમારો કહેવાયા. બાળક જેવી સરળતા અને દિગંબર અવસ્થામાં ફરતા રહે ને ચારે તરફ શાંતિ અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવતા હતા.

પ્રભુએ નર-નારાયણ યુગ્મ અવતાર લીધો હતો અને બદરિકાશ્રમમાં તપશ્ચર્યા કરી. માતા મૂર્તિ દેવી હતાં. તપશ્ચરણ પ્રસન્ન થયેલા. પ્રભુએ ધ્રુવને સાકાર સ્વરૂપે દર્શન દેવાનું વરદાન આપ્યું. ધ્રુવનાં માતાપિતાના જીવનને પણ પાવન કર્યું. ધ્રુવને આકાશમાં તારક સ્વરૂપે સ્થિર બનાવી અમર કર્યો. દુષ્ટ વેનનો ઋષિઓએ વિનાશ કર્યો, જ્યારે એમને ત્યાં પ્રભુ એ અવતાર લીધો અને વિશ્વના પ્રથમ અધિપતિ બન્યા. ભૂમિના પ્રથમ અધિપતિ પૃથુ નામના હતા. પોતાની તપશ્ચર્યા અને સત્કાર્યો દ્વારા એમણે વેનનો ઉદ્ધાર કર્યો. વિશ્વને સુખશાંતિનાં દાન આપ્યાં અને ધર્મ, નીતિની સ્થાપના કરી. ગામો અને નગરોનાં નિર્માણ કરીને પ્રેમપૂર્વક સદ્ભાવથી જીવવાની શીખ આપી. કર્મમાર્ગની આચાર સંહિતા નક્કી કરી.

પ્રભુએ નાભિ અને સુદેવીને ત્યાં સંતાન રૂપે જન્મ લીધો. એ જ્ઞાની પરમહંશ સંત ઋપે આવ્યા હતા અને સર્વ દુર્ગુણો પાપો દૂર કરવા પ્રયત્ન કર્યો, ત્યાગ માર્ગ શીખવ્યો. આ પછી પ્રભુનો યજ્ઞાવતાર થયો જેમાં ઉપરનો ભાગ અશ્વનો હતો એ હયગ્રીવ કહેવાયા. એ સમયે સોમક નામના એક દાનવે વેદોનું હરણ કર્યું અને પ્રલય સમયે જળમાં સંતાડયા. ઈશ્વરે મત્સ્ય રૂપ લીધું અને સમુદ્ર જળમાંથી વેદોને બહાર લાવી બ્રહ્માને સોંપ્યા. દાનવને નાશ કર્યો આ રીતે વિશ્વમાં માનવ જીવનના આદર્શ નીતિ રીતિ કરી માનવોને આપ્યાં, ભકતવત્સલ ભગવાને સંકટોમાંથી છોડાવવા સમયાનુસાર અનેક અવતાર ગ્રહણ કર્યા છે અને વિશ્વમાં પોતાની કરૂણા ઉતારી છે. એમણે માનવ મનનો ભય અને શંકા દૂર કર્યા છે. સાધુ સંતોની રક્ષા કરી છે. એમનો સંકલ્પ માત્ર એમનો રૂપ અને અવતાર ગ્રહી શકે છે. અવતાર લેવાનું શું કારણ એમ વિચારવું એ મૂર્ખતા છે. ઈશ્વરમાં સંકલ્પનાં કારણ શોધવા પ્રયત્ન કરવો એ બાલિશતા છે અને આકાર્ય છે. જે એમ સમજે કે એમની શકિતપ્રભાવ, અને વિચારોની વિશેષતાઓ છે. ગુણ છે કે સીમિત છે એમ સમજનાર પણ અલ્પજ્ઞ છે. ઈશ્વરનું કાર્ય આ પ્રમાણે હોય અથવા અલૌકિક સિધ્ધાન્ત આવા હોય એમ કહેનાર પણ મૂર્ખ જ છે બીજું કાંઈ નહિ.

પ્રભુની ઇચ્છા કે સંકલ્પને કોઈ સીમા નથી. એમના સામર્થ્ય અને પ્રભાવમાં કોઈ વિધ્ન નથી. જે સંકલ્પ કરે તે સિધ્ધ થાય છે જ, એ અજોડ છે. પોતાનું કાર્ય એ પોતાનું જ કાર્ય છે. (બીજા સાથે સરખાવી શકાય તેમ છે જ નહિ). પોતાનું માનેદંડ, પોતે જ, પોતાના સાક્ષી પણ સ્વયં અને આધિપત્ય પણ એમનું જ છે.

એક વાર નારદની ભક્તિ જોઈ પ્રસન્નતાપૂર્વક એમણે હંસરૂપ લીધું હતું અને એ દ્વારા ભકત અને ભગવાનના સંબંધો અને ભકતોના લક્ષણો એવી રીતે કહ્યા કે બધા ભકતોને એ દ્વારા સમજપૂર્વકની મુક્તિ મળે. એમણે જ્ઞાનમાર્ગ એવો સુદ્રઢ બનાવ્યો કે વર્તમાન સમય સુધી નિર્ભય અને પતનના ભય સિવાય રહી શકાયું છે. પોતાના દિવ્ય યશથી સાતે દ્વીપને એમણે યશસ્વી, પવિત્ર કર્યા છે. અમૃતમન્થન સમયે પણ પ્રભએ કૂર્મ અવતાર લીધો હતો અને મંદર પર્વતને પોતાના પૃષ્ઠ ભાગ પર ધરીને મંથન કાર્ય કર્યું હતું. એ પ્રસંગે પ્રભુનો એક બીજો અવતાર થયો જે ધન્વન્તરીનો હતો. અમૃત પૂર્ણ કુંભ એમણે આપ્યો. ધન્વન્તરી અવતારે માનવીના રોગેની પીડાથી બચવાના ઉપાય આપ્યા. વૈધોની ચિકિત્સા પદ્ધતિ એમણે આપી. આથી વિશેષ તો એ કર્યું કે યજ્ઞ માર્ગમાં અશ્વિનીકુમારો ને યજ્ઞ ભાગ મળતો ન હતો તે અપાવ્યો અને વૈધોને પ્રતિષ્ઠા અપાવી.

રાજા? શું પ્રભુની આ દિવ્ય લીલાઓનું શ્રવણુ કર્યું જે આ અવતારો દ્વારા પ્રગટ થાય છે? પોતાની લીલાને તે ઈશ્વર પોતે જ જણે છે. એમનો મહિમા બીજો કોણ સમજી શકે? પોતાની અલ્પ બુધ્ધિથી માનવ એ સર્વ પ્રભુની દિવ્ય વાતો શી રીતે જાણે? માનવ અજ્ઞાન અંધકારમાં બધ્ધ છે અને ઈશ્વરની લીલા તથા પ્રભાવ પર તર્ક વિતર્ક કરીને પાપમાં પડે છે, પણ જો અવતાર લીલાનું શ્રવણ કરીને મનના સંદેહો દૂર કરે, ચિત્તમાં ઈશ્વર સ્વરૂપ સ્પષ્ટ પણે સમજવા પ્રયત્ન કરે તો સદ્ભાગ્યે એ ઈશ્વરનું સ્વરૂપ અનુભવી શકે અને પોતાના દુ:ખ દૂર કરી પ્રભુ દ્વારા નિર્દિષ્ટ માર્ગ પર જીવન યાપન કરે તો પ્રભુ કૃપા પ્રાપ્ત કરે આનાથી વિપરીત કાર્યો કરનારને એ લાભ મળતો નથી અને પરમાનંદની પ્રાપ્તિ થતી નથી.

આ પછી કૃષ્ણાવતાર રહસ્ય આવે છે. સૌંદર્યનિધાન પ્રભુ અત્યંત મધુરતા અને પ્રેમનું સ્વરુપ છે. એમનું રૂપ તે આનંદ સાગર છે દયાના સાગર છે. અને એટલા જ સરળ. એમના દર્શનનો લાભ લેવો; ભગવદ્ વાકયોના ઉપદેશ સાંભળવા, પ્રભુને ચરણ સ્પર્શ કરવો એ અલભ્ય લાભ હતો. આ દ્વારા જીવનનો સમસ્ત સાર પ્રાપ્ત થઈ જતો હતો. યજ્ઞ, યોગ, તપ, અનુષ્ઠાન સર્વનો એક માત્ર સાર હતા કે પ્રભુનાં દર્શન, શ્રવણ કીર્તન કરવાં. અન્ય કર્મકાંડોની પ્રભુનાં દર્શન આદિ સાથે તુલના થઇ શકતી જ નથી. અહા ? કેટલું માધુર્ય ? એ પ્રભુના રૂપ માધુર્યનું ચિંતન કરતાં કરતાં ઋષિને હર્ષાશ્રુ, આવ્યાં અને ભાવ સમાધિ લાગતાં નેત્ર બંધ કર્યાં, એમની સાથે બધા શ્રોતાઓ પણ સ્તબ્ધ બની ગયા. ઋષિવૃંદ અને રાજા પણ શુકદેવની આ સમાધિ સ્થિતિ જોઈ અવાક બની ગયા. એમના મુખ કમળનું તેજ જોઈને બધા મુગ્ધ બની ગયા. પ્રતિમા જેવા સ્થિર બેસી પડયા કે જેથી ઋષિને પોતાનો અગાધ પરમાનંદમાં વિઘ્ન આવે.

થોડા સમય પછી ઋષિએ નેત્રો ખોલીને કહ્યું કે ગોપ ગોપીજન કેટલાં પુણ્યશાળી એ સમયમાં હતાં, એ એમની સાથે વિહાર થતાં, ક્રીડામાં સાથે રહેતાં, સાથે વાર્તાલાપ, અને પરમાનંદ પ્રાપ્ત કરતાં હતાં આપણને શી ખબર પડે કે એમને કેટલા દિવ્ય આનંદની પ્રાપ્તિ થઈ હશે. દેવલોકોને પણ એમની ઈર્ષ્યા આવતી હશે કારણ કે આવો લાભ એમને ક્યાંથી મળે. ભોળાભાળા વનવાસીઓને પૂર્વ જન્મોના સસ્કૃતોના ફળ સ્વરૂપે આવો લાભ મળ્યો. આ ગોપ ગોપીજનો સામાન્ય ન હતા. ઉપરની નજરે જોતાં એ સાધારણ

વ્રજવાસી લાગે પણ એમની પાસે અલૌકિક જ્ઞાનનો અપૂર્વ ભંડાર હતો બહુ થોડાને એ લાભ મળે છે; નહીં તો ઈશ્વરના સહવાસનો જે લાભ એમને મળ્યો એ લાભ રુકમણી, સત્યભામા આદિ પટરાણીઓને પણ મળતો ન હતો. એ રાણીઓ કરતાં તો ગોપ ગોપાંગના અધિક ભાગ્યવાન કહી શકાય. એ ભાગ્ય તો પાછલા ત્રણ જન્મોનાં ફળ હતાં.

ઋષિએ ફરી નેત્રો બંધ કર્યાં. ભગવાન કૃષ્ણની રૂપ માધુરીમાં સમાધિસ્થ બન્યા. એમના ઓષ્ઠ પર મધુર હાસ્ય હતું. ભગવાનની લીલા ગાતાં ગાતાં એમના પર એવો આનંદ ભાવ આવી જતો કે રાજા પરીક્ષિત આશ્ચર્યમુગ્ધ બની જતા અને ભગવદ્ ગુણ શ્રવણ કરવા એમની ઉત્સુકતા વધી જતી.

શુકદેવજીએ ફરી પ્રારંભ કર્યો ત્યારે રાજાનું લૌકિક (સાંસારિક) ભાન જતું રહ્યું, એ મૌન બની ગયા. એમને આવું બન્યું હશે એ વિશ્વાસ બેસતો ન હતો. પોતાની નિર્બળતાની અવસ્થા પર એમને ખૂબ કષ્ટ અને શોક થયો. એમણે પોતાના પ્રશ્નો ઋષિ સામે ધર્યા. અને એનું સમાધાન સાંભળીને મનની શાંતિ પ્રાપ્ત કરી. આ ચર્ચા ચાલતી હતી ત્યારે રાજાના મનમાં ગોપીજનોના પ્રેમ માટે સંદેહ થયો. પોતે પોતાના અંતરાત્મા સાથે વાદ વિવાદ કર્યો અને એ દ્વારા ઉત્તર પ્રાપ્ત કર્યો. પણ એ સંશય પૂરેપૂરી દૂર ન થયો અને રાજામાં એટલું સાહસ પણ ન હતું કે એવો બાલિશ પ્રશ્નો ઋષિને પૂછે. એ પોતે પણ આવી ભાવનાઓમાં ડૂબેલા હતા. શુકદેવને આની જાણ થઈ અને રાજાને હસીને પૂછયું '," એમ લાગે છે કે કોઇ અસ્પષ્ટ ઘટના તમને મુંઝવી રહી છે. જો એમ હોય એવા વિચારોને રોકીને દુ: ખી ન થવું જોઇએ. હું તમારા સંદેહ સમજપૂર્વક દૂર કરીને તમને આનંદ પ્રદાન કરીશ. ' જ્યારે ઋષિએ પરીક્ષિતને આ પ્રમાણે પ્રોત્સાહન આપ્યું ત્યારે એ બોલ્યા," મહારાજ? આપ તો ત્રણે કાળ જાણો છો. મને જે શંકા છે તે પણ આપ જાણે છો જ. એને દૂર કરી મારૂં કષ્ટ દુર કરો, " એમ કહીને ઋષિના ચરણમાં પડ્યા, અને બોલ્યા," મહારાજ, મેં અનેક રીતે ભગવાનની રાસલીલાની કથાનું શ્રવણ કર્યું છે. વૃંદાવન વિહારીની લીલાઓ મને ક્યારેક લૌકિક જેવી લાગે છે. જો આવી લૌકિક વાતો જ હોય તો એને અલૌકક દિવ્ય કેવી રીતે કહેવી? શું વિશ્વમાં આના વિરોધમાં કશું કહેવાનું નથી? મને તો ભય લાગે છે કે વૃંદાવનમાં યમુના તટે બનેલી ક્રિયા ઈશ્વર રૂપને ક્લુષિત કરે છે. મોક્ષ પ્રાપ્તિ તો ત્યારે જ થાય જ્યારે જીવ નિર્ગુણ બને. એમ કહેવામાં આવે છે કે એ ગોપીજનને મુક્તિ મળી તો મને આશ્ચર્ય થાય છે. આ એક આશ્ચર્ય છે. આવાં સાંસારિક કાર્યોમાં કોઇ ગૂઢ અર્થ હોય જેને લીધે આ પ્રસંગ દિવ્ય બન્યો કહેવાય છે તે મને કહો.

પરીક્ષિત જ્યારે આ પ્રમાણે બોલ્યા, " ત્યારે શુકદેવજીને હાસ્ય થયું, એ બેલ્યા, રાજ તમે એમ ન વિચારો કે તમારા મનમાં એક સંદેહ છે કારણ કે કૃષ્ણને પરમાત્મા સમજનારના મનમાં આવી ભાવના ન જ આવે. આ દ્વાપર યુગનો અંત છે અને કલિયુગ જલ્દી આવવાનો છે, આ કલિયુગની પ્રેરણા છે જેથી તમારા મનમાં આવી ભાવના પ્રગટ થઈ. અસત્ય, અન્યાયપૂર્ણ યુગમાં આવી ભાવના થાય નહિ તે તમારૂં મન તો એમ સ્પષ્ટ સમજે છે કે ભગવાન કૃષ્ણ એક માત્ર ઈશ્વર છે. એમની અવતાર લીલાદ્વારા તમારું હૃધ્ય ભાવ પૂર્ણ છે. જે ક્ષણે તમે એમના નામનું સ્મરણ કરો છે કે તરત જ ભજનાનન્દની પ્રાપ્તિ થતાં બધાં દુ: ખો ભૂલી જાવ છો. આવી શંકા તમારા મનમાં ક્યારેય ઊઠવી ન જોઇએ.

આવા વિચારોથી તો તમે તમારું જીવન કલુષિત બનાવી રહ્યા છો. ફરી વિચારો કે તમે કોણ છો? તમે જાણો છો કે હું જાગતિક ગુણોથી પર બન્યો છું અને તો પણ જ્યારે ભગવાન અને ગોપીજનેની રાસલીલાની વાત કહું ત્યારે પરમાનંદ ભાવ સમાધિમાં મગ્ન બની જાઉં છું. એમ વિચારું છું કે ગોપીજનોનું કેવું સૌભાગ્ય કે એમને આવો પ્રભુપ્રેમ મળ્યો હતો? શું એ લૌકિક સાંસારિક વિષય રસ હતો? કે દિવ્ય, અલૌકિક  પ્રેમ હતો? એ વિચાર કરો. ઈન્દ્રિય જન્ય સાંસારિક આનન્દ તો બાહ્ય ચક્ષુઈન્દ્રિય ખુલ્લી આંખે જણાય. પણ જયારે નિર્ગુણ અવસ્થાને પામીને પરબ્રહ્મમાં લીન બની જાય ત્યારે સર્વ ભાવ એમાં વિલીન થાય અને એકત્વ સાધે તથા દૈહિક જ્ઞાન કશું રહે જ નહિ. દેહ ભાન ભૂલી જવાય, એવી પ્રભુની લીલાઓને લૌકિક કામ સમજવો એ બાલિશતા છે.

ખૂનીના હાથનું ખંજર ભયંકર લાગે છે પણ ડોકટરના હાથનું ચપ્પુ  દર્દીના દર્દને દૂર કરવા માટે છે. બન્ને વ્યકિત શસ્ત્ર તો વાપરે જ છે. આત્માની સાથે સંબંધ બાંધો એ દિવ્ય બનાવશે.

મારામાં શ્રધ્ધા રાખો અને ભકત બનો. એ ગ્રહણ કરવાની વૃત્તિ જેટલી શીઘ્રતાથી વધારશો તો એટલી સહેલાઈથી આનંદની પ્રાપ્તિ થશે. જીવનના બધાં કષ્ટ ચિંતાઓ મને સોંપી દો અને એના બદલે મનોબળ, શાંતિ અને સુખ મેળવો. મારા આ સત્ય અને સ્પષ્ટ વચન માટે કેવળ આ સર્વ દિવ્ય અને મોક્ષપ્રાર્થી  તપસ્વીઓ એ જ બધા મારા સંબંધી અને સાક્ષી છે, મારી કરૂણાના ઈરછનારા છે.

# અધ્યાય ૩૭

રાજા પરીક્ષિત ભગવાન  કૃષ્ણનું અલૌકિક સૌંદર્ય કોણ વર્ણવી શકે? એમનું એ રૂપ તો માધુર્ય નું સાકાર રૂપ હતું. શબ્દોથી એને કેમ વર્ણવાય?  તમે જો એમ ઇચ્છો છો કે હું ભગવાનની કથાઓ નું શ્રવણ કરાવું પણ એ તો માનવ શક્તિ બહારની વાત છે. ભગવાને અનેક અવતારો લીધા છે અનેકવાર લીલાઓ કરી છે પણ કૃષ્ણાવતારમાં તો ખૂબ અદ્દભૂત ભાવ ભર્યા છે. એમના મધુર હાસ્યમાં તો જાણે મુકતા ફલનું રૂપ જણાતું હતું. ભકતો માટે અપાર કરૂણાથી છલકાતું એમનું હ્રદય હતું, જિતેન્દ્રિયો માટે એમને અગાધ પ્રેમ હતો પ્રભુનું હાસ્ય એ સંસારિક મોહપાશથી દૂર કરી માંગલ્ય વર્ષાવતું હતું અને સ્નેહપૂર્ણ ભાવ ભર્યું હતું. કોમળ હસ્ત સ્પર્શ દ્વારા પ્રભુ ભક્તોને ભાવનિર્ભર બનાવી દેતા હતા અને સંસારને ભૂલીને તન્મય બનાવી દેતા હતા. ક્યારેક તો હાસ્યપૂર્વક કથાઓ પણ કહેતા હતા. એ સમયે શ્રોતાઓને એમ લાગતું કે એમના કરતાં વિશ્વમાં કોઈ અધિક ભાગ્યવાન નહિ હોય?

ગોપ ગોપી તો વ્રજવાસી હતાં પણ પ્રભુનાં દર્શન થતાં વેંત પાષાણ પ્રતિમા જેવાં સર્વ કાર્યો ભૂલીને ભાવાવેશમાં આવી જતાં.  વ્રજવનિતાઓએ તો પોતાનાં મન અને પ્રાણ પણ પ્રભુ ચરણે ધર્યાં હતાં. ગમે તેવા વિદ્વાન પાસે પણ આ વ્રજવનિતાઓના પ્રભુ પ્રેમ વર્ણવવા માટે શબ્દો નથી. ખરેખર એ માટે શબ્દો પણ શોધ્યા જડે નહિ. ગોપ ગોપીએની તન્મયતાની જે ભાવના હતી એ અસીમ હતી. ઉદ્ધવ જેવા જ્ઞાનીને પણ એમને જોઈને કહેવું પડેલું, "અરેરે!  મેં મારા જીવનમાં આટલા વર્ષો નકામાં વિતાવ્યાં. ભગવાનના નજીક આટલો સમય રહ્યો છતાં પણ પ્રભુ પ્રેમ અને પ્રભુની કરુણા પ્રાપ્ત ન કર્યા. ગોપીજનો જે ત્યાગ અને સમર્પણથી પ્રભુ ને ઓળખે છે તેનો એક અંશ પણ મારામાં નથી.  ખરેખર જો કોઈ જન્મ લેવા માગે તો ગોપ કે ગોપી રૂપે જન્મ લેવો જોઈએ. જો મને એ લાભ ન મળે તો પછી મારી ઈચ્છા તો એવી બને કે વૃંદાવનના બાગમાં એકાદ વૃક્ષ બનું, કે નાનું ઘાસ બનું કે જેથી ભગવાનના કોમલ ચરણોથી મારા પર ગતિ કરે. આ રીતે સ્તુતિ કરતાં દુઃખ સાથે ભક્તિ કરવા લાગ્યા પ્રભુ પ્રેમની ઉત્કટ અવસ્થામાં સાંસારિક બંધનો પણ એ ભૂલ્યા, અને મુક્ત બન્યા. ગોપીજનો પ્રભુ સાથે લૌકિક સંબંધ હતો એમ કહેવું એ તો કહેનાર ની બુધ્દ્ધિ કક્ષા અને સાહસપૂર્ણ ઉતાવળાં વિધાનો છે. એવા વિચાર કરીને કોઈ લાભ નથી.

રાજા? શુધ્દ્ધ અંતઃકરણ ભગવાનની આ લીલા સમજી શકે. આ પ્રમાણે સાંભળતાં પરીક્ષિત ખૂબ પ્રસન્ન થયા. એ હર્ષપૂર્વક બેલ્યા,  "મહારાજ! ઉદ્ધવ વ્રજમાં કયારે ગયા હતા?" શા પ્રયોજને ગયા? ભગવાનનો સહવાસ છોડીને ત્યાં કેમ જવાનું થયું? સવિસ્તર કહેવાની કૃપા કરો.

શુકદેવે જ્યારે પરીક્ષિતે આ પ્રમાણે પૂછ્યું ત્યારે એક પ્રસંગ વર્ણવવાને પ્રારંભ કર્યો. ઉદ્ધવજી એક ક્ષણવાર માટે પણ શ્રીકૃષ્ણને છોડી જઈ શકતા નહતા. પ્રભુના સંગનો ત્યાગ કરી શકતા ન હતા, પણ પ્રભુએ જાતે જ ઉદ્ધવને ગોપીઓને સંદેશ આપવા મોકલ્યા ત્યારે તે લાચાર હતા. એમને જવું જ પડ્યું અને એનો વિયોગ એમને થયો, પણ ભગવાન કૃષ્ણે

આ કાર્ય માટે એક જ દિવસનો સમય આપ્યો હતો અને સૂચન કર્યું હતું કે એક દિવસ કરતાં વધારે ન રહેવું. જ્યારે જવા માટે નીકળ્યા ત્યારે તો એ એક જ દિવસ એક યુગ જેવો લાગ્યો.

જ્યારે વૃંદાવન પહોંચ્યા ત્યારે એમને દુ: ખ એ વાતનું થયું કે સમય ખૂબ જલ્દી વ્યતીત થયો હતો અને આ સ્થાન છોડવું પડશે. અરે? આ ભકતોના સાથ છોડી ઘેર જવું પડશે. માટે જો સંપૂર્ણ જીવન આમની સાથે વ્યતીત કરવાનું હોય તો મને કેટલો આનંદ આવે? મારું દુર્ભાગ્ય છે કે એટલાં મારાં પુણ્ય નથી. ઉદ્ધવના મનની આ બધી શોકપૂર્ણ ચિંતાઓ હતી.

રાજા, તમારા ખ્યાલમાં આવ્યું કે ભકત અને ભગવાનમાં કોઈ અંતર નથી. ઉદ્ધવને ભગવાનના વિયોગ કરતાં ગોપીજનોનો વિયોગ વાધારે દુઃખપ્રદ હતો. બન્ને સ્થળોએ એમનો આનંદ સરખોજ હતો. વાસ્તવમાં તો ગોપી અને ગોપાલ ભક્ત એજ ભગવાન બન્ને વચ્ચે કોઈ ભેદ હોતો જ નથી. ગોપીજનોનાં હૃદય તો ભગવાનનાં નિવાસધામ મંદિરો હતા. એમના મનોભાવ તો કૃષ્ણમય બની ગયા હતા. ઉદ્ધવનો તો ભગવદ્ વિયોગનું દુ:ખ, ભગવાનનો વાસ્તવિક પ્રેમ, પ્રેમનું બંધન, ભગવદ્ વાર્તા સાંભળવાની ઉત્કંઠા, એમનો સંદેશ ઝીલવો તથા આચરવો એ સર્વ સારી રીતે જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. ગોપ અને ગોપીજનોએ એક ક્ષણ માટે પણ પ્રભુની કથા લીલાઓ, ભગવત્કાર્યો, એમાંથી મન ન હઠાવ્યું. ભગવાનના માધુર્યનો વ્રજ ઉપર એટલો બધો પ્રભાવ હતા કે સજીવ, નિર્જીવ અને નિર્જીવ સજીવ લાગતું. પ્રભુ પ્રેમમાં તરબોળ બનેલી ગોપીઓ જયારે ભાવાવેશમાં આવી જતી ત્યારે પ્રતિમા જેવી સ્થિર બનેલી, ઉદ્ધવે પોતાની આંખોએ જોઈ હતી. એવા અનુભવો તો એમણે ખૂબ ઉપદેશક મૂલક અને મહત્ત્વના લાગ્યા હતા.

ગોપીઓની આ નિર્ગુણ ભકિતની વિશેષતાઓનાં વર્ણન કરતાં કરતાં શુકદેવજી તો એટલા પ્રસન્નતાથી ભાવવિભોર બની ગયા કે જેથી એમના અશ્રુપૂર્ણ નેત્રો બન્યાં અને સાંસારિક ભાન ગુમાવી બેઠા. એવા તો તે સમાધિ ભાવમાં વારંવાર આવી જતા કે ઋષિગણ અને અન્ય મનુષ્યો જે એમની વાતો સાંભળી રહ્યા હતા અને એમને જોઈ રહ્યા હતા એમની એવી ઈચ્છા થતી કે પ્રભુને જોવાથી શુકને આટલો આનંદ થાય છે તો આપણને પણ કેટલો થશે?

એટલામાં શુકે નેત્ર ખોલ્યાં અને બોલ્યા, " મહારાજ? ઉદ્ધવ કેટલા ભાગ્યશાળી હતા. એમને ગોપીજનો જ્યાં ભગવાને લીલાઓ કરી હતી, ગોવર્ધન ધારણ કર્યો હતો એ સ્થળો બતાવ્યાં. જ્યારે એ સ્થળો જોયાં તે ખૂબ આશ્ચર્ય થયું, કારણ કે એ શિલાઓ ઉપર કૃષ્ણ, ગોપ, ગોપીઓનાં પાદ ચિન્હ સ્પષ્ટપણે જણાતા હતાં. એમને આ લીલા કરે તો ઘણો સમય થયો હતો પણ એ ચિન્હ હતાં. જયારે ગોપીજનો બતાવતાં બતાવતાં ગોવર્ધન પર્વત પાસે આવી તે ભગવત વિયોગ એટલો અસહ્ય થઈ પડ્યો કે એ રડી પડ્યાં પ્રભુના ધ્યાનમાં જ મગ્ન બન્યાં. બધાંએ મળીને જયારે" કૃષ્ણ કૃષ્ણ " એમ કહ્યું ત્યારે તો વૃક્ષો પણ નાચી ઉઠયાં. જાણે કે હાથ હલાવીને પોતાનું દુઃખ બતાવી રહ્યાં હતાં. ઉદ્ધવે પોતાની સગી આંખોએ જોયું કે કૃષ્ણ વિયોગનો પ્રભાવ એકલી ગોપીઓ પર નહિ પણ ઝાડ અને પર્વત

પર પણ પડ્યો હતો. મહારાજા આથી વિશેષ શું કહી શકીએ. ઉધ્ધ્વજીને વિશ્વાસ એવાં દ્રશ્યો જોઈને આશ્ચર્યચકિત અને વિનમ્ર બની ગયા.

આ પર સમ્રાટ કાંઈક પૂછવા માંગતા હતા બોલ્યા," મહારાજ આ કેવી રીતે થયું? જો આપને કોઈ ત્રાસ ન હોય તો એ પર જરા વધુ વિગત સમજવો. શુકદેવજી એમની વાત સાંભળી બોલ્યા, " રાજા ગોપીઓનું વધુ જ્ઞાન ભગવાનના ચૈતન્ય સાથે એકાકાર હતું . એમની બીજું કાંઈ નજરે ન આવ્યું . એમને તો કણ કણમાં પાનેપાનમાં કૃષ્ણ જ જણાતા હતા, અને એ કૃષ્ણ કૃષ્ણનો પોકાર પાડી ઉઠતી હતી. આમ થવાથી વૃક્ષ અને પથ્થરો પણ ભગવાનના વિયોગમાં દુઃખ દાવાનળથી બળી ઊઠ્યાં અને પાંદડા પરથી અશ્રુપાત થવા લાગ્યો. એ અશ્રુપાતથી પથ્થર પણ પીગળી ગયા. જુઓ આ દ્રશ્ય કેટલું આશ્ચર્યમય હશે. સર્વત્ર ઈશ્વર દર્શનનો ભાવ જાગૃત થયો. વૃંદાવનના દરેક પથ્થર અને વૃક્ષે ઉધ્ધ્વને બતાવી દીધું કે સર્વત્ર ઈશ્વર વાસ છે કોઈપણ વસ્તુ એના વગરની નથી.

જેની પાસે ગોપીઓનો આ ભાવ જેનાથી પથ્થર પણ પીગળી જાય એ સમજવાની હોંશીયારી નથી એને તો એ વિષયમાં કાંઈ બોલવાનો અધિકાર નથી. જો કદાચ કોઈ મત આપે તે એ સ્પષ્ટ કરી બતાવે છે કે પાષાણ હૃદય છે, " પ્રાણહીન છે. કૃષ્ણચંદ્રજીનું જે વિશ્વરૂપ જે સૌન્દર્યનિધાન પણ હતા અને પ્રભાવસભર હતા એમને સમજવાની શક્તિ એ નિર્જીવ મનમાં નથી. કેવળ વિશુધ્ધ મન જ એ સ્વરૂપ વિષે જાણી શકે.

એ જ પ્રમાણે ઉધ્ધ્વે સંધ્યાકાળે અદ્દભુત દ્રશ્ય જોયાં, જે રીતે મુનિઓ બ્રાહ્મણો સંધ્યાકાળે પૂજા અર્ચામાં લાગી જાય છે તે પ્રમાણે ગોપીઓ પણ બીજાના ઘરમાંથી માટીનાં પાત્રમાં દીપ પ્રજાળીને પોતાના ઘરમાંથી લઈ આવતી હતી; પણ ઉધ્ધ્વે એ જોયું કે સૌ પ્રથમ તો નંદજીના ઘરના દીવા સળગતા હતા. ભગવાન કૃષ્ણના પ્રાગટની ભૂમિ હતી, જે એમના ઘેર દીવો પ્રગટ થાય કે અનેક ગોપીઓ એક પછી એક આવીને એ દીવાથી દીવો સળગાવી જતી હતી. દીવો પ્રગટાવી પોતાને ઘેર જતી. ઉધ્ધ્વે ગામના દેવમંદિરની નીસરણી પર બેસીને આ રીતે બધાને દીવો સળગાવતા જોયાં. એ સમયે એક ગોપીએ દીવો સળગાવવામાં વધુ સમય લીધો, આથી બીજી ગોપી જે એનાથી પાછળ આવી હતી તે અધીરી બની અને ઘરમાંથી યશોદા એને જોઈને ચીસ પાડી ઉઠ્યાં અરે? આ શું અઘટિત બન્યું? એમ કહીને એની પીઠ પર ધબ્બો માર્યો જેથી એ ભાનમાં આવે; પરંતુ એણે આંખો ખોલી નહીં. એની સાથે જે હતી તેણે એને પકડીને નીચે બેસાડી દીધી કે જેથી આરામ મળે એની આંગળીઓ બળીને ભસ્મ થઈ ગઈ હતી. ખુબ પ્રયત્નો પછી એને ભાન આવ્યું. પ્રયત્નપૂર્વક પૂછતાં એ બોલી, 'દીવાની જ્યોતમાં એણ્ કૃષ્ણ જોયા અને એ આનંદની પ્રાપ્તિમાં એને ખબર પડી નહીં કે એની આંગળીઓ બળે છે. એને કશું દુઃખ હતું નહીં. ઉધ્ધ્વને ગોપીઓની ભક્તિના આવા પ્રસંગોથી અધિક આનંદ થયો.'

# અધ્યાય ૩૮

"પ્રભો ભગવાને કારાગારમાંથી નીકળી વ્રજમાં ૧૧ વર્ષ વ્યતીત કર્યો હતાં, તે વખતે બાલ અવસ્થામાં ગોપાલની લીલાઓ સાંભળવા અને અધીરાઇ થઇ છે. જે જે ખેલ વ્રજ બાળકોસાથે કુંજ વનોમાં કર્યા તે પણ મને કહો. પરીક્ષિતે જયારે આવી પ્રાર્થના કરી તો શુક અત્યંત પ્રસન્ન થયા. એ હસીને બોલ્યા કે ગોપાલની બધી લીલાઓ હું કહી શકું. એમની એક એક ઘટના માધુર્યથી ભરેલી છે. વ્રજના ગોપાળ બાળ જે આ આનંદના ભોગી એ ખરેખર ભાગ્યશાળી હતા. ઈશ્વરની ભેદ દૃષ્ટિ ન હતી. જે પૃથક પણું હતું તે તો વ્યક્તિ નામ, જાતિ અને કાર્યનું હતું. ગોપાળનો સ્વભાવ એવો હતો કે કોઈ પણ ગમે તેવી ભાવનાથી એમની પાસે આવે છે તેને પોતાનો બનાવી એમની ઈચ્છા પૂરી કરીને આનંદ પ્રદાન કરતા હતા.

નંદજીને ઘેર વસુદેવ કૃષ્ણને છોડીને ગયા કે એ ક્ષણે જ નંદજીને ખૂબ આનંદનો લાભ થયો અને ઘેર ઘેર ખૂણે ખૂણે જે જય ધ્વનિ ગુંજતો હતો એ સર્વ બાળકની એલૌકિક શકિતનું પરિણામ હતુ'. દિવસે દિવસે અપૂર્વ રૂપ લાવણ્ય એમનું વધવા જ લાગ્યું. માતાના તો લાડીલા અપૂર્વ સંપત્તિ સ્વરૂપ હતા. ખોળામાં રમતા, ચાલતા ચાલતા ગૃહ દ્વાર સુધી જતાં અને ક્યારેક માતા પિતાના હાથ પકડીને દૂર સુધી જતાં. કંસના મૃત્યુ દૂતોથી બચવા પોતે છુપાઇ જતા, ગમે તે રીતે તે જણાઈ જતા. એ એમની સામે જઈને પોતાનો પરિચય આપી દેતા. સ્વયં બ્રહ્માંડને ચલાવનાર રક્ષક ગોપાલને કોણ સંતાડી શકે? કોઈ એમને ઉપાડી લઈ પણ શી રીતે જઇ શકે? પરીક્ષિત, આ બધી એમની અલૌકિક લીલા હતી.

થોડા મોટા થઈને સરખે સરખા ગોપબાળકો સાથે યમુના તટે જતા. માતાપિતા એમને જતો રોકવા પ્રયત્ન કરે તો તેમાં તે નિષ્ફળ જતાં. પોતાના સાથીઓની સાથે તે ગોધારણ કરવા જતા અને ગાયો વાછરડાં વચ્ચે ઊભેલા હોય ત્યારે એમને જોવા એ પણ એક અવર્ણનીય અનુપમ દૃશ્ય હતું. શ્યામ રંગનો એ અલૌકિક બાળક અને સફેદ ગાયોની વચ્ચે? શી શોભા હતી! એ બધી ગાયો એમની સાથે જ રહેતી હતી, ક્યારેય છૂટી પડતી જ નહિ. કૃષ્ણ પરમાત્માએ પણ એમને કયારેય ત્યજી નથી પણ કુટુંબના સભ્યો જેવો પ્રેમ કર્યો છે. કયારેક સ્નેહવશ એમનો સ્પર્શ થઇ જાય તો ગાય અથવા વાછરડો ભાવોદ્રકમાં ભાન ભૂલી એનું મુખ કે હાથ ચાટતા હતાં. કનૈયો પણ ખૂબ આનંદ પૂર્વક એની ગરદન પકડીને ઝૂલવા લાગતો. એમને ચહેરો પ્રસન્નતાથી દીપી ઉઠતો અને એ વાછરડાં પણ એનાં કોમળ શીંગડાં લગાડીને ખેલ કરતાં હતાં. દિવસ કે રાત યમુના તટે રમણરેતમાં નિશ્ચિત પણે તે રમતા હતા અને ગાયો સાથે રહેતા. માતા પિતાને તો એમને બોલાવવા માટે દૂત મોકલીને કેમ કરી ઘેર આવે એ રીતે બોલાવવા પડતા હતા.

સમય વ્યતીત થતાં તે એક સુંદર બાળકના સ્વરૂપ મોટા થવા લાગ્યા. માતાપિતાની ઈચ્છા હોય કે ન હોત તો પણ ગાયો અને વાછરડાં છોડીને ગામની બીજી ગાયોને ચરવા લઈ જવાના રસ્તા પર મૂકી આવતાં. બીજા બાળકો જેવું એક હાથમાં

લાકડી અને શિર પર પાઘડી રાખતા હતા. એવા પ્રભાવથી ચાલતા કે જાણે કોઇ સિંહ બાળ ફરી રહ્યો છે. મિત્રો સાથે તે ક્રીડાઓ પણ કરતા હતા. ડાબે હાથે કાન ઢાંકી મધુર સ્વરે ગીતો ગાતા હતા અને આ વખતે તો પશુઓ પણ ચરવાનું બંધ કરી દેતાં હતાં, સંગીત સાંભળવા તૌયાર થઇ જતા. કાન ઊંચા કરી ઊભા રહેતાં જેથી આ સાંભળવામાંથી રહી ન જવાય. નેત્રો બંધ કરી ધ્યાનસ્થ બની જતાં હતાં. વાછરડાં જે ધાવતાં હતાં તે સ્તનપાન છોડીને ભગવાન ના ગીતો નું શ્રવણ કરવા લાગી જતાં હતાં. પોતાની આંખોથી જો આવું જોવાનો લ્હાવો મળે તો એ અલભ્ય લાભ હતો.

રાજા? પ્રભુની લીલાઓની સંખ્યા અને સ્વભાવ હું શી રીતે બતાવી શકું ?એ તો સર્વથા આશ્ચર્યમય અને અદ્ભુત હતી. ક્યારેક તો સાથીઓને બતાવવા લાકડી એટલી ઝડપથી ફેરવતા કે લાકડી જોઇ શકાય તેમ ન હતું. આ પ્રસંગે સાથીઓ એમને ફરી વળીને અમને આ શીખવો, એમ પ્રાર્થના કરતા હતા. પ્રભુને મન તો સમસ્ત બ્રહ્માંડને ફેરવવું કે લાકડી ફેરવવી એમાં શું ? આ જ્ઞાન શીખ્યે ન આવડે કે ન શીખવાડી શકાય. બિચારા સાથીદારો એનો ભેદ સમજવા અસમર્થ હતા.

ક્યારેક ગોપાલ ચોર ચોરની લીલા કરતા અને વૃક્ષો પર ચઢી જતા. મિત્રો પાછળ પકડવા દોડે તો સૌથી ઊંચી પાતળી ડાળી પર જઇ બેસતા અને ડાળ હાલી ઉઠતી. એમને કોઈ પકડી શકતું ન હતું. સત્યને કોણ પકડી શકે? ભક્તિથી પવિત્ર તત્ત્વજ એને પામી શકે.

સંધ્યાકાળે સામાન્ય રીતે એવું જોવામાં આવતું કે ગોપાલ કુંજ અને વનમાં ફરીને ગોપ બાળો સાથે, ત્યારે એવો ભાવ જોવામાં આવતો કે એમની શાંત ભાવનાઓ સામે બીજું કંઇ બન્યું જ નથી. ક્યારેક તો માતા એવો દાબ મૂકતી કે તે ઘરમાં રહે અને ગાયો ચારવાજ ના જાય. તે દિવસે તો ગોપ બાળકો ગાય, વાછરડાં બધાં દુઃખી થઇ જતાં અને વૃક્ષની નીચે ખાધા-પીધા વિના નિર્જીવ જેવાં પડયાં રહેતાં; પણ એમની અપલક આંખો ભગવાન હમણાં આવશે એ તલપમાં તાકી રહેતી હતી. પ્રભુ તો સર્વના પ્રાણધાર હતા.

ઘણીવાર મામા કંસ દાનવોને વેશ પલટો કરાવી, રમકડાં અને મીઠાઇ લઇ મોકલતા. બાળકો એ ફેરીઆઓને ઘેરી વળતા અને મનપસંદ વસ્તુની કિંમત પૂછવા લાગતા. પણ એ દાનવ તો કૃષ્ણની જ શોધમાં હતો અને એની પાસે જવા ઇચ્છતો હતો. ભગવાન એનાં રમકડાં કે મીઠાઇ પર નજર પણ ન નાખતા. સંધ્યાકાળ નજીક આવે ત્યારે એ એની પાસે જતા. પેલો એમ માનતો કે એના ફંદામાં કૃષ્ણ ફસાયા છે, પણ ભગવાન તો ખરી રીતે એનો નાશ કરવા જ જતા હતા અને તેના દેહને ફેંકી દેતા. આવા પ્રસંગે વ્રજવાસીઓની નિર્ભયતાની પ્રસન્નતા થતી પણ સાથે સાથે આશ્ચર્ય અને ભય પણ થતાં.

એક દિવસે ગામમાં કેરીની અનેક ગાડી આવી, પણ ભગવાનને ખબર પડી કે આ દુષ્ટ કંસની ચાલ છે, માટે એમણે બધાં ફળ ખરીદી લીધાં અને લાવનારને મારી નાખ્યા. એમણે વિચાર્યું કે મામાએ મોકલેલાં ફળ એટલે ના તો ન પડાય. એનો સ્વીકાર કર્યો, પણ

પાછો જઈને આ વાત કહેવા માટે કોઈ દૂતને જીવતો ન રાખ્યો. મામાએ એમના વિરૂદ્ધ ષડયંત્ર ચલાવીને જેને મોકલ્યા તે બધાનું આવું જ ભાગ્ય હતું.

'મહારાજ ' પ્રભુ જે દિવસે વ્રજમાં પધાર્યા તે દિવસથી તે સ્થાન લક્ષ્મીદેવીનો પ્રત્યક્ષ વાસ બન્યું, એમ લાગતું કે માને દેવી પોતાની કરૂણા વર્ષાવી રહી હતી. લાખ ગાયો હતી અને દૂધ દહીંની ખોટ ન હતી. ખરેખર ચીજો એટલી બધી હતી કોઈને ખ્યાલ પણ ન આવતો એ ચીજ વાપરવી કે સંઘરવી. કનૈયો ગાયો ઉપર એટલો પ્રેમ રાખતો હતો કે એને મન દુધ, દહીં, માખણ આદિ કીમતી પદાર્થોને અપવ્યય સહન ન થતો હતો, આ કારણે જ તે જાતે એનો ઉપયોગ કરતા અને આ કૃપા દ્રષ્ટિથી પોતાનું નામ માખણ ચોર પણ પડયું.

આવું જોઈને ઈન્દ્રની ઈચ્છા થઈ કે જગતને બતાવવું કે કૃષ્ણ ભગવાન છે, એટલે એમણે ઘટનાએ આ પ્રકારે બનાવી. વ્રજમાં ઈન્દ્રપૂજા રોકાઈ ગઈ, એમણે ક્રોધિત થઈ ખૂબ વરસાદ વરસાવ્યો અને કૃષ્ણને વ્રજવાસી અને ગાયોની રક્ષા માટે ગોવર્ધન ઉઠાવવો પડયો. આ બધું તે પ્રભુની લીલાનો અંશ હતું. એમાં કોઈ ઈન્દ્રને દ્વેષ ક્રોધ કે બદલો લેવાની ભાવના ન હતી. એવા ચમત્કારો રચાઈ ગયા કે માનવોને ખ્યાલ આવે કે એમના મધ્યમમાં આવેલા તે ભગવાન જ છે અને એ બધા ભગવાનને ઓળખી શકે. આ વાતોથી એવો ખ્યાલ આવે છે કે કોઈ ગૂઢ કારણ વગર કાંઈ થતું જ નથી.

એ સમયે પરીક્ષિત ઉત્સુક બની ગયા, " અરે! બાળકૃષ્ણની લીલાઓ તો એટલી મધુર છે, જેમ જેમ સાંભળીએ તેમ વધારે સાંભળવા તરસ લાગે છે. પ્રભુ, હજી મને વધારે કહે કે જેથી મને સહજ આનંદની પ્રાપ્તિ થાય.

# અધ્યાય ૩૯

ખરે જ, શુકદેવજીને પણ ભગવાન કૃષ્ણની બાળ લીલાઓનું શ્રવણ કરાવવામાં ઘણો આનંદ આવતો હતો, માટે જેવું રાજાએ પૂછ્યું કે તરત જ એમણે પ્રારંભ કર્યો; " રાજા, મૃત્યુ કાળ નજીક હોય ત્યારે ભગવત ચિંતન વિના બીજું કોઈ કાર્ય કરવા જેવું નથી. શું આ વાત સત્ય નથી? ઇશ્વરની લીલા તો અમૃતનો વરસાદ છે, દરેક પ્રસંગ એ આનંદનું ઝરણું છે. એકાદ પ્રસંગ મને કહો." તમે શું સાંભળવા માંગો છો? તમને પ્રત્યેક પ્રસંગ સત્ય ઘટના અને એના રહસ્ય ભાવ જે હું સમજું છું તે રીતે કહીશ."

આ ઉપરથી રાજાએ પૂછયું, "પ્રભો, મને એ શ્રવણ કરવાની ઈચ્છા છે કે ગોપાલ વ્રજ બાળકો સાથે વનવિહાર લીલા કરતા ત્યારે કેવા ભાવથી કરતા હતા ? એ લીલાનું શ્રવણ મને એટલી પ્રસન્નતા આપે છે કે હું જન્મમરણનાં બંધનમાંથી મુકત બની જઈશ.''

શુકદેવજીએ જવાબ આપ્યો, 'રાજા, ગોપાલ બ્રહ્મ મુહૂર્તમાં જાગી જતા, સ્નાનાદિ કાર્ય કરીને તે ગાયો પાસે જતા. જે ગાયોને ચરવા ન લઈ જવાની હોય એવી ગાયોને ઘાસ, દાણા, પાણી વિ.કરતા. જે ગાયોને ગૌચારણ માટે વનમાં લઈ જવાની હોય એવીને ખીલેથી છોડીને બહાર લઈ આવતા. મધ્યાન ભોજન માટે દંહી, ભાત આચાર, પદાર્થો અંદર જઈ લઈ આવતા હતા. મોટાભાઈ બલદાઉને પણ આવવાનો સંકેત કરતા અને નીકળવાનો સમય થઈ જાય એટલે મિત્રોને બોલાવવા રસ્તામાં ઊભા રહી જોરથી પોકાર કરતા. એ ધ્વનિ સાંભળતાં જ બધા ગ્વાલ બાળ તત્કાલ તૈયાર થઈ જતા. બધા બાળકો વેણુનાદ કરતા કરતા આગળ વધતા હતા. કેટલાક તો વૃક્ષ પર બેઠેલી કોયલ ની નકલ કરતા, તો કેટલા ઉડતા પક્ષીઓ ના પડછાયા સાથે દોડતા. કોઈક તો ગાયની પીઠ પર સૂઈ જતા અને ગાતાં ગાતાં જતા હતા. પણ સર્વ નું ધ્યાન તો ગોપાલ કૃષ્ણ તરફ જ રહેતું કે તે શું કરે છે અને ક્યાં જઈ રહ્યા છે ? આ રીતે તે બધા જ વનમાં પ્રવેશ કરી ગયા હતા.

કનૈયો વેણુને કમર સાથે બાંધી ડાબા હાથે મધ્યાહનનો કલેવો લઈને મનોહર સ્વરે કોઈક ગીત ગાતાં ગાતાં ચાલ્યા જતા હતા. એ પશુઓ પણ ગીતના તાલ સાથે ચાલતાં, માનો કે કોઈ પોતાના કાનને દૈવી શબ્દ સાંભળવા સાવધ રાખતાં ન હોય. નિસ્તબ્ધ રૂપથી વચમાં પ્રશંસાના ભાવ રૂપે પોતાનું મસ્તક ઉઠાવી રહ્યાં હતાં, છેવટે જળાશયને કિનારે જતાં હતાં.

આ પછી ભોજનનો સમય થતો, બધાં વૃક્ષોની નીચે બેસતા અને પોતપોતાને ઘેરથી લાવેલી પોટલીઓ (શીકાં) ખોલતાં; જેમાં દરેક સ્વાદ પ્રમાણે ... ભાત, દહીં, માખણ વ. રહેતું હતું. ગોપાલ જ્યારે પહેલો કોળિયો ખાય ત્યાર બાદ જ તેમને ખાતા જોઈને બધાં ખાવા લાગતા હતાં, કયારેક તે પોતે પોતાનામાંથી સાથીઓને થોડું ખાવાનું આપતા અને તેમની પાસેથી પણ થોડું લેતા હતા. એ દરેકની પાસે જતા અને સામેથી – થોડોક ભાગ માગતા. બધાં બાળકો તેમને આપતાં ડરતા; કે રખેને એમનું ભોજન અપવિત્ર બને ', પણ કૃષ્ણ એમને સમજાવતા હતા કે આ વિશ્વમાં પ્રત્યેક જીવની અંદર એક જ જીવ રહે છે, માટે

પ્રત્યેક વચ્ચે  ભેદભાવ સમજનો એ અભાવ છે. એ પૂછતા કે -અશુધ્દ્તા કેવી રીતે આવે જો બધાં એક જ હોય તો? ' અને કયારેક તો એમના ખાધેલા ટુકડાને પણ લઈ પોતે ઉઠાવી ખાઈ જતાં. જ્યારે ભગવાન રામાવતારમાં-શબરીના એંઠા બોર ખાઈને સ્વાદ લીધો તો પછી કૃષ્ણાવતારમાં મિત્રોનું એઠું કેમ ન ખાય ? છેવટે તો  એ પણ એમના જ ભકતો જ ખરા ને ?

એક દિવસ પર્વત પર બેસીને બધાં એ ભોજન લીધું -અને હાથ ધોયા. ગાયો દૂર ચરી રહી હતી–પ્રભુ તેના તરફ દોડયા. ગોપ બાળકોને આશ્ચર્ય થયું કે આ શું?  ક્યા કારણ દોડયા હશે ? પશુ એ બધાંએ ગાયોના ટોળામાં એક સુંદર વાછરડાંને જોયું?...ગોપાલે એ વાછરડા પાસે જઈને, પાછળના પગ પકડી ઉઠાવીને તેને તે પથ્થર સાથે એવું પછાડયું કે વાછરડાના પ્રાણ ગયા..અને ચિત્કાર સાથે...અસ્સણ રાક્ષસના રૂપમાં પ્રાણ ત્યજવા...ગોપ બાળકો બધાં જ અવાક થઇ ગયા... કનૈયા પાસે જઈને પૂછવા લાગ્યા કે...આ શું ?

હસીને કનૈયાએ જણાવ્યું'... 'કે આ દુષ્ટ દાનવને કંસે મોકલ્યો હતો તે મને મારવા માટે આ રૂપ લીધું હતું. એ પોતાના આ રૂપને ઢાંકીને બચાવવા માટે જાતે જ ગાયોના ધણની અંદર ભળી ગયો હતો. મેં બરાબર સજા કરી કે નહિ ?. .બાળકો આ સાંભળીને પ્રભુની શક્તિ સામર્થ્ય  અને દૂરદર્શીતાની પ્રશંસા કરવા લાગ્યા... બોલ્યા,-"કનૈયા તેં જે કર્યુ તે બરાબર હતું" અને આનંદભર્યા ચોતરફ કૂદવા લાગ્યા.. એ પણ ગાયો-વાછરડામાં જોવા લાગ્યા કે અન્ય કોઈ દાનવ રહી જતો તો નથી ને ?

એમને જ્યારે એ બીક લાગી કે એમની ગાયોને નુકશાન તે નહીં  થયું હોય અથવા તો કોઈ દાનવ ગાયનું ભક્ષણ તો નહીં કરી  ગયા હોય ... ખૂબ ધ્યાનપૂર્વક પોત પોતાની ગાયોને તપાસવા લાગ્યા કે જેથી આવનાર વિપત્તિની પહેલેથી જ જાણ થાય.

ત્યાર બાદ મધ્યાન્હના સમય  સુધી 'લીલાંછમ  વૃક્ષની છવાયેલા કોઈ એક પર્વત પાસે પહોંચ્યા-તાપથી બચવા માટે ગાયોને છાયામાં રાખી  અને બાળકો વિશ્રામ કરવા લાગ્યા, સંધ્યાકાળ થવા આવ્યો પશુઓને એકત્રિત કરીને ગામ તરફ આવવાની તૈયારી કરી, તો માર્ગમાં એક બગલા જેવા વિશાળકાય પક્ષીને જોયુ'; અને એ મોટા મોટા પશુઓને ખાઈ રહ્યું હતું. પશુઓ દુઃખના માર્યા અસહાય અવસ્થામાં ચિત્કાર કરતા હતાં, એવી અસહાય-બૂમ સાંભળીને ગોપાલ એક ક્ષણમાં એ પક્ષી પાસે પહોંચી ગયા અને પક્ષીની  ચાંચ પકડી લીધી. ચાંચના બન્ને પડખા જુદા પાડીને પક્ષીનો સંહાર કર્યો. એણે પેટમાં ગળેલી ગાયનો ઉધ્દ્ધાર કર્યો, આ રાક્ષસ-એ બકાસુર હતો અને એ પક્ષીના વેશમાં આવ્યો હતો.

આ રીતે કંસે મોકલેલ અસૂરોનો  ગોપાલ નિકાલ કરતા હતા, અને રોજ આ પ્રકારની અદ્દ્ભૂત લીલા થતી હતી. ગોપાલ બાળકો હવે કનૈયાની આ લીલા સમજી શકયા હતા, હવે તેમને વિસ્મય થતો નહોતો, કેમ કે હૃદયમાં એક ધારણા-દ્રઢ બની ચૂકી હતી; કે કનૈયો માણસોની શક્તિ કરતાં કોઈક અલૌકક સામર્થ્ય અને શક્તિ ધરાવે છે અને તેથી જ ગમે તે સ્થળે અને સમયે ભય વિના તેની સાથે જવા તૈયાર થતા. બકાસુરના ભાઈએ જ્યારે

આ સમાચાર સાંભળ્યા કે "કૃષ્ણે બકાસુર મારા ભાઈને મારી નાખ્યો, ત્યારે એટલો ગુસ્સે થઇ ગયો કે બદલો લેવાને વિચારે અજગરના રૂપે વનમાં જઇને પડ્યો. વનના માર્ગમાં તે મોં ફાડીને માર્ગમાં આવે તો પડયો હતો કે જેથી ગામ લોકો ગોપબાળકો અને કનૈયો સર્વે ને ગળી શકે. બહારની નજરે તો એ દૃશ્ય એક ગુફા જેવું જ જણાતું હતું અને આ કોઈ કાવત્રુ હશે એવી ગંધ પણ આવતી ન હતી. ગામ લોકો અને ગોપ બાળકોએ તેમાં પ્રવેશ કર્યો, પણ કનૈયાને આ વાતની જાણ હતી. છતાં-અંદર પ્રવેશ એટલા માટે કર્યો કે-અંદર ગયેલાઓને-બચાવી શકાય; અંદર પ્રવેશીને, અજગરનો વિનાશ કરીને, સર્વની રક્ષા કરી. એમને હવે ' કોઈ ભય રહ્યો નહોતો ગોપાલના સંરક્ષણ દ્વારા, બધા ઘેર આવ્યાં.

ત્યારથી માંડીને બધાં બાળકો નિર્ભય બન્યાં એમને એની ખાત્રી હતી કે વિશ્વાત્મા ગોપાલ ગમે તેવી આફતમાં પણ તેમને બચાવશે . આથી ચાલતા ચાલતા પણ એ કેવળ કૃષ્ણની દિશામાં જ જોતા અને ચાલતા બીજો કોઈ વિચાર જ કરતા નહીં, અને કૃષ્ણના નિર્દેશ મુજબ આગળ વધતાં.

ગોપાલ કૃષ્ણ ની દરેક લીલા એક આશ્ચર્યકારક અદ્દભૂત અને આદર્શ ભર્યું કાર્ય હતું. એનું વર્ણન શે થાય! સામાન્ય પણે કોઈ વ્યક્તિ આમ કરી શકે ખરો? આ બધી ઘટનાઓ જોઈને પણ જો એના ઉપર વિશ્વાસ પેદા ના થાય તો તેવો જીવ પૃથ્વી ઉપર ભારરૂપ છે. જે ખાવામાં ના આવે, અને જેનો સ્વાદ નથી તેવા ફળ જેવો છે. આમ કહેતા કહેતા શુકદેવ નું મુખ દેદીપ્યમાન થઈ ગયું અને પરમાનંદ પ્રાપ્ત થયો હોય એવા ચિન્હ જણાયા. નેત્રો દ્વારા એમ લાગતું કે જાણે એમને પ્રભુ દર્શન થતાં હશે. એક ટક નજરે થોડોક વખત તે તાકી રહેલા હતા.

પરીક્ષિતે એમને પૂછ્યું - "પ્રભો! જ્યારે દાનવો પણ ઈશ્વર ઉપર વિશ્વાસ રાખે છે, ઈશ્વર ને પૂજે છે, તો પછી કયા કારણથી માનવો તેમને ભૂલે છે અને તેમની પૂજા-અર્ચના ની અવગણના કરે છે? એ બધાં જે વાત સંભળાય છે તે સાંભળનાર કાન પર વિશ્વાસ રાખે છે પણ જોનારી આંખો પર નહીં, મને તો લાગે છે કે- આ કોઈક ગંભીર પાપનું જ પરિણામ હોવું જોઈએ કે શ્યામ નો પ્રભાવ છે!"

આ પછી શુકદેવજીએ કહ્યું," મહારાજ તમારૂ કહેવું સત્ય છે. દુષ્ટો જેવા કે કંસ, જરાસંધ, શિશુપાલ આદિએ ભગવાનનો દૈવી પ્રભાવ જોયો ખરો પણ તેમને તો આકાશવાણીના શબ્દો ઉપર વિશ્વાસ હતો નહિ કે આંખોએ દેખેલાને! પરિણામે અત્યંત દયનીય અવસ્થામાં એમના પ્રાણ ગયા. એમણે એમની નજરે જોયેલી ભગવાનની લીલાઓ અદ્દભૂત ઘટનાઓ મોકલેલા અસુરોને પ્રભુ હાથે પરાજય એ સર્વને ભૂલવાને પ્રયત્ન કરી પ્રભુ તરફ પોતાના કર્તવ્યની અવહેલના કરી. એમને આવો વ્યવહાર કર્યા બદલ શ્રાપ પણ મળ્યો હતો. એ છોડીને હવે આપણે કરવું પણ શું? એ શ્રાપ મળવાનું કારણ એમના પાપો હતાં.

ગોપાલ તો પૃથ્વીપાલ છે, નહિ કે એક ગ્વાલ બાળ (ગો-પૃથ્વી, પાલ રક્ષણ કરનાર) એમનું બાહ્ય રૂપ માનવનું હતું પણ વાસ્તવિક રીતે તો તે રૂપ અત્યંત શુભ પ્રદ હતું.

પોતાના હાથમાં જ બંધ, મોક્ષ, સાધન (મોક્ષ પ્રાપ્ત કરવાનું) છે તે આપણને બંધનથી મુક્ત કરાવી શકે છે.

પરીક્ષિતને આ શબ્દો જે અમૂલ્ય હતા અને ઋષિએ કહ્યા હતા તે સાંભળવાથી ખૂબ પ્રસન્નતા થઈ. મારા પિતામહોનું પરમ સદ્‌ભાગ્ય કે એમને ગોપાલનો ચરણસ્પર્શ મળ્યો. એમની સાથે ક્રીડા કરી, વાર્તાલાપ અને સાથે રહેવાનો આનંદ પણ મળ્યો. મને પણ એમના ગૌરવનો થોડો અંશ પણ સાંભળવા મળ્યો તો મને પણ પરમાનંદ થયો, એ પણ એક મહાભાગ્ય છે. આપ જેવા ત્યાગી બ્રહ્મચારી ઋષિના મુખથી આ અવસર પ્રાપ્ત થવો એ એક મારા પિતામહોના આશીર્વાદનું ફળ છે. પરીક્ષિત ફરી બોલ્યા. " વિના કોઈ ભાગ્ય આવો અવસર શી રીતે મળે? " આમ બોલતાં બોલતાં એમને હર્ષાશ્રુ પ્રાપ્ત થયાં.

એ બોલ્યા," મહારાજ મેં સાંભળ્યું છે કે કૃષ્ણ કાલિયા નાગનો પાદનૃત્ય દ્વારા ગર્વ વિનાશ કર્યો. આ લીલાનો ગૂઢ અર્થ શો છે? આ ચમત્કાર દ્વારા કયા મહાન સત્યનું જ્ઞાન થાય છે? કૃપા કરી આપ એ વિષે સંભળાવો અને મારા સંદેહ દૂર કરો.

# અધ્યાય ૪૦

આ દૈવી બાળક ગોપાલ જાતે ભગવાન જ હતા અને માનવરૂપે અવતાર લેવાનું પ્રયોજન પોતાની લીલાનો વિસ્તાર હતું. એ પાંચ વર્ષ સુધી માનવ બાળ જેવા મોટા થયા. એમની ઈરછા કે ગતિ કોઈ જાણી શકતું ન હતું. પોતાની લીલા વિષે એ કદી ક્યારેય કોઈને કહેતા ન હતા. દરેકે એટલું ધ્યાન રાખવાનું હતું કે એમની આજ્ઞાનું પાલન કરવું. ગમે તેટલું જ્ઞાન હોય તો પણ એમનો સ્વભાવ, કાર્ય હેતુનો ખ્યાલ આવતો જ નહિ. એક દિવસે એમણે ચુપચાપ ગાયોને એકત્ર કરી. માતા પિતાએ તો જાણ્યું પણ નહિ. રોજ મોટાભાઈને ખબર પડી જતી અને સાથે જતા પણ આજે ખબર મોટાભાઈનેય ન પડી અને ભગવાન એક્લા જ ગોપ બાળોને લઈને યમુના કિનારે પહોંચ્યા. નદીના ભયંકર સ્થાન જ્યાં માનવ પણ જતાં ગભરાય તે સ્થળે તે ગયા.

એ સ્થાનનો અમંગળ ઈતિહાસ હતો. એવા પ્રવાહોનાં પાણી સાધારણ સ્થિર અને માટીથી મેલું હોય પણ આ જગ્યાએ તો પાણી ખૂબ ગરમ અને કાળું હતું, કાયમ પાણી ઉકળતું રહેતું અને વરાળ નીકળતી હતી. પરિણામ એના ઉપર વાદળ છવાયેલાં રહેતાં. નવાઈની વાત તો એ હતી કે કોઈ પણ જીવ એ ભયાનક વાતાવરણમાં શ્વાસ લે તો તત્કાળ એનું મૃત્યુ થઈ જાય. પક્ષીઓ પણ ઉપરથી ઊડતાં ઊડતાં એ વિષયુકત હવા આગળ દુ:ખના માર્યા પાંખો ફફડાવીને મૃત્યુ પામી પાણીમાં ડૂબી જતાં.

ગોકુળમાં આ ભયંકર ધરા માટે બધાને ખબર હતી. બાળકોને ખૂબ સાવચેતી પૂર્વક એ તરફ જતાં રોકતા અને પશુઓને પણ ત્યાં જતાં બચાવતા. આજે કનૈયાએ બાળકોને એ ધરા તરફ જવા કહેતાં બાળકોએ ન જવા કહ્યું. એમણે ઘણા સમય સુધી પ્રાર્થના કરી પણ સર્વ વ્યર્થ બન્યું. એ બોલ્યા, એ ધરા તરફ જઈશું જ; કારણ પહેલેથી જ એ નિશ્ચય હતો. બાળકોએ એ રોકવા ઘણો પ્રયત્ન કર્યો પણ જે થવાનું નક્કી હતું એને કોણ રોકે? બાળકોને દૂર કરી એમણે જાહેર કર્યું કે એ ઝેરી ધરામાં તરવાની ખુબ મજા આવશે.

બાળકોમાં એટલુ સાહસ ન હતું કે એ યમુના તટની ભયંકરતા વિણે કૃષ્ણને સભાન કરે અને એવી સામાન્ય વાત તો એ કદાચ સાંભળે પણ નહિ. પોતાન સંકલ્પ પ્રમાણે એક વૃક્ષ પર ચઢી ગયા અને ધરામાં કૂદી પડ્યા. બાળકો જેના કૃષ્ણ પ્રાણાધાર હતા તે બધા તો ભયથી ત્રસ્ત બની ને વ્યાકુળતાથી એમને પુકારવા લાગ્યા અને અત્યંત દુ:ખ ભર્યું ક્રંદન કરવા લાગ્યા.

એ સમયે ગોપાલ જળને મોજાથી ભરી દેતા ઉપર આવ્યા અને જાણે તરતા હોય એવી મુદ્રામાં આવી રહ્યા હતા. અચાનક એક મોટો સર્પ ઝેર ઓકતો આંખોમાંથી અગ્નિના તણખા નાખતો, એમનો પીછો કરતા જોયો. બાળકો તો આ બિભત્સ દ્રશ્ય જોઇ જ ન શકયા અને કનૈયાને બુમો મારવા લાગ્યા. "કૃષ્ણ ચાલ્યા આવો, આ તરફ આવો," પણ કૃષ્ણ તો એ રીતે તરતા હતા જાણે કશું સાંભળ્યું જ ન હોય. એ તો જળની અંદર આનંદપૂર્વક ઉત્તેજના| સાથે ફરી રહ્યા હતા. છેવટે સર્પે જળાશયમાં ચારે તરફ પાછળ

પડીને કૃષ્ણનો પીછો કર્યો અને પાણીમાં મોટાં મોજાનો ખળભળાટ મચાવ્યો. આમ જોઈને કેટલાંક બાળકો નંદ યશોદા ને સમાચાર આપવા વૃંદાવનમાં ગયાં. આ સમાચાર આપતી વખતે પણ તે બાળક રડતાં હતાં.

એ ક્ષણેજ નન્દ યશોદા ગોપ ગોપી બધાં ગોકુળ વાસીઓએ ભયભીત બનીને કૃષ્ણ પર કોઈ વિપત્તિ આાવવાની છે એમ માની બેઠા અને દોડ્યા. એમાં મેટાબાઈ બલરામ પણ હતા. એમને તો કૃષ્ણની અમોઘ શક્તિ પર વિશ્વાસ હતો. એમણે માતા પિતા ને શાંત કરવા પ્રયત્ન કર્યો અને સમજાવ્યું કે કનૈયા પર કોઈ વિપત્તિ આવે તેમ નથી. આ રીતે એમના મનમાં અનેક પ્રકારે સાંત્વના દેવા લાગ્યા. થોડાક સમયમાં તો ઘરાની ચારે તરફ એક જનસમૂહ ભેગો થયો અને બધા દુઃખથી કૃષ્ણ કૃષ્ણ એમ પોકારવા લાગ્યા. કેટલાકે તો નાગ અને કૃષ્ણ બંનેને જોઈ ભાન પણ ગુમાવ્યું હતું. અરે? એ દ્રશ્ય કેવું વિદારક હશે?"

અનેક ગાપીઓ તો જોઈજ ન શકી. કનૈયો એ ભયંકર દાનવની લપેટમાં પરાક્રમપૂર્વક છૂટવા માટે યુધ્ધ કરે છે, અને એ સર્પ તીવ્ર વિષધારા ઓકી રહ્યો છે. યશોદા અને બીજા ગોપીજનો અચેત બનીને પૃથ્વી પર પડી ગયાં બીજા એમની સેવા કરવા લાગ્યા. જ્યારે એમને ભાન આવ્યું ત્યારે કૃષ્ણનું નામ પુકારીને રૂદન કરવા લાગ્યાં. યશોદા તો ખૂબ કષ્ટ પૂર્વક વિલાપ કરવા લાગી. મારા વહાલા ? આટલો બધો વખત આ સાપ કયાં છુપાઈ રહ્યો હતો અને આજે એ ક્યાંથી નીકળ્યો ?

સાથીઓ પણ વિચારમાં પડી ગયા. 'શું આ નાગ કૃષ્ણને છોડીને આપણા પર આક્રમણ કરશે ? એને કૃષ્ણને છોડયા નહિ. કેટલીક ગોપીઓ તો પાણીમાં કૂદી પડવા તૈયાર થઈ; એ આશામાં કે સાપ કૃષ્ણ ને છોડી એમના પર આક્રમણ કરે. એ બોલ્યાં, "અમે અમારા પ્રાણો આપી દેવા તૈયાર છીએ પણ કૃષ્ણ ના પ્રાણ તો બચી જશે" પણ બળરામે એમને રોકયાં. એમણે એ સર્વને સમજાવ્યું કે કૃષ્ણ ને કશું થવાનું નથી, એ તો સાજા સમા પાછા આવશે. બળરામે કૃષ્ણ ને પુકારીને કહ્યું કે જલ્દી એ દૈત્ય ને મારીને વિજય પ્રાપ્ત કરો અને પાછા ફરો.

અનેક ગોપીજનો ખૂબ વ્યગ્રતાથી પ્રાર્થના કરવા લાગી. કૃષ્ણુનો જય થાવ, એમની રક્ષામાં આખા વિશ્વની રક્ષા છે.કૃષ્ણ આખા વિશ્વના એકમાત્ર અધિપતિ છે. અમારા કૃષ્ણ સાપના ફાંસામાંથી જલ્દી છૂટો." એમની પ્રાર્થના તો કૃષ્ણને માટે હતી જેને એ મુક્ત કરાવવા માગતી હતી. પ્રાર્થના પૂરી થતાં એમને જોવા માટે આંખો ખોલી તો એક વિશાળ મેદની કૃષ્ણ સર્પમાંથી મુકત થયા કે નહિ તેની પ્રતીક્ષા કરી રહી હતી. સ્થિર નેત્રોથી હમણાં કૃષ્ણ મુકત થશે એવી આશા રાખી રહ્યાં હતાં. એ ક્ષણેજ 'અરે ! તને શું કહું', કેવી રીતે એ દ્રશ્ય મારાથી વર્ણવી શકાય ? આમ બોલીને શુકદેવ આગળ ન બોલી શકયા. એમના હ્રદય નો આનંદ, શોક, આશ્ચર્ય પ્રેમનો જે પ્રવાહ વહી રહ્યો હતો તેને ન રોકી શકયા. એ એટલા તો આવેગમાં આવી ગયા કે હાથથી મુખ ઢાંખીને આંસુઓને વ્યર્થ રીતે રોકવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

પરીક્ષિત આ જોઈ વ્યાકુળ થઈ પૂછવા લાગ્યા, મહારાજ આતે કેવું આશ્ચર્ય ? પછી શું થયું? શી આફત આવી છે કે આપ આ રીતે વિલાપ કરી રહ્યા છો ? કૃપા કરીને મને જલ્દી બતાવો ?

શુકદેવે પોતાની જાત પર કાબૂ મેળવી વસ્ત્રના એક છેડાથી આંસુ લૂછી નાખતાં કહ્યું, "મહારાજ કોઈ વિપત્તિ આવી નથી, - અત્યાર સુધીમાં તો એક આશ્ચર્ય જનક ઘટના બની ગઈ હતી. કૃષ્ણ એટલા ઉતાવળથી એવા વિશાળ મહાકાય બનવા લાગ્યા કે સર્પ ધીરે ધીરે એમના શરીરને છોડવા લાગ્યા. જયારે ગોપ ગોપીજનોએ પોતાની આંખો સામે બાળ ગોપાલને વધતા જોઈ આનંદ અચંબામાં પડી ગયા. છેવટે સર્પે એમને છોડવા જ પડયા, સર્પ એટલો થાકી ગયો હતો કે કોઈ પણ જાતની હાનિ કરી શકે તેમ નહતું પણ એનો ક્રોધ એટલો વધારે હતો કે જળ અને વાયુમાં વિષ ઓકતો રહ્યો. દરેક પળ ફેણને ઉંચકીને કૃષ્ણ તરફ એવી રીતે જોતો હતો કે હજી એની ઈચ્છા કૃષ્ણ ને સમાપ્ત કરવાની ગઈ ન હતી.

એ ક્ષણે જ કૃષ્ણે એની પૂંછડી પકડીને પાણીના પ્રવાહ ધાર પર ખૂબ જોરથી ફેરવવા લાગ્યા. આનાથી સર્પને માથાં નમાવવા પડયાં પણ એ પાણીની બહાર ઉંચે ઉઠાવી રાખવા પ્રયત્ન કરતો રહ્યો. આ વખતે કૃષ્ણ ભગવાને એક હાથે એનું પૂછડું પકડયુ' અને એના ઉપર કૂદયા અને મસ્તંકો પર નૃત્ય કરવાનો વિચાર કર્યો. એ સર્પ ભગવાનનો ભાર સહન ન કરી શક્યા. ભગવાને એના પર નૃત્ય કરવાનું શરુ કર્યું. એના નાક, મોઢું અને અંગોમાંથી રુધિર નીકળવા માંડ્યું અને તે દુઃખ અને લાજનો માર્યો હેરાન થવા લાગ્યો, અને છેવટે તો તેને શ્વાસ લેવા પણ અઘરા પડ્યા અને મરણતોલ હાલતમાં આવી પડ્યો. આને જોઈને ગોપ લોકો આનંદથી પોકાર કરી ઉઠયા, "કૃષ્ણ હવે તો પાછા ફરો, તમે આ દૈત્યથી અમારા બધાનું રક્ષણુ કર્યું છે. હવે કોઈ સંકટ રહ્યું નથી, તમને વિજય મળ્યો છે. અમને અમારી પ્રાર્થનાઓનું ફળ મળ્યું છે. આપના સુખ માટે અમે અનેક પુણ્યો અર્પણ કર્યા છે. ' ગોપ લોકો જ્યારે આ પ્રકારે પ્રસંગનું પરિવર્તન થવાથી આનંદ માણી રહ્યા હતા તે વખતે, સર્પની પત્નીઓ પાણીમાંથી બહાર આવીને ભગવાન કૃષ્ણના પગે પડી પ્રાર્થના કરવા લાગી "પ્રભો ! આપે દુષ્ટોના વિનાશને માટે અવતાર ગ્રહણ કર્યો છે. દૈત્યોનો સંહાર અને તેના અહંકારનો નાશ કરવો તે યોગ્ય છે. આપે કેવળ આપના ઉદેશ્યને પાર પાડવા માટે જ કાર્યો કર્યા છે. અમારો પતિ ગમે તેટલો નિર્દય કેમ નથી પણ જ્યારે આપનું ચરણ એના મસ્તક પર પડયું છે, ત્યારે તો જરૂર એનો સ્વભાવ બદલાયો હશે. ભગવાન એને ક્ષમા કરી અને આર્શીવાદ આપી અમારા પતિને પાછો આપો. એને બચાવો અને એવા આશીર્વાદ આપો કે એ કોઈપણ જીવને નુકશાન ન કરે.''

ભગવાને એની પ્રાર્થનાનો સ્વીકાર કરવાનો વિચાર કર્યો અને સર્પને ક્ષમા આપી; એને જતાં જતાં આવું કહ્યું', " હવે કોઈને પણ તું' નુકશાન ન કરીશ, સ્વભાવમાં સાત્વિક બનજે. ' તને આશીર્વાદ આપુ' છું કે તને પણ કોઈ નુકશાન નહિ કરે, તારા મસ્તક ઉપર મારા ચરણનાં ચિન્હો છે, એનાથી તારો સ્વભાવિક શત્રુ (ગરૂડ) એ પણ તને નુકશાન નહિ પહોંચાડે, શાંતિથી જાવ અને રહો."

# અધ્યાય ૪૧

“હે મહર્ષિ? હું ભગવાન કૃષ્ણની બાળલીલાઓની કેટલી વાતો કેમ ન સાંભળું? મારી તૃષ્ણા સંતોષતી નથી. વાસ્તવમાં આ મનોહર બાળક કૃષ્ણ ઈશ્વર જ હતા. જેમાં અસ્તિત્વ ધરાવનાર સર્વે સમાવિષ્ટ હતા, છતાં એ એવો વ્યવહાર કરતા કે માનો કે માનવ બાળ છે. અરે? મારૂ કેટલું સદ્‌ભાગ્ય જ્યારે હું વિચારું છું ત્યારે મને લાગે છે એ મારા આ જન્મનાં પુણ્યનું જ ફળ નથી. જીવનની છેલ્લી સંધ્યાએ શેષશાયી ભગવાનની લીલાઓનાં શ્રવણ કરું છું. એ ઋષિના શાપે તે મારાં પાપ ધોઈ નાખ્યાં છે. હું મુનિના ક્રોધને સો સો વાર પ્રણામ કરું છું, જે દ્વારા આ અવસર મને મળ્યો છે.

જેમ જેમ મારો અંતકાળ નજીક આવતો જાય છે તેમ તેમ ભગવાનની મધુર લીલાઓના વર્ણન માટે મારી આકાંક્ષા પણ વધતી જાય છે. એ મને મદમત્ત અને ઉન્મત્ત બનાવે છે. જીવનને અંતે શાંતિપૂર્ણ વીતરાગપણાની આકાંક્ષા મારી પૂરી કરે છે.

પરીક્ષિતે ભક્ત. હૃદયે ઋષિને પ્રણામ કર્યા અને બાળ કૃષ્ણની લીલાઓ સંભળાવવા પ્રાર્થના કરી. ઋષિના મનમાં આ પ્રાર્થનાથી દયાનો સાગર છલકાય. એ બોલ્યા “ રાજા? આ અસંખ્ય લીલાઓમાંથી તું કઈ સાંભળવા માંગે છે? એમની સંખ્યા તે એટલી બધી છે કે વર્ષો સુધી સાંભળવામાં આવે તે પણ પૂર્ણ ન થાય. ગમે તેવો પૂર્ણ માણસ હોય તે પણ થોડા સમયમાં એ ચર્ચા ન થઈ શકે.”

રાજા પરીક્ષિતે કહ્યું “ પ્રભો, મેં ’ સાંભળ્યું છે કે કૃષ્ણ, બલરામ ગુરૂ સાંદિપનીને ઘેર સર્વવિધાઓ અને કલાઓ મેળવવા ગયા હતા; તો બ્રહ્માંડ નાયક સર્વજ્ઞ પરમાત્માને એવું શિક્ષણ અલ્પજ્ઞ પાસેથી મેળવવાની જરૂરી ખરી? આ પણ એમની એક લીલા જ હશે. એ નાટય પ્રયોગના સૂત્રધાર ગોપાલને જ ખબર છે કે કોની કયારે રક્ષા કરવી કે કોના ઉપર કયારે કૃપા કરવી? કદાચ ગુરૂ સાંદિપનીને મોક્ષ આપવા માટે તો આ યુકિત નહિ કરી હોય? તો પછી સાંદિપનીની વાતો મને પણ કહો જેથી મારી પણ મુકિત થાય.” શુકદેવ બોલ્યા, “રાજા તમે તે જે કહ્યું તે તદ્દન સાચું છે. એ બધી પ્રભુની લીલા છે. નાટય પ્રયોગ એમનો છે અને રંગમંચ આખું બ્રહ્માંડ છે. અનેક પર્દા, કમરા, વગેરેમાં મુક્તિના દૃશ્ય ભજવવામાં આવે છે. જેવા કે સાંદિપનીનો અવસર આવ્યો તો પ્રભુએ એમને આ પ્રકારનો આશીર્વાદ આપ્યો. શ્રવણ કરો હું તમને એ નાટકનું વર્ણન સંભળાવીશ.

કૃષ્ણ બલરામ સૂર્ય જેવા તેજસ્વી વિકાસોન્મુખ પ્રતિભાથી વધવા લાગ્યા. માતાપિતાએ ભવિષ્યનો વિચાર કર્યો; કારણ કે પ્રેમનાં પૂર એમના માટે એમના દિલમાં હતાં. એમણે વિચાર્યું કે બાળકોને વિધા, કલા, જ્ઞાન તો એમની અવસ્થા પ્રમાણે મળવું જ જોઇએ. પુરોહિતોને બોલાવીને મુહુર્ત નકકી કરવા કહ્યું. ખૂબ ઉત્સાહપૂર્વક વેદાધિકાર સિદ્ધિ માટે ઉપનયન વિધિ કરવામાં આવ્યા, જેથી વિધાર્થીને ગુરૂજી પાસે જઇ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર પ્રાપ્ત થાય. શાસ્ત્રાનુસાર અનેક પ્રકારનાં દાન આપવામાં આવ્યાં. વ્રજવાસીઓએ અનેક ઉત્સવો મનાવી આનંદ પ્રાપ્ત કર્યો .

આ પછી માતા પિતાએ અનેક પંડિતો ને બોલાવી એમની સાથે ચર્ચા કરી કે આ બાળકોના અધ્યયન માટે કયા ગુરુ શ્રેષ્ઠ છે , યોગ્ય છે. પુરોહિત વર્ગે કહ્યું કે સાંદિપની શ્રેષ્ઠ છે. એ અવંતીના મહાન વિદ્વાન પંડિત છે અને ગંગા તટે કાશી નગરમાં નિવાસ કરે છે.

એ બોલ્યા સાંદિપની એક ઋષિ છે; જો કે માતા પિતા બાળકોને આટલે દૂર સુધી મોકલવા ન ઇચ્છે. પણ એ જાણતાં હોય છે કે ગુરૂ વિના જ્ઞાન મળતું નથી. એમણે એ વાતનો સ્વીકાર કર્યો અને કૃષ્ણ બલરામને ગુરુને ઘેર મોકલ્યા. ત્યાં જઈને બાળકોને સાંદિપની ના સાન્નિધ્યમાં મૂક્યા અને ગુરૂ ઘેર રહેવાની વ્યવસ્થા કરી. ત્યાર બાદ એ બધાં ખૂબ દુઃખી હૃદયે ગોકુલ પાછાં ફર્યાં.

તે દિવસથી બલરામ અને કૃષ્ણ શ્રદ્ધાપૂર્વક સાંદિપની પાસે અધ્યયન કરવા લાગ્યા. રાજા? હજારો વિદ્યાર્થી એવા હોય કે જે ઓ ગુરુ પાસે અધ્યયન કરે છે પણ એવા ખૂબ ઓછા હોય કે જે ગુરૂજીને સંતોષ અને આનંદ આપે. દરેક વિદ્યાર્થી આટલું તો કરવું જ જોઈએ — ગુરૂજીને સંતોષ અને આનંદ, ભણેલી વિદ્યાનું મનન, ઇન્દ્રિયોના સુખોથી દૂર રહેવું, સંયમી બનવું, ઉદ્દેશ્ય કેવળ વિદ્યા પ્રાપ્તિનો છે, એને કર્તવ્ય સમજવું. બલરામ અને કૃષ્ણમાં આ ગુણો હતા.

એમણે ક્યારેય ગુરૂજીની શિક્ષામાં કોઈ કુશંકા ન કરી કે ન તો એમની ઇચ્છા વિરૂધ્ધ કાર્ય કર્યું. ગુરૂજીની આજ્ઞા વિના એ કશું જ કરતા નહિ. અખંડ ભૂમંડલના અધિપતિ હોવા છતાં ગુરૂજી સાથે એવા શ્રદ્ધા પૂર્વકનો વ્યવહાર રાખ્યો કે જેવી એમની ખ્યાતિ હતી. એકાગ્રતા એમની અદ્વિતીય હતી, અધ્યયનનું પૂર્ણ રીતે એમણે મનન કર્યું. સાંદિપનીએ જ્યારે એમની લગની અને શ્રદ્ધા જોયાં ત્યારે હૃદય ખૂબ પ્રસન્ન થયાં. જયારે એમણે આ બાળકોને જોયા તો એમણે અનેક પ્રકારની વિદ્યાકલાઓમાં શિક્ષણ આપવાનો વિચાર કર્યો. ચાર વેદ, વેદાન્ત, ન્યાય, વ્યાકરણ આદિ શાસ્ત્રોનું શિક્ષણ આપ્યું. રાજા? એનું શું વધારે કહેવું? પૃથ્વી પર એવા બુદ્ધિશાળી થયા છે જેમણે કોઈ એક વિષય પાંચ વર્ષ, એક વર્ષ કે એક મહિનામાં ગ્રહણ કર્યો હોય, પણ સાંભળો, બલરામ અને કૃષ્ણ તો સાંદિપની પાસે ચોસઠ દિવસ પૂરતા જ રહ્યા હતા અને આટલા ઓછાં સમયમાં જ ચોસઠ કલાઓ જ્ઞાન વિજ્ઞાનમાં પારંગત બન્યા હતા. આ તો અભ્યાસનું કેવળ એક બહાનું હતું. આપણે એમની દૈવી અલૌકિક લીલા કે વાસ્તવિક વ્યવહાર લીલા ને શી રીતે સમજીએ? કોઈ સાધારણ માનવ આટલું સરળતાથી શિક્ષણ પ્રાપ્ત કરી શકે ખરો! થોડા સમયમાં આ સર્વ વિષયો પર દક્ષતા મળે ખરી?

સાંદિપની જ્યારે એમની વિનયની ભાવના પર પ્રસન્ન થયા ત્યારે એમણે કરેલા નિષ્કામ ભાવના પૂર્ણ પ્રણામ સ્વીકારતા હતા. જ્યારે વાર્તાલાપ કરે ત્યારે એમના મનમાં દુઃખ થતું હતું અને અશ્રુઓ ને રોકી શકતા ન હતા. કૃષ્ણ બલરામ ના ખ્યાલમાં આ આવ્યું, પણ ઘણા વખત સુધી પૂછી ન શકાયું. એક દિવસ તો પ્રણામ કરીને પૂછ્યું "ગુરુવર્ય? જ્યારે જ્યારે અમે આપની સાથે વાર્તાલાપ કરતા હોઈએ છીએ તો અમને એમ

જણાય છે કે કોઈ ભૂતકાળના પ્રસંગ ની યાદે આપના અશ્રુ નીકળતાં હોય છે, જો યોગ્ય લાગે તો આપના કષ્ટનું કારણ અમને ન કહો?

જ્યારે એમણે આવી પ્રાર્થના સાંભળી તો એમના હૃદયમાં દબાયેલો દુઃખનો ઉભરો છલકાઈ ગયો અને કૃષ્ણને બન્ને હાથથી પકડીને ખૂબ કરુણ આક્રંદ કરવા લાગ્યા. કૃષ્ણને આનું કારણ ખબર જ હતું, પણ જાણે કશું જાણતા નથી એ રીતે એ વર્ત્યા. એ બોલ્યા, "ગુરુજી અમને કષ્ટનું કારણ બતાવો ત્યારે પણ જાણે કશું જાણતા નથી એ રીતે એ વર્યા. એ બોલ્યા," ગુરુજી અમને કષ્ટનું કારણ બતાવો, અમે અમારી બધી કુશળતા અને શક્તિથી એને દૂર કરવા પ્રયત્ન કરીશું ', ગુરુના હૃદયને આનન્દ આપવા સિવાય અમારે માટે બીજું કોઈ કાર્ય એટલું મહત્ત્વનું કે પવિત્ર નથી. સંકોચ વગર આપ અમને કહી દો. અમને બાળક માનીને આપ સંકોચ ન કરશો. કૃષ્ણ જ્યારે આ પ્રમાણે કહ્યું તે સાંદિપનીને સંતોષ થયો. સ્વસ્થ થઈને એમને બન્નેને પાસે બોલાવી પોતાની જમણી, ડાબી બાજુએ બેસાડયા.

એ બોલ્યા, " મારા વહાલા? તમે મને મળ્યા છો એ જ મારું સદ્‌ભાગ્ય છે. તમારી વાતથી જ મારી ઇચ્છા પૂરી થઈ છે એવો આનંદ મને થયો છે. મારી સમજમાં આવે છે કે તમે કાઈ સાધારણ બાળક નથી. અને મારું મન મને એમ કહે છે કે હું જે ઈચ્છા કહીશ તે પૂરી કરવાની સંભવ નથી, સંભવ જ નથી. મારા ભાગ્યમાં શું છે તેની મને ખબર નથી. આટલું બોલીને તે રોકાઈ ગયા અને ફરી રૂદન કરવા લાગ્યા. બલરામ એમના ચરણ પકડીને બોલ્યા, "ગુરુજી આપ સંદેહ શા માટે કરો છો? અમારા પર વિશ્વાસ નથી આવતો? અમે તો આપના પુત્રો છીએ. આપના આનન્દ માટે અમે અમારો પ્રાણ પણ આપી શકીએ છીએ.

બાળકોની ઊર્મિ અને વચનની દ્રઢતા જોઈને ગુરુજીને મનમાં લજજાની ભાવના આવી કે પોતાનાં દુઃખોનાં કારણ અત્યાર સુધી કેમ છુપાવ્યાં? " બાળકો, મારા વિવાહનાં વર્ષો વીત્યાં, મને એક પુત્ર હતો. મેં પ્રાણ કરતાં પણ વધારે વહાલથી એ પુત્રની સેવા સુશ્રુષા કરીને ઉછેરીને મોટો કર્યો. એક દિવસ સ્નાન કરવા તે દરિયા કિનારે પ્રભાસ ક્ષેત્રમાં ગયો અને સ્નાન કરતાં ડૂબી ગયો. તમારા બન્નેનો સદ્‌ભાવ શ્રધ્ધાભાવ, આજ્ઞાપાલન જોઈને મનમાં સાન્ત્વન મળે છે અને મેં મારું દુ: ખ ભુલાવી દીધું હતું. થોડા જ સમય માં તમારે જે વિદ્યા પ્રાપ્ત રવાની હતી તે કરી લીધી છે. હવે તો તમે વધારે સમય મારી પાસે નહિ રહો. તમારા ગયા પછી હું કોને જોઈશ? કોની સાથે પ્રેમ કરીશ? આ પ્રમાણે બોલીને ગુરુજી દુઃખભર્યો વિલાપ કરવા લાગ્યા.

ભગવાન કૃષ્ણ એમની પાસે જઈને ઊભા અને બોલ્યા" ગુરુ વર્ય, આપે અમને જે સર્વ વિદ્યા કલાઓનું અનુપમ રીતે જ્ઞાન આપ્યું છે, એની કૃતજ્ઞતાના બદલા રુપે અમારે પણ દક્ષિણા આપવાની છે. એજ અમારો ધર્મ છે. આ ક્ષણેજ જઈએ છીએ એજ સમુદ્ર ઉપર હુમલો કરીને. આપના સંતાનને લઈને આવીશું". એને પાછો લાવીને આપને આનંદ કરાવીશુ. અમે આ ગુરૂ દક્ષિણાની ભાવનાથી આ કાર્ય કરીશું, અમને આશીર્વાદ આપો કે અમે આ કાર્ય કરી શકીએ." એ પગમાં પડયા અને ઉભા થઇ પછી માત્ર આજ્ઞાની અપેક્ષા

કરી. સાંદિપનીને પૂર્ણ વિશ્વાસ હતો કે આ બાળકો માણસ નથી, એમની સફળતાની પૂર્ણ આશા હતી. એમણે બાળકોને ગળે લગાડયા, મસ્તક પર હાથ રાખી આશીર્વાદ આપ્યા. રાજાએ કહ્યું, "પ્રભો, એ કેટલા પુણ્યશાળી કે આ સર્વ આંખોથી જોયું ? કૃષ્ણ તો ઈશ્વર છે, જે મનુષ્ય અવતાર લઈને આવ્યા છે . તેમાં ત્રિકાળ જ્ઞાન અબાધિત છે. ગુરુની આજ્ઞા મેળવીને શુભાશિષ સાથે, બન્ને સાગર તટે પહોંચ્યા અને કિનારે ઊભા રહીને સમુદ્રને આજ્ઞા આપી કે ગુરુપુત્રને પાછા સોંપી દો. એમ નહિ કરો તો અમારે હાથે ભયકંર દંડ ભોગવવો પડશે. આ શબ્દો સાંભળીને સમુદ્ર ભયથી કાંપી ગયો. બંનેના ચરણને સ્પર્શ કરીને બોલ્યો, "ક્ષમા કરો. આ અમારી ભૂલ નથી. બાળક જ્યારે સ્નાન કરી રહ્નો હતા ત્યારે પ્રારબ્ધથી પાણીમાં પડી ગયો હતો. એ સમયે દાનવ પંચજન્ય ઊંડાણમાં રહે છે તે એને ગળી ગયો અને પેટમાં રાખ્યો છે. જે બન્યું છે તે સત્ય છે અને એની જવાબદારી આપ ઉપર છોડું છું."

સાગર જયારે આવું બોલ્યો, ત્યારે કૃષ્ણે સ્વીકાર કર્યો, " સારુ, મેં તમારું કહેવું સાંભળ્યું છે." આમ બોલીને તે સમુદ્રનાં ઉંડાણમાં પ્રવેશ થાય એ રીતે કૂદી પડયા. દૈત્યની સાથે હાથો હાથ યુદ્ધ કરવા લાગ્યા. દૈત્ય મરવા જેવો થયો ત્યારે મરતી વખતે બાળકને યમરાજને સોંપી દીધો. એના શરીરને ચીરવા છતાં બાળક જયારે પ્રાપ્ત ન થયો અને ખૂબ ગુસ્સે થઈને એના શરીરમાં શોધવા લાગ્યા, તો એક મોટો શંખ હાથ આવ્યો. એને મેળવ્યા પછી કૃષ્ણ સીધા સમુદ્રમાંથી નીકળી યમરાજાની નગરીમાં ગયા, યમદ્વારે પંચજન્ય ના દેહમાંથી પ્રાપ્ત શંખ વગાડયો. એનો અવાજ એ વજના ગર્જના જેવો હતો.

યમ ભયથી બારણે દોડી આવ્યા. એમને બલરામ અને કૃષ્ણને જોયા અને આટલે દૂર સુધી આવવાનું કારણ પૂછયું'. બન્ને બાળકોએ ગુરપુત્રને લઇ આવી અર્પણ કરવાનો આદેશ આપ્યો. હાથ જોડીને યમરાજાએ કહ્યું, " જેવી આજ્ઞા" એમણે દૂતોને આજ્ઞા આપી અને ક્ષણમાં જ ગુરૂપુત્ર દેવો ના હાથમાં આવી ગયો. પુત્ર ને લઈને એ સીધા ગુરૂજીના આશ્રમમાં આવ્યા અને ગુરુજી ની સામે ઉભો રાખી બાજુએ ઊભા રહી બોલ્યા, " ગુરુજી આ અમારી ગુરુદક્ષિણા છે," " કૃપા કરી એનો સ્વીકાર કરો" આ પ્રમાણે કૃષ્ણે પ્રાર્થના કરી.

એમના માતા અને પિતાની પ્રન્નતાનું વર્ણન થાય એમ નથી. એ તો આનંદ મહાસાગરમાં ડૂબી ગયા કારણ કે ગુરૂ પુત્રને મૃત્યુના હાથમાંથી છોડાવી લાવવો, એમાં ફરી પ્રાણ ભરવા એ ચમત્કાર મનુષ્ય નહિ પણ દેવતાજ કરી શકે. સાંદિપની માટે તો શું કહેવું ? એ તો જાણતા જ હતા કે એ નર-નારાયણુ રૂપ છે અને જ્યારે આવો વિચાર કર્યો કે દેવો એમને શિષ્યરૂપે પ્રાપ્ત થયા છે એ એમના ગુરુ છે ત્યારે તો એમની પ્રસન્નતાની સીમા ન રહી. મનમાં જ એમણે એ બન્નેને પ્રણામ કર્યા કે દેવો એમને શિષ્ય રૂપે પ્રાપ્ત થયા છે એ એમના ગુરુ છે ત્યારે તો એમની પ્રસન્નતાની સીમા ન રહી. એમને હર્ષાશ્રુ આવ્યાં, આલિંગન આપી આશ્રમમાંથી જવા માટે વિદાય માપી.

કૃષ્ણ, બળરામે ગુરૂ પત્નીની વિદાય લઈ રથમાં બેસી મથુરા તરફ જવા પ્રસ્થાન કર્યું. નગર નિવાસી જનોએ જયારે આ ભાઈઓની ગુર ભકિત વિશે વાત જાણી ત્યારે તો

ખૂબ આનંદ થયો કે પ્રભુ એમની વચ્ચે આવ્યા છે. રાજા? થોડો વિચાર કરો કે કૃષ્ણ ભગવાનનો અભ્યાસ, એમને વ્યવહાર, એકાગ્રતા, જેણે ભલભલા મોટાઓને પણ પ્રેરણા આપી હતી અને સુખ આનંદ આપ્યાં તે કેટલો આકર્ષક હશે ! ઉપલી નજરે જોતાં નાનામાં નાનું તુચ્છ કામ હોય તે પણ ગંભીર અને વિશેષતાભર્યુ હોય છે. મૂર્ખા એને ન સમજે અને મહત્વ ન આપે. વિશ્વમાં એવો કોઇ માણસ છે કે જે કહી શકે કે તે માછલીને તરતાં શીખવી શકે? એ રીતે જ ઈશ્વરને કોણ જ્ઞાન આપી શકે અને ગુરુ બની શકે? જો કે સમસ્ત જ્ઞાન એનો જ ભંડાર છે અને એની દયાથી પ્રાપ્ત થઇ શકે છે પણ તે આદર્શ વિદ્યાર્થીનો અંશ બની ગ્રહણ થઈ શકે છે. વિશ્વને પોતાના ઉદાહરણથી જ શીખવે છે કે ગુરુની આવશ્યકતા છે ,ગુરુની સેવા કરવાની છે, શિક્ષણ દ્બારા નમ્રતાનો ભાવ આવવો જોઈએ અને ગુરુ પ્રત્યે કેવી રીતે શ્રધ્ધા કૃતજ્ઞતા દર્શાવવી જોઇએ એ સર્વ સ્પષ્ટ કર્યું છે. આજના વિદ્યાર્થીઓને એ બતાવવા માટે ભગવાને સ્વયં વિદ્યાર્થી બનીને એ આદર્શ સામે રાખ્યો છે. ધ્યાનમાં રાખજો કે ઈશ્વરની લીલા અને એનું રહસ્ય કેટલું સૂક્ષ્મ છે. આ વાત સ્પષ્ટ કરતાં કરતાં શુકદેવની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી.

# અધ્યાય ૪૨

મહારાજ પરીક્ષિત ભગવાન કૃષ્ણની ગુરૂજી પ્રત્યેની કૃતજ્ઞતા અને ઉત્સાહ વર્ધક કથા શ્રવણ કરી રહ્યા હતા. એમણે અચાનક આંખો ખોલી તો ગુરૂજીને સામે જોઈને બોલ્યા, "અહા! કૃષ્ણ લીલાના ચમત્કાર આવા આશ્ચર્યજનક અને રહસ્યાત્મક છે. એક કરતાં એક ચઢીઆતા છે. પૃથ્વીને સુધારવા માટે ભગવાન અનેક ભાર સહન કરી શકે છે. આ દ્વારા પોતાના સામર્થ્યનો અને અલૌકિક શક્તિને પરિચય આપે છે. પણ માયાનો ઘોર પડદો મનુષ્યની આંખોમાં છવાયેલો છે કે એ દેવત્વને પામી શકતું જ નથી અને પ્રભુની લીલાઓને કેવળ બાહ્ય લૌકિક રમત તરીકે જ જુએ છે. ”

શુકદેવજીને મહારાજ પરીક્ષિતના મનની વાત ખ્યાલ આવી ગઈ. એમણે ઉત્તર આપ્યો,“ મહારાજ,? માયા અને ભ્રમ એ તે મનુષ્યનાં પૂર્વ કર્મોનું પરિણામ છે. માયાનો પ્રભાવ સારાં કાર્યોથી હઠાવી શકાય. એ જ્યારે વિનાશકાળ નજીક હોય ત્યારે જ પ્રભાવ બતાવે છે, પૂર્વ જન્મનાં કર્મો સારો હોય તો પાપ વૃતિને સારી પ્રવૃતિ દબાવી દેશે અને મનુષ્યને ઈશ્વર પ્રત્યે આદર થશે. તે ઈશ્વર (અંતર્યામી) ની સાથે અભેદ જોડાણ સાધશે એના પર અવલંબન (આશ્રય) રાખીને જીવન વ્યતીત કરશે.

આનાથી ઉલટું કોઈએ પૂર્વજન્મમાં પાપ કર્મ કર્યાં હોય તો તેના પર કાળાં વાદળ છવાઈ રહેશે જે એને ઈશ્વર અભિમુખ થતાં રોકશે. એવો માનવ ન તો ઈશ્વર ચિંતન , કે લીલાઓનું શ્રવણ કે પછી પોતાના કલ્યાણ માટે કાર્ય કરી શકશે. બધી જ જગ્યાએ કેવળ સાંસારિક દ્રષ્ટિથી જોશે. ઈશ્વર ભક્તિ અને વિશ્વાસની ભાવના પોતાના પૂર્વજન્મોનાં કર્મોનો પ્રભાવ છે. થોડા સમયમાં એ ભાવનાનો વિકાસ થઇ શકતો નથી.

આ શબ્દો સાંભળીને પરીક્ષિતના મનમાં પુણ્ય, પાપ અને માનવ જીવનમાં એનો પ્રભાવ એ જાણવા ઈચ્છા થઈ આવી. આથી એમણે શુકદેવને પ્રાર્થના કરી કે એ પ્રભુની એકાદ વાત એવી કહો જેથી પાપ અને પુણ્ય ના સિધ્ધાંતો સ્પષ્ટતાપૂર્વક સમજી શકાય.

શુકદેવજીને આ વાત પર હસવું આવ્યું. " રાજા, ભગવાને તો શ્રાપ પામેલા અનેક ના રક્ષણ કર્યા છે. પહેલા કહ્યું તેમ એમના બચપણથી જ અનેક રાક્ષસોનો સંહાર એમના દ્વારા થયો હતો, એ સર્વ પ્રાકૃત જ દુષ્કાર્યોના પરિણામે શાપિત બનીને એમના જન્મ થયાં હતા, પણ પ્રભુને હાથે એમનું મૃત્યુ થવાથી એ દોષ મુક્ત બની ગયા. આ સ્થળે રાજાએ મુનિને કહ્યું," વૃક્ષ ( દામોદર લીલા) ઉખાડવાની ઘટના આશ્ચર્યકારક હતી. જો આપ એનું વર્ણન કરો તો મને આનંદ થશે. શુકદેવ તો હંમેશાં રાજા ને સંતોષ અને શાંતિ આપવા ઉદાત્ત હતા એમણે કથાનો પ્રારંભ કર્યો.

રાજા, જો કે ઘરમાં સેવકોની ખોટ ન હતી, પણ દૂધ ગરમ કરવું, દહીં બનાવવું, મંથન કાર્ય, નવનીત તૈયાર કરવું આ સર્વ કાર્યો યશોદા જાતે જ રૂઢી અનુસાર કરતાં હતાં

એક દિવસ વહેલા બ્રહ્મ મુહૂર્ત માં ઉઠીને સ્નાનવિધિ કરી પ્રાતઃકાળનાં કાર્યોમાં તત્પર બન્યાં. પ્રભુના ગીત ગાતાં ગાતાં દધિમંથન આરંભ્યું.

એ સમયે ગોપાલ ધીરે ધીરે પ્રભુ ગુણગાન સાથે દધિમંથન કરતાં માતાજી પાસે આવ્યા. વસ્ત્રોનો એક છેડો ખેંચ્યો. આ પ્રકારે ખેંચાતો છેડો જોઈ માતા ચમકયાં. પાછળ ફરી જોયુ તે એનો બાળ કનૈયો હતો. મંથન બંધ કરી બન્ને હાથે કનૈયાને ઉપાડી વહાલ કર્યું, " મારા લાલ, હજી તો પ્રાતઃકાળ થયો નથી. આટલા વહેલા કેમ ઉઠયા? જાવ થોડો સમય આરામ કરો, પણ લાલાએ તે જાણે ખૂબ ક્ષુધા લાગી હોય એવો દેખાવ કર્યો અને પોતાની વાત સાચી બતાવવા રડવાનું શરૂ કર્યુ ; જેથી માનું હૃદય પીગળી જાય. એમણે મન્થનપાત્રનું મોઢું બંધ કર્યું અને બાળ કૃષ્ણને ખોળામાં લઈ સ્તનપાન શરૂ કર્યું, સાથે સાથે લાડ લડાવીને કૃષ્ણને વહાલ પણ કર્યું. એ સમયે યશોદાજીએ કોઈ વાસણ પડવાનો શબ્દ સાંભળ્યો અને કદાચ બિલાડીનું કાર્ય હશે એમ માની જોવા જતાં બાળકને નીચે મૂકી તે સ્થળે જોવાં ગયાં. બીજા કમરામાં માતા ગઈ તે સ્તનપાનમાં વચ્ચે ભંગ પડવા બદલ લાલાને ક્રોધ આવ્યો. એમણે મંથન પાત્ર જોયું અને સમગ્ર કોપનું નિશાન એને બનાવ્યું. મંથનનો રવૈયો જોરથી ખેંચ્યો અને એમાંથી દહીં વહેવા લાગ્યું. થોડું માખણ મેઢામાં મુકયું અને ઓરડામાંથી જલ્દી દોડી ગયા કે જેથી મા કશો ક્રોધ ન કરે. યશોદાએ આવીને જોયું તે પાત્રના ટુકડે ટુકડા થયા હતા. દહીં માટીમાં ઢળ્યું હતું અને માખણ તો હતું જ નહિ. ચોકકસ કનૈયાનું આ કાર્ય હશે. દરેક સ્થળે કનૈયાને શોધવા માંડયો.

કનૈયો કયાંય જડયો નહીં. પડોશણોને જઈને પૂછ્યું કે કદાચ એ જાણતી હોય. બધાંએ કહ્યું, એમને ઘેર એ આવ્યો નથી કે એને જોયો નથી. યશોદા ભયભીત બની ગઈ." ચોકકસ એ પાત્ર તોડવાથી દહીં ઢળ્યું એના અપરાધથી ક્યાંક ભાગી ગયો હશે? બિચારો બાળક? આ અંધકારમાં ક્યાં ગયો હશે? " આ પ્રકારે ચિંતા કરવા લાગી અને દરેકના ઘરમાં શોધવા લાગી. છેવટે એમણે બાળકને કનૈયાને શીકે લટકતાં ગોરસાંને ઉતારતા જોયો. નીચે મોટું વાસણ ઊંધું મૂકીને ઉપરથી ગોરસું ઉતારીને બધાને વહેંચવા માટે તૈયારી કરી રહ્યા હતા.

એને જોતાં જ યશોદા બૂમ પાડી ઊઠયાં " ચોર? શું બધાના ઘરમાં તું આમ જ કરે છે? જ્યારે ગોપીઓ મને આવીને ફરીયાદ કરે તો હું એમને માથે અપવાદ આપતી હતી. આજે મેં મારી સગી આંખોએ તને જોઈ લીધો છે; છતાં પણ મને વિશ્વાસ આવતો નથી. આટલા દિવસ સુધી મેં કેટલી ભૂલ કરી. હવે પછી તને કયારેય છોડીશ નહિ. જોઅત્યારે તું બાળક છું એમ માની છોડી દઉ તો આગળ ઉપર તું મોટો અપરાધી થાય અને અમારા વંશને માટે અપમાન સૂચક બને. સારા વંશમાં બાળક ચોર થાય છે તે વંશને માટે કલંક છે. અને એ કલંક સહેલાઈથી ભૂસી ન શકાય. આપણા વંશની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે." એમને અપાર દુઃખ હતું. આટલું બધું પહેલાં એમને કયારેય લાગી આવ્યું ન હતું. એમને ક્રોધ આવ્યો અને દોરડું લાવી બાળકૃષ્ણને ખાંડણિયા સાથે બાંધવાનો પ્રયત્ન કર્યો.

ગોપાલ એમનો સંકલ્પ જાણીને ત્યાંથી દોડી ગયા. બહારથી અંદર અને અંદરથી બહાર દેડીને પકડવા અશક્ય બનતા, માં પણ એમની પાછળ ગલીઓમાં દોડતી રહી.

માતાનું શરીર જરા ભારે અને આટલું બધું પહેલાં દોડેલાં નહિ એટલે જલ્દી હાંફી ગયાં અને દોડવાનું ધીમું થઇ ગયું. શ્વાસ જલ્દી ચાલવા લાગ્યા. બધા નરનારી એમને બાળકની પાછળ દોડતાં જોઈ હસવા લાગ્યાં અને બધાંજ આ બનાવ પર આનંદ મનાવવા લાગ્યાં. કૃષ્ણની ચાલાકી અને માતાની નિષ્ફળતા એ બન્ને ઘટનાઓથી સર્વને આનંદ થયો.

ગોપાલ તો સર્વજ્ઞ છે. એનાથી કાંઇ છૂપું નથી. એ જ્યારે જોઇ રહ્યા કે માતા ખૂબ થાકી ગઇ છે તો પોતે પકડાઇ ગયાં. યશોદા પ્રહાર કરવા હાથ પણ ઉપાડી ન શકયાં, પણ એમના હાથ જોરથી પકડીને કહ્યું, " અરે ચોર, તુ' ઘેર ચાલ? " બધાના દેખતાં તને મારૂ' એ સારું નહિ, ઘેર જઇને શિક્ષા કરીશ " આમ બોલીને એમને ઘેર લઈ ગયાં. ઘેર જઇને એક મેટા દોરડાથી મજબૂત પદાર્થ સાથે બાલકૃષ્ણને બાંધવા પ્રયત્ન કર્યો પણ દોરડું ટૂંકુ નીકળ્યું. બીજું દોરડું લાવી બાંધ્યું તો તે પણ ઓછું. કેટલીય વાર પ્રયત્ન કર્યો પણ કોણ જાણે લાલો એનું શરીર વધારતો હોય તેમ દોરડું ઓછું જ થાય. થોડીક તો કસર રહીજ જાય. માને ખૂબ આશ્ચર્ય થયું, એ લીલાનું વર્ણન તો કેવી રીતે કરી શકાય? એને કોઇ ખ્યાલ ન આવ્યો. છેવટે ઘરમાં જાતે કનૈયાને ઉલખલ સાથે જ બાંધ્યા જેથી માતા ઘરમાં જઇ પોતાનાં કાર્ય કરી શકે.

બાળક એ ઉલખલ ખેંચતાં ખેંચતાં ઘર બહાર લઈ ગયા. ત્યાં એ જોડીઆં વૃક્ષો હતાં. બાંધેલું સાધન એ બે વૃક્ષોની વચ્ચે ફસાઇ ગયું અને બાળકૃષ્ણે જેવું જોરથી દોરડું ખેંચ્યું, ભયંકર અવાજ સાથે બન્ને વૃક્ષો તૂટી પડયાં. એ અવાજથી યશોદા સહિત બધાં ઘર બહાર દોડી આવ્યાં. જ્યાં આ વૃક્ષો પડયાં હતાં. વર્ષા હતી નહિ કે ન હતી આંધી. યશોદાજી દોડયાં અને જોઇને ચકિત થઇ ગયાં. કનૈયો તો પડેલાં બન્ને વૃક્ષોની વચ્ચે હતો. એ રડતાં રડતાં બાળકની પાસે ગયા અને દોરડું દૂર કર્યું. બાળ કનૈયાને ઉપાડ્યો. કનૈયાને કોઈ ઈજા થઇ ન હતી એ જોઇને સંતોષ થયો. " પ્યારા લાલા" તને બીક લાગી હતી? મેં કેટલી મોટી ભૂલ કરી? આમ બોલીને માતા વિલાપ કરવા લાગ્યાં. માતા જ્યારે આવું આક્રંદ કરતાં હતાં ત્યારે વૃક્ષોમાંથી બે દેવ પુરૂષનો આવિર્ભાવ થયો અને કનૈયાના પગે પડયા. હાથ જોડીને ઊભા રહ્યા, બોલ્યા " હે ભગવાન? અમે બન્ને કુબેરના પુત્રો છીએ, જોડિયા ભાઈ નલ કુબેર અને મણીગ્રીવ. નારદના શ્રાપથી અમે બન્ને વૃક્ષો બન્યા હતા. આજે આપની કૃપાથી શ્રાપનો સમય સમાપ્ત થઇ ગયો છે. જો આપ આજ્ઞા કરો તો અમે અમારા સ્થાને જઇ શકીએ." આમ કહીને બન્ને દેવતાઓ અંતર્ધાન થઇ ગયા. એમને જોઇને વ્રજવાસીઓ અવાક બન્યા અને આનંદિત થયા.

આમ તો કનૈયાનાં ચરિત્રો ઇશ્વરત્વને માટે પ્રર્યાપ્ત હતાં; છતાં માયાવી જનો તો એમને નંદ યશોદાના પુત્ર સમજતા અને સાથી ગોવાળિયાઓ પણ ગોવાળનો છોકરો સમજતા. માયાના ચક્રમાં ફસાઈ જતા.

શુકદેવજીએ આમ કહ્યું ત્યારે રાજાએ ફરી પ્રશ્ન કર્યો "મહારાજા? માયામાં એવી અગાધ શકિત કયાંથી આવી? માધવને પણ ભૂલાવી દે એવી શકિત માયાને કોણે આપી? માયાનું વાસ્તવિક રૂપ મને કહો." શુકદેવજીએ કહેવાનું શરૂ કર્યું" રાજા? માયા પોતે અલગ નથી. ઈશ્વર પણ માયા દ્વારા જ જોઇ શકાય છે. માયાનો પોષાક એમણે પહેર્યો છે,

માટે તે સ્પષ્ટરૂપથી જોઇ શકાય છે. આ તો એક એમની ઉપાધિ છે; એટલે કે માયા વાસ્તવિકતામાં બાંધી દે છે. એનો સ્વભાવ છે કે વાસ્તવિક્તામાંથી અવાસ્તવિકતામાં રૂપાન્તર કરવાનો. માયાને હઠાવીને દૂર કરે એવા લોકોને જ ઈશ્વરનાં દર્શન થાય છે. માયા તમને સ્પષ્ટ કરી બતાવે છે કે અસત્ય એજ સત્ય છે. મૃગજળમાં પાણી દેખાડે છે અને કોઈ કલ્પના કે ઇરછા કરવામાં આવે તો તે સત્ય પ્રભાવિત કરે છે. જે વ્યકિત આકાંક્ષાઓ અને કલ્પનાઓ ત્યજે છે તેને માયા કાંઈ કરી શકતી નથી.

અનેક પ્રકારે અસંખ્યવાર અલૌકિક લીલાઓનાં પ્રમાણ પ્રાપ્ત થવા છતાં નંદ યશોદા, કનૈયો એમનો જ પુત્ર છે એમ સમજતાં હતાં. વિચાર અને ઈચ્છાઓ એજ ભ્રમનાં કારણ છે. આ શરીર પુત્રનું છે, માતાનું છે એમ સમજીએ પણ ખરેખર જીવને તો આ કોઈ બંધન નથી. માતાનું શરીર પુત્રના શરીર સાથે સંબંધ ધરાવે છે પણ જીવ તો ભિન્ન જ છે. જો કોઈને આવો વિશ્વાસ પ્રાપ્ત થાય તો મનમાં કોઈ ઈચ્છા કે આકાંક્ષા રહેતી જ નથી. મનમાં શોધો, વિચારો, સત્ય જણાશે. એને વિચાર કર્યા વિના માયા કે ભ્રમ વધી જશે અને બુધ્ધિ ઢંકાઈ જશે.

અરે? ઈશ્વર જયારે અવતાર લે છે ત્યારે એ અવતારનું ફળ કેટલું મહત્વનું હોય છે. વેદાન્તની આજ સમજ છે કે વ્યકિતએ સત્ય જાણવું જોઈએ. ગૂઢ અર્થ આ છે. દ્રશ્યમાન પદાર્થોના ભ્રમમાં પડીને ઈચ્છાઓ જાગે છે. જીવનું ધારણ કરેલું શરીર (દ્રશ્યમાન છે) એને વાસ્તવિક સત્ય સમજીને મનુષ્ય માયામાં ફસાય છે. કેવળ શરીર ઉપર, લક્ષ્ય હોય તે આત્મા સુધી પહોંચી શકતો નથી. ઉપરથી ભસ્મ છવાઈ જતાં અંદરથી અંગારો જણાતો નથી. વાદળ છવાતાં સૂર્ય કે ચંદ્ર જોઈ શકાતા નથી. જળાશયના પાણી ઉપર લીલ હોય તો જોતાં એમ લાગે છે કે લીલોતરી વાળી જમીન છે . આંખોમાં રોગ હોય તો કશું જ જણાતું નથી. તે રીતે જ દેહને સત્ય સમજીએ તો દેહમાં વસનાર આત્માનું સત્ય સમજાતું નથી. “પ્રભો! આજે મારા મનનો આ પડદો ખરેખર હટી ગયો છે. આપના ઉપદેશોના પવનના ઝપાટાએ મારા તેજસ્વી અંગારાની રાખ હટાવી દીધી છે. પંચ ભૂતનું આ શરીર અને વાસ્તવિક સમજવાનો ભ્રમ હટી ગયો છે, હું ખરેખર ભાગ્યવાન છું," આ પ્રમાણે બોલતા પરીક્ષિત શુકદેવના ચરણમાં પડી ગયા.

આ સમયે ઋષિ મુનિ તથા બીજા લોકોમાં ચર્ચા થવા લાગી કે મૃત્યુ સમયે તો શરીર પણ ક્ષીણ બનીને પડી જવા તૈયાર થાય છે, ખરું ને? જ્યારે પાંચ મહાભૂતો ના કાર્ય બંધ થાય તો દેહ પડે, પણ આત્મા છૂટતો નથી. આ કારણથી વારંવાર અનેક નવા શરીરો એને મળે છે. જ્યાં સુધી એ વાસના રહિત શૂન્ય, અને શરીર ભિન્ન છે એવું ન સમજે ત્યાં સુધી એ રોજેરોજ નવો દેહ પ્રાપ્ત કરે છે. મહારાજે આત્મા અને શરીરને ભિન્ન સમજ્યો છે અને હવે એટલા એ મોક્ષ ભાવના અધિકારી બન્યા છે કે જગતનાં તત્વોનો એમના પર કોઈ પ્રભાવ નહીં પડે. મન જો માધવમાં વિલિન થાય તો આ શરીર પણ દૈવી બન્યું, પછી મૃત્યુ પંથી માનવ રહેતું જ નથી.

આજે આપે જે આ દિવ્ય જ્ઞાન આપ્યું છે તે એક્લા પરીક્ષિત માટે નથી પણ અમારે માટે છે. શરીર આત્મા છે એવા ભ્રમમાં જે લોકો છે એ બધાને માટે આ જ્ઞાન છે. આ ભ્રમ

હોવો એ સંસાર છે, પણ હું આત્મા પરમાત્માનો અભેદ એ જ્ઞાન એ મોક્ષ છે. વેદ શાસ્ત્રો આ પ્રમાણે કહે છે, મન એજ સંસારની અસારતા જાણે તો મોક્ષ અને સંસાર સત્ય માને તે બંધન છે, "**મન એવ મનુષ્યાણાં કારણંબન્ધમોક્ષયા**" ગીતાનું આ વચન સત્ય છે. આ વિચારોનું ચિંતન કરતાં કરતાં બધા જ નેત્રો બંધ કરીને ચિંતન મગ્ન બન્યા. જ્યારે સુર્યાસ્ત થયો ત્યારે ઋષિગણ દંડ, કમંડળ હાથમાં લઈ ગંગાતટે સ્નાન સંધ્યા કરવા ગયા.

# અધ્યાય ૪૩

રાજાએ જ્યારે સંસાર જન્મ અશાંતિ, અવિદ્યાનો વિનાશ કરી મનને કેવળ ભગવદ્ ચરણ રત બનાવ્યું ત્યારે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા, " પ્રભો? આ દેહ ત્યજવાનો સમય નજીક આવી રહ્યો છે. ઋષિના શ્રાપનો અવધિ સમાપ્ત થવા આવ્યો છે. પ્રસન્નતાપૂર્વક બધી રીતે એનું સ્વાગત કરવા હું તૈયાર છું, પણ મારો આ આગ્રહ છે કે જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી હું ઈશ્વર ચિંતન માં મગ્ન રહીશ આ મારી પ્રતિજ્ઞા છે. આ મારી પ્રતિજ્ઞાનો ભંગ ન થાય. બાકીના જીવનની ક્ષણોં એ નંદનંદન બાળકૃષ્ણદેવ જેઓએ નંદજીના ઘરને ઉજ્જવળ રાખ્યું હતું તે મનોહર છબી મારા મુખમાં અંકિત થઈ જાય. સંપૂર્ણ ચેતન એ લીલાઓમાં ભરી દઈને અપૂર્વ આનંદની પ્રાપ્તિ કરૂ. પ્રભુના પ્રાકટય વખતે જે શુભ લક્ષણોં હતાં તે પણ મને જણાવવાની કૃપા કરો. એવા કયા બનાવો કે ઘટનાઓ બની હતી જેથી ખાત્રી થાય કે વિશ્વકલ્યાણ માટે ઈશ્વર પધાર્યા છે. કંસને બાલકૃષ્ણને મારવા કેવી રીતે સંકલ્પ થયો, દિવસે દિવસે એમાં વૃદ્ધિ કેવી રીતે થતી ચાલી, અને વેરને અગ્નિ વધતો ચાલ્યો. મને કંસ અને કૃષ્ણના જન્મની કથાઓ સંભળાવો, જેથી આ અંતિમ દિવસોમાં એ કથા શ્રવણ એ એક લાભ છે. મારો પ્રાણ પણ એટલો પવિત્ર બનશે અને ગોપાલને પ્રાપ્ત કરી લેશે.

શુકદેવ અત્યંત પ્રસન્ન થયા અને બોલ્યા, "મહારાજ? હું પણ ખૂબ પ્રસન્ન છું કે આપને શેષ આયુષ્યનો સમય ગોપાલની અદ્દભૂત લીલાઓનુ શ્રવણ કરાવવા હું વ્યતીત કરીશ. ગોપાલનું પ્રાગટય ધર્મ સંસ્થાપન હેતુ માટે હતું . આ અત્યંત રહસ્યમય છે. એ રહસ્યનો ખ્યાલ તો તેને જ આવે જે આધ્યાત્મિક સાધનો દ્વારા પરિપકવ જ્ઞાન વાળો હોય. બીજા બધા તો પાપોથી ભરેલી પૃથ્વીમાં ડૂબેલા જેવા ડૂબે, તરે, અને છેવટે મરે છે.

મહારાજ? વર્ષો પહેલાં આહુક નામે એક યદુવંશીય રાજા રાજય કરતા હતા. એમને આધીન અનેક રાજા અને મંત્રીઓ એમના સિંહાસનની ચારે તરફ એમના આદેશોનું પાલન કરવા બેસી રહેતા હતા, અને શ્રદ્ધાપૂર્વક આદેશોનું પાલન કરતા હતા. એમનો રાજ્ય અમલ ખૂબ શાંતિ ભર્યો હતો. અને સર્વને સુખ શાંતિ હતાં. એમને બે પુત્ર હતા દેવક અને ઉગ્રસેન. જ્યારે એ ઉંમર લાયક થયા ત્યારે રાજાએ એમના વિવાહ કર્યા અને એમને રાજ્ય શાસનને અંશ પણ આપ્યો. સમય વીતતો ચાલ્યો. દેવકને સાત પુત્રીઓ થઈ અને ઉગ્રસેનને નવ પુત્રો થયા. દેવકી કન્યાઓમાં મોટી અને કંસ પુત્રોમાં મોટો હતો. આ બંને આ ચરિત્રના નાયકો છે, એની કથા સાંભળવા આપણે ઉત્સુક છીએ.

પ્રાચીન સમયમાં યદુવંશની રાજધાની મથુરા હતી. એ નગરીની આસપાસ શૂરસેન નામના રાજા રાજ્ય કરતા હતા. એમને દશ પુત્રો અને પાંચ પુત્રીઓ હતી. મોટા પુત્ર વસુદેવ અને પુત્રી કુન્તા હતાં. બધો પરિવાર સાથે રહેતો હતો અને બાળકો મોટાં થવા લાગ્યાં. સમય વિતવા લાગ્યો અને ઈતિહાસના પ્રવાહમાં અનેક ઘટનાઓ રચાઈ.

દેવકી જે કંસના કાકાની દીકરી હતી. તેનો વિવાહ, વસુદેવ સાથે થયો. વિવાહ ખૂબ ધામધૂમથી થયો. અનેક રાજાઓ, વિદ્વાનો પંડિતો મહત્વના માણસોએ એ લગ્નમાં હિસ્સો લીધો. નગર રાજા, મહારાજા અને નાગરિકોથી ઉભરાઈ ગયું. કંસે આ બધાના સત્કાર માટે આગેવાની ભર્યો ભાગ લીધો. પોતાની સગી બહેન ન હોવાથી દેવકી સાથે ખૂબ સ્નેહ કરતા હતા. આથી એને અનેક મુલ્યવાન ભેટો સામગ્રી વગેરે આપ્યાં. લગ્નોત્સવ પ્રસંગે સર્વને આનંદ થયો. વિવાહને ત્રીજે દિવસે નવવધુને પતિગૃહે સર્વ ઉપહારો સાથે મોકલવામાં આવે છે. કંસ રથને જાતેજ ચલાવીને વળાવવા ગયો. જ્યારે નગરની અળિયામણી શેરીઓમાંથી રથ પસાર થઈ રહ્યો હતો ત્યારે એક વીજળી પડવાનો અવાજ થયો. બધા આશ્ચર્ય ચક્તિ થઈ ગયા. વાજિંત્રોના અવાજ થંભી ગયા. આકાશમાંથી આકાશ વાણી થઈ. આવા શબ્દો સંભળાયા. રાજા કંસ? ભવિષ્યની ઘટનાઓનો તને ખ્યાલ નથી. તું મુજી છે. આ બહેન જેને તું વાજતે ગાજતે લઈ જાય છે, જેને તું પ્રાણો સમાન ચાહે છે તેનું આઠમું સંતાન તારા મૃત્યુનું કારણ બનશે, આવનારી વિપત્તિ પર તો વિચાર કરો? "

તેજસ્વી મુર્તિએ આવો ગર્જનાપૂર્વક આવાજ કર્યો અને અંતર્ધાન થઈ ગઈ. બધો જનસમૂહ, રાજકુમાર, પંડિત બધાજ જેણે આ ધ્વનિ સાંભળ્યો તે સ્તબ્ધ બની ગયા અને આનંદ પૂરો થઈ ગયો. કંસનો તો રથમાં બેઠાં બેઠાં ક્રોધનો પાર રહ્યો નહિ. ભાન ભૂલ્યા, હાથની લગામ છૂટી ગઈ એમ હૃદયમાં તિરસ્કારનો ભાવ આવ્યો. એમની ચિંતા પર વધારે ને વધારે ભયનું દબાણ થવા લાગ્યું. છેવટે એ એક નિશ્ચય કરી બેઠો, કે બહેન જીવતી હોય તો મને મારનારો જન્મે પણ બહેનજ ન હોય તો પછી તો મને મારનારો કોઈ નહિ આવેને? એને જ હણી નાખીએ પછી તો કોઈ નહિ આવે. આમ વિચાર કરીને બહેનનો પાછળથી ચોટલો ખેંચી પોતાની સામે ઊભી કરી મસ્તક છેદી નાખવા કમરેથી લવાર કાઢી. અત્યંત કઠોર હૃદયવાળો પણ આ દૃશ્ય જોઈને પીગળી જાય. એ દૃશ્ય એવું હતું કે સૌથી વધારે સ્નેહવાળી અને જેને વાજતે ગાજતે વળાવવા જઈ રહ્યા છે એની જ હત્યાનું હતું. કેટલું વિપરીત પરિણામ! આફત દૂર કરવાની શકિત કોઈનામાં ન હતી.

એ સમયે વસુદેવે પોતાના સ્થાનેથી ઉઠી બંને હાથોથી બળપૂર્વક કંસના હાથ પકડયા. "ભાઈ, મેં પણ આકાશવાણી સાંભળી છે, જો તમને કોઈ નુકસાન થાય તો અમે પણ એ માટે ભાગીદાર કહેવાઇએ. અમારી એવી ઈચ્છા નથી કે તમને નુકસાન થાય. અમે તો તમારું સારું ઈચ્છીએ છીએ. જ્યારે બધા જ આનંદ અનુભવી રહ્યા છે ત્યારે તમારું સારું થાય અને બહેન ને છોડી દો, કદાચ આ વાણીથી તમને એવો વિશ્વાસ થઈ ગયો હોય કે એના સંતાનો થી તમારું મૃત્યુ થશે તો હું તમને વચન આપું છું કે એને જેટલા પણ સંતાન થશે તે તમને અર્પણ કરી દઈશ. હું પ્રતિજ્ઞા કરું છું કે એ પ્રમાણે કરીશ જ. આનાથી તમારા મનમાં ભય દૂર થશે અને જો મારા વચન આપ્યા છતાં બહેનની હત્યા કરશો તો આ ભયાનક પાપ ના પરિણામે તમને અને તમારા રાજ્યને ભારે નુકસાન થશે."

જયારે વસુદેવે આ પ્રમાણે વિનંતિ કરી તો કંસને થોડો સંતોષ થયો કારણકે એને લાગ્યું કે બનેવી જે કહી રહ્યા છે તે સત્ય છે. કંસે દેવકીને પોતાના સ્થાન પર બેસવા કહ્યું , "ઠીક છે પણ યાદ રાખજો તમે મને જે વચન આપ્યું છે તેનું પાલન કરવું પડશે."એમ કહીને

રથ ચલાવવાનું પોતાના નાના ભાઈને કહ્યું અને પોતે રાજભવનમાં ચાલી ગયો. ગયો તો ખરો પણ બહેનનો સ્નેહ અને મૃત્યુ બન્નેની દ્વિધામાં પડયો હતો. એની પથારી કોમલ હતી પણ એ સમયે તે અગ્નિ શય્યા લાગી. ન તો ભૂખ કે ઊંઘ આવી. આ રીતે એક વર્ષ પૂરેપૂરું વીત્યુ. વસુદેવ અને કંસ એકબીજાના સંપર્કમાં રહ્યા.

એટલામાં દેવકી સગર્ભા બન્યાં, નવમો માસ આવ્યો અને એક સંતાનને જન્મ આપ્યો. વસુદેવે દેવકીને આ પ્રમાણે કહ્યું, "મેં તારા પ્રાણની રક્ષા માટે વચન આપ્યું હતું." આ બાળકને કપડામાં લપેટીને કંસના કૃપા માટે આપો.

કંસની એ બાળકની હત્યા કરવાની કોઈ ઇચ્છા ન હતી, પણ તે વસુદેવ પર પ્રસન્ન થયા અને બોલ્યા, ભાઇ, " તારૂં વચન તેં પાળ્યું. હું આ બાળકની હત્યા નહી કરી શકું', આકશવાણી તો આઠમા સંતાન માટેની હતી. આ પુત્રને લઈ જાવ. વસુદેવને પુત્ર મળ્યો અને દેવકીને સોંપ્યો. માતાને પણ પ્રસનતા થઈ. પોતાનું પ્રથમ સંતાન પાછું મળ્યું હતું. એમણે આ વરદાન માટે ઇશ્વરનો અનુગ્રહ માન્યો. પુનઃ ગર્ભધારણ કરતાં ભય લાગ્યો કે કંસ ન જાણે શું કરશે. સંતાનની આશા હતી પણ ભાગ્ય માટે ભયતીત હતાં.

એ દરમ્યાન ઋષિ નારદ પ્રભુના ગુણ ગાતા ગાતા વિચારતા હતા. એ એકવાર કંસના દરબારમાં આવ્યા. એમને કુશળ ક્ષેમ પૂછયા અને રાજ્યના સમૃદ્ધિના સમાચાર પૂછ્યા. વાતચીત દરમ્યાન નારદે કહ્યું કે યાદવો બધા દેવો છે અને માનવ રૂપમાં આવ્યા છે અને કંસ એ કાલનેમી રાક્ષસ છે જે ફરી જન્મ લઈને આવ્યો છે. એમણે એ પણ કહ્યું કે એમનો આઠમો ગર્ભ કેવળ અસુરોને જ નહિ પણ કંસને પણ મારશે. આ તે સળગતા અગ્નિને ભડભડાટ બળતો કરવા જેવું હતું, આટલાથી એમને સંતોષ ન થયો પણ જતાં જતાં કહેતા ગયા. " એ દિવસ જે પસાર થાય તેને જીવનનાં દસ વર્ષ જેવા સમજો, મૃત્યુની અવગણના ન કરશો, તે દૂર નથી."

આવાં વાક્યો સાંભળી કંસ અધિક ચિંતામાં પડી ગયા. એણે વિચાર્યું કે નાનું છોકરું પણ એનું મૃત્યુનું કારણ હોઈ શકે. એણે વસુદેવને બોલાવ્યા. બિચારા વસુદેવ ભયથી કાંપતા કાંપતા આવ્યા કે ન જાણે શી આફત આવી પડવાની હશે? જ્યારે સામે આવી ઊભા તો કંસ બૂમ પાડી ઊઠ્યો, "અત્યાર સુધી તમને કેટલાં સંતાન થયાં છે.?" વસુદેવ મૂંગા બની ગયા. ભયના માર્યા હોઠ કંપવા લાગ્યા અને એમણે ઉત્તર આપ્યો, "અત્યારે મને ૬ પુત્રો છે" કંસ ગુસ્સે થઈને બોલ્યો, " ઠીક, સવારે એ છ પુત્રોને લાવીને હાજર કરી મને સોંપજો' કશો જવાબ એમણે ન આપ્યો. એમણે તો વચનનું પાલન પણ કરવાનું હતું અને સાથે સાથે સંતાનનો સ્નેહ પણ એમને પાછા પાડતો હતો. પાછા ફરતાં તો જાણે એ મૃતઃ પ્રાય પાછા ફર્યા અને મહામહેનતે જીવતા હોય એમ લાગ્યું. દેવકી જ્યાં બેસીને છ સંતાનોને પ્યારથી રમાડતાં હતાં ત્યાં એ આવ્યા. જ્યારે વસુદેવે કહ્યું કે કંસે એમના છ પુત્રોને માગ્યા છે ત્યારે એ છ એ પુત્રોને પોતાની સાથે લપેટી રાખી, એવો તો શોક કરવા લાગી કે જેની કલ્પના પણ ન થઇ શકે.

મહારાજ જુઓ? એક જીવે પોતાને બચાવવા માટે નિર્દોષ કેટલા ની હત્યા કરી? તમને આશ્ચર્ય થશે કે આવું ઘોર પાપ શા માટે? બાહ્ય દ્રષ્ટિથી આ બાળ હત્યાની ક્ષમા

કરાય તેમ નથી પણ અંતર્દૃષ્ટિ થી જણાશે કે આ બાળકોએ પૂર્વજન્મમાં પાપ કર્યા હતા અથવા તો કોઇ શ્રાપ નું પરિણામ એમને મળ્યું; જે કોઈ જન્મમાં એમને મળ્યો હશે અથવા તો આગામી જન્મમાં કે ઉજ્જવળતા માટે એવું થયું હશે.

કોણ કહી શકે કે ભૂતકાળમાં શું હતું કે ભવિષ્યમાં શું થવાનું છે? કોઈ જાણી શકે કે એમણે જન્મ કેમ લીધો, કેમ જીવિત રહયા અને મૃત્યુ કેમ પામ્યા? વિશ્વ તો કેવળ જન્મ અને મૃત્યુ એ બે વચ્ચે જ ધ્યાન રાખે છે અને એ ટૂંક સમય માટે જ પોતે વિચારે છે, પણ પરમાત્માનું બ્રહ્માંડ સ્વરૂપ અને ભૂત, વર્તમાન, ભવિષ્યની રીતે જોતા જ નથી. સર્વ માનવો કરતાં વધારે દયા અને કરૂણા એની પાસે છે. ત્રણે કાળ અને ત્રણ પ્રકારનાં જીવનનું નિરીક્ષણ કરીને પોતાની કરૂણા વર્ષાવે છે. દરેક મનુષ્ય કરતાં તે વધુ જાણકાર છે. માનવને માટે એ ધર્મ છે કે સર્વ કાંઇ એની ઈરછા અનુસાર થાય છે એમ સમજી વિશ્વાસ રાખે અને એજ રીતે જ શાંતિ પ્રાપ્ત કરે, પ્રભુના ગુણગાનમાં પોતાને લાગેલો રાખે.

મહારાજ? બીજે દિવસે સૂર્યોદય સમયે વસુદેવે પોતાની અનિચ્છાથી આંખ બંધ કરીને સેવકોને પોતાના પુત્રો કંસને સોંપવા આપ્યા અને તે વિલાપ કરવા લાગ્યા. એ અહંકારી અને ઉન્મત વ્યકિતએ તો દરેક બાળકના પગ પકડી પકડીને પથ્થર પર પટકીને મારવા માંડયા. આને રોકવામાં વસુદેવ અસમર્થ બન્યા હતા. ભારે હૃદયે એમણે પોતાના એવા કોઈ ભયંકર પાપનો વિચાર કર્યો કે જેને પરિણામે આવું બન્યું હવે. દુ: ખી મનથી ઘેર પાછા ફર્યા. પતિ પત્ની બન્નેને શોક થયો એટલે શારીરિક રીતે જોતાં તે નિર્જીવ જેવાં બન્યાં અને શોકના અગ્નિને અંદર ને અંદર સહન કર્યો. " ઈશ્વરની ઈચ્છા બળવાન છે, જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી જીવવું પડશે!" આ રીતે એકબીજાને આશ્વાસન આપવા લાગ્યા. આવી ભાવનાને મનમાં દ્રઢતા પૂર્વક ધરી રાખવાનો પ્રયત્ન કર્યો અને આંસુ વહેવડાવીને સ્વાસ્થય અને શકિત ઓછી કરવા લાગ્યા.

એવે સમયે સાતમી વાર ગર્ભાધાન થયું. નવાઈની વાત તો એ હતી કે સાતમે માસે ગર્ભપાત થઇ ગયો. શું કંસને એ કહેવાની જરૂર હતી ? એમને ઉત્તર ન જડ્યો. જ્યારે કંસે આ જાણ્યું તો એણે વિચાર્યું કે, એની બહેન એને દગો કરે છે. આથી એ દેવકી અને વસુદેવ બન્નેને કારાગારમાં બંધી કરી દીધાં.

# અધ્યાય ૪૪

દેવકી અને વસુદેવ જે રીતે કારાગારમાં પોતાનુ જીવન વ્યતિત કરતાં હતાં, તેમનામાં અને કોઈ ગુનેગારના જીવનમાં કોઇ અંતર ન હતું. અવ્યવસ્થિત વાળને તથા ભૂખને કારણે બિલકુલ દુર્બળ અને શોકગ્રસ્ત હતાં, મનમાં ન તો ખાવાની કે નિદ્રાની ઇચ્છા થતી. પોતાના ગૂમાવેલાં શોકમાં જ નિમગ્ન રહેતા. કારાગારના જીવનમાં જ્યારે બીજું વર્ષ થયું ત્યારે દેવકીને આઠમી વખત ગર્ભધારણ થયો અને તે ખૂબ આશ્ચર્યજનક હતું', એને લીધે વસુદેવના અને દેવકીનો ચહેરો જે નિસ્તેજ હતો તે ખીલેલા કમળ જેવો અત્યંત પ્રફુલ્લિત બન્યો અને તે અત્યંત દૈદીપ્યમાન જણાયાં. શરીર–ભૂખથી જે સૂકાઈને હાડકાં ને ચામડાં રુપ હતું તે પુષ્ટ બન્યું અને તેમાં ચમક આવી. કારાગારના જે ઓરડામાં દેવકી હતાં તે ઓરડો સુગંધિત બન્યો. પ્રકાશપુન્જ છવાયો અને વાતાવરણ ગીત અને વાજિંત્રના રણકાટથી ગૂંજવા લાગ્યું'. આ એક આશ્ચર્યજનક દ્રશ્ય હતું. દૈવી શબ્દોના પ્રતિધ્વનિ પડવા લાગ્યાં. દેવકી અને વસુદેવને આ ઘટનાઓ દ્વારા કંઈક અભાસ થવા લાગ્યો. પણ એમના મનમાં ડર એ હતો કે કંસ જાણશે તો બાળકના ટુકડે ટુકડાં કરી નાખશે. એ પોતાના ભાવિપુત્રના ભવિષ્ય ઉપર ચિંતિત બન્યાં અને અનેક કુવિચાર પરંપરામાં આધીરા બન્યાં.

-અને કંસની શી દશા હતી ? એ જાણતો હતો કે એનો સમય આવી રહ્યો છે છતાં પણ પોતાનું રાજ્ય શાસન ચાલુ રાખવાના લોભમાં તે ફસાયો હતો. તેણે ષડયંત્રો શરૂ કર્યા યદુવંશની ભોજ, અધંક રાજયોને પોતાના રાજ્યમાં સમાવી લીધા. પોતાનું એકાધિપત્ય સ્થાપવા તો એણે પોતાના પિતા ઉગ્રસેનને પણ કારાગારમાં નાખ્યાં અને નિરંકુશ રાજય શરૂ કર્યું.

શુકદેવજી જ્યારે આ પ્રમાણે કહેતા હતા ત્યારે રાજાએ વચ્ચે રોકીને પૂછ્યું, “અરે ! આ કેવી મૂર્ખતા ? કંસને એ ખબર છે કે આઠમા સંતાન દ્વારા એનો અંત આવશે, આકાશવાણી અસત્ય બોલતી નથી; તો પછી ભયંકર લોભ અને અસહ્ય પાપ કરવા લાગ્યો. આ તો સમજાતું નથી.”

-આ સાંભળીને શુકદેવજી ખડખડાટ હસી પડયા, બોલ્યા 'મહારાજ ! શું ખરેખર તમને એમ લાગે છે કે તેનો અંત આવવાનો એમ તે માનવ એ જાણી શકે ?-જે એનું ભાન એને પહેલેથી હોય તો તમારી જેમ એ પરમાત્માના દર્શને લાગી જાય ? પણ તમારા જેવી ઈચ્છા થવી એ તો પૂર્વજન્મના સત્કાર્યોનું ફળ છે, એકાએક થતી નથી ! આ વાત પર હવે ધ્યાન રાખો કે જ્યારે તમને એમ ખબર પડી કે અંતકાળ નજીક છે તો સમયનો કેવો ઉપયોગ કરી રહ્યા છો ? પણ જ્યારે કંસને ખબર પડી ત્યારે તેણે શું કરવાનો આરંભ કર્યો તે તમને ખબર છે?

એણે આસૂરી માર્ગ લીધો. ક્રિયાઓ બે જાતની  હોય છે; દૈવી અને આસુરી. દૈવી ગુણવાળા માણસો સત્કાર્યો કરવા વ્યગ્ર રહે છે. સારાં વિચારો ધરાવે છે, ઈશ્વરમાં વિશ્વાસ રાખે છે. સર્વ જીવો પ્રત્યે દયાવૃત્તિ અને જીવનના છેલ્લાં દિવસોમાં કેવળ ઈશ્વરપ્રેરક ચિતંન કર્યા કરે છે. સાથોસાથ સત્ય, અહિંસા એ દૈવી ગુણોથી માર્ગયાપન કરે છે.

અનાથી ઉલટું' જે સ્વાર્થ, અહંકાર, લોભ, પાપ, હિંસા અને અન્યાયમાં આગળ છે તે નિમ્ન ભાવનાઓની  પ્રેરણાથી પોતાનો નાશ કરે છે, દૈવી ગુણ  સંપન્ન વ્યક્તિને  મોક્ષ મળે છે. જ્યારે આસુરી લોકોને નરક.

જોનારની આંખો દ્વારા તો કેવળ મૃત્યુ જ દેખાય છે પણ બંને પ્રકારની વ્યકિતઓને જે પ્રાપ્ત થયું" છે તેને આજુબાજુ બેઠેલાં અન્ય માણસો  દ્રષ્ટિ દ્વારા જોઈ શકતા નથી. મૃત વ્યક્તિના મનમાં જે અંતકાળે ભાવ હશે તે પ્રમાણે તેની ગતિ થાય છે. મૃત્યુ એ સાધારણ વાત છે પણ ઇશ્વરદર્શન તો પ્રાપ્ત કરવું પડે છે. આ એક ખૂબ સારો વિષય છે જેમ કે- "વિનાશ કાળે વિપરીત બુધ્ધિ," જ્યારે અંત નજીક આવે છે ત્યારે બુધ્ધિ ભ્રષ્ટ થાય છે, પણ જેનો નાશ થવાનો એની બુધ્ધિ જ નષ્ટ થાય છે. તેવા લોકો દુર્બુધ્ધિનું સ્વાગત કરશે પણ જેને ઈશ્વર-પ્રાપ્તિ થવાની છે તે તો જીવનની છેલ્લી ક્ષણ સુધી અધ્યાત્મિક ચિંતનમાં જ લાગી રહેશે.

—જ્યારે શુકદેવે આ પ્રમાણે સમજાવ્યું ત્યારે પરીક્ષિત બોલ્યા- "ના આ મારી ક્રિયાનું કે  મારા પૂર્વજન્મના પુણ્યનું પરિણામ નથી. પણ મારા માતાપિતા, પિતામહના સત્કાર્યો મને ઉચિત માર્ગ પર લઈ જઈ રહ્યા છે, એથી વિશેષ તો આપની કૃપા, પ્રભુની કરુણા અને મારા મનની ભક્તિ અને ત્યાગ એ છે; છતાં પણ કોઈકના સ્પર્શ દ્વારા  ઉન્નતિ થાય છે જ.  સદભાગ્યે મારા જન્મ પ્રસંગથી  જ ઈશ્વરની દયા, મારફતે મારું રક્ષણ કરનાર અને જીવનનું માર્ગદર્શન બનનાર બની રહી છે, મારા પિતામહનાં સત્કાર્યો, સત્સંગ, ન્યાયી વૃત્તિ અને વિદ્વાનોનો પરિચય એમાંથી જ મારું નિર્માણ થયું છે. હું એ મંત્રીઓનો પણ કૃતજ્ઞ છું; જેમના સુવિચાર અને સલાહ બન્નેની મને સહાય મળી છે. એ બધા મારા જમણા હાથ જેવા છે. મને મારી પ્રજાને સ્નેહ પણ ખૂબ પ્રાપ્ત થયો છે. આ મારા એકલાની એકલી કાર્યવાહીનું" પરિણામ નથી. બી ગમે તેટલુ' સુંદર હોય પણ જમીનનો ઉપજાવ ના હોય તો સારી ફસલ ઊગે ખરી ? મારા આદર્શો–ગમે તેટલા ઊંચા કેમ ન હોય પણ જો મારા પિતામહોએ ઉચ્ચ ભાવનાઓ ના આપી હોત, ઋષિમુનિગણે પ્રેરણા ના આપી હોત, સારા મંત્રીઓ કે સારા કાર્યકરો ના મળ્યાં હોત, અને એ ઉચ્ચ આદર્શ સમજવાની શક્તિ ના હોત તો આ સર્વ દૂધના ભરેલા પાત્રમાં ખટાશ નાખતા દૂધ જેમ બગડી જાય તેમ થાય. આ સારું નથી. જો મને આ સહાયતા ના મળી હોત તો મારા જીવનના બધા આદર્શો પૂરા ન થાત અને કુસંગે ચઢીને હું પણ બીજો કઠોર હૃદયવાળો કંસ બની જાત. આથી હું તે વિચારું છું કે કંસના આ પાપોમાં એના વિદ્વાનો, મોટા માણસો, મંત્રીઓ અને પ્રજાનો પણ પ્રભાવ હશે અને તે સર્વે દુર્ગણથી ભરેલા હશે.

જો કે મારા આ વિચારમાં સત્ય કેટલું તે તો આપ જ બતાવી શકશો. જીવનના અંતકાળે બીજાના અવગુણ, કારણ પરિણામ શોધવાની મારે શી જરૂર ? ઉચિત તો એ છે

કે પ્રત્યેક પળ પવિત્ર કામમાં લગાડું'. તો પ્રભો મને આપ અંતર્યામી પરમાત્મા કનૈયાના જન્મ પ્રસંગ ઉપર કંઈક બતાવો. આ પ્રમાણે પ્રાર્થના કરીને પરીક્ષિત શુકદેવજીના ચરણમાં નમી પડેલા અને સામે બેસીને નેત્રો બંધ રાખી, સાંભળવાની પ્રતિક્ષામાં શુકદેવજી દ્વારા ભગવાનનાં જન્મ કર્મના રહસ્યનું શ્રવણ કરવા વ્યાકુળ હતા.

શુકદેવજીએ આ પ્રમાણે કથા સંભળાવવાનો આરંભ કર્યો. "રાજા ! સાતમા ગર્ભનું રોહિણીના ગર્ભમાં પરિવર્તન થયું હતું, રોહિણી પણ વસુદેવની પત્ની હતી અને ગોકુળમાં નંદરાજને ઘેર રહેલી હતી. આમ એટલા માટે કરવામાં આવેલું કે મોટો થઈ ગોપાલનો સાથી બને. રોહિણીએ પુત્રને જન્મ આપ્યો ને કુલાચાર્ય–ગર્ભ ઋષિએ બાળકનું નામ બલરામ રાખ્યું'. બલરામ અત્યંત સુંદર અને સ્વસ્થ હતા. તેમણે પોતાની શકિત અને બુધ્દ્વિથી બધાંને મોહિત કર્યા હતાં. દેવકીનો ગર્ભ રોહિણીના ગર્ભમાં પરિવર્તિત થયો માટે તેનું નામ સંકરષણ પાડયું, આ સમયે આઠમા ગર્ભનો પણ નવમો માસ સમાપ્ત થઈ ગયો હતો. દેવકી અને વસુદેવના જીવ પડીકે બંધાયા હતાં, કે જન્મ સમયે શું થશે ? કંસ પોતાને બચાવવા ખાતર પોતાના શત્રુને શી સજા કરશે એ મોટી બીક હતી. અસહાય બનીને ભૂખ તરસ કે ઊંઘ વગર બેઠાં હતાં. જ્યારે કંસને ખબર પડી કે નવમો માસ પસાર થઈ ગયો છે, તો તે ખૂબ સાવધ બન્યો કે રખે ને બાળક હાથમાંથી ચાલ્યો ના જાય. તેણે આજ્ઞા આપી કે દેવકી અને વસુદેવના હાથપગે બેડીઓ પહેરાવાય અને કારાગારનાં બારણા પર મોટાં તાળાં લગાવાય. જેલની ચારે બાજુ યોગ્ય રક્ષકોને મૂકયા, એવી પણ વ્યવસ્થા કરી કે રક્ષક થોડા થોડા સમયે આવીને જોઈ જાય કે બંદી તેમાં છે કે નહી. કંસ તો ભયભીત દશામાં હતા કે હવે શું થવાનું છે?

પણ ઈશ્વરની ઈચ્છા કોણ જાણી શકે છે? શું આ અલૌકિક લીલાના રહસ્યને કોઈને ખ્યાલ આવે ખરો ! મૂર્ખ માણસ તો સત્ય નથી જાણી શકતો કે ઈશ્વરને નથી ઓળખી શકતો કે નથી ઈશ્વરની શક્તિને ઓળખી શકતો. તે તો એવા ભ્રમમાં જ રહે છે કે તેના મામુલી બચાવના કાર્યો દ્વારા જ તેનું રક્ષણ થશે અને પોતે પોતાની કામગીરીથી વિજય પ્રાપ્ત કરશે, પણ ખરેખર તે નાનામાં નાની સફળતા પણ ઈશ્વરની દયા વિના પ્રાપ્ત થઈ શકતી નથી. આપણે નિષ્ક્રિય બનીને બેસી ના રહેવું જોઈએ એ પણ સત્ય છે. એવો વિશ્વાસ રાખીએ કે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે બધું થયા કરશે એ પણ નકામું છે. માનવના પ્રયત્નો આવશ્યક છે. એણે પ્રયત્નો તો કરતા જ રહેવું જોઈએ. એને મળેલી શક્તિ સામર્થ્ય નો ઉપયોગ તો કરવો જ જોઈએ, અને કાર્યમાં લાગી જવું' જોઈએ. સફળતા માટેની જ્વાબદારી ઈશ્વર પર છોડી દેવી જોઈએ કારણ એની કૃપા વિના તો કોઈપણ કાર્યમાં નિષ્ફળતા જ મળશે.

એક રાત્રે કારાગારમાં સૂતેલાં દેવકીને કષ્ટનો પ્રારંભ થયો. એમણે પોતાનું સંપૂર્ણ ધ્યાન ઈશ્વરમાં જોડ્યું. અને દીપના તેજ તરફ નજર નાખીને વ્યાકુળતાથી પોતાની જાતને પુછ્યું ! " હવે શું" થશે '?" —મારા ભવિષ્યમાં શું થવાનું છે ?અચાનક દીવો બુઝાઈ ગયો અને ઓરડો અંધકારથી ભરાઇ ગયો. એ સમયે જ દેવકીએ એક તેજસ્વી સ્વરૂપને જોયું', જે તેજના કિરણો ફેલાવતું' તેમની સામે આવ્યું. આશ્ચર્યમુગ્ધ બનીને તેમણે પૂછયું, 'આ કોણ હશે?' વસુદેવને ભયના માર્યા તેણે ના બોલાવ્યા. કદાચ કંસ તો આવું રૂપ લઈને

નહિ આવ્યો હોય, એ સ્વરૂપના પરિચય વિશે ખ્યાલ કરતાં દેવકીને શંકા અને ભય બને પ્રાપ્ત થયા.

ધીમે ધીમે તે સ્વરૂપ સ્પષ્ટ જણાવા લાગ્યું. હાથમાં શંખ, ચક્ર, ગદા અને અભ્યાસમુદ્રા હતી. અત્યંત મધુરતાથી કહ્યું ' દુ;ખી ના થશો, હું નારાયણુ છું" થોડીક ક્ષણોમાં જ હું તમારા પુત્રરૂપે સ્વરૂપ લઈ આવીશ અને તમારા કષ્ટોને દૂર કરીશ. મારા દર્શન તમને થયા, તે તમારી તપશ્ચર્યાનું પરિણામ છે. મેં જે વરદાન આપ્યું છે તે હું પૂરું કરીશ, માટે ચિંતા કરવાની જરૂર નથી. હવે પછી થનાર નાટકના પ્રદેવક બનો. આ ચૌદ લોકમાં એવું કોઈ નથી કે નથી જન્મવાનું કે જે મારૂ કાંઇ બગાડી શકે. આ વાત પર વિશ્વાસ રાખો.

જો તમને મનમાં પોતાના બાળક વિષે જન્મ સમયે પ્રેમવશ કોઈ શંકા થાય અને મનમાં ભ્રાન્તિ પેદા થાય તો તે સમયે જ એવી લીલા જોશો જેથી મારું કાર્ય પ્રગટ થશે. મારા જન્મ સમયે જ તમારા હાથપગના બંધન ખુલી જશે. કારાગારના બારણાં આપોઆપ ખુલી જશે. તમે મને કોઈના જાણે તે રીતે ગોકુળમાં નંદને ઘેર તેમની પત્ની યશોદાની પાસે સુવડાવી દેશો.. યશોદાને પણ એક જ ક્ષણે પ્રસુતિનુ કષ્ટ થઇ રહ્યું હશે. એના ખોળામાંથી છોકરીને લાવી કારાગારમાં તમારી પાસે રાખજો. ત્યારબાદ કંસને સૂચના આપશો. જ્યાં સુધી કંસને સમાચાર પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી ગોકુળ કે મથુરામાં તમને કોઈ ના જુવે એવી વ્યવસ્થા હું કરીશ. દિવ્યતેજ વસુદેવ અને દેવકીને આશીર્વાદ આપીને એક તેજ લઈ ઓછા રૂપે દેવકીના ગર્ભમાં પ્રવેશી ગયું. થોડીક ક્ષણોમ જ બાળકનો જન્મ થયો.

સમય મધ્ય રાત્રિનો હતો. યોગમાયાએ બધાં દ્વારપાળ અને ચોકીદારોને પોતપોતાની જગ્યાએ જ યોગનિંદ્રામાં સુવડાવી દીધાં હતાં. વસુદેવ અને દેવકીના વધની બેડીઓ એક ક્ષણમાં જ અલગ થઈ ગઈ, બધાં બારણાં આપોઆપ ખુલી ગયાં. રાત્રિ જોકે અંધારયુક્ત અને ભયાનક હતી છતાં આનંદ વાતાવરણથી ઝૂમી ઊઠી. તારાઓ પ્રકાશ ચમકાવી રહ્યા હતાં અને વર્ષા મંદ મંદ વૃષ્ટિ કરી રહી હતી. કારાગારની ચારે તરફ પક્ષીઓનો મેળો લાગ્યો અને તે બધાં મધુર સ્વરમાં ગાન કરવા લાગ્યાં. વસુદેવે સમજી લીધું કે આ બધી ઈશ્વરની જ લીલા છે એમણે બાળક પર નજર નાખી તો અવાક બની ગયા. પોતાના મનમાં જ પ્રશ્ન કર્યો, શું આ સત્ય છે કે ભ્રમ છે ? એ સ્થાન પર તે મૂર્તિ જેવા સ્તબ્ધ ઊભા રહી ગયા. કારણ કે મહારાજ ! બાળકનું તેજ એવું દિવ્ય હતુ' કે બાળકે માતાપિતાને જોઈ મંદ મંદ હાસ્ય કરવાનું શરૂ કર્યું". એવું લાગતું હતું કે બાળક કંઈક કહી રહ્યું છે. એમને સંભળાયું. "વગર વિલંબે મને ગોકુળ લઈ જાઓ." વસુદેવે પણ વિલંબ ના કર્યો, ટોપલા ઉપર વસ્ત્ર પાથર્યું ', બાળકને તેમાં સુવડાવ્યો, દેવકીમાતાએ પોતાના વસ્ત્ર માંથી ટુકડો ફાડીને આપ્યો અને એ ખુલ્લે બારણે નીકળીને -સૂતેલા દ્વારપાળ વચ્ચેથી ચાલ્યા.

ઝરમર વરસાદ પડતો હતો . વસુદેવને ચિંતા થઈ કે બાળક પલળશે પણ પાછળ ફરીને જોયું તો શેષનાગ પોતાની બધી ફેણો ફેલાવીને પાછળ પાછળ બાળકને ઢાંકીને

આવી રહ્યા હતા. રસ્તામાં વસુદેવે સારા શુકન જોયા. જળાશયોમાં કમળ ખીલીને વસુદેવ તરફ ઝૂકી રહ્યાં હતા. અંધકારપૂર્ણ રાત્રિમાં ચન્દ્રની તો આશા ના જ હોય પણ બાળકૃષ્ણને જોવા માટે ચંદ્ર વાદળો વચ્ચેથી જાણે પૂર્ણ સ્વરૂપ નીકળી ના આવ્યો હોય ! અને બાળકને પોતાના શીત કિરણો દ્વારા આનંદ આપતો ના હોય ! કનૈયાને નંદને ઘેર લાવવામાં આવ્યો અને જે બાલિકાએ ત્યાં જન્મ લીધો હતો તે દેવકીને સોંપી. વસુદેવજીએ દબાવી રાખેલું રુદન અત્યારે બહાર આવ્યું', તેઓ ક્રંદન કરવા લાગ્યા.

શુકદેવજીના મુખમાંથી આ શબ્દો નીકળ્યા કે પરીક્ષિત પોકારી ઊઠયાં, "કૃષ્ણ કૃષ્ણ !" બધાં ઉપસ્થિત માનસ રાજ તરફ જોવા લાગ્યા અને ત્યાં ગયાં. એમણે જોયું'. એક સાપ રાજ તરફ જઈ રહ્યો હતો અને રાજના જમણા પગે ડંશ દઈને ચાલ્યો જતો હતો . બધાંને ખાત્રી થઇ ગઇ હતી કે પરીક્ષિતનો અતકાળ આવી રહ્યો છે. બધાંના મુખમાંથી પરીક્ષિતના જ શબ્દો ગૂંજી ઊઠયાં-'કૃષ્ણ કૃષ્ણ ' ! *હે દ્વારિકાવાસી !' કે 'વૃંદાવન વિહારી' ! એ વિશાળ જનસમુદાયમાં ઈશ્વરભજન કે સ્મરણ સિવાય અન્ય કોઈ શબ્દ ના હતો.

રાજા પૃથ્વી પર પડી ગયા. 'કૃષ્ણ કૃષ્ણ' ઉચ્ચાર કરવા લાગ્યા વૈદિક વેદના મંત્રોના પાઠ કરતાં હતાં. ભકતો પ્રભુના મહિમા ગાતા હતા. ઋષિમુનિઓ જપતપ ધ્યાનસમાધિમાં હતા......

શુકદેવે અત્યંત અલૌકિક આનંદ સાથે અશ્રુ છોડીને કહ્યું, "મહારાજ તો કનૈયા પાસે પહોંચી ગયા." એમણે બાકીના કર્મો કરવાનું કહ્યું અને પોતે કોઈ અજ્ઞાત સ્થળે અંતરધ્યાન થઈ ગયા.

શુક શબ્દનો અર્થ પોપટ અને શુકદેવજી એવા જ એક પોપટ હતા જેણે વેદરૂપી વૃક્ષ ઉપરથી ભાગવત રૂપી ફળ તોડીને આખા વિશ્વને અપૂર્વ આનંદને કલ્યાણને માટે ચખાડયું. વિશ્વ આ ફળનો સ્વાદ ચાખે અને એ દ્વારા શકિત આપીને આત્માનંદ પ્રાપ્ત કરે.

સમસ્ત માનવજાત પ્રભુમય માર્ગે વળે.